જન્માષ્ટમી

વિ. સં. ૨૦૨૩

સ્વાધ્યાય

પુસ્તક ૪

અંક ૪

નારાયણ-મૂર્તિ, પાટણ

(આશરે ઈ. સ. દસમી સદીનો ઉત્તરાર્ધ)

[ફોટો કૉપીરાઈટ—ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ]

સ્વાધ્યાય
અને
સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉકસ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉકસ નં. ૭૫,
વડોદરા.

સંપાદક

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ઑગસ્ટ, ૧૯૬૭.

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૩ પુસ્તક ૪

ઑગસ્ટ, ૧૯૬૭ અંક ૪

સુહૃદ્ શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

શ્રીકૃષ્ણ વનવાસ દરમિયાન પાંડવોને મળીને અને આશ્વાસન આપીને દ્વારકા પાછા ગયા. તે પછી પાંડવોએ વનવાસનાં (બાર અને ગુપ્તવાસનું એક એમ) તેર વર્ષ પૂરાં કર્યાં. તે સમય દરમિયાનની શ્રીકૃષ્ણ અંગેની ખાસ માહિતી મહાભારતમાં ઉપલબ્ધ નથી. પરંતુ તેઓ સૌહાર્દથી અવારનવાર પાંડવોને વનમાં મળવા આવતા તથા તેમને પાંડવો અને ઋષિઓ સમ્માનપૂર્વક યાદ કરતા તેના ઉલ્લેખો, અને તે સિવાયના વિરોધી-અવિરોધી માણસોના કેટલાક ઉલ્લેખો મળે છે. શ્રીમદ્ભગવદ્ગીતાના પ્રથમાધ્યાય 'અર્જુનવિષાદયોગ'ની યાદ આપતો દુર્યોધનના જીવનનો એક ધ્યાન ખેંચતો પ્રસંગ પણ યથાયોગ્ય રીતે મળે છે. તદુપરાંત દેખીતી રીતે પાંડવો અને શ્રીકૃષ્ણના સમકાલીન ન હોય તેવા સ્થાપિત વાસુદેવપૂજાના કેટલાક નિર્દેશો પણ અહીં 'આરણ્યકપર્વ'માં મળે છે.

* * *

શ્રીકૃષ્ણ દ્વારકા પધાર્યા એ પછીના અરસામાં, અરણ્યવાસની શરૂઆતમાં દુઃખોથી કંટાળેલી દ્રૌપદીએ કૌરવો સાથે વિગ્રહ કરીને રાજ્ય પાછું મેળવવા પ્રહ્લાદના નીતિશાસ્ત્ર અને બીજી દલીલોને આધારે ધર્મરાજને સમજાવ્યા. તે પછી અસહનશીલ ભીમસેને યુધિષ્ઠિરને તેમના 'ધર્માચરણ' બદલ સસડાવ્યા.[1] તેમાં કહ્યું કે: 'આપણી આ મૃગચર્યાને (પશુ જેવા જીવનને) તો જુઓ! દુર્બળો જ એને સેવે છે, બળવાનો નહિ. આ અવદશાને શ્રીકૃષ્ણ, અર્જુન, અભિમન્યુ, સૃંજય (દ્રુપદ અથવા ધૃષ્ટદ્યુમ્નનો નિર્દેશ જણાય છે), હું અને નકુલ-સહદેવ પણ અભિનન્દન આપતા નથી.' (૩-૩૪-૧૧,૧૨). ભીમ-યુધિષ્ઠિર વાતો કરતા હતા એવામાં મહાયોગી

---

૧ (૧) દ્રૌપદી અને ભીમસેનના નીતિવાદ, સમજાવટ, ઉપાલંભો વગેરે માટે જુઓ, 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા, ૧૯૬૩), પૃ. ૩૨; પૃ. ૫૧ થી ૫૪; પૃ. ૮૧ થી.

(૨) દ્રૌપદીને સૌજન્યથી જવાબ આપતાં ક્ષમાની પ્રશસ્તિ ગાતી કાશ્યપપ્રોક્ત 'ક્ષમાગીતા' યુધિષ્ઠિરે કહી હતી. ૩-૩૦-૩૫ થી ૪૪. ત્યારબાદ પિતામહ ભીષ્મ વગેરેની શુભનિષ્ઠામાં વિશ્વાસ મૂકતાં વચનો કહ્યાં હતાં. તેમાં વચ્ચે આવતું 'આરણ્યકપર્વ'નું ક્ષેપક ૧૦૪ આ પ્રમાણે છે: 'અને દેવકીપુત્ર કૃષ્ણ પણ શાન્તિને સત્કારશે.'

વેદવ્યાસ આવ્યા. તેમણે દુર્યોધનના ભયથી મુક્ત થવા યુધિષ્ઠિરને 'પ્રતિસ્મૃતિ' (=તીવ્ર સ્મરણ-શક્તિ આપનારી) નામની વિદ્યા શિખવાડી, અને તે વિદ્યા અર્જુનને શિખવાડવા અનુરોધ કરતાં કહ્યું: 'એ નારાયણની સહાયવાળો, મહાતેજસ્વી, પુરાણ, સનાતન વિષ્ણુના અંશવાળો ઋષિ છે. લોકપાલ દેવો પાસેથી એને અસ્ત્રવિદ્યા શીખી લાવવા દો......ઇ.' (૩-૩૭-૨૦ થી ૩૦).[1]

ત્યારબાદ મન, વચન અને કાયાને સંયમમાં રાખનાર (यतवाक्कायमानसम्। ૩-૩૮-૧૪ ઘ; સર૦ ગીતા. ૧૮-૫૨ખ = ૬-૪૦૫૨ખ) અર્જુનને ધર્મરાજે મન્ત્રદીક્ષા આપીને વનમાં મોકલ્યા. અર્જુને તપ કરીને શંકરને પ્રસન્ન કર્યા (આ મુદ્દા ઉપર કવિ ભારવિએ 'કિરાતાર્જુનીય' મહાકાવ્ય લખ્યું છે). ત્યારે કિરાતવેશધારી શંકરે અર્જુનને કહ્યું હતું: 'તું પૂર્વજન્મમાં નારાયણની સહાયવાળો નર હતો. તેં બદરિકાશ્રમમાં બહુ અયુત (=દશ હજાર) વર્ષો સુધી ઉગ્ર તપ કર્યું હતું. પરમ તેજ તારામાં અથવા પુરુષોત્તમ વિષ્ણુમાં જ રહેલું છે. તમો બંને અગ્રણી પુરુષોના તેજથી જ જગતનું ધારણ થાય છે. ઇન્દ્રના અભિષેક સમયે તેં અને શ્રીકૃષ્ણે મેઘના ઘોષ જેવો ઘોષ કરતું મહાન ધનુષ્ય ધારણ કરીને દાનવોને (=દુષ્ટ વિચારોને) કાપી નાખ્યા હતા...' (૩-૪૧-૧ થી ૩). ત્યારબાદ દિવ્યાસ્ત્રો લેવા માટે અર્જુન સ્વર્ગમાં ગયા. ત્યાં લોમશ ઋષિને અર્જુનની ઓળખ આપતાં ઇન્દ્રે 'હૃષીકેશ–ધનંજય (કૃષ્ણાર્જુન) એ બંને નર-નારાયણના અવતાર છે અને તેમણે બદરિકાશ્રમમાં તપ કર્યું છે... ઇત્યાદિ' કહ્યું. (૩-૪૫-૧૭ થી ૨૧). અને આગળ ચાલતાં શ્રીકૃષ્ણને 'વિષ્ણુ મધુસૂદન અને કપિલદેવના અવતાર' કહ્યા. (૩-૪૫-૨૫).

* * *

ધૃતરાષ્ટ્રે અર્જુન દિવ્યાસ્ત્રો પ્રાપ્ત કરવા શક્રલોકમાં ગયાનું કૃષ્ણદ્વૈપાયન ઋષિ પાસેથી સાંભળ્યું. એટલે પોતાના મૂર્ખ અને પાપી નિશ્ચયવાળા પ્રમત્ત પુત્ર દુર્યોધનની નિન્દા કરતાં એણે સંજય આગળ વલોપાત કરવા માંડ્યો. એમાં કહ્યું:

यस्य मन्त्री च गोप्ता च सुहृच्चैव जनार्दनः ।
हरिस्त्रैलोक्यनाथः स किं नु तस्य न निर्जितम् ॥ ३-४६-३८.

૧ આ 'પ્રતિસ્મૃતિ' વિદ્યાને 'બ્રહ્મ' (૩-૩૭-૩૬) કહી છે. એ પછી ધર્મરાજે અર્જુનને અસ્ત્રવિદ્યા શીખવા ઇન્દ્ર પાસે મોકલ્યા, તે અગાઉ આ વિદ્યા શિખવાડી, ત્યારે તેને 'ઉપનિષદ્' અને 'બ્રહ્મ' કહી છે. (૩-૩૮-૯, ૧૦). એટલે આ વિદ્યા 'અથર્વવેદ'ની કોઈ વિદ્યા છે, (મૉનિયેર વિલિયમ્સના 'સંસ્કૃત–અંગ્રેજી કોશ' મુજબ 'બ્રહ્મન્' એટલે ઋગ્, યજુર્ અને સામવેદના મન્ત્રોથી જુદા એવા પવિત્ર મન્ત્રો અને 'બ્રહ્મવેદ' એટલે 'અથર્વવેદ' છે. જુઓ સદરહુ કોશનું પૃ. ૭૩૭ અને ૭૪૦), બીજી સ્વતંત્ર મન્ત્રવિદ્યા છે કે કોઈ ઔપનિષદિક વિદ્યા છે? તેનું સંશોધન થવું જરૂરી છે. મ૦ ભા૦ 'આશ્રમવાસિકપર્વ'માં ઋષિ વેદવ્યાસે યુદ્ધમાં માર્યા ગયેલા લડવૈયાઓનું ધૃતરાષ્ટ્ર સહિત ત્યાં હાજર રહેલાં સર્વને પુનર્દર્શન કરાવ્યા પછી, ધૃતરાષ્ટ્રને 'બ્રહ્મ–ઉપનિષદ્' ઇ.નો બોધ થયો એવો નિર્દેશ છે. (૧૫-૪૩-૨). અને તેની અગાઉના ૪૨મા અધ્યાયમાં 'મૃતાત્માઓના પુનર્દર્શન જેવી અશક્ય વાત કેવી રીતે સંભવે?' એવી શંકા ઉઠાવીને, તેના નિરાકરણરૂપે અત્યુત્તમ આત્મવિદ્યા સંક્ષેપમાં મૂકી છે, તેની સાથે પણ આ 'પ્રતિસ્મૃતિ'ને કંઈ સંબંધ છે કે કેમ તે વિચારવું ઘટે. આ સાથે 'બ્રહ્મોપનિષદ્' નામનું ઉપનિષદ્ પણ જોવા યોગ્ય ખરું.

'ત્રૈલોક્યનાથ હરિ જનાર્દન જેના મન્ત્રી, ગોપ્તા અને સુહૃદ્ છે તેને માટે શું અજેય છે...? પૂર્વે અર્જુન અને દામોદર શ્રીકૃષ્ણે અગ્નિની મદદ માટે ખાણ્ડવવનમાં જે કામ કર્યું હતું તે તો સર્વ લોકોની આંખ આગળ છે. અર્જુન, ભીમ અને સાત્વત વાસુદેવ રોષે ભરાતાં અમાત્યો અને ભાઈઓ સહિત મારો પુત્ર (દુર્યોધન) સર્વથા નાશ પામશે.' (૩-૪૬-૩૮ થી ૪૧). આ વાતચીત આગળ ચાલતાં ધૃતરાષ્ટ્રને 'બલરામ અને કૃષ્ણે દોરેલી સેનાઓના અસહ્ય વેગ'નો વિચાર કરીને ફફડતો બતાવ્યો છે. (૩-૪૮-૬, ૭); [સર૰ પાંડવો વનવાસ ગયા એ અરસામાં મૈત્રેય ઋષિએ દુર્યોધનને સમજાવતાં કહેલું વચન :

संबन्धी वासुदेवश्च येषां श्यालश्च पार्षतः ।
कस्तान्युधि समासीत जरामरणवान्नरः ॥ ३-११-२६]

* * *

ઇન્દ્રલોકમાં ગયેલા અર્જુનને યાદ કરીને અત્યંત દુઃખી થઈને પાંડવો શોક કરતા હતા. એ વખતે ભીમસેને ધર્મરાજને કહ્યું, 'જો અર્જુન (અંતરિયાળ) નાશ પામશે તો પુત્રો સહિત પાંચાલો, આપણે (પાંડવો), સાત્યકિ અને વાસુદેવ પણ નાશ પામી જાય' (૩-૪૯-૫, ૬). વળી અર્જુન અને પોતાનું બાહુબળ વર્ણવતાં બોલ્યા : '...અમે આવા બાહુબળવાળા છીએ, **વાસુદેવથી** રક્ષાયેલા છીએ, તો પણ તમારા લીધે આ બધું સહન કરીએ છીએ. અમે તો શ્રીકૃષ્ણના સહકારથી, કર્ણની આગેવાનીવાળા શત્રુઓને મારી નાખીને આ વસુંધરાનું શાસન કરીએ એવા છીએ. પરંતુ તમારા દ્યૂતના પાપે ડૂબી ગયા છીએ...' (૩-૪૯-૧૦ થી ૧૨). પછી વધુ આગળ ચાલતાં ઉમેર્યું, 'ક્ષત્રિયનો પરમ ધર્મ તો રાજ્ય કરવું એ છે, વનમાં પડ્યા રહેવું નહિ. માટે અર્જુનને વનમાંથી પાછો બોલાવીએ તથા જનાર્દનને તેડાવીએ. એ પછી હું વ્યૂહબદ્ધ સેનાવાળા કૌરવોને (કૃષ્ણાર્જુનની આગેવાની નીચે) ઝડપથી પરલોક રવાના કરી દઈશ ![1]

---

૧ (૧) निवर्त्य च **वनात्पार्थमानाय्य** च जनार्दनम् ।
व्यूढानीकान्महाराज जवेनैव महाहवे ।
धार्तराष्ट्रानमुं लोकं गमयामि विशां पते ॥ ३-४९-१५.

આ નિર્દેશ ઉપરથી સાફ જણાય છે કે, વિશિષ્ટ પ્રકારની યુદ્ધવિદ્યા શીખવા માટે અર્જુન વનમાં (= દૂર દેશમાં) ગયેલા, જેનો કવિવાણીમાં 'સ્વર્ગ' તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે. અર્જુન એવી રીતે દૂર દેશમાં, ઘણા લાંબા સમય માટે ગયા હોવાથી એમની સલામતીનો અને પોતાની ભાવિ પરિસ્થિતિનો વિચાર કરીને પાંડવો વારંવાર અસ્વસ્થ થઈ જતા. ખરેખર 'સ્વર્ગ'માં ગયેલા હોત તો અમંગળની આશંકા કરીને પાંડવો દુઃખી ન થતા હોત.

(૨) બારમા વર્ષે કામ્યકવનમાં મળવા આવેલા શ્રીકૃષ્ણને અર્જુને વનમાં (=સ્વર્ગમાં) બનેલા તમામ વૃત્તાંત કહ્યા છે. ૩-૧૮૦-૧૪.

'વન' શબ્દના અર્થ માટે જુઓ 'સુભદ્રાહરણ અને શ્રીકૃષ્ણ' નોંધ ૧.

(૩) બીજે એક વખતે પાંડવ ભાઈઓ અર્જુનને યાદ કરતા હતા ત્યારે સહદેવે, 'અર્જુને વાસુદેવની અનુમતિથી સુભદ્રાહરણ કર્યું અને એકલાએ યાદવોને જીતી લીધા હતા,' એ વાતનું સ્મરણ કર્યું હતું. ૩-૭૨-૨૭.

ત્યારબાદ તમે (પ્રતિજ્ઞા પૂરી કરવા) ફરી વનમાં જજો! આવી રીતે કરવાથી પાપ નહિ લાગે. (છતાં કદાચ લાગ્યું હશે તો) વિવિધ યજ્ઞો કરીને પાપને ધોઈ નાખીને આપણે શ્રેષ્ઠ સ્વર્ગે જઈશું!' (૩-૪૯-૧૦ થી ૧૯).

વળી એક પ્રસંગે 'અસ્ત્ર માટે વિવાસિત—દેશ બહાર મોકલેલા' અર્જુનનું સ્મરણ કરી શોક કરતાં યુધિષ્ઠિરે પુરોહિત ધૌમ્યને કહેલું: '...એ અર્જુન વાસુદેવ જેવો અસ્ત્રનિષ્ણાત[1] છે. હું અને પ્રતાપી વ્યાસ, બંને કૃષ્ણને (કૃષ્ણાર્જુનને) અરિઘાતી પરાક્રમી તરીકે જાણીએ છીએ. એ બંને પુંડરીકાક્ષ અને ત્રિયુગને[2] નારદ પણ આ રીતે જાણે છે અને મને કાયમ આ વાત કહ્યા કરે છે અને હું પણ એમને નર-નારાયણ ઋષિ તરીકે જાણું છું...કૌરવોરૂપી પવનથી ધમાયેલા, યુગાન્ત સમયના અગ્નિની જેમ વધેલા અને મારા સૂકા ઘાસની ગંજી જેવા સૈન્યને નિઃસંદેહ બાળી મૂકતા કર્ણરૂપી હુતાશનને, શ્રીકૃષ્ણરૂપી અનિલથી પ્રેરાયેલો, ગાંડિવરૂપી ઇન્દ્રાયુધના તેજવાળો, અર્જુનરૂપી દિવ્યાસ્ત્રોવાળો મેઘ અવિરામ બાણધારાઓરૂપી જળધારાઓથી, હોલવી નાખશે...' (૩-૮૪-૩ થી ૧૨).

* * *

પરમપ્રિય ભાઈ અર્જુન નહિ અને અરણ્યવાસનો દીર્ઘ સમય—આ બંનેને લીધે આવતો કંટાળો દૂર કરવા પાંડવો લોમશ ઋષિના માર્ગદર્શન તળે તીર્થયાત્રાએ નીકળ્યા. ઋષિઓના કહેવાથી એમણે માનુષવ્રત (શારીરિક સંયમ) અને દૈવી વ્રત (મન અને બુદ્ધિની શુદ્ધિ) ધારણ કરીને પ્રયાણ આદર્યું.[3] ('આરણ્યક પર્વ' અ. ૯૧). તીર્થાટન કરતાં કરતાં તેઓ પ્રભાસમાં આવ્યા. પ્રભાસમાં યુધિષ્ઠિરે માત્ર જળ અને વાયુ ભક્ષણ કરીને ચોમેર અગ્નિ સળગાવીને વચ્ચે બેસવાનું તપ આદર્યું. આ તીક્ષ્ણ તપની વાત સાંભળીને (દ્વારકા પડોશમાં તેથી), રામ, જનાર્દન અને યાદવો એમને સૈન્ય લઈને મળવા આવ્યા. ધર્મરાજે રામ, જનાર્દન તથા પ્રદ્યુમ્ન, સામ્બ, સાત્યકિ વગેરે યાદવોનો સત્કાર કર્યો. યુધિષ્ઠિરે શત્રુઓનાં કૃત્યો, વનવાસની હકીકત અને અર્જુન ઇન્દ્ર પાસે ગયા હતા વગેરે સમાચાર આપ્યા. ધર્મરાજની કથની સાંભળીને અને તેમનાં કૃશ શરીર જોઈને યાદવોની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. (૩-૧૧૮-૧૮ થી ૨૩).

---

૧ અર્જુનને સ્વર્ગમાં ગયાને પાંચ વર્ષ જેટલો સમય વીતી ગયા પછી, તીર્થાટનમાં અર્જુનને સંભારતાં યુધિષ્ઠિરે એમને 'જે વાસુદેવ જેવો વીર્યવાન છે...ઇ.' (૩-૧૪૨-૧૯, ૨૦) એમ યાદ કર્યા હતા.

૨ त्रियुगौ° (૩-૮૪-૪ ઘ) = ત્રણ યુગલ. આ શબ્દ (૧) જ્ઞાનૈશ્વર્ય, (૨) વીર્યબલ, (૩) તેજ-પરાક્રમ; એ રીતે અને એને મળતી રીતે સમજવામાં આવે છે. એમ છતાં द्वा सुपर्णा सयुजा सखाया°। શ્રુતિમાં કહ્યા મુજબ ત્રિવિધ રીતે. (૧) સુપર્ણ એટલે શુભગમન, (૨) સયુજ્ એટલે સંયુક્ત રહેવાવાળા અને (૩) સખા એટલે મિત્ર, એવી રીતે પ્રયોજાયેલા હોવાનો સંભવ લાગે છે.

૩ शरीरनियमं ह्याहुर्ब्राह्मणा मानुषं व्रतम् ।
मनोविशुद्धां बुद्धिं च दैवमाहुर्व्रतं द्विजाः ॥ ३-९१-२०

मनो ह्यदुष्टं शूराणां पर्याप्तं वै नराधिप ।
मैत्रीं बुद्धिं समास्थाय शुद्धास्तीर्थानि गच्छत ॥ ३-९१-२१ ઇત્યાદિ.

ધર્મરાજની કરુણ કથની સાંભળી વનમાલી બલરામ હાલી ઊઠ્યા. એમણે શ્રીકૃષ્ણને ઉદ્દેશીને કહ્યું: 'કૃષ્ણ! ધર્માચરણથી પ્રાણીની ઉન્નતિ થતી નથી તેમ અધર્માચરણથી અવનતિ ય થતી નથી, કારણ કે મહાત્મા યુધિષ્ઠિર જટા વધારીને તથા વલ્કલ પહેરીને વનવાસના કલેશ વેઠે છે, જ્યારે દુર્યોધન પૃથ્વીનું રાજ્ય કરે છે, છતાં ધરતી તેને ગળી પણ જતી નથી! આથી અલ્પબુદ્ધિ મનુષ્ય ધર્માચરણ કરતાં અધર્માચરણ સારું એમ માની લે (તો એમાં નવાઈ પણ શી?!) દુર્યોધન મોજ કરે છે અને યુધિષ્ઠિર રાજ્ય ખોઈને દુઃખમાં સબડે છે. તેથી પ્રજામાં પરસ્પર એવી શંકા ઉત્પન્ન થઈ છે કે, "આ બાબતમાં શું કર્તવ્ય છે?"[1] એ પછી ધર્મપુત્ર યુધિષ્ઠિરના સદ્‌ગુણોની પ્રશસ્તિ ગાઈ. ભીષ્મ, દ્રોણ અને ધૃતરાષ્ટ્ર વગેરે ભરતોના મુખ્ય પુરુષો ઉપર ફિટકાર વરસાવ્યો, અને શ્રીકૃષ્ણને સવાલ કર્યો, 'ધર્મરાજને (દ્યૂતમાં) હરાવીને પત્ની, ભાઈઓ અને અનુચરો સહિત વનમાં હાંકી મૂકયા પછી ય દુર્યોધન ઉન્નતિ પામે છે, છતાં આ અવનિ તેના પર્વતોની સાથે કેમ ફાટી પડતી નથી?' (૩–૧૧૯–૩ થી ૨૨).

બલરામની નિરાશ વાણી સાંભળીને સાત્યકિએ જુસ્સાથી કહ્યું: 'રામ! આ કંઈ શોક કરવાનો સમય નથી. યુધિષ્ઠિર ભલે કંઈ ન બોલે, પણ આપણે સૌએ સમય વેડફ્યા વિના કામ કરી બતાવવું જોઈએ. રામ, જનાર્દન, પ્રદ્યુમ્ન, સામ્બ અને મારા જેવા ત્રૈલોકયનાથો જેના રક્ષકો હોય તેઓ શા માટે અરણ્યમાં રહે? તેઓ શા માટે અનાથની જેમ મુસીબતો વેઠે? જેઓને નાથ (રક્ષક) હોય છે તેઓ તો કંઈ કાર્ય કરતા નથી. તેમના નાથો જ કાર્ય કરી દે છે. માટે આપણે જ લડી લઈએ. શાર્ઙ્ગધન્વા શ્રીકૃષ્ણ (ન લડવું હોય તો) ભલે બેસી રહે, પણ તમે તો કોપથી આખી પૃથ્વીને વીંટી શકો એવા છો, એટલે તમે દુર્યોધનને તેના સહાયકો સાથે હણી નાખો. જનાર્દનના આત્માસમાન અને મારા ભાઈ, સખા, ગુરુ, અર્જુન માટે હું દુર્યોધન સહિત સૌ કૌરવોને મારી નાખીશ.' (૩–૧૨૦–૧ થી ૧૪). વળી આગળ ચાલતાં ઉમેર્યું કે, 'ભીષ્મ, દ્રોણ, પુત્રો સહિત સોમદત્ત[2] અને સર્વ સૈન્યોને કૃષ્ણ જ બાણજ્વાળારૂપ અગ્નિથી ફૂંકી દેશે. આયુધોથી સુસજ્જ, બાણપાણિ, ચક્રાયુધ, અપ્રતિમ કૃષ્ણને યુદ્ધમાં કોણ અજેય છે? એમ યાદવસેના કૌરવોનો નાશ કરે ત્યારબાદ ધર્મરાજની વનવાસની પ્રતિજ્ઞા પૂરી થાય ત્યાં સુધી અભિમન્યુ રાજ્ય કરશે. મને તો આ જ સર્વોત્તમ યશસ્વી કૃત્ય લાગે છે.' (૩-૧૨૦-૧૫ થી ૨૧).

---

૧ સર°

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकंस्तदनुवर्तते ॥ ६–२५–२१ (गीता ३–२१)

જે જે આચરણ શ્રેષ્ઠ ('શ્રેષ્ઠ'નો અહીં મુખ્ય કે આગેવાન એવો અર્થ છે) પુરુષ કરે છે, તેનું અનુકરણ જ બીજાઓ કરે છે, જેને તે (મુખ્ય પુરુષ) પ્રમાણ કરે છે, તેને લોકો અનુસરે છે.

પાંડવોના વિવાસન અને દુર્યોધનની સમૃદ્ધિથી પ્રજાના (અને સ્વયં બલરામના) મનમાં જે શંકા ઉત્પન્ન થઈ હતી તથા તેને લીધે વિચારોનો જે ગૂંચવાડો સામાન્ય જનસમુદાયમાં ફેલાયો હતો, તેને અહીં વાચા આપવામાં આવી છે. સંભવતઃ આવા કશ્મલને લીધે બલરામ પછીથી પાંડવોના પક્ષે રહી શકયા નહોતા.

૨ દેવાપિ અને શંતનુના નાના ભાઇ બાહ્લિકનો પુત્ર. ભીષ્મનો કાકાનો દીકરો ભાઈ થાય. ભૂરિ, ભૂરિશ્રવા અને શલનો પિતા.

પરંતુ શ્રીકૃષ્ણે સાત્યકિને શાન્ત, સ્નિગ્ધ જવાબ આપ્યો : ‘ અદીનસત્ત્વ માધવ ! તારું વચન સાચું જ છે, પણ યુધિષ્ઠિર બીજાની જીતેલી પૃથ્વીને કોઈ રીતે નહિ ઇચ્છે. વળી આ પાંડવો અને દ્રૌપદી પણ કામ, ભય કે લોભને લીધે સ્વધર્મને કોઈ કાળે નહિ જ છોડે.[1] વળી ભીમ-અર્જુન બંને જગતમાં અજોડ યોદ્ધાઓ છે. તો (ભીમ-અર્જુન તથા) નકુલ-સહદેવની સહાયવાળા ધર્મરાજા શા માટે સમગ્ર પૃથ્વીના શાસક નહિ થાય ? જ્યારે આપણે અને દ્રુપદ વગેરે પરાક્રમ-પૂર્વક શત્રુઓ સામે લડીશું ત્યારે સુયોધન માર્યો જશે જ. ’ (૩-૧૨૦-૨૨ થી ૨૫).

શ્રીકૃષ્ણના વક્તવ્ય પછી સત્યધર્મા યુધિષ્ઠિરે સાત્યકિને કહ્યું : ‘ માધવ ! તમે જે કહો છો તેમાં કંઈ આશ્ચર્યજનક નથી. (સમર્થ સહાયકો એમ જ વર્તે). **પરંતુ મારે તો સત્ય જ રક્ષ્યતમ છે, રાજ્ય નહિ. એક કૃષ્ણ જ મને યથાવત્ જાણે છે અને હું કૃષ્ણને યથાવત્ જાણું છું.**[2] જ્યારે આ પુરુષપ્રવીરને પરાક્રમ કરવાનો સમય જણાય, ત્યારે તમે અને કેશવ સુયોધનને જીતી લેશો. ’ ત્યારબાદ આ ગૌરવશાળી રાજાએ યાદવવીરોને ઉદ્દેશીને કહ્યું,

---

૧ न ह्येष कामान्न भयान्न लोभा—
युधिष्ठिरो जातु जह्यात्स्वधर्मम् ।
भीमार्जुनौ चातिरथौ यमौ वा
तथैव कृष्णा द्रुपदात्मजेयम् ॥ ३–१२०–२३

આ સાથે સર° ‘ ભારત-સાવિત્રી ’નો વિખ્યાત શ્લોક—

न जातु कामान्न भयान्न लोभा-
द्धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः । ઈ. ૧૮-૫-૫૦*૪૫

આ શ્લોક તથા એને મળતા બીજા શ્લોકો ઉપરના વિવેચન માટે જુઓ ‘ ભારત-રત્ન ’ (ઉ. જ. સાંડેસરા, ૧૯૬૩) પૃ. ૪૩૧ થી અને પૃ. ૨૩૬ થી.

૨ नैतच्चित्रं माधव यद्ब्रवीषि
सत्यं तु मे रक्ष्यतमं न राज्यम् ।
कृष्णस्तु मां वेद यथावदेकः
कृष्णं च वेदाहमथो यथावत् ॥ ३–१२०–२६

સર° ક્ષુરધારા જેવા સત્યમાર્ગ ઉપર ચાલતા આ સમ્રાટે અન્ય સ્થળે ઉચ્ચારેલું વચન

मम प्रतिज्ञां च निबोध सत्यां
वृणे धर्ममममृताज्जीविताच्च ।
राज्यं च पुत्राश्च यशो धनं च
सर्वं न सत्यस्य कलामुपैति ॥ ३–३५–२१

(હે ભીમસેન !) મારી સત્ય પ્રતિજ્ઞાને તું સાંભળ. હું ધર્મને અમૃત તથા જીવિતથી પણ અધિક ગણું છું. રાજ્ય, પુત્રો, યશ અને ધન એ સર્વ સત્યની એક કલાને પણ પહોંચી શકે નહિ. ’ શ્લોકના અર્થોદ્ઘાટન માટે જુઓ ‘ ભારત-રત્ન ’ (ઉ. જ. સાંડેસરા, ૧૯૬૩), પૃ ૮૧ થી.

'દાશાર્હવીરો ! પાછા વળો. તમારા જેવા નરલોકનાથ નાથો(રક્ષકો)થી હું દઢ (મજબૂત) થયો છું. [અપ્રમેય વીરો ! ધર્મમાં અપ્રમત્ત રહેજો. હું તમને સૌને ફરીથી સુખમાં એકઠા થયેલા જોઈશ.' (૩-૧૨૦-૨૬ થી ૨૮).

શ્રી કૃષ્ણાદિને વિદાય આપીને પાંડવો બીજાં તીર્થોની યાત્રાએ ઊપડ્યા.

તીર્થાટન દરમિયાન, અર્જુન સ્વર્ગમાં પાંચ વર્ષ સુધી રહીને દિવ્યાસ્ત્રો ગ્રહણ કરીને, પાછા આવીને પાંડવ ભાઈઓને મળ્યા,[૧] અને સર્વે ચાર વર્ષ સાથે જ ગંધમાદન ઉપર રહ્યા. (જુઓ 'આરણ્યકપર્વ' ૧૭૩-૫ અને 'આરણ્યકપર્વ' ક્ષેપક ૮૩૨. પાંડવોને વનવાસનાં દશ વર્ષ થયાં. ૧ વર્ષ + ૫ વર્ષ અર્જુનનું સ્વર્ગગમન + ૪ વર્ષ ગંધમાદન ઉપર = દશ વર્ષ). એમ દશ વર્ષ પૂરાં થતાં પાંડવ ભાઈઓએ ગુપ્તવાસ તથા પુનઃ રાજ્ય મેળવવા વાટાઘાટો કરી. તેમાં પાંડવોએ યુધિષ્ઠિરને કહ્યું હતું : 'યાદવોસહિત સુપર્ણકેતુ શ્રીકૃષ્ણ, અને શિનિનો પૌત્ર સાત્યકિ તમારી અર્થસિદ્ધિ માટે સંપૂર્ણ પ્રયત્નશીલ છે. જેવા કૃષ્ણ અપ્રતિમ બલવાન છે, તેવો જ સાત્યકિ પણ છે...' (૩-૧૭૩-૧૫, ૧૬).

* * *

ગંધમાદન ઉપરના નિવાસ પછી બીજું એક વર્ષ તીર્થાટન કરીને (બારમે વર્ષે) પાંડવો શરદઋતુની કાર્તિકી પૂર્ણિમા પછી કૃષ્ણપક્ષમાં કામ્યકવનમાં ફરીથી આવી ગયા. ત્યાં એક વાર અર્જુનનો એક બ્રાહ્મણ મિત્ર સમાચાર લાવ્યો કે : 'મહાબાહુ, જિતેન્દ્રિય, ઉદાર બુદ્ધિવાળા શૌરિ કૃષ્ણ તમને મળવા અહીં આવશે. શ્રીહરિ સદૈવ તમારા દર્શનાભિલાષી અને શ્રેયોન્વેષી છે. વળી મહાતપસ્વી, બહુવત્સરજીવી, વિદ્વાન માર્કણ્ડેય પણ તમને મળવા આવશે.' (૩-૧૮૦-૩ થી ૫). એ બ્રાહ્મણ હજી તો સમાચાર આપતો હતો, ત્યાં જ રથિશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ અને સત્યભામા (વનમાં ત્રીજી વખત મળવા) રથમાં બેસીને આવી પહોંચ્યાં. રથમાંથી ઊતરીને બુદ્ધિમાન શ્રીકૃષ્ણે ધર્મરાજ તથા ભીમને આનંદથી (શાસ્ત્રોક્ત) વિધિપૂર્વક નમન કર્યું, ધૌમ્યને પૂજ્યા. ગુડાકેશ (વાંકડિયા વાળવાળા) અર્જુનને ભેટ્યા. નકુલ-સહદેવનાં નમન ઝીલ્યાં, (સખી) દ્રૌપદીને ખૂબ સાન્ત્વન આપ્યું. બહુ લાંબે સમયે મળ્યા એટલે (સુહૃદ) અર્જુનને વારંવાર ભેટવા લાગ્યા. એ જ રીતે મહિષી સત્યભામા દ્રૌપદીને ભેટ્યાં. પછી પત્ની તથા પુરોહિત સાથે પાંડવોએ શ્રીકૃષ્ણનું અર્ચન કર્યું (સ્વાગત કર્યું), અને એમને વીંટાઈ વળ્યા. એ પછી જેમ ભૂતપતિ શંકર ગુહ(= કાર્તિકસ્વામી)ને[૨] મળે એવા પ્રેમથી મળ્યા. અર્જુને વનમાં (= સ્વર્ગમાં. જુઓ ઉપર પૃષ્ઠ ૩૯૧,

---

૧ અર્જુને સ્વર્ગમાં અસ્ત્રોની તાલીમ લીધેલી. તે ઉપરાંત ગાયન, વાદન અને નૃત્યની તાલીમ પણ વધારાના જ્ઞાન તરીકે લીધેલી. એમના જ શબ્દોમાં : 'ત્યાં હું ગીત અને તુરીઓના પુષ્કળ શબ્દો સાંભળતો હતો; અને નૃત્ય કરતી શ્રેષ્ઠ અપ્સરાઓને પણ જોતો હતો. તે સર્વ (કલાઓની) અવગણના કર્યા વિના (અર્થાત્ આદરથી) તેમાં તથ્ય રહેલું જાણીને, વધારાના જ્ઞાન માટે (अत्यर्थ) શીખ્યો પણ મારું લક્ષ્ય તો અસ્ત્રપ્રાપ્તિ જ હતું.' ૩-૧૬૪-૫૬, ૫૭; એ સાથે એ નોંધવું આવશ્યક છે કે સ્વર્ગમાં અર્જુન-ઉર્વશીનો પ્રસંગ, જેમાં અર્જુને શાપ વહોરીને પણ ઉર્વશીને સ્વીકારી નહોતી તે ક્ષેપક છે. જુઓ 'આરણ્યકપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧-૬. સંયમી અર્જુનના ચારિત્ર્યને વધુ ઝળકતું બનાવવા આ કથાનક ઉમેરાયું હશે.

૨ (મેરુની) ગુફામાં રહેલા માટે ગુહ, ૧૩-૮૫-૬૩, ૬૪ અને ૭૭.

નોંધ ૧) બનેલા તમામ વૃત્તાંત ગદાગ્રજ શ્રીકૃષ્ણને કહ્યા અને (દ્વારકામાં રહેતાં) સુભદ્રા તથા અભિમન્યુની ખબરઅંતર ફરીફરીને પૂછી (૩-૧૮૦-૬ થી ૧૪). શ્રીકૃષ્ણ પાંડવ ભાઈઓ, દ્રૌપદી અને ધૌમ્ય પુરોહિતનો વળતો સત્કાર કરીને યુધિષ્ઠિર પાસે બેઠા અને તેમની પ્રશંસા કરતાં બોલ્યા: 'પાંડવ! રાજ્યલાભ કરતાં ધર્મ ચઢિયાતો છે.[૧] એ ધર્મને માટે જ તપ કરવાનું છે. સત્ય અને આર્જવથી સ્વધર્માચરણ કરતાં તમે આ લોક અને પરલોક બન્ને જીત્યા છે. તમે (બ્રહ્મચર્ય) વ્રત પાળીને અધ્યયન કર્યું છે. સંપૂર્ણ ધનુર્વેદ શીખ્યા છો. ક્ષાત્રધર્મ મુજબ સંપત્તિ મેળવીને પુરાણા યજ્ઞો કર્યા છે. તમને ગ્રામ્યધર્મોમાં (ઇન્દ્રિયોના વિષયભોગમાં) પ્રીતિ નથી. તમે કામનાથી કંઈ કરતા નથી, ધનના લોભથી ધર્મનો નાશ કરતા નથી. એટલે તો તમે સ્વભાવથી જ 'ધર્મરાજ' કહેવાઓ છો. તમે સામ્રાજ્ય, સંપત્તિ અને ભોગો મેળવ્યા પછી ય દાન, સત્ય, તપ, શ્રદ્ધા, શાન્તિ, ધૃતિ અને ક્ષમામાં નિરંતર ઊંડી પ્રીતિ રાખો છો. સભામાં પરવશ પડેલી દ્રૌપદી પ્રત્યેના અધાર્મિક વર્તનને તમારા સિવાય બીજો કોણ સહન કરી શકે? તમારા સર્વ મનોરથ ચોક્કસ સિદ્ધ થશે જ. તમે બહુ ટૂંકા ગાળામાં સમ્યક્ પ્રકારે પ્રજાપાલન કરશો (અર્થાત્ રાજા થશો. રાજા થયા પછીનો આદર્શ પ્રજાપાલનનો છે). જો આપની પ્રતિજ્ઞા પૂરી થઈ હોય તો અમે કૌરવોને તાબે કરવા તૈયાર છીએ.' (૩-૧૮૦-૧૫ થી ૨૧). પછી ધૌમ્ય, દ્રૌપદી, યુધિષ્ઠિર, નકુલ, સહદેવ અને ભીમસેનને ઉદ્દેશીને, અર્જુન અસ્ત્રનિષ્ણાત થઈને આવ્યા તે અંગે આનંદ વ્યક્ત કર્યો; અને ખાસ યાજ્ઞસેની કૃષ્ણાને ઉદ્દેશીને તેના પુત્રોના સમાચાર કહેવા માંડ્યા: 'તારા સુશીલ બાળકોને ધનુર્વેદમાં અત્યંત પ્રેમ છે. એ બધા સત્યવ્રત છે. યાજ્ઞસેનિ! તારા પુત્રો સદૈવ સજ્જનોએ આચરેલા વર્તન મુજબ એકાગ્રતાથી વર્તે છે. તારા પિતા અને ભાઈઓએ એમને રાજ્ય અને પ્રજાની સગવડો બતાવીને તેડાવ્યા પણ એમને મામાને ઘેર ગમ્યું નહિ; પણ ધનુર્વેદ તરફ પ્રીતિવાળા તારા પુત્રો તો આનર્તમાં આવ્યા તથા વૃષ્ણિપુર દ્વારકામાં પ્રવેશ્યા પછી તો તેઓ દેવોની ય સ્પૃહા રાખતા નથી. એમને જે રીતે તું અથવા આર્યા કુન્તી રાખે તેવી જ રીતે સુભદ્રા સહેજ પણ ગફલત વગર એમને રાખે છે. અરે! તમારાથી ય વધુ રાખે છે. પ્રદ્યુમ્ન જેવો અનિરુદ્ધ, અભિમન્યુ, સુનીથ અને ભાનુનો શિક્ષક અને આધાર છે,[૨] એવી જ રીતે તારા પુત્રોનો પણ છે. વળી ઉત્તમ શિક્ષક અભિમન્યુ અતન્દ્રિતપણે એમને ગદા, ઢાલ, તરવાર, અસ્ત્રશિક્ષા અને રથ તથા ઘોડાની સવારી શીખવીને સતત કેળવે છે; અને પ્રદ્યુમ્ન પણ તારા પુત્રોને અને અભિમન્યુને શિક્ષણ આપીને તથા અસ્ત્રવિદ્યા શીખવીને તેમનાં પરાક્રમો જોઈને રાજી થાય છે. તારા પુત્રો વિહાર કરવા કે કંઈ જોવા જાય ત્યારે દરેકની સાથે રથો, વાહનો અને હાથીઓનો રસાલો હોય છે' (૩-૧૮૦-૨૨ થી ૩૦). વળી ધર્મરાજાને ઉદ્દેશીને પોતાની અને યાદવોની મદદ સૂચવતાં બોલ્યા, 'હલાયુધ બલરામના નેતૃત્વ નીચેની યાદવસેના

---

૧ धर्मः परः पाण्डव राज्यलाभात् । ३-१८०-१५अ
સર૰ ઉપર નોંધ ૧૦માંનું યુધિષ્ઠિરવચન
सत्यं तु मे रक्ष्यतमं न राज्यम् । ३-१२०-२६ब

૨ અનિરુદ્ધ પ્રદ્યુમ્નનો પુત્ર. અભિમન્યુ અર્જુનનો. સુનીથ શ્રીકૃષ્ણનો જામ્બવતીથી થયેલો પુત્ર છે. જુઓ 'હરિવંશ' 'વિષ્ણુપર્વ', ૧૦૩-૧૦. ભાનુ શ્રીકૃષ્ણનો સત્યભામાથી થએલો પુત્ર. 'હરિવંશ', 'વિષ્ણુપર્વ' ૧૦૩-૭, ૮; 'ભાગવત' ૧૦-૬૧-૧૦.

તમારો હુકમ પાળવા સજ્જ થઈને ઊભી. છે. હાથી, ઘોડા, રથ, સારથિઓ અને પાયદળથી સુસજ્જ આ સેનાનો ઉપયોગ કરો અને પાપકૃતાં વરિષ્ઠ: સુયોધનને તેના મદદગારો સહિત સૌભ અને તેના અધિપતિ શાલ્વને માર્ગે રવાના કરો (મારી નાખો). અથવા તમે સભામાં પ્રતિજ્ઞા કરી હતી તે મુજબ થોભી જાઓ. દાશાર્હ યોદ્ધાઓએ જીતેલું હસ્તિનાપુર તમારી રાહ જોશે. તમે ક્રોધ અને પાપરહિત થઈને જ્યાં ગમે ત્યાં ફરજો અને પછી સમય પૂરો થતાં આનંદપૂર્વક સમૃદ્ધ પાટનગર નાગપુર (હસ્તિનાપુર)ને પ્રજા સહિત સંભાળી લેજો '[1] (૩-૧૮૦-૩૧ થી ૩૫). શ્રીકૃષ્ણના મતને યથાર્થ સમજી લઈને ધર્મરાજે બે હાથ જોડીને જવાબ આપ્યો: 'કેશવ! નિઃસંદેહ આપ જ પાંડવોની ગતિ છો. પાર્થો તમારે જ શરણે છે. સમય આવતાં તમે આ અને તેનાથી ય અધિક કાર્ય કરશો એમાં કંઈ શંકા નથી. પ્રતિજ્ઞા પ્રમાણે અમે બાર વર્ષ નિર્જન વનમાં ગાળ્યાં છે. હવે નિયમ પ્રમાણે અજ્ઞાતવાસ પૂરો કરીએ એટલે પાંડવો આપને જ અધીન છે (માટે પહેલાં પરોક્ષ પણ પ્રતિજ્ઞાભંગ કરવો યોગ્ય નથી).' (૩-૧૮૦-૩૬ થી ૩૮).

શ્રીકૃષ્ણ અને ધર્મરાજ આમ વાતો કરતા હતા ત્યાં તો હજારો વર્ષના આયુષ્યવાળા મહાતપસ્વી માર્કંડેય ઋષિ આવ્યા. એમનું શ્રીકૃષ્ણ અને પાંડવોએ સ્વાગત કર્યું. પછી એ સુવિશ્વસ્ત ઋષિશ્રેષ્ઠને કેશવે બ્રાહ્મણો અને પાંડવોની ઇચ્છા જણાવી: 'પાંડવો, બ્રાહ્મણો, દ્રૌપદી, સત્યભામા અને હું તમારી શ્રેષ્ઠ વાણીને સાંભળવા ભેગાં થયાં છીએ. તો તમે અમને પાવનકારી પુરાણકથાઓ અને રાજાઓ, સ્ત્રીઓ અને ઋષિઓના સનાતન સદાચારો કહો' (૩–૧૮૦–૩૯ થી ૪૩). એ અરસામાં વિશુદ્ધાત્મા દેવર્ષિ નારદ ત્યાં આવ્યા. તેમણે પણ માર્કંડેયને કથાઓ કહેવા માટે અનુમોદન આપ્યું. એ પછી માર્કંડેયની મહત્તા, તેમના દર્શનની પોતાની લાંબા વખતની આકાંક્ષા, શ્રીકૃષ્ણની ઉપસ્થિતિ અને પોતાની દુર્દશાનો ઉલ્લેખ કરીને યુધિષ્ઠિરે એમને કર્મ, કર્મનો કર્તા, કર્મવિપાક અને તેનું ફળ ભોગવવા વિશે પ્રશ્નો કર્યા (૩–૧૮૦–૪૪ થી ૪૯; ૧૮૧–૧ થી ૮). એમ આ દીર્ઘ સંવાદ ચાલુ થયો[2] (૩–અ. ૧૮૧ થી અ. ૨૨૦). આ સંવાદમાંના 'ઇન્દ્રદ્યુમ્નોપાખ્યાન'નો સમારોપ માર્કંડેયે આ શબ્દોથી કર્યો: 'આ દેવકીપુત્ર કૃષ્ણે નરકમાં ડૂબી રહેલા રાજર્ષિ નૃગને પણ મુસીબતમાંથી ઉગારીને પુનઃ સ્વર્ગે પહોંચાડ્યો હતો' (૩–૧૯૧–૨૮). આ નૃગના ઉદ્ધારનો પ્રસંગ 'અનુશાસનપર્વ' અ. ૬૯માં છે: 'રાજર્ષિ નૃગે હજારો યજ્ઞ કરેલા

---

૧ અગાઉ જ્યારે સાત્યકિએ આવી દલીલો કરેલી ત્યારે શ્રીકૃષ્ણે એને સંમતિ નહોતી આપી. જુઓ ૩–૧૨૦–૨૨ થી ૨૫. પરન્તુ એ પછી બલરામ વગેરે યાદવોનું વલણ કંઈક પલટાયેલું જોઇને શ્રીકૃષ્ણે યાદવ યોદ્ધાઓનાં સાંભળતાં આ વાત સૌહાર્દભાવથી રજૂ કરીને, પોતે તો પાંડવોના અડોલ સહાયક છે, એવું દર્શાવ્યું લાગે છે.

૨ (૧) માર્કંડેય ઋષિના આ સંવાદમાં 'મત્સ્યોપાખ્યાન' ('આરણ્યકપર્વ', અ. ૧૮૫) જેના આધારે ભગવાન વિષ્ણુના મત્સ્યાવતારની કથા વિકસી; પ્રલય પછી એકાર્ણવમાં રઝળતા માર્કંડેયે વટવૃક્ષની ડાળી ઉપર સૂતેલા શ્રીવિષ્ણુ એટલે કે શ્રીકૃષ્ણની માયાનું દર્શન કર્યું (અ. ૧૮૬, ૧૮૭) તે (બાલમુકુંદ)ની કથા અને જેમાંથી કલ્કી અવતારની કથા વિસ્તાર પામી તે વિષ્ણુયશા કલ્કી (૧૮૮-૮૫ થી ૯૩) વિષેની માહિતી આવે છે. જુઓ લેખને અંતે પરિશિષ્ટ.

(૨) વિષ્ણુનું માહાત્મ્ય અને મધુકૈટભવધ વર્ણવતું 'ધુન્ધુમારોપાખ્યાન' ('આરણ્યકપર્વ' અ. ૧૯૨ થી ૧૯૫) અને મહાભારતના સર્વશ્રેષ્ઠ ભાગોમાં સ્થાન ધરાવતા 'પતિવ્રતોપાખ્યાન' તથા 'બ્રાહ્મણવ્યાધસંવાદ' (અ. ૧૯૬ થી ૨૦૬) પણ માર્કંડેય સાથેના સંવાદમાં આવે છે.

અને લાખોની સંખ્યામાં ગોદાન દીધેલાં. ગોદાન કરતાં એક વાર કોઈ એક બ્રાહ્મણની ભૂલી પડેલી ગાય નૃગના ગોધનમાં ભળેલી તેનું દાન દેવાઈ ગયું. આ પાપને લીધે નૃગ એક મોટા કૂવામાં કાચંડો થઈને પડ્યો. હવે જ્યારે દ્વારકા વસાવવામાં આવી, ત્યારે તરસ લાગવાથી જળની શોધ કરતાં (યાદવો અને મજૂરોએ) આ કૂવો દીઠો. તેમાં આ કાચંડાને જોયો. તેમણે ઘણી રીતે પ્રયત્ન કર્યો પણ કાચંડાને બહાર કાઢી શકયા નહિ. એટલે શ્રીકૃષ્ણને કહ્યું. શ્રીકૃષ્ણે નૃગને બહાર કાઢ્યા. શ્રીકૃષ્ણે એની હકીકત સાંભળી. પછી નૃગ શ્રીકૃષ્ણની આજ્ઞા લઈ, તેમને નમસ્કાર કરીને સ્વર્ગે ગયો. એ સ્વર્ગે જતાં શ્રીકૃષ્ણે આ શ્લોક કહ્યો: ‘સમજુ માણસે બ્રાહ્મણનું ધન હરણ ન કરવું. (અજાણતાં પણ) બ્રહ્મસ્વ હરણ કરનાર નૃગની જેમ દુઃખી થાય છે.’ અને પછી ભીષ્મ (જે નૃગનો પ્રસંગ કહેનાર છે) બોલ્યા: ‘સજ્જનોનો સત્પુરુષો સાથેનો સમાગમ કદી નિષ્ફળ હોતો નથી. જેમકે સજ્જન(શ્રીકૃષ્ણ)ના સમાગમથી નૃગ (કાચંડાના દેહરૂપી) નરકમાંથી મુક્ત થયો હતો.’ (‘અનુશાસનપર્વ’ અ. ૬૯; ૭૧-૧ થી ૩).

આ પછી એક બાજુ માર્કંડેય સાથેનો વાર્તાલાપ ચાલતો રહ્યો અને બીજી બાજુ દ્રૌપદી તથા સત્યભામા બન્ને પ્રિયંવદા સખીઓ એકાન્તમાં ગઈ અને જાતજાતની મધુર વાતો કરવા માંડી. તેમાં સત્યભામાએ દ્રૌપદીનો પાંડવો ઉપરનો પ્રભાવ જોઈને, દ્રૌપદીને એ વશીકરણનું રહસ્ય પૂછ્યું, જેથી કરીને કૃષ્ણ પણ પોતાને વશ થઈને રહે. દ્રૌપદીએ સત્યભામાને શ્રીકૃષ્ણની સર્વાત્મભાવે આરાધના કરવાનું (સર્વશ્રેષ્ઠ વશીકરણ) સૂચવતાં અનેક રીતે પતિને પ્રસન્ન કરવાના ઉપાયો બતાવતાં કહ્યું: ‘આમ કરતાં ‘હું આને જ પ્રિય છું’ જાણીને કૃષ્ણ પણ તમને જ વળગી રહેશે... ઇ.’ [જુઓ ૩-૧૨૨-૧ થી ૮, ૯ થી ૫૭, ૫૮, ૫૯; અ. ૨૨૩; ૧-૨-૪૫, ૧૨૫; વિશેષ માટે જુઓ ‘સ્વાધ્યાય’ જાન્યુઆરી ૧૯૬૬માં ‘ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્નો’ (ઉ. જ. સાંડેસરા)માં ‘સત્યભામા’ અંગેનો વિભાગ].

આમ માર્કંડેયાદિ ઋષિઓ અને પાંડવો સાથે બેસીને જનાર્દને અનુકૂળ વાતો કરી. પછી પાંડવો સાથે યથાવત્ મન્ત્રણા કરીને મધુસૂદન કૃષ્ણે દ્વારકા પ્રયાણ કરવા માટે, સત્યભામાને બોલાવ્યાં. દ્રૌપદીની વિદાય લેતાં સત્યભામાએ ભાવપૂર્વક ભલામણો કરી. કૌરવોને હણી નાખીને વૈર લેવાશે, પુનઃ નિષ્કણ્ટક રાજ્ય મળશે, વગેરે કહીને આશ્વાસન આપ્યાં. દ્રૌપદીના પુત્રોના સર્વ સમાચાર આપ્યા. [જુઓ ‘સ્વાધ્યાય’ જાન્યુઆરી ૧૯૬૬માં ‘ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્નો’માં ‘સત્યભામા’ અંગેનો વિભાગ.] એ પછી પોતે શ્રીકૃષ્ણનાં પટરાણી હતાં છતાં (દ્રૌપદી પ્રત્યેના ગુણાનુરાગથી) કૃષ્ણાની પ્રદક્ષિણા કરીને રથમાં બેઠાં. યદુશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે સ્મિત કરીને દ્રૌપદીને બહુ સાન્ત્વન આપ્યું અને પછી (દ્વારકા તરફ) પ્રયાણ કર્યું. (‘આરણ્યકપર્વ’, અ. ૨૨૪).

* * *

પાંડવો બ્રાહ્મણોના ભોજન માટે મૃગયા કરવા જંગલમાં ગયા હતા તે ગાળામાં સિન્ધુ-સૌવીરનો રાજા જયદ્રથ તેમના આશ્રમ પાસેથી નીકળ્યો. દ્રૌપદીને એકલી જોઈને તેને ઉપાડી જવાની પેરવી કરવા માંડી. એ વખતે દ્રૌપદીએ એને કહ્યું હતું: ‘...જેની સહાય માટે બન્ને કૃષ્ણ (કૃષ્ણાર્જુન) એક જ રથમાં બેસીને શોધ કરવા નીકળી પડે, એવી મને ઇન્દ્ર પણ કોઈ રીતે હરી ન શકે તો બીજા કૃપણ મનુષ્યનો તો શો હિસાબ?...વૃષ્ણિવીરોની સાથે જનાર્દન...વગેરે સર્વ રાજપુત્રો રોષપૂર્વક મારી તપાસ કરશે...’ (૩-૨૫૨-૧૩, ૧૬). દ્રૌપદીએ જયદ્રથને

ઘણી રીતે વાર્યો, પણ તે તો તેને ઉઠાવી જ ગયો. પાંડવોએ તેનો પીછો પકડી હરાવ્યો. પકડ્યો. અર્ધચન્દ્ર બાણથી માથા ઉપર પાંચ પટા પાડ્યા. સંસદો અને સભાઓમાં 'હું પાંડવોનો દાસ છું' એમ બોલવાનું કબૂલ કરાવ્યું. માફી મંગાવી. દયાથી ધર્મરાજે છોડી મૂક્યો. પણ અપમાન થવાથી ધૂંધવાયેલા તેણે વૃષધ્વજ શિવનું તપ કરી પાંચે પાંડવોને હરાવવાનું વરદાન માગ્યું, પણ શિવે અર્જુન સિવાયના ચારે પાંડવોને યુદ્ધમાં ખાળી શકે એવું વરદાન આપ્યું, કારણ કે 'જે દેવને અજિત, શંખચક્રગદાધર અને અસ્ત્રવેત્તાઓમાં શ્રેષ્ઠ કહે છે, તે શ્રીકૃષ્ણ અર્જુનનું રક્ષણ કરે છે.' (૩-૨૫૬-૨૪ થી ૩૦. જુઓ ક્ષેપક ૧૨૨૪ થી ૧૨૨૮. ક્ષેપક પરિશિષ્ટ ૧-૨૭. આ ક્ષેપકોમાં નર-નારાયણ, વરાહ, નૃસિંહ, વામન અને કૃષ્ણાવતારનું કીર્તન છે).

શિવની જેમ જ ઇન્દ્રે કર્ણને કવચ-કુંડળના બદલામાં શક્તિ નામનું શસ્ત્ર આપતા કહ્યું હતું: 'જેને તું મારવા ઇચ્છે છે, તેને તો પેલા મહાત્મા રક્ષે છે, જેને વેદવેત્તાઓ વરાહ, અજિત, હરિ, નારાયણ અને અચિન્ત્ય કહે છે, તે કૃષ્ણ તેને રક્ષે છે (૩-૨૯૪-૨૭, ૨૮). આ શક્તિ કર્ણે અર્જુનને મારી નાખવા લીધેલી, પણ નિરુપાયે ઘટોત્કચ ઉપર ઉપયોગ કરવો પડેલો! ('દ્રોણપર્વ' अ. ૧૫૪).

* * *

પાંડવો વનવાસી હતા. દુર્યોધન સત્તા અને સમૃદ્ધિની ટોચે હતો. એ સમયે પાંડવોને પોતાની સંપત્તિનું તેજ બતાવી શરમાવવા અને દુઃખી કરવા માટે દુર્યોધન તથા તેના સાગરીતો હજારો રથ, હાથી, ઘોડા, બન્દીજનો વગેરે લઈને ભારે ઠાઠથી દ્વૈતવનમાં ગયા, પણ માર્ગમાં ચિત્રરથ ગંધર્વ સાથે લડાઈ થતાં બધા કેદ પકડાયા. પાંડવોએ તેમને મદદ કરી બચાવ્યા! આનાથી અતિશય શરમાઈને તથા ખેદ પામીને દુર્યોધને પ્રાયોપવેશન—આમરણાંત ઉપવાસનો નિર્ણય કર્યો. ઉપવાસ શરૂ પણ કર્યા. આ નિર્ણયની જાણ થતાં દૈત્યો અને દાનવોએ દુર્યોધનને મન્ત્રક્રિયાઓથી પાતાળમાં બોલાવ્યો અને તેને તેના અન્યાયથી રાજ્ય કરવાના નિર્ણયને જરાય નરમ ન પાડવા સમજાવ્યો. વળી કહ્યું કે, 'ભીષ્મ, દ્રોણ, કૃપ જેવાના મનમાં અસુરો (આસુરી વિચારો) પ્રવેશ કરશે. તેઓ દયા અને સ્નેહને (તથા ધર્મને) કોરે મૂકીને તારે માટે યુદ્ધ કરશે. તું વિજયી થઈશ. વળી તું અમને વિષાદમાં ન લઈજા—વિષાદ ન પમાડ, એ તને શોભતું નથી. હે કૌરવ! તું નાશ પામે તો અમારો પક્ષ ક્ષીણ થાય. તારે અન્ય પ્રકારની બુદ્ધિ કરવી નહિ. જેમ પાંડવો દેવોની ગતિ છે તેમ સદાય તું અમારી ગતિ છે.' એમ કહ્યા બાદ દુર્યોધનની બુદ્ધિ સ્થિર કરીને તથા પ્રિય વચનો કહીને દૈત્ય-દાનવોએ તેને 'તું જય મેળવ' એમ આશિષ આપીને જવાની અનુજ્ઞા આપી.[૧] (૩-૨૪૦-૧ થી ૨૬).

---

૧ मा विषादं नयस्वास्मान्नैतत्त्वय्युपपद्यते ।
विनष्टे त्वयि चास्माकं पक्षो हीयेत कौरव ॥ ३-२४०-२३.

गच्छ वीर न ते बुद्धिरन्या कार्या कथंचन ।
त्वमस्माकं गतिर्नित्यं देवतानां च पाण्डवाः ॥ ३-२४०-२४.

स्थिरां कृत्वा बुद्धिमस्य प्रियाण्युक्त्वा च भारत ।
गम्यतामित्यनुज्ञाय जयमाप्नुहि चेत्यथ ॥ ३-२४०-२६.

આમ જેમ દૈવી અર્જુનને વિષાદ થયો હતો તેમ આસુરી દુર્યોધનને પણ વિષાદ થયો હતો. અર્જુનને ભગવાને વિષાદ ખંખેરી નાખવાની આજ્ઞા કરી હતી.

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ६–२४–३ (गीता २–३).

'હે પાર્થ ! તું કાયર ન થા, **એ તને શોભતું નથી.** હૃદયની ક્ષુદ્ર નિર્બળતાનો ત્યાગ કરીને, પરંતપ ! તું ઊભો થા.'

અને પછી નિષ્કામ કર્મ કરવાનો ઉપદેશ કરી युध्यस्व जेतासि रणे सपत्नान्। ૬-૩૩-૩૪ ઘ; ગીતા. ૧૧-૩૪ ઘ કહી જય પામવાનું વચન આપ્યું છે. વળી શ્રીકૃષ્ણના 'સ્થિતપ્રજ્ઞદર્શન'ના અને બીજા ઉપદેશથી અર્જુન 'નષ્ટમોહ અને સ્થિર' થયા છે. (જુઓ ગીતા, ૧૮-૭૩).

દૈત્ય-દાનવોએ લગભગ એ રીતે અને એ ભાષામાં દુર્યોધનને જય પામવાનું વચન આપ્યું છે અને તેની બુદ્ધિ 'સ્થિર' કરી છે. પરંતુ અનાસક્ત શ્રીકૃષ્ણ અર્જુનને હૃદયદૌર્બલ્ય દૂર કરવાની **આજ્ઞા કરે છે.** તે સામે આસક્ત દૈત્ય-દાનવો દુર્યોધનને **'તું અમને વિષાદ ન પમાડ' એમ વિનંતી કરે છે.** એમાં દૈવી અને આસુરી વૃત્તિઓમાં રહેલી સબળતા અને નિર્બળતાનો પાયાનો ભેદ દેખાઈ આવે છે.[1]

* * *

પાંડવોના અરણ્યવાસનાં બાર વર્ષ દરમિયાન શ્રીકૃષ્ણ એમને ત્રણ વખત મળવા આવેલા. તેમાંના પાછળનાં બે વારનાં સૌહાર્દભર્યાં મિલનના વૃત્તાંત આ પ્રકરણમાં છે. આમાં પાંડવોની ધર્મશીલતા અને સદ્ગુણોને કારણે શ્રીકૃષ્ણનો તેમની પ્રત્યેનો સ્નિગ્ધ સુહૃદ્ભાવ વ્યક્ત થાય છે. બહેન સુભદ્રાના પુત્ર, દ્રૌપદીના પુત્રો અને પોતાના પુત્રો એ સર્વ પ્રત્યે એમનો સમભાવ એટલો ઊંડો છે કે દ્રૌપદીના પુત્રો દાદા તથા મામાને ઘેર નહિ રહેતાં દ્વારકામાં રહે છે; અને તે પણ પોતાનાં માતાપિતા પાસેથી જેવાં લાડકોડ, સુખ તથા કેળવણી પામે તેવાં મેળવીને.

આ બાર વર્ષના ગાળાની ભગવાન શ્રીકૃષ્ણની અન્ય પ્રવૃત્તિ અંગે મહાભારતમાં ખાસ કંઈ માહિતી સાંપડતી નથી.

અર્જુન જેવા સજ્જનને જ વિષાદ ઊપજે છે એમ નહિ, પરંતુ દુર્યોધન જેવા પાપકૃતાં વરિષ્ઠઃ(અધમાધમ)ને પણ વિષાદ ઊપજે છે, એવું દર્શાવતો પ્રસંગ 'આરણ્યકપર્વ'ના આ વિભાગમાં આવે છે. તે દર્શાવે છે કે જગતમાં સજ્જન કે દુર્જન, જે જેવી શ્રદ્ધાવાળો હોય તેને, તેના અનુરૂપ સુહૃદો મળે છે. જેમાં દૈવી સુહૃદો, આસુરી સુહૃદો કરતાં મૂળભૂત રીતે સબળ છે. (દૈવીના આધારે આસુરી સહાયકો નભે છે તે સૂચવાયું છે), એવું સાફ જણાઈ આવે છે.

'આરણ્યકપર્વ'માં વાસુદેવપૂજા સુસ્થાપિત થઈ ગઈ હોય એવા સંખ્યાબંધ નિર્દેશો

૧ દૈવી અને આસુરી, બન્ને તત્ત્વોના તે તે નેતા વિજય મળશે એમ કહે છે, પણ મહાકવિ વ્યાસે ધર્મનો જ વિજય બતાવ્યો છે. એ શાથી ? મહાભારતના અને ગીતાના પ્રત્યેક વાચકે આ મૂળભૂત પ્રશ્ન ગંભીરતાપૂર્વક વિચારવા જેવો છે.

મળે છે. વિષ્ણુના અવતારો અને માહાત્મ્ય અંગે પણ કેટલાક ઉલ્લેખો છે. આમાંના કેટલાક મહત્ત્વના નિર્દેશો અને ' દુર્વાસા ઉપાખ્યાન ' નામથી વિખ્યાત થયેલો ક્ષેપક પ્રસંગ આ પ્રકરણના પરિશિષ્ટમાં મૂકેલ છે.

*   *   *

અર્જુન ' સ્વર્ગ 'માં દેવો પાસેથી દિવ્યાસ્ત્રો લાવેલા. તે विद्वाँसो हि देवाः (શતપથ. ૩-૫-૬-૧૦) અનુસાર ' સ્વર્ગ ' એટલે દૂર દેશમાં આવેલા (જુઓ પૃષ્ઠ ૩૯૧ ઉપરની પાદનોંધ ૧.) યુદ્ધવિદ્યાના વિદ્વાનો પાસેથી વિશિષ્ટ પ્રકારની શસ્ત્રાસ્ત્રો તેમ જ વ્યૂહરચનાની તાલીમ લઈ નિષ્ણાત બનીને પાછા આવેલા.

પરિશિષ્ટ

(૧) દુર્વાસા-ઉપાખ્યાન—' આરણ્યકપર્વ ' ક્ષેપક પરિશિષ્ટ ૧–૨૫.

દુર્યોધને ઋષિ દુર્વાસાને તેમના દશ હજાર શિષ્યો સહિત આતિથ્ય કરી પ્રસન્ન કર્યા અને વરદાન લીધું કે ' જ્યારે દ્રૌપદી બ્રાહ્મણો અને પાંડવોને ભોજન કરાવીને તથા પોતે પણ ભોજન કરીને સુખથી બેઠી હોય ત્યારે તમે એના અતિથિ થાઓ. ' દુર્વાસા એ વરદાન મુજબ પાંડવોના અતિથિ થયા. ધૈર્યશાળી યુધિષ્ઠિરે એમને ભોજનનું આમંત્રણ આપ્યું. દુર્વાસા શિષ્યસમુદાય સાથે સ્નાનાદિ નિત્યકર્મ પતાવવા ગયા. દ્રૌપદી મહેમાનોને શું જમાડવું તેની ચિંતામાં પડી. એણે ' વિશ્વાત્મા, વિશ્વજનક, વિશ્વહર્તા, અવ્યયપ્રભુ, શરણાગતરક્ષક, **ગોપાલ**, પ્રજાપાલ, પરાત્પર ' કૃષ્ણની સ્તુતિ કરી. (લીટી ૭૨ થી ૯૦. આ પૈકી લીટી ૭૬માં શ્રીકૃષ્ણને **ગોપાલ** કહીને સંબોધ્યા છે. મહાભારતની સમીક્ષિત વાચનામાં શ્રીકૃષ્ણને ' ગોપાલ ' શબ્દથી એક વાર પણ સંબોધવામાં નથી આવ્યા તેમ જ પ્રચલિત વાચનામાં પણ માત્ર આ એક જ વખત સંબોધ્યા છે. તેથી ખાસ ધ્યાન ખેંચે છે). ભક્તવત્સલ કૃષ્ણ આવ્યા. દ્રૌપદી પાસે ભોજન માગ્યું. દ્રૌપદી ભોંઠી પડી; દુઃખની વાત કરી. શ્રીકૃષ્ણે સૂર્યે આપેલું અક્ષયપાત્ર મંગાવ્યું. તેની કિનારી ઉપર શાકની કણી ચોંટેલી હતી, શ્રીકૃષ્ણે ' વિશ્વાત્મા પ્રસન્ન થાઓ, યજ્ઞભોક્તા દેવ સંતુષ્ટ થાઓ, ' કહીને મોંમાં મૂકીને સહદેવને દુર્વાસાને તેડી લાવવા મોકલ્યો. અહીં તો ઋષિઓ આકણ્ઠ ધરાઈ ગયા હતા. એટલે પાંડવોની રસોઈ બગડવાથી તે ચીડાશે માનીને બારોબાર જતા રહ્યા ! સહદેવ પાછો આવ્યો, એટલે પાંડવો વધુ ચિંતાતુર થયા. કારણ ' કદાચ દુર્વાસા છળવા માટે મધ્યરાત્રિએ આવે તો ? ' એટલે શ્રીકૃષ્ણે તેમના નાસી જવાનું કારણ સમજાવી, ' જેઓ સદૈવ ધર્માચરણી છે, તેઓ કદી સીદાતા નથી ' કહી, પાંડવો તથા દ્રૌપદીની વિદાય લઈને દ્વારકા ગયા.

આ ' દુર્વાસા ઉપાખ્યાન 'ને સ્મરીને ' અદ્વૈતસિદ્ધિ 'ના ટીકાકાર બ્રહ્માનન્દે નીચેનો શ્લોક લખ્યો છે :

द्रौपदीशाकमास्वाद्य त्रिलोकी येन तर्पिता ।
तज्जीवब्रह्मणोरैक्ये साक्षि ब्रह्मैव नो हरिः ॥

' અદ્વૈતસિદ્ધિ ' પરિચ્છેદ ૨, ' આત્માના અણુત્વભઙ્ગ ' વિષયની બ્રહ્માનન્દી લઘુચન્દ્રિકા ટીકાનો છેલ્લો શ્લોક, પૃ. ૮૫૫, આવૃત્તિ નિર્ણયસાગર પ્રેસ, ૧૯૧૭.

(૨) મત્સ્યોપાખ્યાન—'આરણ્યકપર્વ' અ. ૧૮૫.

મનુ વૈવસ્વત બદરિવિશાલમાં વીરિણીના તીરે તપ કરતા હતા. ત્યાં એક મત્સ્યે આવી રક્ષણ માગ્યું. મનુએ રક્ષણ આપ્યું. માછલું જોતજોતામાં વધવા માંડ્યું. છેવટે તેને સમુદ્રમાં મૂકવું પડ્યું. સમુદ્રમાં મૂક્યા પછી મત્સ્યે મનુને પ્રલય આવી રહ્યો છે, માટે મજબૂત નાવ તૈયાર કરવા કહ્યું અને ઉમેર્યું કે તેમાં 'તમારે સપ્તર્ષિઓ સાથે સર્વ બીજાને લઈને બેસી જવું. એ વખતે હું શિંગડાંવાળું થઈને આવીશ.' મત્સ્યે કહ્યા મુજબ નાવ તૈયાર કરીને, મનુ સમુદ્રમાં ફરવા માંડ્યા. મત્સ્ય આવ્યું. મનુએ તેના શિંગડામાં દોરડાનો પાસો નાખ્યો. મત્સ્ય એ નાવ લઈને પછી પ્રલયના સમુદ્રમાં ફરવા માંડ્યું. છેવટે હિમાલયના એક ઊંચા શિખર પાસે આવ્યા ત્યારે, મત્સ્યે ત્યાં નાવને બાંધવા કહ્યું. એટલે એ શિખરનું નામ 'નૌબન્ધન' પડ્યું. પછી મત્સ્યે પોતાનું 'પ્રજાપતિ બ્રહ્મા'નું રૂપ બતાવીને મનુને પ્રજાસર્જનની આજ્ઞા કરી.

આ 'મત્સ્યોપાખ્યાન'ને 'મત્સ્યપુરાણ' કહ્યું છે. (૩–૧૮૫–૫૩).

('શતપથબ્રાહ્મણ' ૧–૮–૧થીમાં 'મત્સ્યોપાખ્યાન'નું એક રૂપાંતર આવે છે. 'ભાગવત' સ્કંધ ૮ અ. ૨૪માં આ કથા વિષ્ણુના મત્સ્યાવતારની કથા બને છે. એમાં વિષ્ણુ પ્રલયાન્તે બ્રહ્માને વેદો આપે છે એવું વર્ણન છે. 'મત્સ્યપુરાણ'નો આરંભ (અ. ૧) વિષ્ણુના મત્સ્યાવતારની આ કથાથી થાય છે. એ જોતાં મહાભારતના કાળના 'મત્સ્યપુરાણ'માં એને વિષ્ણુના અવતારની કથા ગણી નહિ હોય.

બાઈબલના 'જૂના કરાર'માં 'ઉત્પત્તિ'ના પ્રથમ પ્રકરણમાં આવતી જળપ્રલયની વાત 'મત્સ્યોપાખ્યાન'ને મળતી આવે છે તે નોંધવું આવશ્યક છે.

(૩) માર્કંડેયે કરેલું બાલ(મુકુંદ)ની માયાનું દર્શન—'આરણ્યકપર્વ' અ. ૧૮૬, ૧૮૭.

બાર વર્ષ સુધી સતત જળવર્ષા થવાથી સમુદ્રે માઝા મૂકી અને પ્રલય થયો. ત્યારે સર્વ દેવ, અસુર, મનુષ્ય, પ્રાણીઓ વગેરે નાશ પામી ગયાં. માત્ર એકલા માર્કંડેય એકાકાર થયેલા સમુદ્રમાં ભટકતા હતા. તરતાં તરતાં ખૂબ થાકી ગયા. એવામાં એક વિશાળ વડની મોટી ડાળ ઉપર પલંગ ઉપર બેઠેલા એક સુંદર બાળકને દીઠો. એણે માર્કંડેયને આરામ આપવા માટે પોતાના શરીરમાં વાસ આપ્યો. એટલે કે ગળી ગયો. એની કૂખમાં માર્કંડેયે નદી, પર્વત, નગરો, પ્રજા અને સૂર્ય, ચંદ્ર તથા નક્ષત્રોથી ભરપૂર આખું જગત જોયું! માર્કંડેય એ કૂખમાં એકસો વર્ષથી વધુ સમય સુધી ઘૂમ્યા પણ તેનો પાર પામી શક્યા નહિ. સતત દોડ્યા અને વિચર્યા પણ અન્ત ન આવ્યો ત્યારે માર્કંડેય આ વરેણ્ય વરદ દેવને મનથી શરણે ગયા. એટલામાં તો એમના (બાળકના) મુખમાંથી માર્કંડેય બહાર નીકળી પડ્યા! અને જોયું તો વડની ડાળ ઉપર સમસ્ત જગતને ધારણ કરીને બાલવેશથી શ્રીવત્સના લક્ષણવાળા ભગવાન વિરાજી રહ્યા હતા. એ બાળકે હસતાં હસતાં પૂછ્યું: 'મારા શરીરમાં રહીને થાકી ગયા તો નથી ને!' એ પૂછતામાં તો માર્કંડેયને નૂતન દૃષ્ટિ મળી (नवा दृष्टिः), અને પોતાની જાતને નિર્મુક્ત તથા જ્ઞાનસંપન્ન જોવા લાગ્યા. પાસે જઈને વિનયપૂર્વક દેવનાં દર્શન કર્યાં. એમની માયાનું રૂપ જાણવાની ઇચ્છા વ્યક્ત કરી, દેવે પોતાના નારાયણ

નામનું નિરુક્ત સમજાવ્યું. 'પુરુષસૂક્ત.' (ઋગ્વેદ ૧૦–૯૦)ની યાદ આપતું વર્ણન કહ્યું. 'ધર્મની ગ્લાનિ થતાં અવતાર ગ્રહણ કરું છું' એમ કહ્યું. (૩–૧૮૭–૨૬ = કે. ગીતા. ૪–૭). પોતે કાલચક્રના એક માત્ર પ્રવર્તક અને પ્રાણીમાત્રમાં વ્યાપીને રહ્યા છે વગેરે સમજાવ્યું.

કથા પૂરી કરતાં માર્કંડેયે કહ્યું કે પૂર્વે મેં જે પદ્મલોચન દેવ જોયા હતા તે જ આ તમારા સંબન્ધી જનાર્દન છે. એ જ સર્વ ભૂતોના માતાપિતા છે. તમે એ શરણ્યને શરણે જાઓ.

(સમીક્ષિત વાચનાની નોટ્સ પ્રમાણે 'વાયુપુરાણ' ૧૦૦–૧૩૬થી અને મહાભારત ૩–૧૮૬–૫૬થી શરૂ થતું પ્રલયવર્ણન મોટા પ્રમાણમાં શબ્દશઃ સરખું છે. ખરેખર તો મહાભારત ૩–૧૮૯–૧૪માં "વાયુપુરાણ"ને સ્મરીને આ વચનો કહેવામાં આવ્યાં છે' એમ લખે છે, તેથી મહાભારતકાલીન 'વાયુપુરાણ'નો આધાર આ આખ્યાનોની રચનામાં લેવાયો હશે. પ્રલયવર્ણનમાં આવતા સંવર્ત મેઘોનાં વર્ણન માટે 'કૂર્મપુરાણ' પૃ. ૭૭૯; 'વિષ્ણુધર્મોત્તર' ૧–૭૫–૭થી; 'સ્કન્દપુરાણ' ૨–૯–૨૫–૩૬થી; 'વિષ્ણુપુરાણ' ૬–૩–૩૧થી અને 'વાયુપુરાણ' ૧૦૦–૧૬૨ અને તે પછી દ્રષ્ટવ્ય છે.)

'શ્રીમદ્ ભાગવત' સ્કંધ ૧૦, અ. ૮, ૯માં માર્કંડેયને ભગવાન નારાયણે માયાદર્શન કરાવ્યાની મનોહર કથા છે. એમાં બાલનારાયણ વડની ડાળીનાં પાંદડાંના પડિયામાં સૂતેલા વર્ણવ્યા છે.[1] માયાદર્શનના અંતે માર્કંડેયે સ્તુતિ કરી છે: 'જ્ઞાન જેવી દેખાતી જેની માયામાં (મારા જેવા) વિદ્વાનો પણ મોહ પામે છે, તે શરણાગતોને અભય આપનારા આપના ચરણારવિંદના મૂળનું હે હરિ! મેં શરણ લીધું છે.'

> प्रपन्नोऽस्म्यङ्घ्रिमूलं ते प्रपन्नाभयदं हरे ।
> यन्माययापि विबुधा मुह्यन्ति ज्ञानकाशया ॥ 'भागवत' १२–१०–२.

આ કથા સાથે તુલસીકૃત 'રામાયણ'માં કાકભુશુંડિએ રામચંદ્રજીની માયાનું દર્શન કર્યાની મનોરમ કથા છે તે સરખાવવા જેવી છે ('ઉત્તરકાંડ' દોહા ૧૦૫ થી ૧૩૦ સુધી).

(૪) કલ્કિ અવતારની કથા—'આરણ્યકપર્વ' ૧૮૮–૮૯ થી ૯૩.

માર્કંડેયે યુગધર્મ કહ્યો. તેમાં કલિયુગની સ્થિતિનું વર્ણન કર્યા પછી કહ્યું: 'કાળની પ્રેરણાથી વિષ્ણુયશા કલ્કિ નામના મહાવીર્યવાન, મહાબુદ્ધિમાન અને મહાપરાક્રમી બ્રાહ્મણ ઉત્પન્ન થશે. તે સંભલ નામના ગામમાં જન્મશે. ધર્મવિજયી સમ્રાટ થશે. વ્યાકુલ થયેલા જગતને પ્રસન્ન કરશે. લોકક્ષયનો અંત આણીને યુગપરિવર્તન કરશે......ઇ.'

આ 'કલ્કિ' કે 'કલ્કી' શબ્દ 'કલ્' ધાતુમાંથી થયેલા 'કલ્ક' એટલે કે 'સિદ્ધિ'

---

૧ સર° લીલાશુકના 'કૃષ્ણ-કર્ણામૃત'નો સુપ્રસિદ્ધ શ્લોક

> करारविन्देन पदारविन्दं
> मुखारविन्दे विनिवेशयन्तम् ।
> वटस्य पत्रस्य पुटे शयानं
> बालं मुकुन्दं मनसा स्मरामि ॥

ઉપરથી '(અહીં કલિયુગમાં ફરી વાર સત્યયુગ) સિદ્ધ કરનાર' એ અર્થમાં પ્રયોજાયેલો હોઈ શકે. (જુઓ 'ભારત-રત્ન,' બીજી આવૃત્તિ, પૃ. ૨૬ થી ૨૯).

'ભાગવત'માં 'કલ્કિ' અવતારને વિષ્ણુયશાના પુત્ર કહ્યા છે, તે નોંધવું આવશ્યક છે. ૧૨-૨-૧૮.

(૫) વાસુદેવપૂજા સંપ્રદાય તરીકે સ્થાપિત થઈને શ્રીકૃષ્ણનું પૂજન થતું હોય એવા 'આરણ્યકપર્વ'ના નિર્દેશો.

દેવોમાં મધુસૂદન પ્રથમ ૩-૮૦-૫૫; સરસ્વતીસંગમે જનાર્દનની ઉપાસના ૮૦-૧૩૩; ઉજ્જયન્તની જોડે પવિત્ર દ્વારવતીમાં પુરાણ દેવ મધુસૂદન છે. તે જ સનાતન ધર્મ, પરમ પવિત્ર અને મંગલોનું પણ મંગલ છે ઇ. ૮૬-૧૯ થી ૨૪; નારાયણનો બદરિનો 'વિશાખા' આશ્રમ. ત્યા આદિદેવ મહાયોગી મધુસૂદન વસે છે...ઇ. ૮૮-૨૧ થી ૨૭; આર્ચીક પર્વત ઉપર ચન્દ્રમસ્ તીર્થ છે. ત્યાં નર-નારાયણ સનાતન સ્થાન પામેલા અને અક્ષયસ્રોતા યમુના પાસે કૃષ્ણે તપ કરેલું. (એવા પવિત્ર તીર્થનું માહાત્મ્યવર્ણન) ૧૨૫-૧૩ થી ૫૮; તામસયુગ કલિયુગમાં કેશવ કૃષ્ણ થાય છે. (હનૂમાને ભીમને કહ્યું હતું. ૧૪૮-૩૩; હનૂમાને વિષ્ણુના રામાવતારની કથા પણ કહી હતી. અ. ૧૪૭); મધુ-કૈટભના વધની કથા. અ. ૧૯૪.

અરણ્યવાસનાં બાર વર્ષ પૂરાં કરી ગુપ્તવાસની તૈયારી કરતાં યુધિષ્ઠિર દુઃખને લીધે મૂર્છિત થઈ ગયા. તેમને પુરોહિત ધૌમ્યે આશ્વાસન આપતાં પુરાણાં ઉદાહરણ ટાંક્યાં. તેમાં ગુપ્તવાસ કરનાર અશ્વશિર (=હયગ્રીવ અવતાર?) વિષ્ણુ, વામનાવતાર, ઇન્દ્રનાવજ્રમાં ગુપ્તરૂપે હરિએ વાસ કરી વૃત્ર માર્યો, દશરથના ઘેર પ્રચ્છન્નરૂપે રહી વિષ્ણુએ (રામાવતારમાં) દશગ્રીવ માર્યો વગેરે કહ્યું હતું. ૩-૨૯૯-૧૨ થી ૧૯. સંક્ષેપમાં સંપૂર્ણ રામચરિત્ર વર્ણવતું 'રામોપાખ્યાન' 'આરણ્યકપર્વ' અ. ૨૫૭ થી ૨૭૬માં છે.

આ સિવાય નારાયણના કપિલ, વરાહ વગેરે અવતારોની અને તીર્થસ્થાનોનો ઉલ્લેખ કરતી વિગતો 'આરણ્યકપર્વ'માં જુદે જુદે સ્થળે મળે છે. તેમાંના કેટલાક નિર્દેશ આ પ્રમાણે છે. ૩-૮૧-૮ થી ૧૦; ૮૨-૧૬ થી ૧૯; ૬૩ થી ૬૫; કૂર્મરૂપધારી રાક્ષસને માર્યો. ૮૨-૧૦૪ થી ૧૦૬; મહાદેવને વિષ્ણુ કહ્યા છે. ૮૨-૧૦૯; ૮૩-૪૩ થી ૪૭; ૬૫ થી ૭૦, ૮૪-૩ થી ૬; ૮૮-૨૭ થી ૨૮; ૧૦૦-૧૬ થી ૨૪; ૧૦૧-૧ થી ૫; ૬ થી ૧૧; ૧૦૩-૧૯ થી; અ. ૧૦૪ થી ૧૦૬; ૧૧૪-૨૭; નરકવધ અને વરાહાવતાર અંગે ક્ષેપક પરિશિષ્ટ ૧-૧૬; વરાહ, નૃસિંહ અને કૃષ્ણાવતાર અંગે ક્ષેપક પરિશિષ્ટ ૧-૨૭, ઇત્યાદિ.

વક્રોક્તિ અથવા કુંતકનો કાવ્યવિચાર

નગીનદાસ પારેખ

મેં મારાં વ્યાખ્યાનો માટે વિષય રાખ્યો છે 'વક્રોક્તિ અથવા કુંતકનો કાવ્યવિચાર'.

પણ હું કુંતકના કાવ્યવિચાર ઉપર આવું તે પહેલાં મારે થોડી ભૂમિકા બાંધવાની જરૂર છે. આપણે ત્યાં કાવ્યની એટલે કે સાહિત્યની સ્વતંત્ર ચર્ચા કરનાર પ્રાચીનમાં પ્રાચીન જે ગ્રંથ મળે છે, તે ભામહનો 'કાવ્યાલંકાર' છે. એના પહેલાં ભરતના નાટ્યશાસ્ત્રમાં વાચિક અભિનયનું નિરૂપણ કરતાં સોળમા અધ્યાયમાં વાક્યના ગુણદોષ અને અલંકારની ચર્ચા કરવામાં આવેલી છે, અને તેમાં માત્ર દસ ગુણ, દશ દોષ અને ચાર અલંકારની જ વાત આવે છે; પણ ભામહનો ગ્રંથ તો કાવ્યશાસ્ત્રનો જ ગ્રંથ છે, અને એમાં એણે સાઠ કારિકાઓમાં કાવ્યના શરીરનું, એકસોસાઠમાં અલંકારનું, પચાસમાં દોષનું, સિત્તેરમાં કાવ્યન્યાયનું અને સાઠમાં શબ્દશુદ્ધિનું નિરૂપણ કરેલું છે, અને એમાં લક્ષણ અને ઉદાહરણ એના પોતાનાં રચેલાં છે.

કાવ્યનાં પ્રયોજનોમાં આનંદ(પ્રીતિ)ને ગણાવનાર એ પહેલો છે. ભરતમાં બીજું ઘણું છે પણ આનંદનું નામ લીધેલું નથી. કાવ્યના હેતુમાં પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસનો એણે એની રીતે ઉલ્લેખ કરેલો છે.

એના જમાનામાં આલંકારિકોનાં બે વર્ગ હતા. એક વર્ગ અર્થાલંકારવાદી હતો અને બીજો શબ્દાલંકારવાદી હતો. પહેલો વર્ગ એમ માનતો હતો કે રૂપકાદિ અર્થાલંકારો જ કાવ્યશોભાના નિષ્પાદક છે. જ્યારે બીજો વર્ગ એમ માનતો હતો કે અર્થાલંકારો તો બાહ્ય છે, કારણ, પહેલાં શબ્દ સંભળાય છે અને ત્યાર પછી અર્થ સમજાય છે. હૃદય ઉપર પહેલી અસર શબ્દની થાય છે એટલે શબ્દાલંકારો જ મુખ્ય છે. વળી, અર્થ ન સમજાય તોયે કેવળ શબ્દમાધુર્યથી પણ શ્રોતા આનંદ પામે છે. એટલે એમને મતે સૌશબ્દ્ય જ શબ્દસૌંદર્ય જ કાવ્ય છે. અર્થવ્યુત્પત્તિ એવી નથી. આ બે અંતિમ મતોનો સમન્વય કરતાં ભામહ કહે છે કે શબ્દાલંકાર અને અર્થાલંકાર બંને ભિન્ન છે એટલે અમને તો એ બંને જ ઇષ્ટ છે. કેવળ શબ્દાલંકારો અથવા કેવળ અર્થાલંકારોથી કાવ્ય ન બને, કાવ્ય તો શબ્દો અને અર્થના સાહિત્યથી બને—

शब्दार्थौ सहितौ काव्यम् ।

આ આપણી કાવ્યની જૂનામાં જૂની વ્યાખ્યા ગણાય છે, પણ ભામહે એ કાવ્યની વ્યાખ્યા તરીકે ઉચ્ચારેલાં વચન ન પણ હોય. એનો આખો ગ્રંથ જોતાં લાગે છે કે શબ્દ અને અર્થનું સાહિત્ય તે કાવ્ય એટલું જ એને કહેવું નથી. આપણે જોયું કે શબ્દ અને અર્થ બંને મળીને કાવ્ય થાય છે એટલે શબ્દાલંકાર અને અર્થાલંકાર બંનેને કાવ્યમાં સ્થાન છે. એ અલંકરણ અથવા સૌંદર્ય શી રીતે સધાય છે ? તો ભામહ કહે છે કે—

वक्राभिधेयशब्दोक्तिरिष्टा वाचामलंकृतिः । १–३६

અર્થાત્ વક્ર શબ્દ અને અર્થવાળી ઉક્તિ એ જ વાણીનું ઇષ્ટ સૌન્દર્ય છે. ભામહે પોતાના ગ્રંથના પાંચમા પરિચ્છેદમાં કહ્યું છે કે કેટલાક કવિઓ તેજસ્વી રત્નોથી, ફળથી લચેલાં વૃક્ષોથી અને ખીલેલાં પુષ્પોથી વાણીને અલંકૃત કરે છે, પણ એથી કાવ્યની શોભા વધતી નથી. એ બધાંથી તો ભૂષણ, ઉપવન અને માળાની જ શોભા વધે છે. વાણીની શોભા તો વક્રોક્તિથી જ સિદ્ધ થાય છે:

अंशुमद्भिश्च मणिभिः फलनिम्नैश्च शाखिभिः ।
फुल्लैश्च कुसुमैरन्यैर्वाचोऽलंकुरुते यथा ॥ ६४ ॥
तदेभिरङ्गैर्भूष्यन्ते भूषणोपवनस्रजः ।
वाचां वक्रार्थशब्दोक्तिरलंकाराय कल्पते ॥ ६६ ॥

કાવ્યના વિવિધ પ્રકારો ગણાવ્યા પછી એ કહે છે કે—

युक्तं वक्रस्वभावोक्त्या सर्वमेवैतदिष्यते । १–३०

એટલે કે આ બધા જ સાહિત્ય અથવા કાવ્યપ્રકારો વક્ર સ્વભાવવાળી ઉક્તિવાળા હોવા જોઈએ. મતલબ કે બધા જ પ્રકારનાં કાવ્યોમાં વક્રોક્તિ હોવી જોઈએ.

વળી, પોતાના ગ્રંથના છઠ્ઠા પરિચ્છેદમાં કયા શબ્દો કાવ્યમાં વાપરવા યોગ્ય અને કયા નહિ એનો વિવેક કરવાની પ્રસ્તાવના રૂપે એ કહે છે:

वक्रवाचां कवीनां ये प्रयोगं प्रति साधवः ।
प्रयोक्तुं ये न युक्ताश्च तद्विवेकोऽयमुच्यते ॥ ६–२३

"કવિની વક્ર વાચામાં કયા શબ્દો વાપરવા જેવા છે અને કયા વાપરવા જેવા નથી તેનો વિવેક હવે કહેવામાં આવે છે." અહીં પણ એ કવિની વાણીને वक्र કહે છે એ નોંધવા જેવું છે. આમ, આપણે ભામહની સમગ્ર વિચારણાને ધ્યાનમાં રાખીએ તો વક્રતાયુકત શબ્દ અને અર્થનું સાહિત્ય તે કાવ્ય એમ કહેવું પડે. જ્યાં વક્રોક્તિ ન હોય ત્યાં કાવ્ય પણ ન હોય એવો એનો અભિપ્રાય છે, અને તે એણે અન્યત્ર કહેલો પણ છે. હેતુ, સૂક્ષ્મ અને લેશ એ ત્રણ અલંકારોનો એ સ્વીકાર કરતો નથી, કારણ, એમાં વક્રોક્તિ નથી.

हेतुश्च सूक्ष्मो लेशोऽथ नालंकारतया मतः ।
समुदायाभिधानस्य वक्रोक्त्यनभिधानतः ॥ २–८६

આગળ જતાં એ કહે છે કે વક્રોક્તિહીન ઉક્તિ એ કાવ્ય ન કહેવાય, એ તો વાર્તા કહેતાં સમાચાર કહેવાય—રિપોર્ટિંગ કહેવાય.

गतोऽस्तमर्को भातीन्दुर्यान्ति वासाय पक्षिणः ।
इत्येवमादि किं काव्यं, वार्तामेनां प्रचक्षते ॥ २–८७

સૂર્ય આથમ્યો, ચંદ્ર પ્રકાશે છે, પંખીઓ માળામાં જાય છે—વગેરે તે કંઈ કાવ્ય છે? એ તો સમાચાર કહેવાય.

ભામહે વક્રોક્તિની સમજૂતી આપેલી નથી, પણ અતિશયોક્તિ અલંકારની ચર્ચાને અંતે એમ કહેલું છે કે—

सैषा सर्वैव वक्रोक्तिरनयार्थो विभाव्यते ।
यत्नोऽस्यां कविना कार्यः कोऽलंकारोऽनया विना ॥ २–८५

[એ બધી જ અતિશયોક્તિ વક્રોક્તિ છે. એના વડે અર્થનું વિભાવન થાય છે. માટે કવિએ એને સિદ્ધ કરવા પ્રયત્ન કરવો. એના વિના અલંકાર કેવો ?]

આનંદવર્ધને પોતાના ગ્રંથમાં આ શ્લોક ઉતારેલો છે. એનું વિવરણ કરતાં અભિનવગુપ્તે કહ્યું છે કે, પહેલાં જે અતિશયોક્તિનું લક્ષણ બતાવવામાં આવ્યું છે તે બધી જ વક્રોક્તિ એટલે કે અલંકારના પ્રકાર છે, કારણ, ભામહે પોતે જ કહેલું છે કે —

वक्राभिधेयशब्दोक्तिरिष्टा वाचामलंकृतिः ।

અને પછી એ શ્લોકને સમજાવતાં કહ્યું છે કે ‘ શબ્દની વક્રતા અને અર્થની વક્રતા એટલે શબ્દાર્થનું લોકોત્તીર્ણ રૂપે અવસ્થાન. આમ, એ જ એ અલંકારની અલંકારતા છે." અહીં વક્રતાનો અર્થ લોકોત્તીર્ણ રૂપે અવસ્થાન એવો કરેલો છે. ભામહે પોતે અતિશયોક્તિ અલંકારનું લક્ષણ આપતાં કહેલું છે કે —

निमित्ततो वचो यत्तु लोकातिक्रान्तगोचरम् ।
मन्यन्तेऽतिशयोक्तिं तामलंकारतया यथा ॥ २–८१

"કોઈ કારણસર લોકોત્તર—અલૌકિક અર્થનો બોધ કરાવનાર વચન તે અતિશયોક્તિ" અને અહીં વક્રતાનો અર્થ પણ લોકોત્તીર્ણ રૂપે અવસ્થાન કરેલો છે. એનો અર્થ એ થયો કે અલંકારમાત્રમાં અતિશયોક્તિનો અનુપ્રવેશ હોય છે. એને લીધે જ અલંકાર અલંકાર બને છે. આનંદવર્ધને આ વાત સ્પષ્ટ શબ્દોમાં કહેલી છે.

तत्रातिशयोक्तिर्यमलंकारमधितिष्ठति कविप्रतिभावशात्तस्य चारुत्वातिशययोगोऽन्यस्य त्वलंकारमात्रतैवेति...... ।

"કવિપ્રતિભાને બળે જે અલંકારમાં અતિશયોક્તિની સ્થાપના થઈ હોય છે, તેમાં ચારુત્વનો અતિશય જોવા મળે છે; બીજા તો માત્ર નામના જ અલંકારો હોય છે." હવે, આ લોકાતિક્રાંતગોચરતા અથવા લોકોત્તરતા શું કરે છે ? તો કે अनयार्थो विभाव्यते। એના વડે અર્થ વિભાવિત થાય છે. ‘ વિભાવિત થાય છે ’—એના અભિનવગુપ્ત ત્રણ અર્થો કરે છે : (૧) સહુ લોકોના ઉપભોગને કારણે જૂના થઈ ગયેલા અર્થનું વિચિત્ર રૂપે, સુંદર રૂપે, ભાવન થાય છે. (૨) આ જગતના પ્રમદા ઉદ્યાન વગેરે સામાન્ય પદાર્થો ભાવ જગાડનાર વિભાવરૂપ બની જાય છે. (૩) એ પદાર્થો ભાવરૂપ બની જાય છે, રસમય બની જાય છે. આમ, વક્રોક્તિને કારણે જૂના અર્થો પણ નવીન જેવા લાગે છે, ભાવ જગાડનાર વિભાવરૂપ બની જાય છે અને અંતે રસમય થઈ જાય છે.

આ ઉપરથી સ્પષ્ટ થશે કે ભામહને મતે शब्दार्थौ सहितौ काव्यम् ખરું, પણ એ શબ્દાર્થ વસ્તુને રસમય બનાવી દે એવી વક્રોક્તિપૂર્વક પ્રયોજાયેલા હોવા જોઈએ.

શબ્દાર્થનું સાહિત્ય અને વક્રતા એ બે મુદ્દા પછી ત્રીજો મુદ્દો હું ભામહમાંથી રીતિ અથવા માર્ગને લગતો રજૂ કરવા માગું છું. એણે આ બેમાંથી એકે શબ્દ વાપરેલો નથી. એના જમાનામાં કાવ્યના રીતિ અથવા માર્ગને આધારે વૈદર્ભ અને ગૌડીય એવા બે વર્ગો ગણાતા હશે. તેમાંથી કેટલાક વિદ્વાનો વૈદર્ભને જ શ્રેષ્ઠ માનતા હતા અને ગૌડીયમાં અર્થસૌષ્ઠવ હોય તોયે તેને કાવ્ય તરીકે સ્વીકારતા નહોતા. આ સંબંધમાં ભામહ કહે છે કે કાવ્યમાં વળી આ ગૌડીય અને આ વૈદર્ભ એવો ભેદ પડી શકે ખરો? પણ બેવકૂફો ગતાનુગતિક ન્યાયે એમ કરે છે. ('બેવકૂફ' શબ્દ મારો નથી.)

गौडीयमिदमेतत्तु वैदर्भमिति किं पृथक् ।
गतानुगतिकन्यायान्नानाख्येयममेधसाम् ॥ १–३२

એ આગળ કહે છે: "અશ્મકવંશ વગેરે વૈદર્ભ કહેવાય છે. છો કહેવાતાં. નામ કંઈ ગુણ જોઈને પાડતા નથી, ઇચ્છા પ્રમાણે પાડે છે."

ननु चाश्मकवंशादि वैदर्भमिति कथ्यते ।
कामं तथास्तु प्रायेण संज्ञेच्छातो विधीयते ॥ १–३३

વૈદર્ભ રચનામાં મોટે ભાગે સ્પષ્ટતા, સરલતા અને કોમલતા હોય છે. એટલે ભામહ કહે છે કે કોઈ રચના પ્રસન્ન, ઋજુ અને કોમળ હોય પણ તેમાં અર્થગૌરવ અને વક્રોક્તિ ન હોય તો એ કંઈ કાવ્ય ન કહેવાય, એ તો કેવળ સંગીતની પેઠે કાનને મીઠું લાગે છે એટલું જ. અહીં પણ એનો વક્રોક્તિ ઉપરનો ભાર ધ્યાનમાં લેવા જેવો છે.

अपुष्टार्थमवक्रोक्तिः प्रसन्नमृजु कोमलम् ।
भिन्नं गेयमिवेदं तु केवलं श्रुतिपेशलम् ॥ १–३४

એ જ રીતે, કોઈ ગૌડીય રચના અલંકારયુક્ત, ગ્રામ્યતારહિત, અર્થસભર, ન્યાયસંગત અને અનાકુલ એટલે કે જટિલતા વગેરે દોષોથી મુક્ત હોય, તો તે ગૌડીય હોવા છતાં શ્રેષ્ઠ ગણાય અને કોઈ રચના વૈદર્ભ હોય પણ તેમાં આ ગુણો ન હોય તો કેવળ વૈદર્ભ હોવાને કારણે શ્રેષ્ઠ ન ગણાય.

अलंकारवदग्राम्यमर्थ्यं न्याय्यमनाकुलम् ।
गौडीयमपि साधीयो वैदर्भमिति नान्यथा ॥ १–३५

આમ, આપણે જોઈએ છીએ કે ભામહ, રચના ગૌડીય કે વૈદર્ભ છે, એ ઉપરથી તેની ઉત્કૃષ્ટતાનો નિર્ણય કરવાની વિરુદ્ધ છે. તેમાં કાવ્યગુણો—વક્રતા, અર્થગૌરવ વગેરે છે કે નહિ એ જોવું જોઈએ એમ કહે છે. એ ન હોય તો રચના કાવ્ય ન ગણાય એવો એનો સ્પષ્ટ મત છે.

હવે, આપણે કુંતકનો કાવ્યવિચાર જોઈએ. એક રીતે કહીએ તો કુંતકે ભામહના જ કાવ્યવિચારને પોતાની પ્રતિભાના આલોકથી આલોકિત કરીને તેની બધી વિગતો પૂરીને રજૂ કર્યો છે; અથવા ભામહના વિચારમાં રહેલાં બીજો કુંતકમાં અંકુરિત, વિકસિત અને પલ્લવિત થઈને વિલસતાં જોવા મળે છે.

કુંતકની પહેલી વિશેષતા એ છે કે એ કવિકર્મ ઉપર ખૂબ ભાર મૂકે છે. વારેવારે એ કવિવ્યાપારનો ઉલ્લેખ કરે છે. કાવ્યની સમજૂતી જ એ ' કવિનું કર્મ તે કાવ્ય ' એમ કહીને આપે છે. આમ, એની વિચારણામાં કવિ કેન્દ્રમાં છે. કવિનું વ્યક્તિત્વ કાવ્યના નિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, એ એ બરાબર સમજે છે, અને માટે જ એણે માર્ગ અથવા રીતિની ચર્ચા વખતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે કવિના સ્વભાવભેદે કરીને માર્ગભેદ જોવા મળે છે. કારણ, કવિનો જેવો સ્વભાવ હોય તેને અનુરૂપ વ્યુત્પત્તિ જ તે પ્રાપ્ત કરે છે, અને એ બે મળીને તેની પાસે એ બંનેને અનુરૂપ કાવ્યમાર્ગનો જ અભ્યાસ કરાવે છે. આમ, એની માર્ગની કલ્પનામાં The style is the manનું પૂર્વરૂપ જોઈ શકાય છે. અંગ્રેજીમાં styleનો જે અર્થ છે તેને કુંતકનો ' માર્ગ ' શબ્દ બહુ અંશે વ્યક્ત કરે છે. એ આપણે માર્ગની ચર્ચા વખતે વિગતે જોઈશું.

શરૂઆતમાં હું એના ગ્રંથના સ્વરૂપ વિશે બે શબ્દો કહેવા માગું છું. એનો મૂળ ગ્રંથ કારિકાઓના રૂપમાં લખાયેલો છે. એ ગ્રંથનું નામ ' અલંકાર ' છે. એ કારિકાઓ સમજાવવા માટે એણે પોતે જ વૃત્તિ લખેલી છે અને તેમાં વચ્ચે વચ્ચે પાછા શ્લોકો પણ ગૂંથેલા છે. એ શ્લોકોને એ ' અંતરશ્લોક ' કહે છે. જેમણે ' ધ્વન્યાલોક ' વાંચ્યો છે તેમને તરત જ યાદ આવશે કે તેની રચના પણ આ જ પ્રકારની છે, અને ત્યાં અંતરશ્લોકને સંગ્રહશ્લોક કહેલા છે. એણે પોતાની આ વૃત્તિનું નામ ' વક્રોક્તિજીવિતમ્ ' રાખેલું છે. પણ મૂળ ' અલંકાર ' ગ્રંથ અલગ મળતો નથી, ' વક્રોક્તિજીવિત ' નામની વૃત્તિ સાથે જ મળે છે, એટલે એ ગ્રંથ જ ' વક્રોક્તિજીવિત ' નામે જાણીતો થયો છે. મૂળ નામ ભુલાઈ ગયું છે. જોકે કુંતકે તો મંગલાચરણ પછી આવતી બીજી જ કારિકામાં અને વૃત્તિમાં સ્પષ્ટ કહ્યું છે કે આ ગ્રથંનું નામ ' અલંકાર ' છે—

ग्रंथस्यास्य अलंकार इत्यभिधानम् ।

એ કારિકામાં એણે કહ્યું છે કે લોકોત્તર ચમત્કારકારી વૈચિત્ર્યની સિદ્ધિ માટે કાવ્યનો આ કોઈ અપૂર્વ ' અલંકાર ' રચવામાં આવે છે. એમાં પણ કવિકર્મ ઉપર ભાર જોઈ શકાય છે.

એ પછી એ કાવ્યનાં ત્રણ પ્રયોજન ગણાવે છે: ૧. રાજપુત્ર વગેરે અભિજાત વર્ગને કર્તવ્યાકર્તવ્યરૂપ ધર્મનો ઉપદેશ કરવો; ૨. અમાત્ય, સેનાપતિ, સુહૃદ, સ્વામી, સેવક વગેરેને ઉચિત વ્યવહારનું શિક્ષણ આપવું; અને ૩. ચતુર્વર્ગના ફલના આસ્વાદથી પણ ચડી જાય એવા કાવ્યામૃતના રસનો અનુભવ કરાવી તદ્વિદોના એટલે કે કાવ્યના મર્મજ્ઞોના ચિત્તમાં ચમત્કાર ફેલાવવો એટલે કે વારેવારે આનંદ જગાડવો. પહેલાં બે પ્રયોજનોનો એકમાં સમાવેશ થઈ શકે એમ છે એટલે આપણે એમ કહી શકીએ કે કુંતક કાવ્યનાં પ્રયોજન બે જ માને છે: ઉપદેશ અને આનંદ, અને આનંદને એ ચતુર્વર્ગના ફલના આસ્વાદથી પણ ચડિયાતો ગણે છે.

એ પછી છઠ્ઠી કારિકામાં એ ખૂબ મહત્ત્વની વાત કહે છે:

अलंकृतिरलंकार्यमपोद्धृत्य विवेच्यते ।
तदुपायतया, तत्त्वं सालंकारस्य काव्यता ॥ १-६ ॥

" અહીં કાવ્યની સાચી સમજણ માટે અલંકાર અને અલંકાર્યને અલગ પાડીને તેમનું વિવેચન કરવામાં આવે છે. " શબ્દ, અર્થ અને અલંકાર એ ત્રણે મળીને જ કાવ્ય નામે એક

અખંડ પદાર્થ બને છે. એમાં પછી આ ત્રણેનું અલગ અસ્તિત્વ રહેતું જ નથી. તેમ છતાં, કાવ્યનું સ્વરૂપ બરાબર સમજવા માટે એ અલંકાર્ય શબ્દ અને અર્થ અને તેમના અલંકારને જુદા પાડીને અહીં વિવેચન કરવામાં આવે છે—જેમ વાક્યમાંનાં પદોનું અથવા પદોમાંનાં પ્રકૃતિ પ્રત્યયોનું અલગ અસ્તિત્વ ન હોવા છતાં વ્યુત્પત્તિ માટે તેમને અલગ પાડીને તેમનું વિવેચન કરવામાં આવે છે તેમ. સાચી વાત એ છે કે સાલંકાર હોય તો જ કાવ્ય બને છે." એટલે એનો અર્થ એ થયો કે—

सालंकारस्यालंकरणसहितस्य सकलस्य निरस्तावयवस्य सतः काव्यता कविकर्मत्वम् । तेनालंकृतस्य काव्यत्वमिति स्थितिः, न पुनः काव्यस्यालंकारयोग इति ।

"અલંકાર સહિતનું જે આખું અવયવ વગરનું વચન તે જ કાવ્ય કહેવાય. એટલે અલંકારવાળું હોય તે જ કાવ્ય એમ થયું. કાવ્ય જુદું અને તેને અલંકાર ચઢાવવામાં આવે છે તે જુદા—એમ નહિ."

અહીં આપણે કલાકૃતિ એક અખંડ નિરવયવ પદાર્થ છે એ મહત્ત્વના સિદ્ધાંતનું જોરદાર પ્રતિપાદન જોવા પામીએ છીએ. ઇટાલીના દાર્શનિક ક્રોચેએ કાવ્યમાં અલંકાર વિશે જે કહેલું છે તે અહીં યાદ આવ્યા વગર રહેતું નથી. તેણે કહ્યું છે કેઃ—

"One can ask oneself how an ornament can be joined to an expression? Externally? In that case it must always remain separate. Internally? In that case, either it does not assist expression and mars it; or it does form part of it and is not ornament, but a constituent element of expression, indistinguishable from the whole." Aesthetic, ch. IX. p. 113.

આનંદવર્ધને પણ ઉત્તમ કાવ્યમાંના અલંકારો વિશે કહ્યું છે કે—

अलंकारान्तराणि हि निरूप्यमाणदुर्घटनान्यपि रससमाहितचेतसः प्रतिभानवतः कवेरहंपूर्विकया परापतन्ति ।...... तस्मान्न तेषां बहिरंगत्वम् रसाभिव्यक्तौ ।

"કોઈ પ્રતિભાશાળી કવિ જ્યારે રસમાં જ ધ્યાન એકાગ્ર કરે છે ત્યારે વિચારતાં દુર્ઘટ લાગે એવા અલંકારો હું પહેલો, હું પહેલો, કરતા તેની આગળ આવીને પડાપડી કરે છે...... એટલે રસની અભિવ્યક્તિમાં એમને બહારના ગણી શકાય એમ નથી." (પૃ. ૨૨૧-૨)

सालंकारस्य काव्यता એનો ઉપર જે અર્થ કર્યો તે ઉપરાંત એવો અર્થ પણ ખરો કે સાલંકાર ન હોય તે કાવ્ય ન ગણાય. અલંકાર વગર કાવ્યત્વ આવે જ નહિ.

એ પછી એ કાવ્યની રીતસરની વ્યાખ્યા આપે છે, જે આ પ્રમાણે છે:

शब्दार्थौ सहितौ वक्रकविव्यापारशालिनि ।
बन्धे व्यवस्थितौ काव्यं तद्विदाह्लादकारिणि ॥ १-७

એટલે કે વક્ર કવિવ્યાપારવાળા, તદ્વિદોને આહ્લાદ આપનારા બંધમાં સાથે રહેલા શબ્દ અને અર્થ તે કાવ્ય.

આમાંનો એકેએક શબ્દ સમજૂતી માગી લે છે, અને જ્યારે આપણે કુંતકે આપેલી એકેએક શબ્દની સમજૂતી સમજી લઈશું ત્યારે એનો કાવ્યનો ખ્યાલ આપણે સમજી શકીશું. એટલે આપણે એણે જે ક્રમમાં આ વ્યાખ્યા સમજાવી છે તે ક્રમમાં જ એને સમજવાનો પ્રયત્ન કરીએ.

પહેલી વાત એ કે, शब्दार्थौ काव्यम् । શબ્દ અને અર્થ મળીને કાવ્ય થાય છે. શબ્દ અને અર્થ બે મળીને એક કાવ્ય થાય છે. એ તો વિચિત્ર વાત કહેવાય. પણ એ જ સાચી વાત છે. કેટલાક કવિના કૌશલે રચેલા સૌંદર્યાતિશયવાળા શબ્દને જ કાવ્ય કહે છે, તો કેટલાક રચના-વૈચિત્ર્યને લીધે ચમત્કાર ઉત્પન્ન કરનાર અર્થને જ કાવ્ય કહે છે; એ બંને પક્ષનું આથી ખંડન થઈ જાય છે. જેમ પ્રત્યેક તલમાં તેલ હોય છે તેમ શબ્દમાં અને અર્થમાં દરેકમાં તદ્વિદાહ્લાદકારિત્વ હોય છે, નહિ કે એકમાં જ.

એ પછી એ બેત્રણ ઉદાહરણો ટાંકીને બતાવે છે કે વર્ણસામ્યથી સધાતી રમ્યતા માત્રથી કાવ્ય થતું નથી. અર્થ પણ મનોહર હોવો જોઈએ. વળી, અર્થ તો સારો હોય પણ તેને વ્યક્ત કરવા માટે વપરાયેલા શબ્દો જો રમણીય નહિ હોય તોપણ કાવ્ય બનતું નથી. એનો અર્થ એ થયો કે, કેવળ રમણીય શબ્દથી કે કેવળ રમણીય અર્થથી પણ કાવ્ય બનતું નથી.

तस्मात् स्थितमेतत्, न शब्दस्यैव रमणीयताविशिष्टस्य केवलस्य काव्यत्वम्, नाप्यर्थस्य ।

એમ કહીને અહીં એણે ભામહની ત્રણ કારિકાઓ ઉતારી છે, જે આપણે પહેલાં જોઈ ગયા છીએ.

આમ, શબ્દ અને અર્થ ભેગા થઈને કાવ્ય થાય છે, એમ થયું. એ બે ભેગા હોય છતાં, બેમાંથી એક જરાક ઊણો હોય તોયે સાહિત્ય તો કહેવાય જ; પણ એ ઇષ્ટ નથી એટલે કહે છે કે सहितौ—એટલે કે સહભાવથી રહેતા હોવા જોઈએ.

અહીં પ્રશ્ન એ થાય છે કે, શબ્દ અને અર્થનો સંબંધ તો નિત્ય છે. એ બે કદી અલગ હોતા જ નથી. છતાં ભેગા હોવા જોઈએ એમ કેમ કહો છો? એના જવાબમાં કુંતક કહે છે કે, એ વાત સાચી, પણ અહીં જે સાહિત્ય અભિપ્રેત છે તે વિશિષ્ટ પ્રકારનું સાહિત્ય છે. કેવું? તો કે, વક્રતાને લીધે વિચિત્ર ગુણો અને અલંકારોની સંપત્તિ પરસ્પરની સ્પર્ધા કરતી હોય એવું. એ વાત એ અંતરશ્લોક દ્વારા સમજાવે છે કે, મારે મતે જેમાં સર્વગુણસંપન્ન અને બે મિત્રોની જેમ પરસ્પરની સંગતિમાં રહેલા શબ્દાર્થ પરસ્પરની શોભા વધારતા હોય એવી રચનાને જ કાવ્ય કહેવાય.

मम सर्वगुणौ संतौ सुहृदाविव संगतौ ।
परस्परस्य शोभायै शब्दार्थौ भवतो यथा ॥ १८ ॥

એ પછી કારિકામાં વપરાયેલો शब्दार्थौ શબ્દ દ્વિવચનમાં છે તેનું કારણ સમજાવતાં કહે છે કે, અહીં એક શબ્દ અને એક અર્થ એમ બે વ્યક્તિવાચક દ્વિવચન નથી, પણ બે જાતિવાચક

દ્વિવચન છે, એટલે કે, શબ્દજાતિ અને અર્થજાતિ એમ બે ભિન્નભિન્ન જાતિનો સામટો ઉલ્લેખ છે, માટે દ્વિવચન વાપર્યું છે. એનો અર્થ એ છે કે, એક શબ્દ અને એક અર્થ મળીને કાવ્ય બનતું નથી, પણ સમગ્ર અર્થજાતિ અને સમગ્ર શબ્દજાતિના સાહિત્યથી કાવ્ય બને છે. મતલબ કે જ્યારે શબ્દો અને અર્થો કોઈ પ્રબંધમાં યોજાયા હોય છે ત્યારે તે કાવ્ય બને છે. એ વાત લક્ષમાં રાખીને જો આપણે सहितौનો અર્થ કરીએ તો તે એવો થાય કે, શબ્દનું પોતાની જાતિના બીજા શબ્દ સાથે અને અર્થનું પોતાની જાતિના બીજા અર્થ સાથે પરસ્પરની સ્પર્ધારૂપ સાહિત્ય જ અહીં વિવક્ષિત છે.

सहिताविल्यत्रापि यथायुक्ति स्वजातीयापेक्षया शब्दस्य शब्दान्तरेण वाच्यस्य वाच्यान्तरेण च साहित्यं परस्परस्पर्धित्वलक्षणमेव विवक्षितम् ।

એમ ન હોય તો તદ્વિદ આહ્લાકારિત્વને હાનિ પહોંચે.

એ પછી કુંતક જેમાં શબ્દ સાથે શબ્દનું અને અર્થ સાથે અર્થનું પરસ્પરસ્પર્ધારૂપ સાહિત્ય સચવાયું હોય અને ન સચવાયું હોય એવા બંને પ્રકારના દાખલા આપીને અંતે કહે છે કે, આ ઉદાહરણોમાંના દરેકમાં મેં શબ્દ કે અર્થના પ્રાધાન્ય પ્રમાણે કોઈ એકના સાહિત્યનો વિરહ—અભાવ સમજાવ્યો છે, પણ ખરું જોતાં, બેમાંથી કોઈ એકના સાહિત્યનો વિરહ હોય ત્યાં તે બીજાના સાહિત્યના વિરહમાં જ પર્યવસાન પામે, અને એથી કવિના ચિત્તમાં પોતે સ્ફુર્યો હોય તોપણ તેને વ્યક્ત કરવાને સમર્થ શબ્દ ન મળે તો અર્થ મરેલા જેવો જ રહે છે, અને શબ્દ પણ કાવ્યોચિત અર્થના અભાવે બીજા અર્થનો વાચક બનીને વાક્યને વ્યાધિરૂપ થઈ પડે છે.

तथा चार्थः समर्थवाचकाऽसद्भावे स्वात्मना स्फुरन्नपि मृतकल्प एवावतिष्ठते, शब्दोऽपि वाक्योपयोगिवाच्यासम्भवे वाच्यान्तरवाचकः सन् वाक्यस्य व्याधिभूतः प्रतिभातीत्यलमतिप्रसंगेन ।

અત્યાર સુધીની ચર્ચાનો સાર એ થયો કે બંધમાં પ્રયોજાયેલા પરસ્પરની સ્પર્ધા કરતા શબ્દાર્થ તે કાવ્ય. હવે આગળ કહે છે કે એ બંધ કેવો હોવો જોઈએ? તો કે 'વક્રકવિવ્યાપારશાલી'. 'વક્ર' એટલે કે, શાસ્ત્ર વગેરેમાં શબ્દ અને અર્થનો જે જાણીતો ઉપયોગ થાય છે તેના કરતાં જુદો, છ પ્રકારની વક્રતાવાળો. કવિવ્યાપાર એટલે કે કવિનો ક્રિયાક્રમ. તેના વડે જે શોભતો હોય એવો બંધ. જેમાં પ્રસિદ્ધ ઉપયોગથી જુદો જ ઉપયોગ શબ્દ અને અર્થનો થયો હોય એવી રચના કષ્ટકલ્પનાવાળી પણ હોઈ શકે, પણ તેનું નિવારણ કરવા માટે કહ્યું છે કે બંધ તદ્વિદાહ્લાદકારી હોવો જોઈએ. તદ્વિદ એટલે કાવ્યમર્મજ્ઞ. તેમને આહ્લાદ આપે એવો બંધ હોવો જોઈએ. અહીં એ વક્રતાના પ્રકારો અને તદ્વિદાહ્લાદકારિત્વની સમજૂતી આપતો નથી. પાછળથી યથાવસર આપવામાં આવશે એમ કહે છે.

આમ, કાવ્યનું સામાન્ય લક્ષણ આપ્યા પછી એ શબ્દ અને અર્થનું સ્વરૂપ વિગતે સમજાવે છે. વાચક તે શબ્દ અને વાચ્ય તે અર્થ, એ તો સૌ કોઈ જાણે છે. આ ઉપરાંત, દ્યોતક અને વ્યંજક પણ શબ્દ હોય છે, તેમનો સમાવેશ ઉપચારથી વાચકમાં જ કરી લેવાનો, કારણ, અર્થપ્રતીતિ કરાવવી એ ત્રણેનો સામાન્ય ધર્મ છે. એ જ રીતે, વાચ્યમાં દ્યોત્ય અને વ્યંગ્યનો પણ સમાવેશ થઈ જાય છે. આમ, શબ્દ એ વાચક છે અને અર્થ એ વાચ્ય છે એ તો લોકોમાં

જાણીતી વાત છે, તેમ છતાં અહીં સાહિત્યક્ષેત્રમાં એનો કંઈ નવો જ અર્થ થાય છે, એમ કહીને એ બંનેને વિશે કહે છે :—

शब्दो विवक्षितार्थैकवाचकोऽन्येषु सत्स्वपि ।
अर्थः सहृदयाह्लादकारिस्वस्पन्दसुन्दरः ॥ ९ ॥

એક જ અર્થના બીજા શબ્દો હોવા છતાં વિવક્ષિત અર્થનો જે એકમાત્ર વાચક હોય તે જ શબ્દ કહેવાય. એને સમજાવતાં એ કહે છે કે કવિ પોતે જે અર્થ કહેવા માગતો હોય તેને વ્યક્ત કરનારો કેવળ એકમાત્ર જે શબ્દ હોય—તે અર્થને વ્યક્ત કરનાર બીજા અનેક શબ્દો મોજૂદ હોવા છતાં–જે એક જ શબ્દ કવિનો ઇષ્ટ અર્થ બરાબર વ્યક્ત કરતો હોય તે જ શબ્દ. બીજો નહિ.

विवक्षितो योऽसौ वक्तुमिष्टोऽर्थस्तदेकवाचकः, तस्य एकः केवल एव वाचकः । कथम्, अन्येषु सत्स्वपि । अपरेषु तद्वाचकेषु बहुष्वपि विद्यमानेषु ।

વિવક્ષિત અર્થનો એકમાત્ર વાચક તે શબ્દ એમ કુંતક કહે છે. એને જ વૉલ્ટર પેટરે the unique word કહ્યો છે અને જાણે કુંતકના જ શબ્દોનો હજાર વર્ષ પછી અનુવાદ કરતો હોય એમ કહે છે :

The one word for the one thing. the one thought amid the multitude of the words (अपरेषु तद्वाचकेषु बहुष्वपि विद्यमानेषु), terms, that might just do :.....-the unique word, phrase, sentence, paragraph, essay or song, absolutely proper to the single mental presentation or vision within. "—Appreciations, Style, p. 29.

[કામ ચલાવી શકે એવા ઢગલાબંધ શબ્દો અને પદોમાંથી વિવક્ષિત એક વસ્તુ એક વિચારને માટે એકમેવ શબ્દ—અદ્વિતીય શબ્દ;...વાક્યાંશ, વાક્ય....પરિચ્છેદ, પ્રબંધ અથવા ગીત એ બધું કેવળ એક જ માનસદર્શન અથવા આંતર દર્શનને સર્વથા ઉચિત હોય છે.]

જ્યાં સામાન્યનું કથન કરવાનું હોય ત્યાં વિશેષનું કથન કરનાર શબ્દ નહિ ચાલે. આ વાત એ દાખલો આપીને સમજાવે છે :

कल्लोलवेल्लितदृषत्परुषप्रहारैः
रत्नान्यमूनि मकराकर मावमंस्थाः ।
किं कौस्तुभेन भवतो विहितो न नाम
याच्ञाप्रसारितकरः पुरुषोत्तमोऽपि ॥

અહીં ઉત્તરાર્ધમાં 'રત્ન' એવું સામાન્ય નામ વાપરવાને બદલે 'કૌસ્તુભ' એવું વિશેષ નામ વાપરવાથી કાવ્યની ચોટ મારી ગઈ છે. કારણ, કૌસ્તુભ નામના વિશેષ રત્નમાં કોઈ વિશેષ ગુણ હોય અને તેથી વિષ્ણુ તેને માટે યાચના કરે, પણ બીજાં રત્નો માટે ન પણ કરે, એમ કહી એ ત્રીજી પંક્તિનું પાઠાન્તર આ પ્રમાણે સૂચવે છે :

एकेन किं न विहितो भवतः स नाम ।

સાચા કવિઓ જ્યાં વિશેષ અર્થનું પ્રતિપાદન કરવાની જરૂર હોય ત્યાં વિશેષાર્થપ્રતિપાદક શબ્દ વાપરે છે, જેમ કાલિદાસે કર્યું છે :

द्वयं गतं संप्रति शोचनीयतां
समागमप्रार्थनया कपालिनः ।
कला च सा कान्तिमती कलावतः
त्वमस्य लोकस्य च नेत्रकौमुदी ॥

બંને થયાં રે અવ શોચવાનાં
તેં યાચતાં સંગમ એ કપાલીનો;
કાંતિમતી ચંદ્રતણી કલા તે
ને તું વળી લોકની નેત્રકૌમુદી.

અહીં શંકર વાચક હજારો શબ્દ મોજૂદ હોવા છતાં 'કપાલી' એવો બીભત્સ રસના આલંબન-વિભાવનો વાચક શબ્દ જુગુપ્સાના વ્યંજક તરીકે પ્રયોજ્યો છે એથી એને કોઈ અપૂર્વ વાચકવક્રતા (શબ્દસૌંદર્ય) પ્રાપ્ત થઈ છે. संप्रति અને द्वयं એ બે શબ્દો પણ અત્યંત રમણીય છે. કારણ, પહેલાં તો એકલી તે ચંદ્રની કલા જ (કપાલીના સમાગમની પ્રાર્થના રૂપ) દુર્વ્યસન દૂષિત હોવાને કારણે શોકનું કારણ બની હતી. હવે તું પાછી તેને એ ખરાબ કામમાં મદદ કરવા તૈયાર થઈ છે એમ કહીને તેની મશ્કરી કરે છે. 'પ્રાર્થના' શબ્દ પણ અત્યંત રમણીય છે. કારણ કે, કાકતાલીય ન્યાયે તારો કપાલી સાથે સમાગમ થયો હોત તો તે કદાચ એટલો નિંદ્ય ન ગણાત. પણ તું તો માગીને તેની સાથે જોડાય છે એ કુલીનને માટે અત્યંત કલંકકર છે. 'सा च' 'त्वं च' એ રીતે પદયોજના કરવાને લીધે બંનેના પરસ્પરસ્પર્ધિ લાવણ્યનો જે અનુભવ થાય છે તેનું પ્રતિપાદન થાય છે. 'कलावतः' અને 'कान्तिमती' એ બંને પદોમાં મત્વર્થીય પ્રત્યય વાપર્યો છે એટલે એ બંનેની પ્રશંસા ધ્વનિત થાય છે. આમ, આમાંનો એકેએક અર્થ કોઈ બીજા શબ્દ વડે વ્યક્ત કરી શકાય એમ નથી.

આ ઉપરથી એ તારણ કાઢે છે કે કવિને વિવક્ષિત વિશેષ અર્થનું કથન કરવાનું સામર્થ્ય તે જ વાચકત્વનું એટલે શબ્દનું લક્ષણ છે.

कविविवक्षितविशेषाभिधानक्षमत्वमेव वाचकत्वलक्षणम् ।

આ પછી એ રચનાપ્રક્રિયાનું નિરૂપણ કરે છે અને તેમાંથી એ વાતનો ખુલાસો મળી રહે છે કે, કવિને પોતાના વિવક્ષિત અર્થને યથાતથ વ્યક્ત કરે એવા શબ્દો કેવી રીતે મળી રહે છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો કાવ્યમાં અર્થ અને શબ્દનું સાહિત્ય કઈ રીતે સધાય છે—શક્ય બને છે. એ કહે છે :—

यस्मात् प्रतिभायां तत्कालोल्लिखितेन केनचित्परिस्पन्देन परिस्फुरन्तः पदार्थाः प्रकृतप्रस्ताव-समुचितेन केनचिदुत्कर्षेण वा समाच्छादितस्वभावाः सन्तो विवक्षाविधेयत्वेनाभिधेयतापदवीमवतरन्तस्तथाविधविशेषप्रतिपादनसमर्थेनाभिधानेनाभिधीयमानाश्चेतनचमत्कारितामापद्यन्ते ।

જેથી તે (કાવ્યરચનાને) સમયે (કવિની) પ્રતિભામાં વિશેષરૂપે પ્રગટ થતા કોઈ એક પરિસ્પંદને લીધે (વાસ્તવિક જગતના) પદાર્થો ભાવોજ્જ્વલ બની જાય છે અથવા પ્રકૃત પ્રસંગને યોગ્ય કોઈ ગૌરવથી તેમનો મૂળ સ્વભાવ ઢંકાઈ જાય છે, અને તેઓ કવિની વિવક્ષાને અનુરૂપ વાચ્ય બની જાય છે, તથા તેવા વિશેષ અર્થનું પ્રતિપાદન કરવાને સમર્થ શબ્દો દ્વારા કહેવાઈને સહૃદયોના ચિત્તને ચમત્કારક થઈ પડે છે.

શ્રી દાસગુપ્તને અનુસરીને આ ખંડને સમજવાનો પ્રયત્ન કરીએ તો કુંતકનું કહેવું એવું લાગે છે કે, કાવ્યરચના સમયે કવિના ચિત્તમાં એક સ્પંદન જાગે છે, તેને લીધે આ જગતના પદાર્થો પોતાના એ બાહ્ય સ્વભાવને છોડી દઈને કવિના અંતરમાં ભાવમય સ્વરૂપ ધારણ કરે છે. આ રીતે એ પદાર્થો કવિની વિવક્ષાને યોગ્ય ભાવમય અર્થો બની જાય છે, અને ત્યારપછી એ જ પરિસ્પંદને લીધે એ ભાવમય અર્થને બરાબર અભિવ્યક્ત કરી શકે એવા શબ્દો દ્વારા તેમનું કથન થાય છે, એટલે તે સહૃદયોને આહ્લાદકારી થઈ પડે છે. આમાં બે વસ્તુ બને છે. એક તો કવિચિત્તમાં જાગતા પરિસ્પંદને લીધે જાગતિક પદાર્થો ભાવમય મૂર્તિ ધારણ કરે છે, અને પછી એ જ પરિસ્પંદને લીધે કવિને એ ભાવમૂર્તિને શબ્દબદ્ધ કરવાને સમર્થ શબ્દો પણ મળી રહે છે. આમ, પદાર્થોને ભાવમય બનાવી દેનાર અને તે ભાવમય રૂપને શબ્દમાં મૂર્ત કરનાર એક જ પરિસ્પંદ હોય છે, એટલે એ ભાવમય અર્થ અને તેને અભિવ્યક્ત કરનાર શબ્દ વચ્ચે પૂરેપૂરું સામંજસ્ય હોય છે. ખરું જોતાં, એ અર્થ જ્યારે પોતાને ઉચિત શબ્દોમાં મુકાય છે ત્યારે જ પોતાના સાચા સ્વરૂપે પ્રકાશે છે. ક્રોચે જે એમ કહે છે કે intuition એ જ expression છે, અથવા expression વગર intuition નથી, એને મળતું આ છે. કુંતકે કહ્યું છે કે કવિપ્રતિભામાં જ્યારે અર્થ પ્રતિભાસિત થાય છે ત્યારે તે વણઘડચા પથ્થરના ટુકડાના જેવા લાગતા મણિ જેવો હોય છે, પણ જ્યારે તે વિદગ્ધ કવિના રચેલા કાવ્યમાં ગૂંથાય છે ત્યારે સરાણ પર પહેલપાડચા હીરાની જેમ મનોહર બનીને તદ્વિદોને આહ્લાદજનક કાવ્યત્વને પામે છે.

प्रथमं च प्रतिभाप्रतिभासमानमघटितपाषाणशकलकल्पमणिप्रख्यमेव वस्तु विदग्धकविविरचितवक्रवाक्योपरूढं शाणोल्लीढमणिमनोहरतया तद्विदाह्लादकारिकाव्यत्वमधिरोहति ।

મતલબ કે પહેલાં કવિના ચિત્તમાં સ્ફુરેલો અર્થ પહેલ પાડચા વગરના હીરા જેવો પથ્થરના ટુકડા જેવો હોય છે, તેનું સ્વરૂપ સ્પષ્ટરેખ નથી હોતું, પણ તે જ્યારે તેને બરાબર વ્યક્ત કરવાને સમર્થ શબ્દોમાં મૂર્તિમંત થાય છે, ત્યારે જ તેનું યથાતથ અથવા સાચું રૂપ પ્રગટ થાય છે. અર્થાત્ ત્યારે જ તેનું સ્વ-રૂપે આકલન થાય છે. અભિવ્યક્તિ સધાય ત્યારે જ ભાવનું પૂરું આકલન થાય, એવો એનો અર્થ થયો.

આમ, કાવ્યમાં વપરાતા શબ્દના સ્વરૂપનું નિરૂપણ કરી કુંતક અર્થ ઉપર આવે છે. અર્થ કેવો હોવો જોઈએ ? તો કે સહૃદયોને આહ્લાદ આપનાર પોતાના સ્વભાવને લીધે સુંદર. એનો અર્થ એ થયો કે પદાર્થોના ધર્મો તો નાનાવિધ હોય છે, પણ કાવ્યમાં તેમાંથી એવા જ ધર્મો સાથે એનો સંબંધ વર્ણવવો જોઈએ જે સહૃદયોને આનંદ આપે એવા હોય, એટલે કે જેમાં એવું સામર્થ્ય હોય કે જેથી સ્વભાવની કોઈ મહત્તા અથવા રસનો પરિપોષ કરવાની શક્તિ પ્રગટ થાય. આના એણે બે દાખલા આપ્યા છે, તે આપણે જોઈએ. પહેલો

દાખલો રઘુવંશના ચૌદમા સર્ગમાંથી છે. એ શ્લોકમાં લક્ષ્મણ વાલ્મીકિના આશ્રમની નજીક સીતાને છોડી ગયો ત્યાર પછી સીતાનું રુદન સાંભળીને અવાજને અનુસરતા અનુસરતા વાલ્મીકિ મુનિ તેની પાસે પહોંચ્યા તેનું વર્ણન છે.

तामभ्यगच्छद्रुदितानुसारी
मुनिः कुशेध्माहरणाय यातः ।
निषादविद्धाण्डजदर्शनोत्थः
श्लोकत्वमापद्यत यस्य शोकः ॥ ७० ॥

એટલે કે, કુશ અને સમિધ વીણવાને માટે નીકળેલા મુનિ રોવાના અવાજને અનુસરતા તેની પાસે પહોંચી ગયા. કયા મુનિ? તો કે, નિષાદે મારેલા પંખીને જોઈને ઉત્પન્ન થયેલો જેનો શોક શ્લોકત્વને પામ્યો હતો તે.

આ શ્લોકમાં કયા મુનિ?—તો વાલ્મીકિ એમ માત્ર નામ દેવાને બદલે 'નિષાદે મારી નાખેલા પંખીને જોવા માત્રથી ઉત્પન્ન થયેલો જેનો શોક શ્લોકત્વને પામ્યો હતો તે પરમકારુણિક મુનિ' એમ કહ્યું છે એમાં કવિનો અભિપ્રાય એવો છે કે, એવા એ મુનિ આવી દશામાં આવી પડેલી જનક રાજાની પુત્રીને જોઈને જરૂર વિવશ બની જાય અને તેમના અંતરમાં જે ભાવ જાગે તે કરુણરસનો પરિપોષ કરવામાં ઉપયોગી નીવડી સહૃદયના હૃદયને આહ્લાદકારી થઈ પડે. આમ, અહીં વાલ્મીકિનો એવો એક ધર્મ વર્ણવ્યો છે, જે રસપરિપોષમાં ઉપકારક થઈ સહૃદયોને આહ્લાદ આપનાર બની જાય છે.

બીજો દાખલો મેઘદૂતમાંનો છે. મેઘે અલકા જઈને જે સંદેશો આપવાનો છે તેનો આ પહેલો ભાગ છે:—

भर्तुर्मित्रं प्रियमविधवे विद्धि मामम्बुवाहं
तत्संदेशाद्‌हृदयनिहितादागतं त्वत्समीपम् ।
यो वृन्दानि त्वरयति पथि श्राम्यतां प्रोषितानां
मन्द्रस्निग्धैर्ध्वनिभिरबलावेणिमोक्षोत्सुकानि ॥ ५६ ॥

આ શ્લોકમાં પહેલું સંબોધન જ યક્ષપત્નીને આશ્વાસન આપે એવું છે. 'અવિધવે' એ શબ્દથી એમ સૂચવાય છે કે તારો પતિ સાજોસમો છે. 'મને તારા પતિનો મિત્ર જાણજે' એ શબ્દો મેઘની વિશ્વસનીયતા સૂચવે છે. વળી, એ મિત્ર પણ સામાન્ય નથી. 'પ્રિય' છે. એ શબ્દથી એમ સૂચવાય છે કે હું બધી વિશ્રંભકથા—ગુપ્ત વાતોને પણ પાત્ર છું. આમ, પહેલા ચરણમાં તેને આશ્વાસન આપી ઉન્મુખ બનાવી 'તેનો સંદેશો લઈને તારી પાસે આવ્યો છું' એમ કહીને પ્રસ્તુત વાત શરૂ કરી છે. સંદેશાને 'હૃદય નિહિત' એટલે 'હૈયામાં રાખેલો' કહ્યો છે. એનાથી 'એ સંદેશ પત્રરૂપે નથી. મૌખિક છે અને તે મારા હૈયામાં મેં ધારણ કરેલો છે, એવો હું સાવધાન છું,' એમ સૂચવાય છે. કદાચ એવી શંકા થાય કે, સંદેશો પહોંચાડવામાં કુશળ બુદ્ધિવાળા કોઈ બીજાને કેમ ન રોકયો? માટે કહે છે કે, હું આ બાબતમાં કુશળ છું જ. હું 'અંબુવાહ છું'—એમ કહીને પોતે સંદેશાનું પણ વહન કરી શકે છે એનું સૂચન કર્યું છે.

વળી, હું કેવો છું ? તો કે, 'પ્રવાસીઓના સમૂહોને ઉતાવળ કરાવું છું' એટલે તેમને ઝટ ઝટ ઘર ભેગા થવા પ્રેરું છું. કેવા પ્રવાસીઓને ? તો કે, 'વિશ્રામ કરતા' એટલે કે જેઓ થાકી ગયા છે, વિશ્રામ કરે છે, ઉતાવળ કરી શકે એમ નથી એવા. 'સમૂહોને' શબ્દ એમ સૂચવે છે કે હું અનેક પ્રવાસીઓને આ પ્રમાણે ઉતાવળ કરાવું છું એટલે મને આનો અભ્યાસ છે, હું એમાં પાવરધો છું. કેવી રીતે ઉતાવળ કરાવું છું ? તો કે, 'ગંભીર અને સ્નિગ્ધ ધ્વનિથી,' એટલે માધુર્યથી રમણીય એવા શબ્દો વડે, વિદગ્ધ દૂતના ઉત્તેજક શબ્દો વડે. ક્યાં વિશ્રામ કરતા ? તો કે, 'માર્ગમાં.' એનું સૂચન એ છે કે મારે કોઈ વિશેષ સ્થાનની જરૂર પડતી નથી. હું તો ગમે ત્યાં જ્યાં હોય ત્યાં પ્રવાસીઓને ઘેર જવાને ઉશ્કેરી શકું છું. તો પછી મારા મિત્રના પ્રેમને ખાતર પ્રયત્નપૂર્વક હું કેમ ઉત્સુક ન બનાવી શકું ? પ્રવાસીઓના સમૂહો કેવા ? તો કે, 'અબલાની વેણીને છોડવાને ઉત્સુક.' અહીં 'અબલા' શબ્દથી તેમની પ્રિયતમાઓની વિરહદુઃખ સહન કરવાની અશક્તિ સૂચવાય છે. 'વેણી છોડવાને ઉત્સુક' એમ કહેવાથી એમનાં મનનો પત્ની પ્રત્યેનો અનુરાગ ધ્વનિત થાય છે. એટલે આ શ્લોકનો અર્થ એ થયો કે ભાગ્યવશાત્ વિરહવેદના વેઠતાં અને પરસ્પર અનુરાગવાળાં બધાં પ્રેમીજનોને સમાગમનું સુખ પ્રાપ્ત કરી આપવા રૂપ મિત્રકાર્ય કરવાનું મેં વ્રત લીધેલું છે. અહીં કવિએ મેઘરૂપ પદાર્થના જે સ્વભાવનું વર્ણન કર્યું છે, તે જ, ખરું જોતાં, એ પ્રબંધના 'મેઘદૂતત્વ'નું જીવિત છે, એટલે એ તદ્વિદોને અત્યંત આહ્લાદ આપનાર થઈ પડે છે.

કાવ્યની વ્યાખ્યામાં વાપરેલા શબ્દ અને અર્થ એ શબ્દોના જે પ્રસિદ્ધ અર્થો છે તેના કરતાં જુદા જ અર્થો અહીં લેવાના છે, એમ કહ્યા પછી કહે છે કે એવા શબ્દાર્થ માત્રથી કાવ્ય બનતું નથી. એ બે તો અલંકાર્ય છે. એ બંનેને અલંકૃત કરવા જોઈએ. કયા અલંકાર વડે ? તો કે, વક્રોક્તિ એ જ એ અલંકાર છે. એને જ વૈદગ્ધ્યભંગીભણિતિ પણ કહે છે.

उभावेतावलंकार्यौ तयो पुनरलंकृतिः ।
वक्रोक्तिरेव वैदग्ध्यभंगीभणितिरुच्यते ॥ १० ॥

'વૈદગ્ધ્યભંગીભણિતિ'ને એ આ પ્રમાણે સમજાવે છે. વૈદગ્ધ્ય એટલે કવિકર્મકૌશલ. તેની ભંગી એટલે વિચ્છિત્તિ અથવા શોભા. તે વાળી ભણિતિ એટલે ઉક્તિ. ટૂંકમાં વક્રોક્તિ એટલે વિચિત્ર (અસાધારણ) કથનશૈલી.

અહીં એ ફરી એક વાતની સ્પષ્ટતા કરે છે કે, આનો અર્થ કદાચ કોઈ એવો કરે કે, શબ્દાર્થ જુદા છે અને તેને કોઈ બીજા અલંકારથી સજાવવાના છે: પણ એમ નથી. વક્રતા વૈચિત્ર્યપૂર્વક કથન કરવું એનું જ નામ અલંકાર.

અહીં એ વક્રોક્તિ અને સ્વભાવોક્તિની ચર્ચા કરે છે, જે એના સિદ્ધાંતની દૃષ્ટિએ મહત્ત્વની છે. ઉપર એમ કહેવામાં આવ્યું કે શબ્દ અને અર્થનો અલંકાર કેવળ વક્રોક્તિ જ છે. તો બીજા આલંકારિકોએ તો સ્વભાવોક્તિને પણ અલંકાર ગણેલો છે, તેનું શું ? એના જવાબમાં એ કહે છે કે, જે આલંકારિકો સ્વભાવોક્તિને અલંકાર કહે છે તેઓ વિવેકશક્તિ વગરના છે અને અલંકાર્ય અને અલંકાર વચ્ચે ભેદ કરી શકતા નથી. ખરું જોતાં, સ્વભાવોક્તિને જો અલંકાર ગણો તો પછી અલંકાર્ય શું રહે ? સ્વભાવના ઉલ્લેખ સિવાય તો કોઈ વસ્તુની વાત જ થઈ

શકતી નથી. એટલે સ્વભાવવર્ણન વગર તો વસ્તુ જ નિરુપાખ્ય બની જાય છે. સ્વભાવ વગરની વસ્તુ તો સસલાના શિંગડાની પેઠે શબ્દ અને જ્ઞાનને અગોચર બની જાય છે. જો તમે સ્વભાવ-કથનને જ અલંકાર કહો તો તો પછી ગાડાવાળાનાં વાક્યોને પણ કાવ્ય કહેવાનો વારો આવે. તમે એટલું કેમ નથી સમજતા કે જે કોઈ વસ્તુનું વર્ણન કરવાનું હોય તેનો સ્વભાવ જ વર્ણવવો પડે અને તે તો વર્ણ્ય વિષય એટલે શરીર થયું. એ શરીર બીજા શાને શોભાવે? પોતાને શોભાવે એમ કહો તો હું પૂછું છું કે એ શરીર જ પોતે પોતાને શી રીતે શણગારે? કોઈ પોતે પોતાના ખભા ઉપર ચડી શકે ખરું?

शरीरं चेदलंकारः किमलंकुरुते परम् ।
आत्मैव नात्मनः स्कंधं क्वचिदप्यधिरोहति ॥ १३ ॥

અંતે એ કહે છે કે, બે ઘડી સ્વભાવને અલંકાર માની લઈએ તો એનું પરિણામ એ આવશે કે કોઈ બીજો અલંકાર રચાશે ત્યારે એ બંનેનું જ્ઞાન કાં તો સ્પષ્ટપણે કે કાં તો અસ્પષ્ટ-પણે થશે. જો સ્પષ્ટપણે થશે તો ત્યાં સંસૃષ્ટિ થશે અને અસ્પષ્ટપણે થશે તો ત્યાં સંકર માનવો પડશે, અને પછી સંકર અને સંસૃષ્ટિ સિવાયનો કોઈ શુદ્ધ અલંકાર જ રહેશે નહિ. એટલે વસ્તુનો સ્વભાવ એ જ કાવ્યનો વિષય છે અને તેનું વર્ણન કોઈ અલંકારપૂર્વક કરવાનું છે. માટે જ નવમી કારિકામાં અર્થને સહૃદયોને આહ્લાદ આપે એવા સ્વભાવને લીધે સુંદર કહ્યો છે, અને દસમી કારિકામાં શબ્દને અને અર્થને અલંકાર્ય કહ્યા છે.

આમ, કાવ્યની વ્યાખ્યામાંના 'शब्दार्थौ' એ પદની વ્યાખ્યા પૂરી કરી હવે 'सहितौ' પદને સમજાવવા કહે છે કે, શબ્દ અને અર્થ તો હમેશાં ભેગા જ જ્ઞાનનો વિષય બને છે. તો પછી અહીં 'सहितौ' એમ કહીને નવું શું કહેવું છે? એના જવાબમાં કુંતક કહે છે કે, શબ્દ અને અર્થનો જે નિત્ય સંબંધ છે તે અર્થમાં આ સાહિત્ય સમજવાનું નથી. તો તો વ્યાકરણનાં સૂત્રો અને ગાડાવાળાનું અસંબદ્ધ ભાષણ પણ સાહિત્ય ગણાઈ જાય. અહીં તો વ્યાકરણ, મીમાંસા અને ન્યાય કરતાં જુદા જ કોઈ તત્ત્વને સાહિત્ય કહ્યું છે. 'એ પણ પ્રસિદ્ધ જ છે. ફરી કહેવાની શી જરૂર?' એમ જો કોઈ કહે તો તેના જવાબમાં એ એક ગર્વભરી ઉક્તિ ઉચ્ચારે છે, અને હકીકતમાં એના એ ગર્વ માટે પૂરતું કારણ છે. એ કહે છે: "એટલા માટે જરૂર છે કે, એ સાહિત્ય આજ સુધીના લાંબા સમય પર્યંત કેવળ 'સાહિત્ય' શબ્દમાત્રથી જ ઓળખાતું રહ્યું છે. પણ કવિકર્મકૌશલની પરાકાષ્ઠાએ પહોંચવાને લીધે રમણીય બનેલા એ સાહિત્યને વિશે 'એનો સાચો અર્થ આ છે' એવું કોઈ વિદ્વાને આજ સુધી લગારે વિચાર્યું નથી. એટલે આજે હું સરસ્વતીના હૃદયરૂપી અરવિંદના મકરંદબિંદુઓથી સુંદર અને સત્કવિની વાણીના આંતર આમોદથી મનોહર લાગતા એ સાહિત્ય શબ્દના અર્થને સહૃદયરૂપી ભ્રમરોની સમક્ષ રજૂ કરું છું.

अत एवैतदुच्यते, यदिदं साहित्यं नाम तदेतावति निःसीमनि समयाध्वनि साहित्यशब्द-मात्रेणैव प्रसिद्धम् । न पुनरेतस्य कविकर्मकौशलकाष्ठाधिरूढिरमणीयस्याद्यापि कश्चिदपि विपश्चिदयमस्य परमार्थ इति मनाङ्मात्रमपि विचारपदवीमवतीर्णः । तदद्य सरस्वतीहृदयारविंदमकरन्दबिन्दुसन्दोहसुन्द-राणां सत्कविवचसामन्तरामोदमनोहरत्वेन परिस्फुरदेतत् सहृदयषट्चरणगोचरतां नीयते ॥ १६ ॥

એમ કહીને એ શબ્દ અને અર્થના સાહિત્યની સમજૂતી આપે છે:

साहित्यमनयोः शोभाशालितां प्रति काप्यसौ ।
अन्यूनानतिरिक्तत्वमनोहारिण्यवस्थितिः ॥ १७ ॥

પ્રશસ્ય સૌંદર્ય સિદ્ધ કરવા માટે શબ્દ અને અર્થ એ બંનેની, બેમાંથી કોઈ બીજા કરતાં ચડિયાતું પણ ન હોય તેમ ઊતરતું પણ ન હોય એ કારણે મનોહર એવી કોઈક અલૌકિક વિન્યાસભંગી તે સાહિત્ય. બેમાંથી કોઈ કોઈથી ચડિયાતું કે ઊતરતું ન હોય એવું તો દોષયુક્ત શબ્દાર્થોમાં પણ જોવા મળે, પણ તેને બાકાત રાખવા કહ્યું છે કે, 'પ્રશંસ્ય સૌંદર્ય સિદ્ધ કરવા માટે.'

આમ, પોતે આપેલી કાવ્યની વ્યાખ્યા વિગતે સમજાવી અંતે ત્રણ અંતરશ્લોકોમાં સાહિત્યની વિસ્તૃત વ્યાખ્યા આપે છે.

मार्गानुगुण्यसुभगो माधुर्यादिगुणोदयः ।
अलंकरणविन्यासो वक्रतातिशयान्वितः ॥ ३४ ॥

वृत्तौचित्यमनोहारि रसानां परिपोषणम् ।
स्पर्धया विद्यते यत्र यथास्वमुभयोरपि ॥ ३५ ॥

सा काप्यवस्थितिस्तद्विदानन्दस्पन्दसुन्दरा ।
पदादिवाक्परिस्पन्दसारः साहित्यमुच्यते ॥ ३६ ॥

અર્થાત્, માર્ગને એટલે કે રીતિને અનુરૂપ માધુર્યાદિ ગુણોનો ઉદય, વક્રતા એટલે કે વૈચિત્ર્યનો અતિશય જેમાં હોય એવો અલંકારોનો વિન્યાસ, અને વૃત્તિના ઔચિત્યથી મનોહર એવો રસોનો પરિપોષ—એ બાબતો પરસ્પરની સ્પર્ધા કરતી શબ્દ અને અર્થ બંનેમાં ઉચિત રીતે વિદ્યમાન હોય એવી તદ્વિદોને આનંદ આપનારી કોઈક અલૌકિક અવસ્થિતિ તે સાહિત્ય.

પદ, વાક્ય, પ્રમાણ અને સાહિત્ય એ ચારેનો એટલે કે વ્યાકરણ, મીમાંસા, પ્રમાણ, અને સાહિત્યશાસ્ત્રનો દરેક રચનામાં ઉપયોગ થાય છે, અને તે તે વિષયમાં તેનું પોતાનું પ્રાધાન્ય હોય છે, તેમ છતાં, બીજા વિષયોમાં સાહિત્ય ગૌણરૂપે પણ આવે છે ત્યારે પોતાના પરિમલ માત્રથી તેને સુવાસિત કરી દે છે, અને જો સાહિત્યની એવી સુવાસ પણ નથી હોતી તો તે રચનામાં રમણીયતાનો અભાવ વર્તાય છે અને તેની રચના વ્યર્થ જાય છે. સાહિત્યનું માહાત્મ્ય કરતાં એ આગળ બીજા ચાર અંતરશ્લોકમાં કહે છે:

अपर्यालोचितेऽप्यर्थे बन्धसौन्दर्यसंपदा ।
गीतवद् हृदयाह्लादं तद्विदां विदधाति यत् ॥ ३७ ॥

वाच्यावबोधनिष्पत्तौ पदवाक्यार्थवर्जितम् ।
यत्किमप्यर्पयत्यन्तः पानकास्वादवत्सताम् ॥ ३८ ॥

शरीरं जीवितेनेव स्फुरितेनेव जीवितम् ।
विना निर्जीवतां येन वाक्यं याति विपश्चिताम् ॥ ३९ ॥

यस्मात् किमपि सौभाग्यं तद्विदामेव गोचरम् ।
सरस्वती समभ्येति तदिदानीं विचार्यते ॥ ४० ॥

અર્થાત્, અર્થનો વિચાર ન કરીએ તોપણ કેવળ બંધના સૌંદર્યની સંપત્તિથી જ જે તદ્વિદોના હૃદયમાં સંગીતની પેઠે આનંદ ઉત્પન્ન કરે છે, અને વાક્યાર્થ સમજાયા પછી તો પદ-વાક્યાર્થથી જુદા જ અને તેની પારના પાનકરસના આસ્વાદના જેવા આસ્વાદનો જે સહૃદયોને અનુભવ કરાવે છે, જેના વિના રસિકોને વાક્ય જીવિત વગરના શરીર જેવું, સ્ફુરણ વગરના જીવિત જેવું નિર્જીવ લાગે છે, અને જેને લીધે તદ્વિદોને જ જેનો અનુભવ થાય છે એવા કોઈ અપૂર્વ સૌભાગ્ય એટલે કે સૌંદર્ય સુધી કવિવાણી શી રીતે પહોંચે છે તેનો હવે વિચાર કરીએ.

કાવ્યને આ અલૌકિક સૌંદર્ય અર્પનાર તત્ત્વ તે વક્રોક્તિ, અથવા કવિવ્યાપારની વક્રતા. એના ૭ પ્રકાર છે અને તે દરેકના અનેક ભેદો છે. વક્રતાના ૭ પ્રકાર આ પ્રમાણે છે :

(૧) વર્ણવિન્યાસવક્રતા, (૨) પદપૂર્વાર્ધવક્રતા, (૩) પ્રત્યયવક્રતા, (૪) વાક્ય-વક્રતા, (૫) પ્રકરણવક્રતા, (૬) પ્રબંધવક્રતા.

(૧) વર્ણવિન્યાસવક્રતા એટલે વર્ણોની ગોઠવણીનું સૌંદર્ય. એ સંબંધમાં કુંતકે બીજા ઉન્મેષમાં જે સૂચનો કરેલાં છે, તે મહત્ત્વનાં છે. એણે કહ્યું છે કે વર્ણોની ગોઠવણી પ્રસ્તુતૌચિત્યથી શોભે એવી કરવાની છે, એટલે જે વસ્તુનું વર્ણન કરવાનું હોય તેને ઉચિત હોય એવા વર્ણોની ગૂંથણી કરવી. માત્ર અનુપ્રાસના વ્યસનને લીધે પ્રસ્તુતૌચિત્યને ઝાંખું પાડે એવી રીતે વર્ણો યોજવાના નથી. જ્યાં પ્રસ્તુત રસને ઉપકારક થાય એમ હોય ત્યાં કઠોર વર્ણો પણ યોજવા. અહીં એણે ઔચિત્ય ઉપર મૂકેલો ભાર ધ્યાનમાં રાખવા જેવો છે. બીજું એણે એ કહ્યું છે કે વર્ણવિન્યાસવક્રતા અતિ આગ્રહપૂર્વક ન રચવી. અતિ આગ્રહપૂર્વક એટલે વ્યસન વળગ્યું હોય એમ—વ્યસનિતાથી.

व्यसनितया प्रयत्नाविरचने हि प्रस्तुतौचित्यपरिहाणेर्वाच्यवाचकयोः परस्परस्पर्धित्वलक्षणसाहित्य-विरहः पर्यवस्यति ।

કારણ, એમ કરવાથી પ્રસ્તુતૌચિત્યનો ભંગ થાય છે અને તે શબ્દાર્થના પરસ્પરસ્પર્ધિત્વ-રૂપ સાહિત્યના વિરહમાં પરિણમે છે. વળી, રસને વિરોધી કઠોર વર્ણોથી પણ ન રચવી. પહેલાં જેની આવૃત્તિ થઈ ગઈ હોય તેને છોડીને નવા વર્ણોની આવૃત્તિથી તેને મનોહર બનાવવી. યમક વગેરેમાં પ્રસાદ ગુણ ખાસ જાળવવો, શ્રુતિકઠોર વર્ણો ટાળવા, અને પ્રસ્તુતૌચિત્ય સંભાળવું. અહીં એણે શબ્દાલંકારોની બાબતમાં પ્રસ્તુતૌચિત્ય અને અયત્નનિર્વર્ત્યતા ઉપર જે ભાર દીધો છે, તે ખરું જોતાં બધા જ અલંકારોને લાગુ પડે છે.

(૨) પદપૂર્વાર્ધવક્રતા: પ્રકૃતિ અને પ્રત્યય મળીને પદ બને છે. તેમાં અહીં પ્રકૃતિ એટલે કે મૂળ શબ્દની વક્રતાની વાત કરેલી છે. એના અહીં આઠ પ્રકાર દર્શાવી બીજા ઉન્મેષમાં કુલ દસ પ્રકાર દર્શાવેલા છે.

(૩) પ્રત્યયવક્રતામાં એણે કાલ, કારક, વચન, પુરુષ, ઉપગ્રહ (આત્મનેપદ પરસ્મૈપદ) અને પ્રત્યયમાલાની વક્રતાની ચર્ચા કરેલી છે.

(૪) વાક્યવક્રતામાં બધા અર્થાલંકારોનો સમાવેશ થઈ જાય છે. એટલે એણે કહ્યું છે કે વાક્યવક્રતા તો અનંત છે, કારણ કે કવિપ્રતિભા અનંત છે; અહીં એણે ઉદાહરણ તરીકે રઘુવંશના ૧૪મા સર્ગનો ૬૦મો શ્લોક ઉતારેલો છે.

उपस्थितां पूर्वमपास्य लक्ष्मीं
वनं मया सार्धमसि प्रपन्नः ।
त्वामाश्रयं प्राप्य तया नु कोपात्
सोढाऽस्मि न त्वद्भवने वसन्ती ॥

લક્ષ્મણ સીતાને વનમાં છોડીને પાછો વળે છે ત્યારે તેની સાથે સીતાએ રામને કહાવેલા સંદેશામાંનું આ વાક્ય છે. અર્થ એવો છે કે, પહેલાં લક્ષ્મી જ્યારે તમારી સેવામાં ઉપસ્થિત થઈ હતી ત્યારે તમે તેનો ત્યાગ કરીને (તેને બાજુએ હઠાવી દઈને) મારી સાથે વનમાં આવ્યા હતા. એ રોષને લીધે તમારો આશ્રય પામેલી એનાથી હું તમારા ઘરમાં રહું એ સહેવાયું નહિ.

આનો ધ્વનિ એવો છે કે, દુઃખમાં જેને સાથે રાખી હતી તેનો રાજ્યસંપત્તિ મળતાં વગર વાંકે કઠોરગર્ભાવસ્થામાં ત્યાગ કરવો કેટલે અંશે ઉચિત કે અનુચિત છે એનો વિચાર આપ જ કરજો.

(૫) પ્રકરણવક્રતા : પ્રબંધના કોઈ એક ભાગરૂપ પ્રસંગની વક્રતા. એમાં એણે રામાયણના એક પ્રસંગની ચર્ચા કરી છે. સુવર્ણ મૃગને વેશે આવેલા મારીચને મારવા ગયેલા રામનું કરુણ આક્રંદ સાંભળીને ગભરાઈ ગયેલી સીતાએ તેમના પ્રાણ બચાવવા પોતાના જીવનની રક્ષાની પરવા કર્યા વગર લક્ષ્મણને કઠોર વચન કહીને મોકલ્યો, એવું વાલ્મીકિમાં નિરૂપણ છે. એ અત્યંત અનુચિત છે. કારણ, અનુચરરૂપે લક્ષ્મણ પાસે હોવા છતાં પ્રધાન પાત્ર આવું કામ કરે એ સંભવતું નથી. વળી, રામને તો બધી જાતના અતિશયોથી યુક્ત વર્ણવેલા છે, એટલે તેના પ્રાણનું રક્ષણ નાનો ભાઈ કરે એવું વિચારવું એ અત્યંત અનુચિત છે. એનો વિચાર કરીને 'ઉત્તરરાઘવ'નામક નાટકમાં કવિએ માયામૃગને મારવા ગયેલા લક્ષ્મણને બચાવવા માટે સીતાએ રામને મોકલ્યા હતા એવું નિરૂપણ કરી ભારે વૈદગ્ધ્ય વાપર્યું છે.

(૬) પ્રબંધવક્રતા : કોઈ કવિએ રચેલા રામની કથા વિશેના નાટકાદિમાં પાંચ પ્રકારની વક્રતાથી સુંદર સહૃદયાહ્લાદકારી મહાપુરુષનું વર્ણન કરવાનો જ ઉપક્રમ લાગે છે. પણ ખરું જોતાં 'રામની પેઠે વર્તવું રાવણની પેઠે નહિ' એવો વિધિનિષેધાત્મક ઉપદેશ જ પરમ અર્થ હોય છે, અને એને જ પ્રબંધની વક્રતા કહે છે. એનો અર્થ એ થયો કે આખા પ્રબંધનો જે ધ્વનિ તે જ પ્રબંધવક્રતા. એ સંબંધમાં એણે ચોથા ઉન્મેષના એક અંતરશ્લોકમાં કહ્યું છે કે કથાભાગનું વર્ણન સમાન હોવા છતાં શરીરે સરખાં લાગતાં પ્રાણીઓની પેઠે પોતાના આગવા ગુણોને લીધે કાવ્ય, નાટક વગેરે પ્રબંધો જુદા પડે છે.

કુંતકની કાવ્યની વ્યાખ્યામાંથી અત્યાર સુધીમાં આપણે शब्दार्थौ, सहितौ અને वक्रकविव्यापार એટલાં પદોની સમજૂતી જોઈ ગયા. હવે એ બંધની સમજૂતી આપે છે :

वाच्यवाचकसौभाग्यलावण्यपरिपोषकः ।
व्यापारशाली वाक्यस्य विन्यासो बन्ध उच्यते ॥ २२ ॥

અર્થ એવો છે કે, શબ્દ અને અર્થના સૌભાગ્ય અને લાવણ્યનો પરિપોષ કરનાર અને કાવ્યરચનારૂપ વ્યાપારવાળો વાક્યનો જે વિન્યાસ તે બંધ કહેવાય છે. એમાં જે બે ગુણોનો ઉલ્લેખ છે તેનાં લક્ષણ આ પ્રમાણે છે: સૌભાગ્ય એટલે પ્રતિભાના સ્ફુરણને પરિણામે જન્મતું ચેતનચમત્કારિત્વ એટલે કે સહૃદયોના ચિત્તને ચમત્કારનો અનુભવ કરાવવાની શક્તિ, અને 'લાવણ્ય' એટલે સંનિવેશનું સૌંદર્ય. એટલે બંધનો અર્થ એવો થયો કે શબ્દ અને અર્થની સહૃદયોના ચિત્તને ચમત્કારનો અનુભવ કરાવવાની શક્તિને તથા સંનિવેશસૌંદર્યને પોષક એવો કવિવ્યાપારયુક્ત વાક્યનો વિન્યાસ.

હવે વ્યાખ્યામાંના એક જ શબ્દની વ્યાખ્યા આપવાની બાકી રહે છે અને તે तद्विदाह्लादकारित्वनी.

वाच्यवाचकवक्रोक्तित्रितयातिशयोत्तरम् ।
तद्विदाह्लादकारित्वं किमप्यामोदसुन्दरम् ॥ २३ ॥

અર્થાત્ શબ્દ અર્થ અને અલંકાર એ ત્રણેથી સ્વરૂપમાં જુદું અને અતિશયમાં લોકોત્તર એવું કોઈક અનિર્વચનીય એટલે કે સહૃદયોના હૃદયથી જ અનુભવાતું, આમોદ એટલે રંજન કરવાની શક્તિને લીધે સુંદર તત્ત્વ તે તદ્વિદાહ્લાદકારિત્વ.

આમ, કાવ્યને સમજાવ્યા પછી એ કહે છે કે એ કાવ્યમાં ત્રણ માર્ગો સંભવે છે: (૧) સુકુમાર, (૨) વિચિત્ર, અને (૩) ઉભયાત્મક મધ્યમ.

એણે પોતે આ ત્રણ માર્ગ બતાવ્યા એટલે સ્વાભાવિક રીતે જ પહેલાંના આચાર્યોએ કરેલી માર્ગની ચર્ચાનો પરામર્શ કરવાનો આવે છે, અને તે એ કરે છે પણ ખરો. પહેલાંના આચાર્યોએ દેશના નામ ઉપરથી ત્રણ કે બે રીતિઓ સ્વીકારી હતી અને તેમને ઉત્તમ, મધ્યમ, અધમ—એમ ત્રણ પ્રકારમાં વહેંચી નાખી હતી. આ બંને વાતનો એ વિરોધ કરે છે. આપણે એના પોતાના જ શબ્દો જોઈએ.

"આ બાબતમાં અનેક મતભેદ થવાનો સંભવ છે. કારણ [વામનાદિ] પૂર્વાચાર્યોએ વિદર્ભાદિ દેશવિશેષને આધારે વૈદર્ભી વગેરે ત્રણ રીતિઓ કહેલી છે. વળી, તેઓના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકારો પણ પાડેલા છે. [દંડી વગેરે] બીજાઓએ વૈદર્ભ અને ગૌડીય નામના બે માર્ગો ગણાવેલા છે. આ બંને વાત યુક્તિસંગત નથી. કારણ, દેશભેદથી જો રીતિભેદ સ્વીકારીએ તો દેશો તો અનંત છે, એટલે રીતિઓ પણ અસંખ્ય માનવી પડે. વળી, દેશધર્મ પ્રમાણે મામાની દીકરીને પરણવાની જેમ અમુક જ રીતિએ કાવ્ય કરવું એવી વ્યવસ્થા કરી શકાતી નથી. કારણ, દેશધર્મનો તો માત્ર વૃદ્ધોના વ્યવહારની પરંપરા ઉપર જ આધાર હોય છે, એટલે તેની વ્યવસ્થા કરવી અશક્ય નથી, પણ સહૃદયોને આનંદ આપે એવું કાવ્ય કરવું એ તો શક્તિ, વ્યુત્પત્તિ વગેરે અનેક કારણોની અપેક્ષા રાખે છે, એટલે તેની બાબતમાં એવી વ્યવસ્થા કરી શકાતી નથી.

"વળી દક્ષિણના લોકોમાં જેમ સંગીતને માટે સારો કંઠ વગેરે હોય છે, તેમ કાવ્યશક્તિ સ્વભાવિક પણ નથી હોતી. તેમ જો હોત તો તો બધા જ એવાં કાવ્યો રચતા હોત. ઉપરાંત,

શક્તિ હોય તોયે વ્યુત્પત્તિ વગેરે આહાર્ય (જાતે મેળવવાની) કારણ-સામગ્રી અમુક દેશમાં જન્મ્યા એટલે મળી જતી નથી, કારણ, એ સામગ્રી કોઈ એક દેશમાં જ હોય એવો નિયમ નથી, તે દેશમાં પણ કેટલાકમાં નથી હોતી, વળી બીજે પણ જોવા મળે છે.

"વળી, રીતિઓના ઉત્તમ, મધ્યમ, અધમ, એમ ત્રણ પ્રકાર પાડવા એ પણ યોગ્ય નથી. કારણ, સહૃદયોને આનંદ આપે એવા કાવ્યની રચનામાં ગૌડી અને પાંચાલી રીતિઓમાં વૈદર્ભી જેવું સૌંદર્ય ન સંભવતું હોય તો એ મધ્યમ અને અધમ રીતિઓનો ઉપદેશ કરવો વ્યર્થ છે. જો એમ કહો કે એનો પરિહાર કરવા માટે એનો ઉપદેશ કરવો પડે છે તો એ પણ યુક્તિસંગત નથી, કારણ, વામન પણ એવું કહેતા નથી. વળી દરિદ્રોને યથાશક્તિ દાન કરવું એ ન્યાયે યથાશક્તિ જેવું બને એવું કાવ્ય કરવું યોગ્ય નથી. આમ, અમારો વાંધો દેશવિશેષને આધારે નામ પાડવા સંબંધે જ નથી. જેઓ બે રીતિઓ સ્વીકારે છે તેમને પણ આ જ દોષો લાગુ પડે છે. એટલે આ નિઃસાર વસ્તુની ચર્ચા લંબાવવાનો અર્થ નથી.

"કવિના સ્વભાવભેદને કારણે કાવ્યપ્રસ્થાનભેદ માનવો એ જ યોગ્ય છે. સુકુમાર સ્વભાવના કવિમાં તેવી જ સહજ શક્તિ ઉદ્‌ભવે છે, કારણ, શક્તિ અને શક્તિમાન વચ્ચે ભેદ નથી હોતો. એ શક્તિ પોતાને અનુરૂપ સૌકુમાર્યને કારણે રમણીય એવી વ્યુત્પત્તિ પ્રાપ્ત કરે છે, અને એ શક્તિ અને વ્યુત્પત્તિ બંને મળીને કવિને સુકુમાર માર્ગનો અભ્યાસ કરવાને તત્પર બનાવે છે."

એવું જ વિચિત્ર અને મધ્યમ માર્ગ વિશે પણ સમજવું.

રીતિની ચર્ચામાં કુંતકનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. એણે રીતિનું મૂળ કવિસ્વભાવમાં બતાવીને આ ચર્ચામાં કવિને કેન્દ્રમાં સ્થાપ્યો અને તેનો જેવો સ્વભાવ તેવી તેની રીતિ એવું માનસશાસ્ત્રીય નિરૂપણ રજૂ કર્યું. વૉલ્ટર પેટરનું અત્યંત પ્રચલિત થયેલું વચન—the style is the man—આપણે આ રીતે પણ સમજી શકીએ.

અમુક રીતિ ઉત્તમ અને અમુક રીતે અધમ એવો ભેદ પણ એ સ્વીકારતો નથી અને કહે છે કે આ ત્રણ સ્વભાવના કવિઓ સુકુમાર, વિચિત્ર અને ઉભયાત્મક કાવ્યો રચવાને પ્રવૃત્ત થાય છે, અને તેમને એ રીતે પ્રવૃત્ત કરનાર આ માર્ગો કહેવાય છે.

એ કબૂલ કરે છે કે કવિસ્વભાવભેદે માર્ગભેદ માનીએ તો અનંત જુદાજુદા માર્ગો માનવા અનિવાર્ય થઈ પડે, તેમ છતાં તે બધાની ગણના કરવી અશક્ય છે એટલે સામાન્ય રીતે ત્રણ જ માર્ગ માનવા યોગ્ય છે.

"હવે, રમણીય કાવ્યોના સ્વીકારની દૃષ્ટિએ જોઈએ તો એક સુકુમાર સ્વભાવવાળાં કાવ્યોનો સમુદાય ગણવો પડે. એ સિવાયનાં અરમણીય કાવ્યો તો સ્વીકારવા જેવાં જ નથી હોતાં. એટલે સુકુમારથી ભિન્ન પણ રમણીય એવાં કાવ્યોનો બીજો વર્ગ થાય. એ વિચિત્ર કહેવાય. એ બંને રમણીય હોઈ એમની બંનેની છાયા જેમાં હોય એવો ઉભયાત્મક મધ્યમ વર્ગ પણ રમણીયતા યુક્ત છે એમ માનવું એ જ યુક્તિસંગત છે. એટલે આ ત્રણેમાંનો દરેક પોતપોતાના નિર્દોષ સ્વભાવને લીધે તદ્વિદોને આહ્લાદ આપવાની પૂરી શક્તિ ધરાવે છે, એમાંનો કોઈ ઊણો નથી."

અહીં કુંતક એક શંકા ઉત્પન્ન કરી તેનું નિરશન કરે છે. શંકા એવી છે કે શક્તિ એટલે પ્રતિભા તો આંતરિક હોઈ તેનો સ્વભાવની સાથે સંબંધ હોય એ સમજી શકાય એમ છે, પણ વ્યુત્પત્તિ અને અભ્યાસ તો બહારથી પ્રાપ્ત કરેલાં હોય છે. તેમને એ વાત શી રીતે લાગુ પડે ? એનો જવાબ એ છે કે, "કાવ્યરચનાની વાત બાજુએ રાખીએ તોયે બીજી બાબતોમાં પણ અનાદિ-વાસનાના અભ્યાસવાળો કોઈ પણ માણસ પોતાના સ્વભાવને અનુરૂપ જ વ્યુત્પત્તિ અને અભ્યાસ ધરાવે છે, અને એ બંને—વ્યુત્પત્તિ અને અભ્યાસ સ્વભાવની અભિવ્યક્તિ દ્વારા જ સાફલ્ય પામે છે, કારણ, સ્વભાવ અને એ બે વચ્ચે ઉપકાર્ય અને ઉપકારકનો સંબંધ હોય છે, એટલે સ્વભાવ એ બંનેને ઉત્પન્ન કરે છે અને એ બંને સ્વભાવને પરિપુષ્ટ કરે છે. આથી અચેતન પદાર્થોનો સ્વભાવ પણ પોતાના સ્વભાવને અનુરૂપ બીજા પદાર્થોના સાન્નિધ્યના પ્રભાવથી અભિવ્યક્ત થાય છે: જેમ કે ચંદ્રકાંત મણિમાંથી ચંદ્રનાં કિરણોના સ્પર્શમાત્રથી સ્વાભાવિક રીતે જ પાણી ઝમવા માંડે છે."

એ પછી એ ત્રણે માર્ગોનો વિગતે પરિચય આપે છે. પહેલાં સુકુમાર માર્ગ.

अम्लानप्रतिभोद्भिन्ननवशब्दार्थबंधुरः ।
अयत्नविहितस्वल्पमनोहारिविभूषणः ॥ २५ ॥

भावस्वभावप्राधान्यन्यक्कृताहार्यकौशलः ।
रसादिपरमार्थज्ञमनःसंवादसुन्दरः ॥ २६ ॥

अविभावितसंस्थानरामणीयकरञ्जकः ।
विधिवैदग्ध्यनिष्पन्ननिर्माणातिशयोपमः ॥ २७ ॥

यत्किञ्चनापि वैचित्र्यं तत्सर्वं प्रतिभोद्भवम् ।
सौकुमार्यपरिस्पन्दस्यन्दि यत्र विराजते ॥ २८ ॥

सुकुमाराभिधः सोऽयं येन सत्कवयो गताः ।
मार्गेणोत्फुल्लकुसुमकाननेनेव षट्पदाः ॥ २९ ॥

"અમ્લાન એટલે કે દોષરહિત પ્રતિભામાંથી અંકુરની પેઠે સ્વયમેવ ફૂટી નીકળેલા, તદ્વિદોને આનંદ આપવાને સમર્થ શબ્દાર્થવાળો, પ્રયત્ન વગર રચાયેલા સ્વલ્પ અને મનોહર અલંકારવાળો, જેમાં પદાર્થોનો સ્વભાવ જ એવો પ્રધાન હોય કે વ્યુત્પત્તિજન્ય આહાર્ય કૌશલ તેની આગળ હલકું લાગતું હોય એવો, રસાદિના રહસ્યને સમજનાર સહૃદયોના મનઃસંવાદને લીધે સુંદર, વિચાર કે પ્રયત્ન વગર સ્વાભાવિક રીતે જ જેમાં પદાદિની યોજના એવી થઈ હોય કે તેના સૌંદર્યથી રસિકોના મનનું રંજન થાય એવો, વિધાતાના કૌશલથી સધાતા નિર્માણના અતિશય એટલે કે સુંદર સૃષ્ટિ જેવો, જેમાં જે કાંઈ વૈચિત્ર્ય હોય તે બધું પ્રતિભામાંથી પ્રગટેલું અને સૌકુમાર્ય મંડિત હોય એવો આ સુકુમાર માર્ગ છે. એ માર્ગે થઈને ખીલેલાં કુસુમનાં વનમાં થઈને જેમ ભ્રમરો જાય તેમ સત્કવિઓ ગયા છે."

આ વર્ણન ઉપરથી લાગે છે કે, સુકુમાર માર્ગમાં જે કવિકૌશલ હોય છે તે આહાર્ય નથી હોતું, એમાં વસ્તુના સ્વભાવનું જ પ્રાધાન્ય હોય છે એટલે એમાં જે કંઈ વૈચિત્ર્ય હોય

છે તે અપ્રયત્નસિદ્ધ હોય છે. એમાં કવિની સ્વાભાવિક પ્રતિભા નિર્બંધપણે વ્યાપારવતી બને છે, અને અભિવ્યક્તિનો કોઈ અતિશય સાધે છે. એમાં ધ્વનિ તો હોય છે, પણ રસ સ્વભાવ નિરૂપણનું અંગ બનીને રહેલો હોય છે. કુંતકે આ માર્ગનાં જે ઉદાહરણો આપ્યાં છે તે ઉપરથી પણ આ વાત સ્પષ્ટ થાય છે.

बालेन्दुवक्राण्यविकासभावाद्
बभुः पलाशान्यतिलोहितानि ।
सद्यो वसन्तेन समागतानां
नखक्षतानीव वनस्थलीनाम् ॥

ખીલેલાં ન હોવાને કારણે બાલચંદ્ર જેવાં વાંકાં અને અત્યંત લાલ રંગનાં પલાશનાં ફૂલ, વસંત સાથે જેનો હજી હમણાં જ સમાગમ થયો છે એવી વનસ્થલીઓના નખક્ષતો જેવાં શોભવા લાગ્યાં.—કુમારસંભવ, ૩–૨૯.

तस्य स्तनप्रणयिभिर्मुहुरेणशावै-
र्व्याहन्यमानहरिणीगमनं पुरस्तात् ।
आविर्बभूव कुशगर्भमुखं मृगाणां
यूथं तदग्रसरगर्वितकृष्णसारम् ॥

ધાવવા વળગેલાં નાનાંનાનાં બચ્ચાંઓ મૃગલીઓના ચાલવામાં વારેવારે અડચણ કરતાં હતાં, અને જેની આગળ ગર્વભર્યો કાળિયાર ચાલતો હતો એવું મુખમાં કુશવાળાં હરણોનું ટોળું તેની સામે દેખાયું.—રઘુવંશ, ૯–૫.

शृंगेण च स्पर्शनिमीलिताक्षीं मृगीमकण्डूयत कृष्णसारः ॥

સ્પર્શસુખથી જેની આંખો બીડાઈ ગઈ હતી એવી મૃગલીને કાળિયાર શીંગડા વડે ખંજવાળતો હતો.—કુમારસંભવ, ૩–૩૬.

એ સુકુમાર માર્ગના ચાર ગુણો છે. એક માધુર્ય એટલે સમાસ વગરનાં મનોહર પદોનો વિન્યાસ. બીજો પ્રસાદ એટલે રસ અને વક્રોક્તિનો અભિપ્રાય વિના કષ્ટે સમજાઈ જાય અને અર્થની ઝટ પ્રતીતિ થાય એવો ગુણ. ત્રીજો લાવણ્ય એટલે વર્ણવિન્યાસની વિચ્છિત્તિયુક્ત પદોની યોજનાની સ્વલ્પ સંપત્તિથી ઉત્પન્ન થતું બંધનું સૌંદર્ય; * અને ચોથો આભિજાત્ય એટલે શ્રવણ-સુભગ, ચિત્તને સુખદ સ્પર્શની પેઠે સ્પર્શતો, સ્વભાવથી જ કોમળ છાયાવળો ગુણ.

એ પછી વિચિત્રમાર્ગનું લક્ષણ આવે છે.

प्रतिभाप्रथमोद्भेदसमये यत्र वक्रता ।
शब्दाभिधेययोरन्तः स्फुरतीव विभाव्यते ॥ ३४ ॥

---

* અહીં કુંતકે પોતે બંધસૌંદર્યને લાવણ્ય કહ્યું છે અને આનંદવર્ધને પ્રતીયમાન વસ્તુને અંગનાના લાવણ્ય સાથે સરખાવ્યું છે, એ વિશે થોડી ચર્ચા કરી છે તે આપણે જોઈએ.

પ્રશ્ન એવો છે કે કેટલાકે પ્રતીયમાન વસ્તુ લલનાના લાવણ્ય સમું હોવાથી લાવણ્ય કહેવાય છે, એવું પ્રતિપાદન કર્યું છે, જેમ કે—

अलंकारस्य कवयो यत्रालंकरणान्तरम् ।
असंतुष्टा निबध्नन्ति हारादेर्मणिबन्धवत् ॥ ३५ ॥

रत्नरश्मिच्छटोत्सेकभासुरैर्भूषणैर्यथा ।
कान्ताशरीरमाच्छाद्ये भूषायै परिकल्प्यते ॥ ३६ ॥

यत्र तद्वदलंकारैर्भ्राजमानैर्निजात्मना ।
स्वशोभातिशयान्तःस्थमलंकार्यं प्रकाश्यते ॥ ३७ ॥

यदप्यनूतनोल्लेखं वस्तु यत्र तदप्यलम् ।
उक्तिवैचित्र्यमात्रेण काष्ठां कामपि नीयते ॥ ३८ ॥

यत्रान्यथाभवत् सर्वमन्यथैव यथारुचि ।
भाव्यते प्रतिभोल्लेखमहत्त्वेन महाकवेः ॥ ३९ ॥

प्रतीयमानता यत्रवाक्यार्थस्य निबध्यते ।
वाच्यवाचकवृत्तिभ्यां व्यतिरिक्तस्य कस्यचित् ॥ ४० ॥

स्वभावः सरसाकूतो भावानां यत्र बध्यते ।
केनापि कमनीयेन वैचित्र्येणोपबृंहितः ॥ ४१ ॥

विचित्रो यत्र वक्रोक्तिवैचित्र्यं जीवितायते ।
परिस्फुरति यस्यान्तः सा काप्यतिशयाभिधा ॥ ४२ ॥

सोऽतिदुःसञ्चरो येन विदग्धकवयो गताः ।
खड्गधारापथेनेव सुभटानां मनोरथाः ॥ ४३ ॥

प्रतीयमानं पुनरन्यदेव
वस्त्वस्ति वाणीषु महाकवीनाम् ।
यत्तत्प्रसिद्धावयवातिरिक्तं
विभाति लावण्यमिवाङ्गनासु ॥

તો પછી તમે કેવળ બંધસૌંદર્યને લાવણ્ય કેમ કહો છો ?

એના જવાબમાં કહે છે, એ કંઈ દોષ નથી. કારણ, એ દૃષ્ટાંતથી તો એટલું જ સિદ્ધ થાય છે કે વાચ્યવાચકરૂપ પ્રસિદ્ધ અવયવોથી ભિન્નરૂપે પ્રતીયમાન વસ્તુનું અસ્તિત્વ હોય છે, પરંતુ એથી કંઈ બધા જ પુરુષોનાં લોચનથી ગ્રહણ કરાતું લલનાનું લાવણ્ય અને કેવળ સહૃદયોથી જ અનુભવાતું પ્રતીયમાન વસ્તુ એ બંને સરખાં છે, એવું સિદ્ધ નથી થતું. વળી, પદ અને પદાર્થને ન જાણવાવાળાઓનું પણ શ્રવણ માત્રથી હૃદય હરી લેનાર રચનાસૌષ્ઠવને જ લાવણ્ય કહી શકાય. કહેવાનો અર્થ એ છે કે જેમ લલનાનું લાવણ્ય સાધારણ પુરુષોને પણ અનુભવગોચર થાય છે, તેમ કાવ્યનું બંધસૌંદર્ય પદપદાર્થના જ્ઞાન વગરના સામાન્ય માણસોને પણ શ્રવણ માત્રથી અનુભવગોચર થાય છે. એટલે બંધસૌંદર્યને જ લાવણ્ય કહેવું યોગ્ય છે. પ્રતીયમાન અર્થ તો કાવ્યના મર્મજ્ઞોને જ અનુભવગોચર થાય છે; જેમ કામિનીનું કેટલુંક સૌભાગ્ય-સૌંદર્ય તો તેનો ઉપભોગ કરવાને પાત્ર નાયકને જ અનુભવગોચર થાય છે, પણ તેનું લાવણ્ય તો સત્કવિઓની વાણીના સૌંદર્યની પેઠે બધા જ માણસોને અનુભવગોચર થતું હોય છે, એ અમે પહેલાં કહ્યું જ છે, માટે વિસ્તાર કરવાનો અર્થ નથી.

"પ્રતિભાના પ્રથમ પ્રાગટ્ય વખતે જ જેમાં શબ્દાર્થની અંદર વક્રતા સ્ફુરતી લાગે છે, જેમાં કવિઓ એક અલંકારથી સંતોષ ન પામતાં હારમાં મણિબંધની પેઠે એક અલંકારમાં બીજો અલંકાર ઉમેરે છે, જેમાં રત્નોનાં કિરણોની છટાના બાહુલ્યથી ચમકતાં આભૂષણો વડે ઢંકાઈ ગયેલું કાંતાનું શરીર શોભે છે તેમ ચમકતા અલંકારો વડે પોતાના શોભાતિશયની અંદર છુપાયેલો અલંકાર્ય (રસ) પોતાને રૂપે પ્રગટ થાય છે, જેમાં અનૂતન વર્ણ્ય વિષય પણ ઉક્તિવૈચિત્ર્ય માત્રથી કોઈ પરાકાષ્ઠાને પહોંચાડાય છે, જેમાં કવિની પ્રતિભાને બળે અસુંદર વસ્તુ પણ કવિની રુચિ અનુસાર જુદી જ (સૌંદર્યયુક્ત) બની જતી હોય છે, જેમાં વાચ્યવાચકવૃત્તિથી ભિન્ન એવી વાક્યાર્થની પ્રતીયમાનતા યોજવામાં આવી હોય છે, જેમાં પદાર્થોનો સરસ અભિપ્રાયવાળો સ્વભાવ કોઈ કમનીય વૈચિત્ર્ય વડે વર્ણવાયો હોય છે, જેમાં વક્રોક્તિનું વૈચિત્ર્ય જીવિતરૂપ બની જતું હોય છે, અને જેમાં કોઈ અપૂર્વ અતિશયનું કથન હોય છે, એવા દુઃસંચર વિચિત્ર માર્ગ ઉપર થઈને તલવારની ધારના માર્ગ ઉપર થઈને સુભટોના મનોરથો જાય તેમ વિદગ્ધ કવિઓ ગયા છે."

આ વિચિત્ર માર્ગના વર્ણન ઉપરથી સમજાય છે કે, એમાં વક્રોક્તિવૈચિત્ર્ય પ્રધાન છે અને કવિનો પ્રયત્ન એ સિદ્ધ કરવા તરફ જ વળેલો હોય છે. એમાં કલા મુખ્યત્વે અલંકારપ્રધાન હોય છે અને એમાં ભણિતિવૈચિત્ર્ય કોઈક અપૂર્વ ઉત્કર્ષ પામે છે. એમાં પણ પ્રતીયમાનતા તો હોય છે. સુકુમાર માર્ગમાં પદાર્થના સ્વભાવનું વર્ણન હોય છે ત્યારે આ માર્ગમાં પદાર્થોના સ્વભાવનું વર્ણન રસના અભિપ્રાયને અનુસરીને કરવામાં આવે છે. એ માર્ગ અત્યંત મુશ્કેલ છે, કારણ, એમાં પ્રતિભા ઉપરાંત પુષ્કળ વ્યુત્પત્તિની પણ જરૂર પડે છે.

એ માર્ગના પણ ઉપર કહ્યા તે ચાર ગુણો છે, પણ તેમની વ્યાખ્યા જરા જુદી છે. પહેલો માધુર્ય એટલે શૈથિલ્યનો ત્યાગ કરી પદોનો દૃઢ સંનિવેશ. બીજો પ્રસાદ એટલે ઓજોગુણના સ્પર્શવાળો પદોનો સમાસરહિત વિન્યાસ. એમાં એક વાક્યમાં બીજાં વ્યંજક વાક્યો પદોની પેઠે ગૂંથી દેવામાં આવે છે. ત્રીજો લાવણ્ય એટલે વિસર્ગનો લોપ ન થયો હોય અને સંયોગની પહેલાં હ્રસ્વસ્વર આવતો હોય એવાં પદોની ગૂંથણી. ચોથો આભિજાત્ય એટલે અત્યંત કોમળ પણ નહિ ને અત્યંત કઠોર પણ નહિ એવો પ્રૌઢિથી ઉત્પન્ન થતો ગુણ.

આ માર્ગનાં પણ આપણે બેત્રણ ઉદાહરણ જોઈએ.

हे हेलाजितबोधिसत्त्व वचसां किं विस्तरैस्तोयधे
नास्तित्वत्सदृशः परः परहिताधाने गृहीतव्रतः ।
तृष्यत्पान्थजनोपकारघटनावैमुख्यलब्धायशो
भारप्रोद्वहने करोषि कृपया साहाय्यकं यन्मरोः ॥

હે વારાંનિધિ, બોધિસત્ત્વ જીતિયા
હેલાથી કહોં શું વધુ ?
છે ના કો તુજશો બીજો પરહિતે
લીધેલ જેણે વ્રતઃ

આવ્યા પાંથ તૃષાર્તને વિમુખ થૈ
જે લાંછના મેળવી,
તેનો ભાર ઉઠાવવે મરુ તણો
તું થાય સાહાય્યક.

આનું સૌંદર્ય સમજાવતાં કુંતક કહે છે કે, આ શ્લોકમાં અત્યંત નિંદ્ય ચરિત્રવાળા કૃપણ ધનિકરૂપ બીજો અર્થ મનમાં રાખીને તેના જેવા (પાણી હોવા છતાં તરસ્યાને માટે નકામા) સમુદ્રનું વાચ્ય રૂપે વર્ણન કર્યું છે. એટલું જ અપ્રસ્તુતપ્રશંસા અલંકારનું સ્વરૂપ છે. પ્રતીયમાન નિંદ્ય કંજૂસના બીજા જ અર્થમાં પર્યવસાન પામતું વાક્ય પણ, પ્રારંભથી જ રમણીય રૂપે રચાયેલું હોવાને લીધે સહૃદયોને આહ્લાદ આપનાર થઈ પડે છે. એવી રીતે એ વ્યાજસ્તુતિ જેવો બીજો અલંકાર અપ્રસ્તુત પ્રશંસાના આભૂષણ રૂપે આવ્યો છે. અહીં સંકરાલંકાર કહી શકાય એમ નથી, કારણ, બંને અલંકારો સ્ફુટ રૂપે જુદા જુદા પ્રતીત થાય છે. અહીં સંસૃષ્ટિ પણ નથી, કારણ, બંનેનું પ્રાધાન્ય સરખું નથી. બંને વાચ્ય અલંકાર પણ નથી, કારણ, એક અર્થ વાચ્ય છે અને બીજો પ્રતીયમાન છે. આમ, અહીં એક અલંકારમાં બીજો અલંકાર ગૂંથ્યો છે.

किं तारुण्यतरोरियं रसभरोद्भिन्ना नवा वल्लरी
लीलाप्रोच्छलितस्य किं लहरिका लावण्यवारांनिधेः ।
उद्दामोत्कलिकावतां स्वसमयोपन्यासविश्रम्भिणः
किं साक्षादुपदेशयष्टिरथवा देवस्य शृंगारिणः ॥

શું તારુણ્યતરુ તણી રસભરી ફૂટી નવી વલ્લરી,
કે લીલા લહરંત આ લહર છે લાવણ્યના સિંધુની,
કે આલિંગન કાજ વ્યાકુલ થતા પ્રેમીજનો કારણે
છે સાક્ષાદુપદેશયષ્ટિ અથવા શૃંગારના દેવની ?

આ શ્લોકમાં રૂપકાલંકાર છે અને તેના સૌંદર્યનો અતિશય પ્રગટ કરવા માટે સંદેહાલંકારવાળી ઉક્તિ યોજવામાં આવી છે, તે ચમત્કારક છે.

વિચિત્ર માર્ગનું નિરૂપણ કરી હવે મધ્યમ માર્ગનો ઉપક્રમ કરે છે.

वैचित्र्यं सौकुमार्यं च यत्र संकीर्णतां गते ।
भ्राजेते सहजाहार्यशोभातिशयशालिनी ॥ ४९ ॥

माधुर्यादिगुणग्रामो वृत्तिमाश्रित्य मध्यमाम् ।
यत्र कामपि पुष्णाति बन्धच्छायातिरिक्तताम् ॥ ५० ॥

मार्गोऽसौ मध्यमो नाम नानारुचिमनोहरः ।
स्पर्धया यत्र वर्तन्ते मार्गद्वितयसम्पदः ॥ ५१ ॥

अत्रारोचकिनः केचिच्छायावैचित्र्यरञ्जके ।
विदग्धनेपथ्यविधौ भुजङ्गा इव सादराः ॥ ५२ ॥

"જેમાં વૈચિત્ર્ય અને સૌકુમાર્યનું મિશ્રણ હોય, એ બંને સહજ અને આહાર્ય સૌંદર્યથી શોભતાં હોય, જેમાં માધુર્યાદિ ગુણો મધ્યમ વૃત્તિને અનુસરીને બંધના સૌંદર્યાતિશયને પોષતા હોય, જેમાં બંને માર્ગની સંપત્તિ પરસ્પર સ્પર્ધિ રૂપે રહેલી હોય, એવા આ મધ્યમ માર્ગને સુંદર વેશભૂષાના શોખી ભુજંગો જેવા કોઈ સૌંદર્યશોધના વ્યસની કવિઓ પસંદ કરે છે."

આ ત્રણે માર્ગના બેત્રણ કવિઓનાં નામ કુંતકે ગણાવ્યાં છે, જેને આધારે આપણે બીજા કવિઓનો વિચાર કરી શકીએ. એણે કાલિદાસ, સર્વસેન વગેરેને સુકુમાર માર્ગના કવિ ગણાવ્યા છે. બાણભટ્ટના હર્ષચરિતને અને ભવભૂતિ, રાજશેખર વગેરેનાં રચેલાં મુક્તકોને વિચિત્ર માર્ગનાં કાવ્યો કહ્યાં છે. એ જ રીતે એણે માતૃગુપ્ત, માયુરાજ, મંજીર વગેરેને મધ્યમ માર્ગના કવિ ગણાવ્યા છે."

આમ, ત્રણ માર્ગો અને તે દરેકના ચાર ગુણો ગણાવ્યા પછી એ બીજા બે ગુણો ગણાવે છે, જે ત્રણે માર્ગોમાં આવશ્યક છે. એમાંનો પહેલો ગુણ તે ઔચિત્ય. કથનના વૈચિત્ર્યથી વસ્તુના સ્વભાવના ઉત્કર્ષને એ સ્પષ્ટ રીતે પોષે છે, અને સ્વભાવનું ઔચિત્યપૂર્ણ કથન કરવું એ જ એનું જીવિત છે. જેમાં વક્તા કે શ્રોતાના સ્વભાવથી શોભાતિશયયુક્ત વાચ્ય વસ્તુ આચ્છાદિત થઈ જતું હોય તે ઔચિત્ય.

એના ઉદાહરણ તરીકે એણે નીચેનો શ્લોક ટાંક્યો છેઃ

शरीरमात्रेण नरेन्द्र तिष्ठन्
आभासि तीर्थप्रतिपादितर्द्धिः ।
आरण्यकोपात्तफलप्रसूतिः
स्तम्बेन नीवार इवावशिष्टः ॥

પાત્રે સમર્પી સઘળી સમૃદ્ધિ
શરીર માત્રે જ ઊભેલ રાજન્,
આરણ્યકે સર્વ કણો લીધેલા
નીવારના દંડ સમા દીસો છો.

—રઘુવંશ, ૫–૧૫.

આ શ્લોકમાં દાનવીર રાજાના સ્વભાવનું વર્ણન કરવા માટે મુનિએ પોતાના અનુભવના ક્ષેત્રમાંથી જ નીવારના છોડની ઉપમા આપી છે. અહીં વક્તાના સ્વભાવથી વાચ્યાર્થનો સ્વભાવ આચ્છાદિત થઈ ગયો છે.

બીજો ગુણ તે સૌભાગ્ય. એ ગુણ કાવ્યરચનાની સમગ્ર સામગ્રી–કવિપ્રતિભા, શબ્દ-સામર્થ્ય, અર્થ-સામર્થ્ય, ગુણ અને વક્રતા–ના સહકારથી સધાય છે, એ સહૃદયોના ચિત્તને અલૌકિક આનંદનો અનુભવ કરાવે છે, અને એ જ કાવ્યનું એક માત્ર જીવિત છે. આ બંને ગુણો ત્રણે માર્ગનાં કાવ્યોમાં પદ, વાક્ય અને પ્રબંધ ત્રણેમાં વ્યાપકપણે એટલે એકે એક અવયવમાં વ્યાપીને રહેલા હોય છે. પદનું ઔચિત્ય એટલે પદની નાના પ્રકારની વક્રતા. સ્વભાવનું સ્પષ્ટરૂપે

વર્ણન કરવું એ જ વક્તાનું પરમ રહસ્ય છે. ઔચિત્યપૂર્વક કથન કરવું એ જ જીવિત રૂપ હોવાથી વાક્યના કોઈ એક અંશમાં પણ ઔચિત્યનો અભાવ હોય તો તેથી તદ્વિદાહ્લાદકારિત્વને હાનિ પહોંચે છે. એમ કહીને એણે કેટલાક દાખલા ચર્ચ્યા છે તે જોવા જેવા છે.

પહેલો દાખલો રઘુવંશમાંથી લીધો છે. રામ લંકાવિજય પછી પુષ્પક વિમાનમાં બેસીને અયોધ્યા જતાં રસ્તે આવતાં વિવિધ સ્થાનો બતાવે છે, તેમાં નિષાદરાજનું સ્થાન આવતાં તેનો પરિચય આપવા સીતાને કહે છે :

पुरं निषादाधिपतेस्तदेतद्
यस्मिन्मयामौलिमणिं विहाय ।
जटासु बद्धास्वरुदत्सुमंत्रः
केकेयि कामाः फलितास्तवेति ॥

આ નિષાદરાજની નગરી છે, જ્યાં મૌલિમણિને ઉતારીને મેં જટા બાંધતાં સુમંત્રે રડતાં રડતાં કહ્યું હતું કે 'હે કૈકેયી, તારા મનોરથો સિદ્ધ થયા !'—રઘુવંશ ૧૩–૫૯

અહીં રઘુપતિ માન્ય મહાપુરુષ રૂપે વર્ણવાયેલા છે એટલે એ રામચંદ્ર 'કૈકયી, તારા મનોરથ સિદ્ધ થયા !' એવાં તુચ્છ વચનો યાદ રાખે અને અત્યારે ફરી ઉચ્ચારે એ અત્યંત અનુચિત લાગે છે.

એવો જ દોષ એ જ કાવ્યના દિલીપ અને સિંહના સંવાદમાં પણ જોવા મળે છે. સિંહ કહે છે :

अथैकधेनोरपराधचण्डाद् गुरोः कृशानुप्रतिमाद् बिभेषि ।
शक्योऽस्य मन्युर्भवतापि जेतुं गाः कोटिशः स्पर्शयता घटोघ्नीः ॥ —રઘુવંશ, ૨–૪૯

"જો એક ગાયના રક્ષણમાં નિષ્ફળ જવાના અપરાધને કારણે ક્રોધાગ્નિથી સળગી ઊઠેલા ગુરુથી તું બીતો હોય તો એ ક્રોધને તો તું ઘડાના જેવા આઉવાળી કરોડો ગાય આપીને શમાવી શકે એમ છે."

સિંહ તો રાજાનો ઉપહાસ કરે છે એટલે આવું કહે એ ઉચિત છે. પણ રાજા એનો જે ઉત્તર આપે છે તે પોતાના યશનું રક્ષણ કરવા જીવનને પણ તૃણ સમાન ગણનારને માટે ઉચિત નથી. રાજા એમ કહે છે :

कथं च शक्यानुनयो महर्षिर्विश्राणनादन्यपयस्विनीनाम् ।
इमां तनुजां सुरभेरवेहि रुद्रौजसा तु प्रहृतं त्वयास्याम् ॥ —રઘુવંશ, ૨–૫૪

"બીજી ગાયો આપવાથી મુનિનો ક્રોધ શી રીતે શમી શકે ? કારણ, આ તો કામધેનુની પુત્રી છે," વગેરે. જો બીજી ગાયોને એના બદલામાં આપી શકાય એવું માનીએ તો કદાચ મુનિએ અને મારે એની પ્રાણરક્ષાની ઉપેક્ષા કરવી ઉચિત ગણાય—એવો જે એનો ફલિતાર્થ નીકળે છે તે અત્યંત અનુચિત છે.

ત્રીજો દાખલો કુંતકે 'કુમારસંભવ'માંથી આપ્યો છે. કામદેવ ઇન્દ્ર આગળ પોતાની શક્તિનું બડાશભર્યું વર્ણન કરે છે તેમાં એક ઠેકાણે કહે છે:

कामेकपत्नीव्रतदुःखशीलां
लोलं मनश्चारुतया प्रविष्टाम् ।
नितम्बिनीमिच्छति मुक्तलज्जां
कण्ठे स्वयंग्राहनिषक्तबाहुम् ॥

"સૌંદર્યને કારણે તારા ચંચલ મનમાં પ્રવેશ પામેલી પણ પતિવ્રતને કારણે તારે વશ ન થનારી કઈ પતિવ્રતા પોતે લજ્જા છોડીને તારે ગળે વળગે એમ તું ઇચ્છે છે?" કુમારસંભવ ૩-૭.

સ્વર્ગના અધિપતિપદ પર પ્રતિષ્ઠિત ઇન્દ્રની પણ આવી ઇચ્છા પૂરી કરવા દ્વારા સૂચિત થતા કોઈ પ્રતિવ્રતાના પાતિવ્રત્યનો નાશ કરવારૂપ અવિનયી આચરણનું કથન અત્યંત અનૌચિત્યપૂર્ણ લાગે છે.

આ અનૌચિત્યના દાખલા આપ્યા ચર્ચ્યા પછી એ ઉમેરે છે કે આવી ચર્ચા તો કાલિદાસ જેવા કવિની બાબતમાં જ થઈ શકે જેમની સૂક્તિઓનું સ્વાભાવિક સૌંદર્ય સહજ સૌકુમાર્યની મુદ્રાવાળું હોય છે. જેઓ કેવળ આહાર્ય એટલે વ્યુત્પત્તિસિદ્ધ કાવ્યરચના-કૌશલને કારણે વખણાતા હોય તેવા કવિઓની બાબતમાં આવી ચર્ચા થઈ શકતી નથી. સુકુમાર માર્ગના કવિને આ કેવી મોટી અંજલિ છે !

ઔચિત્ય જેમ કાવ્યના પ્રત્યેક અંગમાં આવશ્યક છે, તેમ સૌભાગ્ય પણ પ્રત્યેક અંગમાં આવશ્યક છે.

सौभाग्यमपि पदवाक्यप्रबन्धानां प्रत्येकमनेकाकारकमनीयकारणकलापकलितरामणीयकानां किमपि सहृदयहृदयसंवेद्यं काव्यैकजीवितमलौकिकचमत्कारकारि संवलितानेकरसास्वादसुन्दरं सकलावयवव्यापकत्वेन काव्यस्य गुणान्तरं परिस्फुरतीत्यलमति प्रसंगेन ॥ ५७ ॥

અહીં હું કુંતકના ગ્રંથના પહેલા ઉન્મેષનો પરિચય પૂરો કરું છું. એમાં એની આખી કાવ્યવિચારણાનો નકશો આવી જાય છે. એ પછી બીજા ઉન્મેષમાં એ વર્ણવિન્યાસવક્રતાના ૭ પ્રકારો ઉદાહરણ સહિત બતાવે છે. જેમ કે, એક, બે કે વધુ વર્ણો થોડે થોડે અંતરે ફરી ફરીને યોજાયા હોય એ વર્ણવિન્યાસવક્રતાના પહેલા ત્રણ પ્રકાર થયા. ચોથો પ્રકાર એટલે પોતાના વર્ગના અંતિમ વર્ણ સાથે સંયુક્ત સ્પર્શ વર્ણોની આવૃત્તિ. ૫. બેવડા ત, લ, નની આવૃત્તિ. ૬. એ સિવાયના વર્ણોની રેફ વગેરેથી યુક્તરૂપે આવૃત્તિ. અહીં કુંતકે એટલો ખુલાસો કર્યો છે કે કોઈ વાર આવૃત્તિ વચ્ચે અંતર ન હોય તોયે સ્વરોના ભેદથી પણ વક્રતા સધાય છે. એ પછી પદપૂર્વાર્ધવક્રતાના ૧. રૂઢિવૈચિત્ર્યવક્રતા (अ. અસંભાવ્યધર્મારોપ; आ. સદ્ધર્માતિશયારોપ); ૨. પર્યાયવક્રતા; ૩. ઉપચારવક્રતા; ૪. વિશેષણવક્રતા; ૫. સંવૃત્તિવક્રતા; ૬. પદમધ્યવર્તી-વક્રતા; ૭. વૃત્તિવૈચિત્ર્યવક્રતા; ૮. ભાવવૈચિત્ર્યવક્રતા; ૯. લિંગવક્રતા; અને ૧૦. ક્રિયાવૈચિત્ર્ય-વક્રતાના પાંચ પ્રકારોનું નિરૂપણ કરી, પદપરાર્ધવક્રતાના ૧. કાલવૈચિત્ર્યવક્રતા; ૨. કારકવક્રતા; ૩. સંખ્યાવક્રતા; ૪. પુરુષવક્રતા; ૫. ઉપગ્રહ (પરસ્મૈપદી, આત્મનેપદી)વક્રતા; ૬. પ્રત્યયવક્રતા; અને ૭. ઉપસર્ગનિપાતવૈચિત્ર્યવક્રતાનું સોદાહરણ નિરૂપણ કરે છે.

ત્રીજા ઉન્મેષમાં વાકયવક્રતાનું નિરૂપણ કરવા પહેલાં પદાર્થ અથવા વાચ્ય કે વસ્તુવક્રતાનું નિરૂપણ કરે છે. વસ્તુવક્રતાની વ્યાખ્યા એ આ પ્રમાણે આપે છે: અત્યંત રમણીય સ્વાભાવિક ધર્મયુક્ત રૂપે વસ્તુનું વર્ણન તે વસ્તુની વક્રતા.

उदारस्वपरिस्पन्दसुन्दरत्वेन वर्णनम् ।
वस्तुनो वक्रशब्दैकगोचरत्वेन वक्रता ॥ ३–१ ॥

અહીં પોતે वक्रशब्दैकगोचरत्वेन એમ કહ્યું છે, वाच्यत्वेन નથી કહ્યું, એની પાછળનો હેતુ સમજાવતાં વૃત્તિમાં કહે છે: ‘અહીં વાચ્યત્વેન નથી કહ્યું કારણ, વ્યંગ્યત્વથી પણ પ્રતિપાદન સંભવે છે,’ અને તે એને ઇષ્ટ પણ છે. અહીં એ એક ચેતવણી ઉચ્ચારે છે કે વસ્તુના સ્વભાવના સૌકુમાર્યના વર્ણનમાં ઉપમા વગેરે વાચ્યાલંકારોનો ઝાઝો ઉપયોગ કરવા જેવો નથી, કારણ, એનાથી સ્વભાવના સૌકુમાર્યનો અતિશય ઝંખવાઈ જાય છે.

અહીં કુંતકે ફરી સ્વભાવોક્તિને લગતી એક ચર્ચા દાખલ કરી છે તે પણ આપણે જોતા જઈએ. ઉપર કુંતકે એમ કહ્યું કે, વસ્તુના સ્વભાવ-વર્ણનમાં ઉપમાદિ વાચ્યાલંકારોથી સ્વભાવનું સૌંદર્ય ઝંખવાઈ જવાનો ભય રહેલો છે; તેને અનુલક્ષીને કોઈ કદાચ એવો પ્રશ્ન ઉઠાવે કે તમે જેને વસ્તુનું સ્વાભાવિક અને સુંદર વર્ણન કહો છો, જેને તમે વસ્તુવક્રતા અથવા વાચ્યવક્રતા કહો છો, એને જ પૂર્વાચાર્યોએ સહૃદયહૃદયાહ્લાદકારી સ્વભાવોક્તિ અલંકાર કહ્યો છે. તો પછી તમે એમ કેમ કહો છો કે વસ્તુના સ્વભાવવર્ણનમાં વાચ્યાલંકારનો ઝાઝો ઉપયોગ વસ્તુના સૌંદર્યને ઝાંખું પાડનાર થઈ પડવાનો સંભવ છે? અહીં અલંકાર્ય તો વસ્તુનો સામાન્ય ધર્મ માત્ર છે, અને એ ધર્મનો જે અતિશય બતાવવામાં આવ્યો હોય છે, તે અલંકારરૂપે પ્રતીત થતો હોય છે, અને સ્વભાવોક્તિ પણ વસ્તુના સ્વભાવના અતિશયનું જ પરિપોષણ કરે છે એટલે સ્વભાવોક્તિને અલંકાર જ માનવો જોઈએ; અને એ રીતે જોતાં વાચ્યાલંકારો વસ્તુના સૌંદર્યને ઝાંખું પાડે એ સંભવિત લાગતું નથી.

એના જવાબમાં કુંતક એમ કહે છે કે, તમે જે એમ કહો છો કે વસ્તુનો સામાન્ય ધર્મમાત્ર ‘અલંકાર્ય’ હોય છે, અને તેના અતિશયયુક્ત સ્વભાવનું વર્ણન તે ‘સ્વભાવોક્તિ અલંકાર’ હોય છે, એટલે સ્વભાવોક્તિ અથવા વસ્તુવક્રતા એ અલંકારરૂપ જ હોવાથી રૂપકાદિ અલંકારો એના સૌંદર્યને ઝાંખું પાડવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી—એ બરાબર નથી. કારણ, એમ માનવામાં બે દોષ રહેલા છે. એક તો એ કે, કાવ્યરચના એ કંઈ નાછૂટકે જેમ તેમ પતાવવાની વસ્તુ નથી; કારણ, કાવ્યનું લક્ષણ જ એ છે કે તે તદ્વિદાહ્લાદકારી હોય. આનો અર્થ એવો લાગે છે કે વસ્તુના ગમે તેવા સામાન્ય ચવાઈ ગયેલા, અચમત્કારક ધર્મનું વર્ણન કરવું એ કાવ્યનું કામ જ નથી. કાવ્યે તો તદ્વિદાહ્લાદકારી ધર્મનું જ વર્ણન કરવાનું છે; જ્યારે તમે તો કહો છો કે કાવ્યનો વર્ણ્ય વિષય વસ્તુનો સામાન્ય ધર્મ છે. એમ જો હોય તો કાવ્ય તદ્વિદાહ્લાદકારી બની જ ન શકે, એ પહેલો દોષ છે.

બીજી મુશ્કેલી એ છે કે, અનુત્કૃષ્ટ ધર્મયુક્ત વર્ણ્ય પદાર્થને અલંકૃત કરશો તો તે અયોગ્ય ભીંત ઉપર ચીતરેલા ચિત્રની પેઠે શોભાજનક નહિ થાય. ગધેડા પર અંબાડી નહિ શોભે. એટલે મારું કહેવું એમ છે કે અત્યંત રમણીય સ્વાભાવિક ધર્મયુક્ત વસ્તુ જ વર્ણન માટે પસંદ કરવું

જોઈએ, અને તેને યથાયોગ્ય ઔચિત્યપૂર્વક રૂપકાદિ અંલકારથી શોભાવવું જોઈએ. પણ વધારામાં એટલું કહેવું જોઈએ કે કવિ જ્યારે વસ્તુનું સ્વાભાવિક સૌંદર્ય જ વર્ણવવા માગતો હોય ત્યારે ઝાઝા અલંકારો ઉપકારક નથી થતા. કારણ, ઝાઝા અંલકારને લીધે વસ્તુનું સ્વાભાવિક સૌંદર્ય અથવા રસાદિનું પરિપોષણ ઢંકાઈ જવાનો ભય રહે છે. જેમ વિલાસવતી સ્ત્રીને સ્નાન સમયે, વિરહવ્રત પાળતી હોય ત્યારે કે સુરતાવસાન સમયે વધુ પડતા અલંકારો શોભતા નથી, તેમ આવે પ્રસંગે અલંકાર્યને વધુ પડતા અલંકારો શોભતા નથી. કારણ, સ્વાભાવિક સૌંદર્ય જ રસિકોના હૃદયને આનંદ આપે છે. અહીં એ કુમારસંભવમાંથી એક શ્લોક ઉતારે છે :

तां प्राङ्मुखीं तत्र निवेश्य तन्वीं
क्षणं व्यलम्बन्त पुरो निषण्णाः ।
भूर्तार्थशोभाह्रियमाणनेत्राः
प्रसाधने संनिहितेऽपि नार्यः ॥ —કુમારસંભવ, ૭–૧૩.

શિવપાર્વતીનાં લગ્ન થઈ ગયા પછી પતિમિલન માટે પાર્વતીને શણગારવા આવેલી સ્ત્રીઓએ તેને સામે બેસાડી અને પ્રસાધાન સામગ્રી પાસે જ હોવા છતાં પાર્વતીની સ્વાભાવિક શોભાથી દૃષ્ટિ આકર્ષાતાં ક્ષણભર તો આને શણગારવાની શી જરૂર ?—એમ વિચારી બેસી રહી.

અહીં એવા સ્વાભાવિક સૌકુમાર્યથી મનોહર શોભાના અતિશયનું પ્રતિપાદન કરવાનો કવિનો અભિપ્રાય છે. અને એને અલંકારો પહેરાવવાથી કદાચ એનું સ્વાભાવિક સૌંદર્ય ઢંકાઈ જશે એવી શંકાની સંભાવના એ સ્ત્રીઓના બેસી રહેવાનું કારણ છે. કારણ, જે વસ્તુના સ્વાભાવિક સૌંદર્યાતિશયનું વર્ણન કરવું હોય તેના સ્વભાવના એ સહજ સૌંદર્યને ઢાંકી દેનારા અને બીજા ધર્મોની પ્રતીતિની અપેક્ષા રાખનારા અલંકારોની રચના ઉપકારક થતી નથી.

આ ઉપરાંત, રસપરિપોષને લીધે સુકુમાર એવી પ્રતીતિને વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવના ઔચિત્ય સિવાય બીજી કોઈ રીતે ઉપસ્થાપિત કરવા જતાં તે પ્રસ્તુત વસ્તુ કે રસને બાધક થઈ પડે છે. યૌવનમાં પ્રવેશ કરતી તરુણી વગેરે પદાર્થો એવા સુકુમાર છે કે એનું પ્રતિપાદન કરનાર વાક્યવક્રતા ઉપરાંતના કોઈ બીજા અલંકારોથી એમને શણગારવામાં આવતા નથી......અને કદાચ અંલકાર યોજવામાં આવે છે તો તે સ્વાભાવિક સૌકુમાર્યને સારી પેઠે ખીલવવા માટે, નહિ કે અલંકારવૈચિત્ર્ય સાધવા માટે. કોઈ અતિશય વગરના ધર્મવાળી વસ્તુને શણગારો તોયે તે પિશાચની જેમ તદ્વિદાહ્લાદકારી ન હોવાને કારણે અનુપાદેય જ રહેશે.

અથવા પ્રસ્તુત ઔચિત્યને કારણે પ્રધાનપણે વસ્તુનો સ્વભાવ જ અતિશયયુક્ત રૂપે વર્ણવાતો હોઈને તે બીજા અલંકારોને સહન કરતો નથી, કારણ, તે પોતે જ અત્યંત શોભાશાળી હોઈ અલંકાર્ય હોય છે; તેમ છતાં તેને અલંકાર કહેતા હો તો એ તો અમારો જ પક્ષ થયો. એ સિવાયના અંલકારોને અલંકાર કહેવા સામે અમારી તકરાર જ નથી.

આમ, કવિની સહજ પ્રતિભામાંથી પ્રગટેલું વસ્તુના સ્વભાવનું સુંદર વર્ણન તે પહેલા પ્રકારની વસ્તુવક્રતા. બીજા પ્રકારની વસ્તુવક્રતા કવિના સ્વાભાવિક અને આહાર્ય એટલે કે

વ્યુત્પત્તિ અને અભ્યાસથી પ્રગટતા કવિકૌશલથી સધાય છે. એવી રચના અપૂર્વ કલ્પનાને કારણે લોકાતિક્રાંતગોચર બની જતી હોય છે. એનો અર્થ એવો છે કે, કવિ કંઈ વર્ણવવાના પદાર્થો નહિ હોય ત્યાંથી નવા ઉત્પન્ન નથી કરતો. એ તો કેવળ સત્તામાત્રથી પ્રતીત થતા પદાર્થોને એવી કોઈ વિશેષતા અર્પે છે, જેથી તે સહૃદયહૃદયાહ્લાદકારી રમણીયતાને પામે છે. એ રીતે, સત્તામાત્રથી પ્રતીત થતા પદાર્થોમાં કોઈ અલૌકિક શોભાતિશય ઉત્પન્ન કરે એવા સૌંદર્યનું કથન કરવામાં આવે છે, જેથી તે પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ આચ્છાદિત થઈ જાય છે, અને અપૂર્વ સૌંદર્યથી મન હરી લેનાર અને પોતાના જ તેજે ઝળહળતા રૂપે તે જ સમયે પ્રતીત થનાર વર્ણનીય પદાર્થના સ્વભાવનું સૌંદર્ય પ્રગટ થાય છે. એટલે કવિને વિધાતા કહે છે. આ બીજા પ્રકારની આહાર્યવક્રતા એ અલંકાર સિવાય બીજું કશું નથી. એટલે એના અનેક ભેદો હોય છે.

એક ઉદાહરણથી એ આ વાત સ્પષ્ટ કરે છે.

अस्याः सर्गविधौ प्रजापतिरभूच्चन्द्रो नु कान्तिप्रदः
शृंगारैकरसः स्वयं नु मदनो मासो नु पुष्पाकरः ।
वेदाभ्यासजडः कथन्नु विषयव्यावृत्तकौतूहलो
निर्मातुं प्रभवेन्मनोहरमिदं रूपं पुराणो मुनिः ॥

આને રચવામાં શું કાન્તિ દેનાર ચંદ્ર અથવા કેવળ શૃંગારરસમય મદન, અથવા પુષ્પાકર વસંત પોતે બ્રહ્મા થયો હતો? કારણ, વેદાભ્યાસથી જડ થઈ ગયેલા અને વિષયોથી વિમુખ ઘરડા મુનિ તો આવા સુંદર રૂપની રચના કરવાને કેવી રીતે સમર્થ થાય?

અહીં કાંતાના અસીમ કાંતિમત્વ, અસીમ વિલાસ-સંપત્તિની પાત્રતા, સરસતા, લોકોત્તર સૌંદર્ય અને સુકુમારતાનું પ્રતિપાદન કરવાને માટે, તે તે સ્વભાવના પ્રાધાન્યને લીધે ઉચિત સંભાવનાનું અનુમાન કરીને જુદાજુદા અપૂર્વ નિર્માણની ઉત્પ્રેક્ષા કરી છે. એટલે કે કાંતિ માટે કાંતિદાતા ચંદ્રને, અસીમ વિલાસ-સંપત્તિ માટે તેના આશ્રયભૂત કામદેવને, અને સરસતા, અસામાન્ય સૌંદર્ય અને સુકુમારતા માટે તેના કારણભૂત વસંતને બ્રહ્મા કલ્પ્યા છે. એટલે કે એ ચંદ્રની રચના હોવાથી એનામાં કાંતિમત્વ, કામદેવની રચના હોવાથી અસીમ વિલાસ-સંપત્તિ તથા સરસતા અને પુષ્પાકર વસંતની રચના હોવાને કારણે અસામાન્ય સૌષ્ઠવ અને સુકુમારતા હોય એ સંભવિત છે. એટલે એ ત્રણની એના બ્રહ્મારૂપે ઉત્પ્રેક્ષા કરી છે; અને એ ત્રણેનાં વિશેષણો સાથે 'સ્વયં'નો યોજેલો સંબંધ એ જ વાતને સ્પષ્ટ કરે છે. જે ચંદ્ર પોતે જ મનોહર કાંતિવાળો છે, તે પોતાના સૌજન્યને લીધે અરોચકી એટલે જેને અસુંદર વસ્તુ ગમે નહિ એવો હોવાને કારણે તેનામાં સુંદર વસ્તુ નિર્માણ કરવાની નિપુણતા હોય એ સ્વાભાવિક છે; જે પોતે જ કેવળ શૃંગારરસરૂપ છે તે પોતાની રસિકતાને લીધે જ સરસ વસ્તુ નિર્માણ કરવાની કુશળતા ધરાવતો હોય એ ઉચિત છે; જે પોતે જ પુષ્પાકર છે તે પોતાના આભિજાત્યને કારણે એવી સુકુમાર વસ્તુનું જ સર્જન કરે એ ઉચિત છે. એટલા માટે શ્લોકના ઉત્તરાર્ધમાં વાપરેલાં વિશેષણોથી વ્યતિરેક દ્વારા કાંતિમત્વ વગેરે ગુણો બીજી કોઈ રીતે સંભવતા નથી એમ બતાવેલું છે. કારણ, બ્રહ્મા તો વેદાભ્યાસને લીધે જડ થઈ ગયેલા હોવાને લીધે કાંતિમય વસ્તુની રચના

કરવામાં અનભિજ્ઞ હોય, વિષયો પ્રત્યે કૌતૂહલ ન હોવાને કારણે સરસ પદાર્થોની રચના કરવામાં વિમુખ હોય, અને વૃદ્ધ હોવાને કારણે સુકુમારતા તથા સરસતાની રચના કરવામાં પરાઙ્મુખ હોય, એમ પ્રતીત થાય છે.

આમ, કવિએ પોતાના વર્ણ્ય વિષયને અલૌકિક વિશેષતા અર્પવા માટે ઉત્પ્રેક્ષા અલંકાર યોજ્યો છે; અને એ વિશેષતા પોતે પોતાના સ્વાભાવિક સૌંદર્યને લીધે તથા એ અલંકારની મદદથી વર્ણનીય વિષયનો મહિમા કરવા માટે સંદેહાલંકારનો સાથ સ્વીકારે છે એટલે નાયિકાના સૌંદર્યની વિશેષતા સ્પષ્ટ થાય છે. આમ, કવિએ અહીં નાયિકાના સૌંદર્યમાં કોઈ લોકોત્તર વિશેષતા નિર્માણ કરી છે, જે લોકોત્તર નિર્માતાની જ નિર્મિતિ હોઈ શકે, અને એટલે એ જાણે પહેલી જ વાર નિર્માઈ હોય એવી લાગે છે.

પણ કેટલીક વાર કવિઓ કાલ્પનિક વસ્તુઓનું વર્ણન કરતા હોય છે, ત્યારે વસ્તુનું સ્વરૂપ નહિ પણ તેમનો અપૂર્વ સંબંધ એ કવિનો વર્ણન-વિષય હોય છે, અને એ અલંકાર મારફતે જ બની શકે છે. એના ઉદાહરણ તરીકે કુંતકે નીચેનો શ્લોક આપ્યો છે.

कस्त्वं भो दिवि मालिकोऽहमिह किं पुष्पार्थमभ्यागतः ।
किं ते सूनमहक्रयो यदि महच्चित्रं तदाकर्ण्यताम् ।
संग्रामेष्वलभाभिधाननृपतौ दिव्यांगनाभिः स्रजः
प्रोज्झन्तीभिरविद्यमानकुसुमं यस्मात्कृतं नन्दनम् ॥

અરે ભાઈ, તું કોણ છે ?

હું સ્વર્ગનો માળી છું.

અહીં શાથી ?

ફૂલ વેચાતાં લેવા આવ્યો છું.

તારે ફૂલ વેચાતાં લેવાની શી જરૂર ?

તમને જો બહુ નવાઈ લાગતી હોય તો સાંભળો. યુદ્ધમાં કોઈ અજ્ઞાત નામવાળા રાજા ઉપર માળાઓ વર્ષાવવાવાળી સ્વર્ગની અપ્સરાઓએ નંદનવનને ફૂલ વગરનું બનાવી દીધું છે એટલે મારે અહીં આવવું પડયું.

આવા દાખલાઓમાં વર્ણનીય વસ્તુનો વિશેષ અતિશય સિદ્ધ કરવા માટે અલંકાર-યોજના કરવી પડે છે. જેમ કે, આ ઉદાહરણમાં અલંકારની કલ્પના વગર કોઈ રીતે વાક્યાર્થની સંગતિ સધાતી નથી. કારણ, આવા કલ્પિત વિષયમાં પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વસ્તુની ઉપપત્તિ સ્થાપી શકાતી નથી, એટલે સ્વાભાવિક વસ્તુ (સ્વર્ગનો માળી અહીં ફૂલ ખરીદવા આવે એવો વર્ણનીય વિષય) અહીં ધર્મી રૂપે સ્થાપી શકાતું નથી. એટલે વિદગ્ધ કવિની પ્રતિભાએ યોજેલા અલંકારનો વિષય બનવાને કારણે જ એ સહૃદયહૃદયાહ્લાદકારી બને છે.[1] એ રીતે આ શ્લોકમાંથી ઉત્પ્રેક્ષા અપ્રસ્તુત પ્રશંસાના સંબંધને લીધે વર્ણ્યમાન રાજાના પ્રતાપના

---

૧. विदग्धकविप्रतिभोल्लिखितालंकरणगोचरत्वेनैव सहृदयहृदयाह्लादमादधति ।

અતિશયનો વિશેષ મનોહર રૂપે પરિપોષ કરી પોતે અત્યંત સુંદર રૂપે પ્રગટ થઈ સહૃદયોનાં હૃદયોને આકર્ષે છે. આ રીતે જ કવિપ્રતિભાએ ઉત્પ્રેક્ષેલા અત્યંત અસંભવિત પદાર્થોનું વર્ણન પણ સંગત લાગે છે. સ્વતંત્ર રીતે સંગત લાગતું નથી.[૧]

આમ અર્થની બે પ્રકારની વક્રતા વર્ણવ્યા પછી એ વાક્યની વક્રતાનો ઉપક્રમ કરે છે, અને તેનું લક્ષણ આ પ્રમાણે બાંધે છે :

मार्गस्थवक्रशब्दार्थगुणालंकारसम्पदः ।
अन्यद्वाक्यस्य वक्रत्वं तथाभिहितजीवितम् ॥ ३ ॥

मनोज्ञफलकोल्लेखवर्णच्छायाश्रियः पृथक् ।
चित्रस्येव मनोहारि कर्तुः किमपि कौशलम् ॥ ४ ॥

એનો અર્થ એવો છે કે, સુકુમાર, વિચિત્ર વગેરે માર્ગમાં યોજાયેલા વક્ર શબ્દ, અર્થ, ગુણ અને અલંકારની સૌંદર્યસંપત્તિથી જુદી જ અને એ રીતે કહેવું એ જ જેનો પ્રાણ છે એવી વાક્યની વક્રતા જુદી જ હોય છે. સુંદર ફલક ઉપર દોરેલા ચિત્રના રંગોના સૌંદર્યથી જુદા જ ચિત્રકારના મન હરી લેનારા અનિર્વચનીય કૌશલના જેવું કાવ્યકર્તાનું કોઈ અનિર્વચનીય કૌશલ તે જ વાક્યવક્રતા. એનું તાત્પર્ય એ છે કે જેમ ચિત્રના ફલક, આલેખ, વર્ણ, છાયા વગેરે સર્વ ઉપકરણોથી અલગ, અને ચિત્રમાં રજૂ કરેલા પ્રકૃત પદાર્થોના જીવનરૂપ ચિત્રકારનું કૌશલ અલગ રૂપે પ્રધાનપણે પ્રતીત થાય છે, તેમ માર્ગ, શબ્દ, અર્થ, ગુણ અને અલંકાર વગેરે બધા પદાર્થોથી જુદું, કાવ્યમાં વર્ણવેલા પ્રસ્તુત પદાર્થોના જીવનરૂપ સહૃદયસંવેદ્ય કવિકૌશલરૂપ વક્રત્વ વાક્યમાં પ્રતીત થાય છે.

એ આગળ જતાં કહે છે કે, જોકે રસ, સ્વભાવ, અલંકાર એ બધાનું જ જીવિત કવિકૌશલ છે, તેમ છતાં અલંકારનું તો એ વિશેષ ભાવે જીવિત છે. કારણ, એના વિના અલંકારમાં તદ્વિદાહ્લાદકારિત્વનો લેશ પણ આવી શકતો નથી.

અહીં આપણે જોઈ શકીએ છીએ કે કુંતક કવિકૌશલને કેટલું બધું મહત્ત્વ આપે છે.

એ પછી એ વર્ણ્ય વસ્તુના બે પ્રકાર પાડે છે : ૧. ચેતન અને ૨. અચેતન. એમાં ચેતનના બે ભેદ : ૧. મુખ્ય ચેતન—દેવ, માનવ વગેરે, અને ૨. ગૌણ ચેતન—સિંહ, મૃગ, વગેરે. આમાંથી મુખ્ય ચેતન પદાર્થોનું વર્ણન રત્યાદિ રસના પરિપોષવાળું અને તે તે જાતિના સ્વભાવના વર્ણનયુક્ત હોય છે. અમુખ્ય ચેતન પદાર્થોનું તેમ જ જડ પદાર્થોનું પણ વર્ણન મોટે ભાગે રસના ઉદ્દીપન વિભાવ તરીકે કરવામાં આવે છે.

પદાર્થોનું વર્ણન બે રીતે થાય છે—સ્વભાવપ્રાધાન્યથી અને રસપ્રાધાન્યથી. બંને અલંકાર્ય જ છે. પદાર્થનું સ્વાભાવિક સ્વરૂપ અલંકાર ન હોઈ શકે એ પહેલાં બતાવાઈ ગયું છે. મુખ્ય

---

૧ कविप्रतिभोत्प्रेक्षितत्वेन चात्यन्तमसंभाव्यमप्युपनिबध्यमानमनयैव युक्त्या समंजसतां गाहते, न पुनः स्वातंत्र्येण ।

આ બંને જગ્યાએ એણે પ્રતિભા ઉપર મૂકેલો ભાર ધ્યાનપાત્ર છે.

ચેતન પદાર્થોનું રસપ્રધાન સ્વરૂપ પણ અલંકાર્ય જ છે એમ કહીને એ રસવત્ વગેરે અલંકારોનું ખંડન કરે છે. એની દલીલ એ છે કે રસવત્ અલંકારમાં, બીજા અલંકારોમાં થાય છે તેમ, આ અલંકાર્ય અને આ અલંકરણ એમ અલગ અલગ બે વસ્તુની પ્રતીતિ થતી નથી.

ઉદ્ભટે પોતાના ગ્રંથ કાવ્યાલંકારસારસંગ્રહ(૪-૪)માં રસવદલંકારની વ્યાખ્યામાં રસને સ્વશબ્દનિષ્ઠ પણ કહ્યો છે. તેની ટીકા કરતાં ઉપહાસપૂર્વક કુંતક કહે છે: રસો સ્વશબ્દનિષ્ઠ છે એવું અમે આજ સુધી સાંભળ્યું નથી. એટલે રસનો સમગ્રપણે એકચિત્તે વિચાર કરનાર અને તેના પરમાર્થને જાણનાર એ વિદ્વાનોને એમ પૂછવું જોઈએ કે, સ્વશબ્દનિષ્ઠત્વ કોનું હોય છે? રસનું કે રસવદલંકારનું ? જો પહેલો વિકલ્પ સ્વીકારતા હો તો કહેવાનું કે, "જેનો આસ્વાદ લેવાય તે રસ"—એવી રસની વ્યાખ્યા છે, એટલે રસો સ્વશબ્દનિષ્ઠ છે એમ કહો તો એનો અર્થ એ થયો કે, શૃંગાર વગેરે રસો શૃંગાર વગેરે શબ્દમાં જ રહેલા છે અને જે કોઇ ને એ શબ્દનું જ્ઞાન થાય છે તેને તેનો આસ્વાદ પણ આવે છે. મતલબ કે, શૃંગારાદિ રસોનો સ્વશબ્દથી ઉલ્લેખ કરાતો સાંભળીને સહૃદયોને તેના આસ્વાદનો આનંદ પ્રાપ્ત થાય છે. એ ન્યાયે તો ઘેવર વગેરે પદાર્થોનું નામ લેવા માત્રથી તેના આસ્વાદનો આનંદ મળી રહે છે; અને એટલે એ ઉદારચરિત મહાપુરુષોએ કોઈ પણ સુખના ઉપભોગનું સુખ મેળવવાની ઇચ્છા સેવનાર સૌ માટે નામમાત્ર લેવાથી ત્રૈલોક્યના રાજ્યની પ્રાપ્તિ સુધીનાં બધાં સુખો વગર મહેનતે પ્રાપ્ત કરી આપ્યાં છે, માટે નમસ્કાર હો એ મહાત્માઓને !

इति अनेन न्यायेन घृतपूरप्रभृतयः पदार्थाः स्वशब्दैरभिधीयमानास्तदास्वादसंपदं संपादयन्तीत्येवं सर्वस्य कस्यचिदुपभोगसुखार्थिनस्तैरुदारचरितैरयत्नेनैव तदभिधानमात्रादेवत्रैलोक्यराज्यसंपत्सौख्यसमृद्धिः प्रतिपाद्यते इति नमस्तेभ्यः ।

આમ, ત્રીજા ઉન્મેષમાં કુંતકે રસવત્, પ્રેયસ્, ઉર્જસ્વી, ઉદાત્ત અને સમાહિત વગેરે અંલકારોનું ખંડન કરી બીજા પચીસેક અલંકારોનું નિરૂપણ કરેલું છે. ભામહની જ કારિકા ઉતારી એણે હેતુ, લેશ અને સૂક્ષ્મ અલંકારોનો પણ અસ્વીકાર કર્યો છે અને અંતે પોતે સ્વીકાર્યા છે એ સિવાયના બીજા આલંકારિઓએ સ્વીકારેલા અલંકારોમાં શોભાનો અભાવ હોવાથી અથવા તેમનો બીજા અંલકારોમાં સમાવેશ થઈ જતો હોવાથી તેણે અસ્વીકાર કર્યો છે.

भूषणान्तरभावेन शोभाशून्यतया तथा ।
अलंकारास्तु ये केचिन्नालंकारतया मनाक् ॥

એ અલંકારચર્ચાના ભાગમાં ગ્રંથનો પાઠ ઘણી જગ્યાએ ખંડિત અને ભ્રષ્ટ છે એટલે અર્થ કરવાની પણ મુશ્કેલી પડે છે.

ચોથા ઉન્મેષનો પાઠ પણ અનેક સ્થળે ખંડિત અને ભ્રષ્ટ છે તેમ છતાં એમાંથી પ્રકરણ-વક્રતાના નવ પ્રકારો: ૧. પાત્રપ્રવૃત્તિવક્રતા—જેમાં પાત્રોના અદમ્ય ઉત્સાહને કારણે સંવાદમાં ચમત્કાર આવ્યો હોય છે. ૨. ઉત્પાદ્યકથાવક્રતા—જેમાં કોઈ પ્રસિદ્ધ વસ્તુમાં નવી ઉત્પાદ્ય કથા જોડી વક્રતા સાધી હોય છે. ૩. ઉપકાર્યોપકારકવક્રતા—જેમાં નાટક કે પ્રબંધનો કોઈ એક અંશ બીજા ઉપર અસર પાડતો હોય. જેમ કે, ઉત્તરરામચરિતમાં ચિત્રદર્શનમાં જેનો ઉલ્લેખ છે તે

જૃંભકાસ્ત્રોનો પ્રભાવ પાંચમા અંકમાં લવકુશના યુદ્ધમાં જોવા મળે છે અને સીતાપુત્રરૂપે લવને ઓળખાવવામાં પણ એ ઉપયોગી થાય છે. ૪. આવૃત્તિવક્રતા—જેમાં એકની એક વસ્તુનું વારેવારે વર્ણન આવતું હોય છતાં દર વખતે નવું લાગતું હોય. ૫. પ્રાસંગિકપ્રકરણવક્રતા એટલે જલક્રીડા વગેરેના વર્ણનથી સધાતું સૌંદર્ય. ૬. પ્રકરણરસવક્રતા—કાવ્ય કે નાટકના કોઈ એક પ્રકરણમાં પ્રધાન રસનો એવો ઉત્કર્ષ સાધવો જેવો તેની આગળ પાછળ ન સધાયો હોય. જેમ કે, વિક્રમોર્વશીયમાં ઉન્મત્તાંકમાં. ૭. અવાન્તરવસ્તુવક્રતા—જેમાં મુખ્ય વસ્તુની સિદ્ધિ માટે આવાન્તર વસ્તુની વિચિત્રતા ઉલ્લેખાઈ હોય. ૮. નાટકાન્તર્ગતનાટકવક્રતા—જેમાં એક નાટકમાં બીજું નાટક ભજવાતું બતાવ્યું હોય. જેમ કે, ઉત્તરરામચરિતના ૭મા અંકમાં અથવા બાલરામાયણના ૪થા અંકમાં. ૯. સંધ્યંગવિનિવેશવક્રતા—સંધિયો અને અંગોની યથાયોગ્ય યોજનાથી સધાતી વક્રતા.

છેવટે પ્રબંધવક્રતાના ૭ ભેદો બતાવ્યા છે: ૧. રસપરિવર્તનવક્રતા—પ્રસિદ્ધ વસ્તુનો જે રસ હોય તેને બદલે બીજા જ રસનું નિરૂપણ કરવું તે. જેમ કે, મહાભારત અને રામાયણનો પ્રધાન રસ શાંત છે, પણ એમાંથી જ વસ્તુ લઈને કવિએ 'વેણીસંહાર' વીર રસનું નાટક લખ્યું અને 'ઉત્તમરામચરિત' કરુણ રસનું નાટક રચ્યું. ૨. સમાપનવક્રતા—પ્રસિદ્ધ વસ્તુના નાયકનું આખું જીવન ન નિરૂપતાં અમુક જ ભાગ નિરૂપી અટકી જવું. જેમ કે, 'કિરાતાર્જુનીય'માં દુર્યોધનના મૃત્યુ સુધીની કથાનો ઉપક્રમ કર્યો છે, પણ પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ આગળ જ અટકી જાય છે. ૩. કથાવિચ્છેદવક્રતા—જેમાં મુખ્ય વસ્તુના સંબંધને ઢાંકી દેનાર કોઈ બીજા કાર્યના વ્યવધાનથી તૂટીને વિરસ થયેલી કથામાં, એ છેદ પડચો હોય ત્યાં જ કાર્યની સિદ્ધિ થઈ લાગતી હોય તે. જેમ કે શિશુપાલ વધમાં કથા દુર્યોધનના મરણ સુધી જવાને બદલે શિશુપાલના વધથી જ અટકી જાય છે, પણ તેનાથી જ મુખ્ય કાર્ય સધાયા જેવું લાગે છે. ૪. આનુષંગિકફલવક્રતા—એક ફળ મેળવવા ઉદ્યત થયેલા નાયકને બીજાં ફળ પણ મળે ત્યારે આ વક્રતા સધાય છે. ૫. નામકરણવક્રતા—ગ્રંથના નામમાં રહેલો ચમત્કાર. એમાં એણે અભિજ્ઞાનશાકુંતલ, મુદ્રારાક્ષસ, માયાપુષ્પક વગેરેને વખાણ્યાં છે અને શિશુપાલવધ, હયગ્રીવવધ, પાંડવાભ્યુદય વગેરે નામો ચમત્કાર વગરનાં છે એમ કહ્યું છે. ૬. તુલ્યકથાવક્રતા—એક જ વસ્તુને આધારે રચાયેલી કૃતિઓ પોતાના આગવા વ્યક્તિત્વને કારણે આનંદ આપનાર બને છે ત્યારે આ વક્રતા સધાય છે, જેમ કે રામાયણની કથાને આધારે રચાયેલી રામાભ્યુદય, ઉત્તરરાઘવ, વીરચરિત્ર, બાલરામાયણ, કૃત્યારાવણ, માયાપુષ્પક વગેરે કૃતિઓ.

અહીં કુંતકના ગ્રંથનો સાર પૂરો થાય છે. હવે હું ટૂંકમાં એના કાવ્યવિચારનાં મુખ્ય બિંદુઓ રજૂ કરી મારું વક્તવ્ય પૂરું કરીશ.

કુંતક કાવ્યનાં પ્રયોજનોમાં ઉપદેશ અને આનંદ એ બે ગણાવે છે. કાવ્યના હેતુમાં એ પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસ ત્રણેનો ઉલ્લેખ કરે છે. કાવ્યની વ્યાખ્યા એ વક્ર કવિ-વ્યાપારશાળી અને સહૃદયોને આનંદ આપે એવા બંધમાં યોજાયેલા શબ્દાર્થ, એવી આપે છે. વક્રતાને એ લોકોત્તરચમત્કારકારી વૈચિત્ર્ય કહે છે અને એને મતે એ જ કાવ્યનો આત્મા છે. કવિને વિવક્ષિત અર્થનો જે એકમેવ વાચક હોય તેને જ એ શબ્દ કહે છે અને તદ્વિદોને આહ્લાદ

આપે એવો હોય તેને જ એ અર્થ કહે છે. શબ્દનું બીજા શબ્દની સાથે અને અર્થનું બીજા અર્થની સાથે પરસ્પરસ્પર્ધિત્વરૂપ સાહિત્ય કાવ્ય માટે આવશ્યક છે, તેમ શબ્દો અને અર્થો પણ બે સુહૃદની જેમ, કોઈ બીજાથી ચડિયાતો પણ નહિ તેમ ઊતરતો પણ નહિ એ રીતે યોજાઈ પરસ્પરના સૌંદર્યને વધારતા હોય, એટલું જ નહિ, કાવ્યનાં બધાં જ અંગો એટલે કે માર્ગને અનુરૂપ ગુણ, વક્રતાયુક્ત અલંકાર અને વૃત્તિના ઔચિત્યયુક્ત રસોનો પરિપોષ પણ પરસ્પરની સ્પર્ધા કરતા હોય એમ શબ્દ અને અર્થમાં રહેલા હોય ત્યારે જ સાચું સાહિત્ય સધાય છે અને એવું કાવ્ય જ પદવાક્યાર્થની પારના કોઈ અલૌકિક અર્થની પ્રતીતિ કરાવી કાવ્યના પ્રાણરૂપ રસનો આસ્વાદ કરાવે છે. કાવ્યમાં આ શક્તિ કવિવ્યાપારવક્રતાને લીધે આવે છે. એ વક્રતા છ પ્રકારની છે. આમ, કુંતક કવિવ્યાપારને ખૂબ મહત્ત્વ આપે છે અને એટલે જ એની વિચારણામાં કવિ કેન્દ્રમાં છે. કવિનો જેવો સ્વભાવ તેવો માર્ગ તે કાવ્યરચના માટે સ્વીકારે છે. કાવ્યમાર્ગ ત્રણ છે: સુકુમાર, વિચિત્ર અને મધ્યમ. સુકુમાર માર્ગમાં કવિની સ્વાભાવિક પ્રતિભા અયત્નવિહિત આછા અલંકારોપૂર્વક વસ્તુના સ્વભાવને જ પ્રધાનપણે નિરૂપે છે. જ્યારે વિચિત્ર માર્ગમાં કવિની પ્રતિભાને વ્યુત્પત્તિનો સબળ સહકાર મળતાં તે પ્રતિભામાંથી પ્રગટેલા અયત્નનિર્વર્ત્ય અલંકારોના પ્રાચુર્ય વડે શણગારીને વસ્તુના સ્વભાવને સરસ રીતે વર્ણવે છે. એમાં જૂનું વસ્તુ પણ ઉક્તિવૈચિત્ર્યથી નવું બની જાય છે. એ માર્ગ સૌથી કઠણ છે. એ બે માર્ગના મિશ્રણ રૂપ મધ્યમ માર્ગ સૌંદર્યશોધના શોખીન અરોચકી કવિઓ પસંદ કરે છે. આ દરેક માર્ગના એ ચાર ચાર ગુણો ગણાવે છે અને તે ઉપરાંત બીજા બે ગુણો બધા જ માર્ગનાં કાવ્યોનાં પ્રત્યેક અંગમાં વ્યાપ્ત હોવા જોઈએ એમ કહે છે. એ ગુણો છે ઔચિત્ય અને સૌભાગ્ય. અલંકારો પ્રતિભામાંથી પ્રગટેલા અયત્નનિર્વર્ત્ય અને પ્રસ્તુતૌચિત્યવાળા હોવા જોઈએ, તો જ તે ઉપકારક થાય, નહિ તો અપકારક થઈ પડે એવો એનો સ્પષ્ટ મત છે. એ વ્યંજનાને સ્વીકારે છે અને રસને પણ વક્રોક્તિમાં સમાવી લે છે; પણ રસનું મહત્ત્વ એ બરાબર સમજે છે, અને તેના ઉપર વારંવાર ભાર પણ મૂકે છે. કુંતકના કાવ્યવિચારની વિશેષતા એ છે કે એ કવિવ્યાપાર ઉપર ખૂબ ભાર મૂકે છે, કાવ્યસર્જનની પ્રક્રિયા સમજાવે છે અને કવિના સ્વભાવનો તેની રચનાના રસ અને રીતિ ઉપર પૂરો પ્રભાવ પડે છે એ વાત એ સચોટ રીતે કહે છે. એની આખી વિચારણામાં એક પ્રકારનું સ્વાતંત્ર્ય અને તાજાપણું વરતાય છે. એણે પોતાના ગ્રંથમાં ઉતારેલાં દૃષ્ટાંતો અને ખાસ તો તે ઉપરની ચર્ચા એની સૂક્ષ્મ કાવ્યસમજનો આહ્લાદક અનુભવ કરાવે છે, અને કાવ્યશિક્ષણનું મહત્ત્વનું કામ બજાવે છે. કુંતક આનંદવર્ધન પછી અને અભિનવગુપ્ત પહેલાં થઈ ગયો હોવાનું વિદ્વાનો અનુમાન કરે છે. એ રીતે જોતાં, એના ગ્રંથની રચના અને વિષયનિરૂપણ ઉપર ધ્વન્યાલોકની ગાઢ અસર જોવા મળે છે. વક્રોક્તિના એણે જે રીતે પ્રકારો પાડ્યા છે તે ધ્વનિના પ્રકારોની યાદ આપે છે. 'ઔચિત્યવિચારચર્ચા'માં ઔચિત્યનાં જે વિવિધ સ્થાનો બતાવેલાં છે, તેની સાથે પણ વક્રોક્તિ પ્રકારોને કેટલુંક સામ્ય છે. તેમ છતાં પોતાની નિર્ભીક સ્વતંત્ર વિચારણાને લીધે કુંતક આપણી આચાર્યપરંપરામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. *

---

* તા. ૨૯, ૩૦ માર્ચ, ૧૯૬૭ને રોજ ગુજરાત વિદ્યાપીઠના અનુસ્નાતક વર્ગ આગળ આપેલું વ્યાખ્યાન.

સંદર્ભગ્રંથો

૧. Vakroktijivita of Kuntaka—Sushil Kumar De, 1961.

२. हिन्दी वक्रोक्तिजीवित—आचार्य विश्वेश्वर, १९५५.

૩. કાવ્યવિચાર—સુરેન્દ્રનાથ દાસગુપ્ત, ૧૯૩૯.

૪. ભારતીય સાહિત્યશાસ્ત્ર (મરાઠી), ગ. ત્ર્યં. દેશપાંડે—૧૯૫૮.

૫. History of Sanskrit Poetics—S. K. De, 1960.

કાલિદાસનાં નાટકોમાં રસનિષ્પત્તિ

ચિત્રા પ્ર. શુક્લ

નાટકને જોતાં કે કાવ્યને માણતાં, જે આહ્લાદ, આનંદ પ્રાપ્ત થાય, તેને આપણા પ્રાચીન સાહિત્યાચાર્યોએ રસ કહ્યો છે. પ્રેક્ષકો જ્યારે નાટક જુએ, ત્યારે કવિના કુશળ આલેખનને કારણે, તેમ જ નટના કુશળ અભિનયને કારણે નાટકનાં પાત્રોની સાથે તાદાત્મ્ય અનુભવે, આજુબાજુનું જગત ભૂલી જાય, ટૂંકમાં, મમ્મટ કહે છે તેમ વિગલિતવેદ્યાન્તર થઈ જાય, ત્યારે તેઓ આ નાટ્યરસની અનુભૂતિ કરે છે. આ રસાનુભૂતિ, એમાં પ્રાપ્ત થતો આનંદ, દુન્યવી કોઈ પણ આનંદથી તદ્દન નિરાળો હોય છે અને તેથી યથાર્થ રીતે જ એને અલૌકિક, બ્રહ્માનંદસહોદર કહ્યો છે.

પ્રેક્ષકોની આ રસનિષ્પત્તિ કોને આધારે છે? રસનિષ્પત્તિમાં એક બાજુ જો પ્રેક્ષકોની તન્મયતા છે, તો બીજી બાજુ કવિની પાત્રો સાથેની તદ્રૂપતા પણ એવી જ અનિવાર્ય છે. કવિ પોતે આલેખેલા વાતાવરણમાં તન્મય બની જાય, કે પોતાનાં પાત્રોની સાથે એકરૂપ બની જાય, ત્યારે જ નાટક કે કાવ્ય રચાય છે. આ અનુભૂતિને કવિ શબ્દો દ્વારા વ્યક્ત કરે છે; અને શબ્દોનું આ માધ્યમ, કવિની અનુભૂતિને, એનાં સંવેદનને વાચકોનાં મન સુધી પહોંચાડી જાય છે. આમ રસનિષ્પત્તિમાં કવિ જે કાંઈ આલેખે, તેની પાછળ એના સંવેદનનો રણકો હોવો જ જોઈએ. અલબત્ત, રસનિષ્પત્તિમાં શબ્દોનું માધ્યમ કાંઈ ઓછું મહત્ત્વનું નથી. કવિ અને ભાવક વચ્ચેના આ ઊર્મિવ્યાપારમાં શબ્દો આવા મહત્ત્વવાળા છે તેથી જ આપણા પ્રાચીન આચાર્યોએ **शब्दार्थौ काव्यम्** એમ કહ્યું છે.

ભરતે विभावानुभावव्यभिचारिसंयोगाद्रसनिष्पत्तिः એવું કહ્યું છે. આ વ્યાખ્યા પ્રમાણે કાલિદાસનાં નાટકો તપાસીએ, તો તો ત્રણે ય નાટકો ઉત્તમ જ ગણાશે. રસને માટેની સામગ્રી, આલમ્બનવિભાવ, ઉદ્દીપનવિભાવ, અનુભાવ, વગેરે તો ત્રણે ય નાટકોમાં સમાન જ છે.

સંવિધાનની દૃષ્ટિએ જોઈએ, તો માલવિકાગ્નિમિત્ર કેટલું સુંદર છે? સંગીતાચાર્યોનો કલહ, વિદૂષકની યુક્તિપ્રયુક્તિઓ, રાજા અને માલવિકા મળે ન મળે, ત્યાં તો 'કવાબમેં હડ્ડી' જેવું ઇરાવતીનું આગમન—આ બધું એવી ચતુરાઈથી યોજાયું છે કે પહેલી જ કૃતિમાં કાલિદાસને નાટકનો કસબ હાથ લાગી ગયો છે એમ કબૂલ કરવું જ પડે.

તો બીજી બાજુ વિક્રમોર્વશીય પણ ક્યાં કમ છે? રાજા અને વિદૂષકની વાતો સાંભળતી અદૃશ્ય ઉર્વશી, પ્રભાવ વડે એણે નિર્મેલું ભૂર્જપત્ર, પુરૂરવાનો ઉન્માદ—આ બધું પણ અત્યંત સુંદર છે.

અને છતાં આપણે કબૂલ કરવું જ રહ્યું કે આ બે નાટકોમાંથી નિષ્પન્ન થતો રસ, અને શાકુન્તલમાંથી નિષ્પન્ન થતો રસ એકસરખો નથી. શાકુન્તલના કણ્વની શકુંતલાને વળાવતી વખતની વેદના સાથે આપણે એકરસ થઈએ, શકુન્તલાના ત્યાગ વખતે વિષાદ અનુભવીએ, અને દુષ્યન્ત પશ્ચાત્તાપથી શુદ્ધ થઈ પત્ની-પુત્રને પાછાં મેળવે ત્યારે આનંદ અનુભવીએ છીએ.

આનાથી ઊલટું, 'માલવિકાગ્નિમિત્ર'માં અગ્નિમિત્ર જ્યારે માલવિકા પ્રત્યેનો પોતાનો અનુરાગ વર્ણવે છે, ત્યારે તેના પ્રત્યે આપણને કાંઈક અણગમો થાય છે. સ્પર્શામૃતથી પોતાની ઇચ્છા પૂરી કરવા રાજા માલવિકાને વિનંતિ કરતો હોય ત્યારે 'पूरय पूरय। ननु अशोकः पुष्पं दर्शयति न वा। अयं पुनः पुष्प्यति फलति च।' એવો ટોણો મારતી ઇરાવતી આવી ચઢે અને રાજા ગાભરો બની જાય, ત્યારે આપણને સહાનુભૂતિ તો નથી જ થતી, પરંતુ 'એ જ લાગનો છે' એવું કહેવાનું મન થઈ જાય છે.

'વિક્રમોર્વશીય'માં પણ ઔશીનરી જેવી સાધ્વી જાજરમાન રાણીને છોડી ઉર્વશીમાં આસક્ત થતા રાજા પ્રત્યે સહાનુભૂતિ થતી નથી. નાટ્યશાસ્ત્રની દૃષ્ટિએ અહીં બધે જ વિભાવ, અનુભાવ વગેરે સામગ્રી દ્વારા શૃંગારરસ નિષ્પન્ન થયો કહેવાય પણ છતાં આપણો અનુભવ એવો છે કે ત્રણેમાંથી નિષ્પન્ન થતો રસ ભિન્ન પ્રકારનો છે.

આનું કારણ એ છે કે માલવિકાગ્નિમિત્ર અને વિક્રમોર્વશીયમાં કાલિદાસ પોતાનાં પાત્રોથી અલિપ્ત રહ્યા છે, જ્યારે શાકુન્તલમાં પાત્રાલેખનની પાછળ કવિનું ઊંડું સંવેદન છે. અગ્નિમિત્રની સાથે ક્ષણને માટે પણ કાલિદાસે તાદાત્મ્ય અનુભવ્યું હોત તો કાલિદાસ અગ્નિમિત્રને ઉપર વર્ણવી છે તેવી હાસ્યાસ્પદ, કફોડી સ્થિતિમાં મૂકત નહીં.

વિક્રમોર્વશીયમાં પણ જો પુરૂરવા સાથે આવું તાદાત્મય સધાયું હોત તો રાણી વ્રત કરીને ગઈ ન ગઈ ત્યાં તો वयस्य न खलु दूरं गता देवी ! એમ કહીને ફરી પાછો ઉર્વશીની વાત શરૂ કરતો રાજા આલેખાયો ન હોત.

નાટકની અંદર સંઘર્ષ જરૂરી છે અને સંઘર્ષ લાવવા ખાતર કાલિદાસ એક બાજુ અંતઃપુરની રાણીઓ અને બીજી બાજુ મુગ્ધા નાયિકા, એક બાજુ જૂની પત્નીઓ પ્રત્યેનું દાક્ષિણ્ય અને બીજી બાજુ પ્રબળ પ્રેમ વચ્ચેનો સંઘર્ષ નિરૂપે છે. પણ આ બંને નાટકોમાં આ સંઘર્ષ ખૂબ સ્થૂળ, કૃત્રિમ બની જાય છે, અને તેથી અહીં શૃંગારરસની નિષ્પત્તિ છે એવું ભલે કહેવાય, –આ નાટકો હૃદયસ્પર્શી નથી બની શકતાં.

હવે આપણે 'શાકુન્તલ'ના પાંચમા અંકમાં આવતો સંઘર્ષ તપાસીએ. પત્ની તરીકે શકુન્તલાને સ્વીકારવા આગ્રહ કરતા કણ્વશિષ્યો અને શાપને કારણે શકુંતલાને પરસ્ત્રી ગણી, એને નકારતા રાજા વચ્ચેનો સંઘર્ષ તો સુંદર છે જ પણ તે ઉપરાંત રાજાના પોતાના મનમાં જે સંઘર્ષ ચાલી રહ્યો છે—બુદ્ધિનો અને હૃદયનો—તે કેવો સચોટ રીતે આલેખાયો છે ! બુદ્ધિ કહે છે કે આ પરસ્ત્રી છે, એનો સ્વીકાર ન જ થાય, અને હૃદય, મક્કમપણે શકુન્તલાને નકારતા રાજાને રહી રહીને કહે છે કે આ ખોટું થાય છે. આ બંને સંઘર્ષો એટલા સચોટ રીતે આલેખાયા છે કે આપણે પ્રેક્ષકો બંને પક્ષે સરખી સહાનુભૂતિ ધરાવીએ છીએ. સ્મૃતિવચનો ટાંકતા, અકળાઈ ઊઠેલા કણ્વશિષ્યો તરફ તો આપણી સહાનુભૂતિ છે જ; પણ શકુન્તલા પ્રત્યે ક્રૂર બનતા રાજા તરફ પણ આપણી સહાનુભૂતિ છે. પહેલાં બે નાટકોમાં સ્પષ્ટ રીતે આપણી સહાનુભૂતિ તરછોડાએલી રાણીઓ પ્રત્યે હતી. અહીં આપણી સહાનુભૂતિનાં પલ્લાં તદ્દન સરખાં છે. શાકુન્તલનો આ સંઘર્ષ આવો હૃદયંગમ છે એની પાછળ કાલિદાસનું સંવેદન છે. ચોથા અંકનું વિદાયનું દશ્ય પણ હૃદયસ્પર્શી છે કારણ કે એ ઊંડાં સંવેદનનું પરિણામ છે. કાલિદાસ કણ્વ સાથે, દુષ્યન્ત સાથે, સૌ પાત્રો સાથે

એકરૂપ બનીને જાણે બોલી રહ્યા છે. આમ, કાલિદાસની પ્રતિભામાં એમનું સંવેદન ભળ્યું છે તેથી શાકુન્તલ સર્વસંવેદ્ય બન્યું છે. સાચું સંવેદન, અને તેને વ્યક્ત કરવાની રમણીય રીત, આ બે મળે તો ઉત્તમ કલાકૃતિ સર્જાય. આમાંથી બીજું તો કાલિદાસને સહજ છે. પ્રથમનો જે જે કૃતિઓમાં અભાવ છે, તે કૃતિઓ ઝાંખી પડી છે.

વિક્રમોર્વશીયનો ચોથો અંક, જેમાં પુરૂરવા ઉર્વશીના વિરહથી વ્યાકુળ બનીને મયૂર, હંસ, કોયલ વગેરેને ઉર્વશીના સમાચાર પૂછે છે, તેને હવે આપણે તપાસીએ.

કાવ્યમાં અલંકારોનું સ્થાન ક્યાં અને કેટલું ? આ પ્રશ્નની ચર્ચા કરતાં આનંદવર્ધને 'ધ્વન્યાલોક'ના બીજા ઉદ્યોતમાં કહ્યું છે કે :

रसाक्षिप्ततया यस्य बन्धः शक्यक्रियो भवेत् ।
अपृथग्यत्ननिर्वर्त्यः सोऽलङ्कारो ध्वनौ मतः ।।

રસનું નિરૂપણ કરતી વખતે જે અલંકાર સહજ રીતે, આપોઆપ આવી જાય, જે માટે કવિએ છૂટો, સ્વતંત્ર પ્રયાસ કરવો ન પડે, તેવો જ અલંકાર કવિની કૃતિમાં ઇષ્ટ છે. યમક, અનુપ્રાસ વગેરે શબ્દાલંકારોનો પ્રયોગ કવિની ચતુરાઈ ભલે દર્શાવે, પણ આવા અલંકારો રચતી વખતે કવિએ પોતાની ઊર્મિને વેગળી મૂકી, ચોક્કસ શબ્દો શોધવા માટે સ્વતંત્ર પ્રયત્ન કરવો પડે છે. તેથી આનંદવર્ધન સૂચવે છે કે આવડત હોય તોપણ કવિએ સ્વતંત્ર પ્રયાસ માંગી લે એવા યમક, અનુપ્રાસ કે એવા બીજા શબ્દાલંકારો યોજવા નહીં. આનો અર્થ એ કરી શકાય કે શૃંગાર કે બીજા કોઈ પણ રસની નિષ્પત્તિ વખતે કવિ જો શબ્દાલંકારો રચતો હોય, તો તે પોતાની આલેખેલી સૃષ્ટિથી પર છે.

વિક્રમોર્વશીયના ચોથા અંકમાં રાજા ચક્રવાકને પૂછે છે :

रथाङ्ग नामन् वियुतो रथाङ्गश्रोणिबिम्बया ।
अयं त्वां पृच्छति रथी मनोरथशतैर्वृतः ।।

આમાં રથનું પુનરાવર્તન સ્પષ્ટ રીતે પૃથક્ પ્રયત્ન માંગી લે છે. વળી પર્વતને રાજા પૂછે છે :

अपि वनान्तरमल्पकुचान्तरा श्रयति पर्वत पर्वसु संनता ।
इदमनङ्गपरिग्रहमङ्गना पृथुनितम्ब नितम्बवती तव ।।

અહીં પ્રયત્નપૂર્વક યમક અને અનુપ્રાસ અલંકારો યોજાયા છે એમાં કાંઈ શંકા નથી. તો મયૂરને અને હાથીને પુછાએલા પ્રશ્નો જોઈએ :

नीलकण्ठ ममोत्कण्ठा वनेऽस्मिन्वनिता त्वया ।
दीर्घापाङ्गा सितापाङ्ग दृष्टा दृष्टिक्षमा भवेत् ।
मदकलयुवतिशशिकला गजयूथप यूथिकाशबलकेशी ।
स्थिरयौवना स्थिता ते दूरालोके सुखालोका ।।

આ બધામાં, કાલિદાસનું ભાષા પરનું પ્રભુત્વ સ્વીકારવા છતાં ય, એમ તો લાગે જ છે કે વર્ણોનું પુનરાવર્તન સ્વાભાવિક—spontaneous નથી. એથી પણ આગળ—

सर्वक्षितिभृतां नाथ दृष्टा सर्वाङ्गसुन्दरी ।
रामा रम्ये वनोद्देशे मया विरहिता त्वया ।।

એમાં सर्वक्षितिभृतां नाथमांનો શ્લેષ, તેમ જ मया विरहिता त्वयाમાં જે યુક્તિપૂર્વક શબ્દોની ગોઠવણી થઈ છે તે સંવેદનની સાથોસાથ આવી હોય, એવું માની શકાતું નથી.' પરિણામે, 'નાના ઊર્મિકાવ્ય ' ગણાતા આ ચોથા અંકની અંદર સંવેદનની સચ્ચાઈ પ્રકટતી નથી. વિપ્રલંભશૃંગારને ઉચિત કોમળ મધુર પદાવલિ અને માધુર્યગુણ હોવા છતાં પણ ઊર્મિની ગહનતા અહીં વ્યક્ત થતી નથી. જ્યારે શાકુન્તલના ચોથા અંકના વિખ્યાત શ્લોકચતુષ્ટયમાં શબ્દોની આવી ભભક ન હોવા છતાં એ શ્લોકો અમર બની ગયા એનું કારણ એમાં વ્યક્ત થતું ઊંડું સંવેદન છે.

માલવિકાગ્નિમિત્ર અને વિક્રમોર્વશીય હૃદયસ્પર્શી નથી થઈ શક્યાં એનું કારણ એ પણ છે કે આ નાટકોમાં નાયક-નાયિકાઓનાં આલેખનમાં કાલિદાસ કામશાસ્ત્રને ચુસ્તપણે અનુસરે છે. કામશાસ્ત્રમાં, અને એને અનુસરતાં નાટ્યગ્રંથોનાં નાનકન્નાયિકા વિષેનાં પ્રકરણોમાં નાયક-નાયિકાનો સ્વભાવ, દેખાવ, જુદા જુદા સંજોગોમાં એમના હાવભાવ અને વર્તણૂક વિષે એવું વિગતવાર વર્ણન આપ્યું છે કે એને જો કવિ અનુસરે તો ભાગ્યે જ પોતાની રીતે પાત્રાલેખન કરી શકે. માલવિકા મુગ્ધા નાયિકા છે, પ્રણયની રીતથી અજાણ છે, શરમાળ છે, આમ મુગ્ધા નાયિકાના લક્ષણથી એને યુક્ત કરતાં કાલિદાસે એને લગભગ પૂતળીના જેવી નિષ્ક્રિય બનાવી છે. ધારિણી ધીરા નાયિકા છે. ધીરા નાયિકા પતિનું બીજે આસક્ત થએલું મન પારખી જઈ તેને ટોણા મારે છે. જ્યારે અધીરા નાયિકા આવે વખતે ક્રોધિત થઈ મારી પણ બેસે છે. ઇરાવતી રાજાને માલવિકા સાથે જોતાં અને એનું પોતાના પ્રત્યેનું ઉપરછલ્લું દાક્ષિણ્ય જોતાં રાજાને કટિમેખલા મારી બેસે છે એની પાછળ પણ કામશાસ્ત્રનો નિયમ જ કામ કરી રહ્યો છે. ઔશિનરીની સ્થિતિ પણ ધારિણી જેવી જ છે. વળી બંને નાટકોમાં નાયક દાક્ષિણ્ય જાળવ્યાં કરતો હોય છે તે પણ કામશાસ્ત્રમાં નાયકનું વર્ણન આવે છે તેની સાથે સુસંગત જ છે. શાકુન્તલમાં પ્રથમ ત્રણ અંકોમાં શકુન્તલાને મુગ્ધા નાયિકા આલેખી છે પણ પછીના અંકોમાં કવિનું સંવેદન એવુ પ્રબળ બની ગયું છે કે કવિ નાટ્યશાસ્ત્ર કે કામશાસ્ત્રની મર્યાદાઓ પાળી શકતા નથી. દુષ્યન્તના પાત્રાલેખનમાં પણ, પ્રારંભમાં અને છઠ્ઠા અંકમાં કામશાસ્ત્રની છાપ વર્તાય છે પણ પછી કવિ એને પોતાની રીતે જ આલેખે છે.

આમ આપણે કહી શકીએ કે કાલિદાસની પ્રતિભામાં જ્યાં સંવેદન ભળ્યું છે તે કૃતિ શાકુંતલ–નો રસ, એને સ્થળ, કાળથી પર કરી, અમર બનાવે છે.

માલવિકાગ્નિમિત્ર અને વિક્રમોર્વશીયના સર્જનમાં આપણે માત્ર કાલિદાસને જવાબદાર લેખવાના નથી. આપણા પ્રાચીન સાહિત્યાચાર્યોએ કવિના સંવેદન ઉપર જોઈતો ભાર મૂકયો નથી. જે આચાર્યોએ પ્રેક્ષકોની રસાનુભૂતિને સ્પષ્ટ રીતે સમજાવી છે, તે જ આચાર્યો કવિની અનુભૂતિ પર ભાર મૂકવાનું કેમ ભૂલી ગયા તે આશ્ચર્યજનક છે. પણ નાટકમાં અંક, વૃત્ત, પાત્રો, સંધિ, સંધ્યઙ્ગો વગેરે, પર, તેમ જ કાવ્યમાં દોષ, ગુણ, અલંકારો વગેરે પર ફરી ફરીને ભારપૂર્વક એટલું બધું કહેવામાં આવ્યું છે કે કવિઓએ પણ ઊર્મિ કે અનુભૂતિને ગૌણ ગણી આ બધી વાતો પર ધ્યાન કેન્દ્રિત કરી દીધું છે. વિવેચન સાહિત્યનું પથપ્રદર્શક છે અને જ્યાં વિવેચકો જ કાંઈક ચૂકયા છે, ત્યાં કવિને આપણે કેટલો દોષ દઈ શકીએ ?



અમદાવાદનો અકબરના સમયનો શિલાલેખ

અમદાવાદનો શહેનશાહ અકબરના સમયનો શિલાલેખ

હરિલાલ ગૌદાની અને મધુસૂદન ઢાંકી

અમદાવાદમાં સરસપુર–રખિયાલ વિસ્તારમાં આવેલ નીલકંઠ મહાદેવના સંવત્ ૧૬૪૧ના ગુજરાતી શિલાલેખની વાચના અહીં મૂળ લેખની તસ્વીર સાથે રજૂ કરીએ છીએ. લેખમાં કેટલાક ન બેસી શકેલ અક્ષરો બેસાડવામાં એ તસ્વીર કદાચ ખપ લાગશે. લેખમાં કુલ ૧૪ પંક્તિઓ કોતરેલી છે. એક વધારાની અર્ધી પંક્તિ જમણી બાજુના હાંસિયામાં જગ્યાના અભાવે કોતરી છે. એટલો ભાગ સુવાચ્ય હોવા છતાં એનો અર્થ દુર્બોધ જણાય છે.

લેખ નીલકંઠ મહાદેવના જિર્ણોદ્ધાર-કર્તાઓએ કરાવેલ છે. લેખનો સારાંશ એ છે કે બાદશાહ અકબરના રાજ્યકાળમાં વજીર રાજા ટોડરમલના સમયમાં (અમદાવાદમાં) રખિયાલમાં આવેલ નીલકંઠ મહાદેવના પ્રાસાદનો જિર્ણોદ્ધાર કાજી ગઝફર તથા કાસિમ, હાજી હવાલુ ખાનખાના તેમ જ રાયમલજી, સારણજી, ઝાંઝણજી અને પટેલ તલાટી સહિત ગામલોકોની હાજરીમાં રામી કુટુમ્બે કરાવી પ્રાસાદ પર કળશ ચઢાવ્યો. લેખમાં માલી રામી આણંદનો પરિવાર—એની ભાર્યા, સાત પુત્ર-પુત્રીઓ તેમ જ એક દીકરા લહૂઆની સ્ત્રી લીલાદે, એનો છોકરો તેમ જ એ (બાઈના) મહિલપુરાના પિયરિયાનાં નામ આપવામાં આવ્યાં છે. પટેલ દેવસી(ના દીકરા?)નું નામ પણ છે. ૧૨મી પંક્તિમાં સાલ તથા તિથિ વાર આપ્યાં છે. ૧૩મી તથા ૧૪મી પંક્તિ અનુસાર લેખ ત્રવાડી મેવા માપાના......દીકરા સારિંગધરે લખ્યો; જ્યારે લેખ કોતરનાર સૂત્રધાર ભમજી (ભીમજી?) લાગે છે.

લેખનો મુસદ્દો ઘડનાર (સારંગપુરનિવાસી સારિંગધર (સારંગધર) તેમ જ કોતરનાર સૂત્રધાર ભમજીની ભાષા અને વ્યાકરણનાં ઠેકાણાં નથી, 'નું'નો અનુસ્વાર બે જગ્યાએ નથી. 'પ્રાસાદ'ને બદલે બધે જ 'પ્રસાદ' લખ્યું છે. 'ગુજરાત'માં પહેલા અક્ષરની જોડણી દીર્ઘ કરી છે. 'કલશ'માં મૂર્ધન્ય 'શ'ને સ્થાને દંત્ય 'સ' કર્યો છે. 'પરિવાર' શબ્દને નાન્યતર જાતિમાં ઘટાવ્યો છે. 'સન્નિધી'ને બદલે 'સાન્નિધી,' 'લિખિત'ને બદલે 'લાખિત' અને 'બ્રહ્મા'ને બદલે 'બ્રમા' કોતર્યું છે. સાલની વિગતમાં 'સુદી'ને બદલે 'શુદિ' રૂપ કર્યું છે. 'પ્રાસાદ કરાવ્યો'ને બદલે કોતરેલ 'પ્રસાદ કરાવુ'ને અશુદ્ધિ ગણવી કે મુસલમાની ઉચ્ચારણનો પ્રભાવ માનવો? રાજા ટોડરમલ જેવા મહત્ત્વના નામને દુર્ભાગ્યે 'ટોમમલે' કરી નાખ્યું છે. 'પાંદશાહ' કે 'બાદશાહ'ને બદલે 'પાતશાહા' અને 'અકબરશાહ'ને બદલે 'અકબરશાહા' એ યુગના ગુજરાતી ઉચ્ચારણની લાક્ષણિકતા તરીકે ઘટાવી શકાય. બે સ્થાને 'ભાર્યા'ને બદલે કરેલી 'ભાર્યો' જોડણીમાં અમદાવાદી પહોળા ઉચ્ચાર કરવાની રીત તો કારણભૂત નહીં હોય? ''માંકાની 'બેરી' બાઈ સોનાઈ''માં 'બેરી' શબ્દ 'બૈરી'નો અશુદ્ધ હોય તો તે 'ભાર્યા'ને બદલે વાપરેલ તળપદો શબ્દ હોઈ એ વાત મહત્ત્વની ગણાય. નવમી પંક્તિમાં 'નીલકંઠનો પ્રાસાદ પોતાના દોકડા ખરચી'ને બદલે 'નીલકંઠુ મ પ્રસાદ પાતિથી દોકમા ખરચી' જેવું ગોટાળાયુક્ત લખાણ જોવા મળે છે. 'વાસ્તવ્ય',

'શ્રીરસ્તુ' જેવા શબ્દો બાદ કરીએ તો લેખની ભાષા એ યુગને અનુરૂપ એવી ઓછા ક્રિયાપદવાળી, અધુરા કથનવાળી, ગરબડિયા, ગામઠી બ્રાહ્મણની દફતરી ભાષાનો નમૂનો પૂરો પાડે છે. *

વર્ણાક્ષરોમાં જોઈએ તો નાગરી अ ને બદલે પ્રાચીન अ રૂપ અને નાગરી लને બદલે ગુજરાતી લનો પ્રયોગ કર્યો છે.

લેખના આરંભમાં નીલકંઠ મહાદેવનું બતાવેલું સ્થાન "રિખીઆલિ" તે હાલનું સરસપુરનું રખિયાલ છે તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય. બીજી પંક્તિમાં 'અકબર' પછી આવતો શબ્દ 'હમાલૂનૂ' તે 'જલાલુદ્દિન'નું ભ્રષ્ટ રૂપ હશે ?

ગુજરાતના પાટનગર અમદાવાદમાં આ લેખ હોઈ અમદાવાદના ઇતિહાસ માટે એનું મહત્ત્વ તો છે જ, પણ સાલવાળા આ લેખમાં સીધી રીતે અકબર તથા (અશુદ્ધ જોડણી હોવા છતાંયે) ટોડરમલનું નામ આવતું હોઈ એને સમગ્ર ગુજરાતના સલ્તનત કાળ પછીના મુગલયુગના ઇતિહાસ માટે મૂલ્યવાન ખતપત્રરૂપે માનવામાં હરકત જેવું નથી.

१. श्री गणेशाय नमः ॥ श्री नीलकंठनु प्रसाद रिखीआलि माहिः ॥ गूजरात माहि पात–
२. शाहा श्री श्री श्री श्री श्री श्री श्री अकबर शाहा हमालूनू राजः वजीर राजा टोम–
३. मल कादी गजफर तथा काशिम कादी हवालु खान खाना तथा राजा बुही अला रा–
४. यमलजी तथा सारणजी तथा भांभणजी जण ३ समस्त पटल तलाटी गाम लोक सा–
५. निधि माली रामी आणंदनु परिवार तेनी भार्यो बाई अपालू पुत्र समस्त रामी
६. सीमा रामी भाकू रामी रमा रामी भाण रामी लहूआ रामी थाईआ रामी
७. तेजपाल ए समस्तनी पो (षा मा ?) रखीआलि वास्तव्यं रामी लहूआनी भार्यो बा–
८. ई लीलादे रामी मांका तथा रामी बना लहूआ ऐ जण २ बाई लीलादे सुत बना
९. महादेव नीलकंठु म प्रसाद पोतिथी दोक (मा ?) नीलकंठ प्रसाद उपरि क–
१०. लस वमाव्युः पीहरनू नाम १ महिबपुरा वास्तव्यं माली रामी थावर सु (त ?) मांकानी बे–
११. री बाई सोनाई माता बाई साणी रामी बना प्रसाद करावु श्रीरस्तु देहरानु (कमावितुं) की
१२. धी ते पटल देवसी सु (ट ? त ?) (भा ? ना ?) करः ॥ संवत १६४१ वर्षे माघ शुदि १२ सोमेः ॥ सारिंगपुर वा–
१३. स्तव्यं त्रवाडी मेवा मापा (: ?) कताउआगोना सुत सारिंगधर लखितंः ॥ सूत्रधार भमजी
१४. (कुष्षा ?) राजपुरी दुदिनी पोलि माहि घरः ॥ श्री ब्रमा श्री विष्नू श्रीरुद्रा सूर्यः चंद्रमा तपि ताहा लगण
१५. (रामा प्याइमि असाबाबजी पितेपूर ?)

---

* પોરબંદરના વિ. સં. ૧૬૬૧ના શાંતિનાથ જિનાલયના ગુજરાતી લેખની ભાષા આની સાથે સરખાવી જોવા જેવી છે. (જુઓ શાહ શ્રી ત્રિભોવનદાસ ઓધવજી; વોરા શ્રી મણિભાઈ; અને ઢાંકી શ્રી મધુસૂદન; 'પોરબંદરના શાંતિનાથ જિનાલયના બે શિલાલેખો', શ્રી ફોર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, એપ્રિલ-જૂન ૧૯૬૫, પૃ. ૧૭૨-૭૬.

સિદ્ધપુરનાં સ્થળનામો*

સુરેશચંદ્ર કનૈયાલાલ દવે

કોઈ પણ નગરની સ્થાપના થયા પછી તે નગરના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપનારા ઘણા પ્રસંગો બન્યા હોય છે. અનેક વ્યક્તિવિશેષોએ પોતાની શક્તિ અને લાક્ષણિક વ્યક્તિત્વ દ્વારા શહેરને સમૃદ્ધ બનાવવામાં ફાળો આપ્યો હોય છે. આ બધાને અમરતા બક્ષવાના હેતુથી જે તે પ્રસંગસ્થળો, નગરના રસ્તાઓ, મહોલ્લા, પોળો વ.ને તેઓના નામથી ઓળખવામાં આવે છે. જે જગ્યાએ નગર વસ્યું હોય ત્યાંની ભૌગોલિક રચના, ભૂપૃષ્ઠની વિશિષ્ટતા, વનસ્પતિનું વૈવિધ્ય, નદી અને અન્ય જળાશયોનું મહત્ત્વ, દેશના અને પ્રાન્તના ધોરી માર્ગ સાથે તે સ્થળનું જોડાણ અને સંબંધો અને તેને લઈને ત્યાં બનેલા ઐતિહાસિક પ્રસંગો પણ નગરનાં સ્થળનામો અંકિત કરવામાં કારણભૂત હોય છે. આમ કોઈ પણ નગરનાં સ્થળનામોનો અભ્યાસ તે નગરના ભૂપૃષ્ઠથી માંડી તેના સામાજિક, રાજકીય અને ધાર્મિક જીવનની સારી એવી ઝાંખી કરાવે છે અને સાથે સાથે તે નગરનો તે સમયના જનપ્રદેશ સાથે કેવો સંબંધ હતો તેનો પણ પરિચય કરાવે છે.

ગુજરાતનાં મધ્યકાલીન નગરોમાં સિદ્ધપુર વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ૨૩.૫૦ ઉ. અક્ષાંસ અને ૭૩.પૂ.રે. ઉપર આવેલું આ નગર પ્રાચી સરસ્વતીના ઉપરવાસમાં લંબચોરસ વિસ્તારમાં ઠીક ઠીક વિસ્તરીને વસેલું છે. આજથી લગભગ ૧૦૦ થી ૧૫૦ વર્ષ પહેલાં તેનો મોટો ભાગ દક્ષિણ પૂર્વ (અગ્નિ)માં વધુ વિસ્તરેલો હતો અને પાછળથી તે ઉત્તર પશ્ચિમ (વાયવ્ય) તરફ વિકસતું રહ્યું છે. આ નદીકાંઠે ભેખડો ઉપર વસેલું કિનારાનું ગામ છે. આને કારણે નદીકિનારાથી બે એક ફર્લાંગ સુધીનો ભાગ ચઢાણવાળા ઢાળનો છે. ઢાળ પૂરો કર્યા પછી પણ ભેખડોને કારણે તેની સપાટી સમતલ નથી. આમ આજે આ નગરના દક્ષિણ પૂર્વ વિભાગો નીચાણમાં, મધ્ય ભાગ ઊંચાઈએ તથા પશ્ચિમ ભાગ તથા કાંઈક અંશે ઉત્તર ભાગ સમતલ છે. સિદ્ધપુરની સમુદ્રતળથી ઊંચાઈ (M.S.L.) ૪૩૬ ફૂટ છે. આ નગરનો પશ્ચિમ વિભાગ સપાટીની સમતલતાથી એક આયોજિત નગર વિભાગ બન્યો છે અને સારો એવો વિકાસ પામ્યો છે. ત્યાં આજે ધનિક વહોરાઓના મહોલ્લા, શહેરની કચેરીઓ, સ્ટેશન, કૉલેજ, હાઈસ્કૂલો વગેરે છે. આ શહેરની આબોહવા બન્ને ઋતુઓમાં વિષમ હોય છે. ઉનાળાનું ઉષ્ણતામાન ૧૧૦° ફે. અને શિયાળામાં ૭૦° ફે.થી પણ ઓછું થઈ જાય છે. વરસાદ ઘણો જ ઓછો ૧૫ થી ૨૦ ઇંચ જેટલો પડે છે.

આ મધ્યકાલીન નગરને પ્રાચીનતા અર્પવા માટે પૌરાણિક કથાઓનો આશ્રય લેવામાં આવ્યો છે. આ કથા પ્રમાણે સમુદ્રમંથન સમયે બહાર આવેલાં લક્ષ્મીજીએ વિષ્ણુનું પાણિગ્રહણ કર્યા બાદ આ સ્થળનું સૌંદર્ય જોઈ ત્યાં જ રહેવાની પોતાની ઇચ્છા વિષ્ણુ આગળ પ્રકટ કરી. આથી વિષ્ણુએ તેમને માટે જે નગર બાંધ્યું તે જ આ શ્રીસ્થળ. આ નગરનો સૌથી પ્રાચીન

---

* ગુજરાત સ્થળનામસંસદના આશ્રયે તા. ૪-૭-'૬૬ના રોજ પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરામાં આપેલું વ્યાખ્યાન.

ઉલ્લેખ સ્કંદપુરાણના પ્રભાસખંડમાંથી મળે છે. તેમાં ગંગાદ્વાર, પ્રયાગ, કુરુ જાંગલ, પ્રભાસ અને શ્રીસ્થળ વ. તીર્થોમાં સ્નાન અને પિંડદાન કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે તેમ જણાવ્યું છે.[૧] સ્કંદપુરાણનો રચનાકાળ સંદિગ્ધ હોઈ, તેના ભાગો સત્તરમી સદીમાં લખાયેલા હોઈ તે પરથી કાળનિર્ણય કરવો મુશ્કેલ છે. ભારતમાં શ્રીસ્થળ ઉપરાંત શ્રીસ્થાન, શ્રીમાળ વ. નગરો અસ્તિત્વ ધરાવતાં હતાં. એટલે સ્કંદપુરાણનો ઉલ્લેખ તે કોઈ અંગે પણ હોઈ શકે એવું માની શકાય. તેમાંનું શ્રીમાળ તો ખૂબ જાણીતું છે અને શ્રીસ્થાન થાણા પાસે આવેલું હતું.[૨] સ્કંદપુરાણમાં વર્ણવેલ શ્રીસ્થળ પાસે થઈને સરસ્વતીનો જે પ્રવાહ વહે છે તે શ્રીમાળ કે શ્રીસ્થાન પાસે વહેતો નથી. એટલે સ્કંદપુરાણમાંનું શ્રીસ્થળ સિદ્ધપુર માટે જ હોવું જોઈએ એમ લાગે છે. આલ્બેરૂનીએ પોતાની નોંધપોથીમાં આ નગર લંકાથી સમાન્તર રેખામાં આવેલું જાણીતું પૌરાણિક નગર હોવાનું જણાવ્યું છે.[૩] ડૉ. આર. એન. મહેતા એવું અનુમાને છે કે આલ્બેરૂનીએ શ્રીસ્થળ—સિદ્ધપુર માટે કાંઈ વિશેષ નોંધ્યું નથી તેથી તેણે સૂચવેલું શ્રીસ્થળ શ્રીમાળ હોવાની વધુ સંભાવના છે. શ્રીમાળ માટેની તેની વિશિષ્ટ નોંધો જાણીતી છે જ. મૂળરાજના સંવત ૧૦૪૩ના દાનપત્રમાંથી આનો પ્રથમ વિશ્વસનીય ઉલ્લેખ મળી આવ્યો છે.[૪] જૈન ગ્રંથ 'પિંડ નિર્યુક્તિ' ઉપર મલયગિરિ નામના સાધુએ બારમી સદીમાં ટીકા રચી હતી તેમાં શ્રીસ્થલક નામનો ઉલ્લેખ છે.[૫] આ શ્રીસ્થલક શ્રીસ્થળ—સિદ્ધપુર માટે જ વપરાયાનું ડૉ. સાંડેસરા પણ અનુમાને છે.[૬] આચાર્ય હેમચંદ્રે પણ પોતાના દ્વયાશ્રય મહાકાવ્યમાં[૭] શ્રીસ્થળ પ્રાચીન સરસ્વતીને તીરે હોવાનું જણાવ્યું છે, પણ તેના ટીકાકાર અભયતિલકગણીએ શ્રીસ્થળને સિદ્ધપુર તરીકે ઓળખાવ્યું છે. આ ટીકાની રચના તેરમા ચૌદમા સૈકામાં થઈ હોવાનું મનાયું છે, એટલે તે સમયે આ સ્થળ શ્રીસ્થળ તરીકે જાણીતું હતું એમ ચોક્કસ કહી શકાય.[૮] મોહરાજ પરાજય, પ્રબંધ ચિન્તામણિ વગેરે જાણીતા ગ્રંથોમાં શ્રીસ્થળનાં સુન્દર વર્ણનો મળી આવે છે. તેમાંયે પ્રબન્ધચિન્તામણિકાર તો શ્રીસ્થળને શ્રીનગર તરીકે બિરદાવે છે. રાસમાળામાં જણાવ્યા પ્રમાણે શ્રીસ્થળને સિદ્ધપુર નામ સિદ્ધરાજના સમયમાં આપવામાં આવ્યું. સંવત્ ૧૬૫૨માં રચાયેલ 'હીરસૌભાગ્ય' કાવ્યમાં,[૯] ભાલણના દશમ સ્કંધમાં,[૧૦] હરિલીલા ષોડશકલામાં,[૧૧] અને ઇન્દુદૂત કાવ્યમાં[૧૨] પણ આ શહેરના ઉલ્લેખો

૧ સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અધ્યાય ૨૩

૨ શ્રી. હરિવલ્લભ ચૂ. ભાયાણી, 'શોધ અને સ્વાધ્યાય', પા. ૪૬૯

૩ આલ્બેરૂનીઝ ઇન્ડિયા (શ્રી. સચાઉનું ભાષાન્તર), પા. ૨૯૭-૭૮; ૩૦૩-૪

૪ શ્રી. દુ. કે. શાસ્ત્રી, 'ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો', ભા. ૨, પા. ૯

૫ પિંડનિર્યુક્તિ ભાષ્ય, પૃ. ૩૩, મલયગિરિની ટીકા

૬ ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, જૈન આગમ સાહિત્યમાં ગુજરાત, પૃ. ૧૮૧

૭ દ્વયાશ્રય મહાકાવ્ય, ૬.૧૦૭

૮ એજન, ૧૨.૫ની ટીકા

૯ હીરસૌભાગ્ય કાવ્ય, ૧૨.૨૪

૧૦ ભાલણ, દશમ સ્કંધ, પા. ૩૯૨

૧૧ હરિલીલા ષોડશકલા, સ. ૧૦, પા. ૫૩

૧૨ ઇન્દુદૂત કાવ્ય, શ્લોક ૬૪

મળી આવે છે. હાલના રુદ્રમહાલયના ભગ્નાવશેષમાં મસ્જિદવાળા ભાગમાં જતાં ડાબી બાજુએ આરસ ઉપર કોતરેલો ફારસીમાં લખાયેલો શિલાલેખ છે. તેમાં હિ. સં. ૧૦૫૫, સં. ૧૭૦૨ (ઈ. સ. ૧૬૪૫)માં ઔરંગઝેબના સમયમાં અલી અસ્કરી અદાલી સાહેબે ખરીદવેચાણની સુવિધા માટે 'આદિલગંજ' સિદ્ધપુરમાં બંધાવ્યો હોવાનું જણાવ્યું છે. આજે આ આદિલગંજ સિદ્ધપુરમાં અસ્તિત્વ ધરાવતો નથી. ઉપરનાં ઉલ્લેખો સ્પષ્ટ દર્શાવે છે કે અગિયારમી સદીથી શ્રીસ્થળ તરીકે આ નગર જાણીતું હશે. હાલના સિદ્ધપુરમાંથી આ સમયની કોઈ પ્રાચીન વસ્તુઓ મળી આવતી નથી એ હકીકત હોવા છતાં શ્રીસ્થળ તરીકે કોઈ બીજા નગરનો ઉલ્લેખ મળ્યો નહીં હોવાથી તે પ્રાચીન સિદ્ધપુર માટે જ વપરાયું હશે એમ અનુમાનું છું. મૂળરાજ પછી વૃદ્ધિ પામેલું આ સ્થાન સિદ્ધપુર તરીકે જાણીતું હતું તે નિર્વિવાદ છે.

બીજાં પ્રાચીન નગરોની માફક આ શહેરે પણ અનેક ચડતીપડતી જોઈ છે. આ શહેરને હાલ કોટ નથી પણ પ્રાચીન કાળમાં તેને કોટ હોવાની થોડીક શકયતાઓ તેના ઉત્તરભાગમાં આવેલા સો-બસો વર્ષ જૂના કોટના અવશેષો ઉપરથી લાગે છે. આ કોટના અવશેષોમાં તેનો એક દરવાજો પણ મોજૂદ છે, જે પસવાદળની પોળના નામે ઓળખાય છે. આ દરવાજેથી પસવાદળ નામના ગામ જવાય છે એટલે તેનું નામ સ્પષ્ટ થાય છે. આ ગામનુ નામ પસવાદળ હોવાનું કારણ શોધતાં કોઈ વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી, પણ આ ગામ બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાની સરહદ ઉપર આવેલું હોઈ જૂના વખતમાં ધાન્ધાર પ્રદેશના ઢોર વડોદરા રાજ્યમાં વેચવા માટે ત્યાં લાવવામાં આવતા અને ત્યાં ઢોર બજાર જેવું હતું. વાદળ એટલે વાદર કે વદર હોય, જેનો અર્થ નાનું ગામ એવો થાય છે. તે ભરવાડોનો નેસ કે પશુપાલકોનું સ્થાન હોઈ શકે. વળી વદર પદ્ર શબ્દમાંથી પદ્ર > વદ્ર > વદર એ રીતે ઊતરી આવ્યો હોઈ શકે. ત્યાંના વૃદ્ધો તો નામાભિધાન માટે જણાવે છે કે વર્ષાઋતુનાં વાદળોની માફક ત્યાં પશુઓનાં વાદળ હંમેશાં દેખાતાં તેથી પશુવાદળ-પશવાદળ તરીકે તે ગામ જાણીતું થયું. તે દરવાજાનું નામ સિદ્ધપુર સુધરાઈએ મૂકેલી તકતીમાં પણ પશુવાદળ છે જે આને કાંઈક ટેકો આપે છે.

નદી પાસે જમચકલા પાસે આવેલી વચલી વહોરવાડમાં કોટનો મહોલ્લો નામનો મહોલ્લો છે. કોટના ખાસ અવશેષો અહીં જોવા મળતા નથી, ફકત વચલી વહોરવાડ બન્ને બાજુએથી બંધ થઈ શકે તેવા મોટા દરવાજાવાળી છે. કોટનો મહોલ્લો કોટની રાંગમાં વસેલો મહોલ્લો હશે એવું જણાય છે એટલે પહેલાં કોટ હોવાની થોડીક શકયતાઓ જણાય છે.

આ નગરમાં મુખ્ય વસ્તી બ્રાહ્મણો અને વહોરાઓની છે. શહેરના કેટલાક મહોલ્લાઓનાં નામો પણ આ બન્ને કોમોની કેટલીક વિશિષ્ટતાઓ, ધાર્મિક અને સામાજિક બાબતો વગેરેનો આછો ખ્યાલ આપે છે. પૌરાણિક આખ્યાયિકાઓ, જ્ઞાતિ-ઇતિહાસો, ઐતિહાસિક વિધાનો અને લોકપરંપરાથી ચાલતી આવતી કિંવદંતીઓને લક્ષ્યમાં લઈ આ નગરનાં સ્થળનામોનો પરિચય કરાવવાનો નમ્ર પ્રયાસ અત્રે કર્યો છે.

સિદ્ધપુરની વિશેષ ખ્યાતિ ત્યાંના ઇતિહાસપ્રસિદ્ધ રુદ્રમહાલયને કારણે તથા આ માતૃતીર્થ હોવાને કારણે છે. સિદ્ધપુર માતૃતીર્થ કયારથી બન્યું.તે અંગેના સ્પષ્ટ પૌરાણિક અથવા ઐતિહાસિક ઉલ્લેખો પ્રાપ્ત થતા નથી. અહીંના વિદ્વાનો તો તેને સાંખ્યશાસ્ત્રના પુરસ્કર્તા કપિલ મુનિથી આની

શરૂઆત થયાની વાત જણાવે છે જે યોગ્ય લાગતું નથી. પુષ્ટિમાર્ગના પ્રણેતા શ્રીમદ્ વલ્લભાચાર્ય સિદ્ધપુર આવ્યા ત્યારે તેમણે અહીં માતૃશ્રાદ્ધ કરેલું એટલે સોળમી સદીમાં સિદ્ધપુર માતૃતીર્થ હતું તેમ સ્પષ્ટ થાય છે. આજે તો દર વર્ષે હજારો શ્રદ્ધાળુ હિન્દુ યાત્રિકો માતૃઋણમાંથી મુક્ત થવા માટે સિદ્ધપુર આવી નદી ઉપર તર્પણ કરી, બિન્દુ સરોવર પર માતૃશ્રાદ્ધ દ્વારા કૃતકૃત્યતા અનુભવે છે. અહીંની સરસ્વતી નદી પ્રાચી સરસ્વતી તરીકે જાણીતી છે. આ સરસ્વતી મૂળ વૈદિક સરસ્વતીનો જ પ્રવાહ છે એવું પૌરાણિક ઉલ્લેખોના આધારે માનવામાં આવે છે. સ્કંદપુરાણમાંની વાર્તા પ્રમાણે પ્લક્ષ પ્રસવણમાંથી નીકળી આ નદી પ્રભાસ પાસે સમુદ્રને મળે છે. વડવાનલને પોતાના પ્રવાહમાં લઈ જતી વખતે તેના ત્રાસમાંથી મુક્તિ મેળવવા માટે તે પોતાની ભગિની નદીઓ ગંગા અને યમુનાનું સ્મરણ પૂર્વમાં મોઢું રાખી વચ્ચે વચ્ચે કરી લેતી તેથી તે પ્રાચી સરસ્વતી બની. છઠ્ઠા સૈકાના મનાતા બૃહત્કલ્પસૂત્રમાં તેનો ઉલ્લેખ છે. તેની ટીકામાં સ્પષ્ટ જણાવ્યું છે કે આનંદપુરના લોકો પ્રાચી-પ્રાચીન સરસ્વતીના તીરે ઉજાણી માટે જતા હતા.[૧] એટલે છઠ્ઠા સૈકાથી આ નદી પ્રાચી સરસ્વતી તરીકે જાણીતી હતી. ત્યારપછીના બીજા અનેક ગ્રંથોમાં પણ તેનો તેવો ઉલ્લેખ મળે જ છે. આજે તો તેનો પ્રવાહ પશ્ચિમમાંથી પૂર્વમાં ફક્ત ૨૫–૩૦ ફૂટ સુધી જ વહેતો જણાય છે. મધ્યકાળમાં તો આ નદી તટે અનેક તીર્થો હોવાની માન્યતા છે. તે બધાં તીર્થોનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ વર્ણવતો ગ્રંથ સરસ્વતીપુરાણ ઉપરાન્ત શ્રીસ્થળમાહાત્મ્ય, શ્રીસ્થળપુરાણ, ઔદીચ્યપ્રકાશ, વહોરા કોમના જ્ઞાતિગ્રંથ બોસ્તાને દાઉદી તથા અન્ય ગ્રંથો અને અનેક વિદ્વાનોએ કરેલાં સંશોધનોને આધારભૂત ગણી અહીંના સામાજિક કાર્યકરો અને વડીલો પાસેથી પ્રચલિત કિંવદન્તીઓની નોંધ લઈ અહીંનાં સ્થળનામોનો પરિચય કરાવ્યો છે. રુદ્રમહાલય અને બિન્દુ સરોવર ઉપર વિદ્વાનોએ ઘણું જ સંશોધન કર્યું હોઈ, હાલમાં તે સંબંધી વિશેષ નવીન પ્રાપ્ત થયું નથી. તેથી તેમનાં સંશોધનોને આધારભૂત ગણી તે બન્ને સ્થળોનો પરિચય કરાવ્યો છે.

સિદ્ધપુરમાં મહોલ્લાઓ, પોળ, ઓળ, પાડા, વાડા કે મહાડ તરીકે ઓળખાય છે. પ્રાચીન ગુજરાતની અને રાજસ્થાનની ભાષામાં દરવાજાને બદલે **'પોલિ'** (સં. प्रतोलि પરથી) શબ્દ વપરાતો. આજે મેવાડ અને મારવાડમાં એ શબ્દ તે અર્થમાં હજુ પણ પ્રચલિત છે, પણ ગુજરાતમાં તે મહોલ્લાઓનાં નામમાં રૂપાન્તર પામ્યો છે. મહોલ્લાઓને પણ દરવાજો હોય છે તે ઉપરથી તેનું રૂપાન્તર થયું હોય એ સ્વાભાવિક લાગે છે. એટલે મહોલ્લાઓને પોલિ–પોલઇ–પોળ અને ઓળઈ–ઓળ એ આવલિ = હારમાળા અથવા હારબંધ વસતી પોળ માટે વપરાય છે. વાડો અને પાડો સં. पाटकः—(વાડઓ, વાડઉ, વાડો અને પાડઓ, પાડા) ઉપરથી ઊતર્યા હોય તેવું સ્પષ્ટ લાગે છે. અહીં મહાડની વિશિષ્ટતા એ છે કે મહાડથી ઓળખાતા દરેક મહોલ્લાને નાકે કોઈ ને કોઈ દેવીનું સ્થાન છે. આ બાજુના પ્રદેશમાં કુટુંબોમાં ખાસ પ્રસંગોએ દેવી-સ્થાપન અને મગ વાવવામાં આવે છે તે પ્રસંગે જે બાજોઠ ઉપર તે સ્થાપન કરવામાં આવે છે તે મહાડ તરીકે ઓળખાય છે. આવો બાજોઠ ચારે બાજુએથી માંડવીની માફક લાકડાની પટ્ટીઓનો બનાવેલો હોય છે. આથી એમ લાગે છે કે દેવીપૂજા સાથે આ શબ્દ ખૂબ જોડાયેલો છે. વહોરા અને મુસ્લિમોના મહોલ્લાઓ તો મહોલ્લા નામથી જ ઓળખાય છે.

---

૧ જુઓ बृहत्कल्पसूत्र—तन्नियुक्ति-भाष्य-टीका, સંપાદક મુનિ પુણ્યવિજયજી, પા. ૩૩ અને ડૉ. ભોગીલાલ સાંડેસરા, જૈન આગમ સાહિત્યમાં ગુજરાત, પાન ૧૯.

આ નગરનાં સ્થળનામોને મુખ્યત્વે પાંચ કે છ વિભાગોમાં વહેંચી શકાય. જેમકે જુદી જુદી જ્ઞાતિઓ ઉપરથી, મંદિરો અને દેવસ્થાનો ઉપરથી, વ્યક્તિવિશેષો અને તેઓનાં કાર્યો ઉપરથી, સ્થળોની વિશેષતા, વૃક્ષો ઇત્યાદિ ઉપરથી. તો સૌ પ્રથમ આપણે વિશિષ્ટ સ્થળોનો વિચાર કરીએ.

ત્રણ ચાર રસ્તાઓ ભેગા થતા હોય તેવાં સ્થળો કે જ્યાં સામાન્ય રીતે ચોગાન જેવું હોય છે તે સ્થળ ચકલો કહેવાય છે. અહીં આવા ચાર ચકલાઓ છે, લુહાર ચકલો, અલવાનો ચકલો, જમચકલો અને નિશાળ ચકલો. લુહાર ચકલામાં તે સ્થળે લુહારોનાં મકાનો વિશેષ હોઈ નામ આજે પણ સાર્થ લાગે છે. અલવાનો ચકલો સ્થળની વિશેષતા દર્શાવે છે. સિદ્ધપુરમાં વહોરાઓની મોટી વસ્તી હોઈ ઉચ્ચારની દૃષ્ટિએ અલવો શબ્દ અલિયા વહોરા ઉપરથી આવ્યો હોવાનું લાગે છે, પણ વાસ્તવમાં સિદ્ધપુરમાં દાઉદી વહોરાઓની જ વસ્તી છે. અલિયા વહોરાનું કોઈ કુટુંબ અહીં રહેતું નથી. વળી આ આખો ય વિસ્તાર હિન્દુ વિસ્તાર છે એટલે તે તર્કબદ્ધ લાગતું નથી. છતાં અલવો વ્યક્તિ વિશેષ હોઈ શકે છે. અલ્લાઉદ્દીન, અલિભાઈ વ.ને અલવા તરીકે સંબોધવામાં આવે છે, તે પરથી આ નામ આવ્યું હોય. શ્રીસ્થળ પ્રકાશ વગેરે સ્થાનિક વર્ણન કરતા ગ્રંથોમાં સિદ્ધપુરમાં અલક્ષ્ય ગણેશ–અલર્ક ગણેશનું સ્થાન હોવાનું જણાવે છે. અલક્ષ્ય કે અલર્ક ઉપરથી અલવો કેવી રીતે બન્યો હશે તે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર માગી લે છે; પણ નજીકમાં જ કોઠારી-વાડા પાસે **અલકનાથ**ની કૂઈ નામનું સ્થળ આજે પણ મોજૂદ છે જે ઉપરથી તે વિસ્તારમાં ગણેશનું મંદિર હોવાનું લાગે છે. જો કે અલકનાથ નામ 'અહાલેક' શબ્દ પરથી પાછળ નાથ આવતું હોવાથી, કોઈ નાથપંથી બાવાના તે સ્થળમાં નિવાસસ્થાન ઉપરથી તેના નામ ઉપરથી ત્યાં કૂઈ અસ્તિત્વમાં આવી હોય એમ તર્ક કરતાં લાગે છે. અલખનાથના રહેઠાણ પાસેની કૂઈ તે અલખ કૂઈ. પણ સિદ્ધપુરમાં પાશુપતોનું જ સ્થાન હતું અને તેઓ પણ તેમના નામ પાછળ નાથ શબ્દ લગાડતા. એટલે ત્યાં કોઈ પાશુપત સંપ્રદાયના મહંત અલર્કના મંદિર પાસે રહેતા હોવાનું આજે ત્યાંના લોકો પણ જણાવે છે. અલર્ક—અલક્ષ્ય ગણેશની મહત્તા શ્રીસ્થળ-પ્રકાશમાં[1] વિસ્તારપૂર્વક ગાવામાં આવી છે. આ ગણેશની ઉત્પત્તિ માટે તેમાં જણાવ્યું છે કે શ્રીસ્થળના સર્વ લોકોની કામના પૂર્ણ કરવા પાર્વતીએ પ્રથમ સ્નાન કરી પોતાના અંગના મેલમાંથી નરાકૃતિ ગણેશ બનાવ્યા. શંકરે જીવનસૂક્ત અને સૃષ્ટિસૂક્ત ભણીને સ્પર્શ કરી સચેતન કર્યા અને શ્રીસ્થળના લોકોની સુખશાન્તિ માટે નગરમાં તેમની સ્થાપના કરી. આજે આ ગણેશનું મંદિર નથી પણ અલકનાથની કૂઈ નજીકમાં જ છે ત્યાં તે ભૂતકાળમાં હોવાની શક્યતા છે. સંવત્ ૧૫૪૧માં 'હરિલીલ ષોડશકલા'[2] નામનું અનુવાદ રૂપ ગુજરાતી કાવ્ય લખતાં ભાલણના શિષ્ય કવિ ભીમે પોતાના વતન સિદ્ધપુરનું વર્ણન કરતાં ત્યાં અલક્ષ્ય ગણેશનું મંદિર હોવાનું જણાવ્યું છે એટલે સોળમી સદી સુધી તો તે મંદિર હોવાની સંભાવના છે. જાણીતા ગોવિન્દ માધવના

---

૧ શ્રીસ્થળપ્રકાશ, પૂર્વાર્ધ, અધ્યાય ૨૩

૨ હરિલીલાષોડશકલા, સર્ગ-૧૫;

જુઓ : સિદ્ધક્ષેત્ર, માધવ, સરસ્વતી,
રૂદ્રદેવ, શ્રી કર્દમયતિ,
અલક્ષ્ય ગણેશ, ઇશ કેદાર,
ગોવિન્દ સ્વામી ભક્તિ સાધાર.

મંદિરમાં પેસતાં ડાબા હાથે ગણેશની અનન્ય પ્રતિમા પધરાવેલી છે અને તે પ્રાચીન મંદિરમાંથી લાવવામાં આવેલી કહેવાય છે. કદાચ આ મંદિર નાશ પામતાં તે પ્રતિમા ત્યાંથી લાવી પ્રતિષ્ઠિત કરાવી હોય, પણ તેવો કોઈ ઐતિહાસિક આધાર મળતો નથી. આ અલર્ક ગણેશના નામ ઉપરથી પાસેના ચોપટ્ટ–ચકલાને અલર્કચકલો–અલવચકલો–અલવાચકલો કહેતા હોય.

જમચકલો–ઝમચકલો સુધારેલા નામ ધર્મચકલાથી પણ ઓળખાય છે. હિન્દુ ધર્મમાં યમનું સ્થાન અતિ મહત્ત્વનું છે. યમ જગતના લોકો ઉપર નિયમન કરે છે અને મૃત્યુ પામનાર વ્યક્તિના આત્માને લઈ જઈ તેની યોગ્યતા પ્રમાણે તેને ન્યાય મળે તેમ કરે છે. આજે યમપૂજા, યમનાં મંદિરો કોઈ પણ જગ્યાએ જોવામાં આવતાં નથી, ફક્ત દશ દિક્પાલોમાં જ તેનું દક્ષિણ દિશાના અધિષ્ઠાતા તરીકે પૂજન થાય છે. પણ પ્રાચીન કાળમાં ભારતમાં યમપૂજા ખૂબ જ પ્રચલિત હતી. મુદ્રારાક્ષસ[1] નાટકમાંનો ઉલ્લેખ જણાવે છે કે યમ પ્રભાવશાળી અને શક્તિશાળી દેવ હતા અને લોકો બીજા દેવોથી નિર્ભયતા પ્રાપ્ત કરવા તેનું પૂજન, અર્ચન અને ભક્તિ કરતા. કાર્તિક સુદ બીજ યમદ્વિતીયા તરીકે ઓળખાય છે અને તે દિવસે યમરાજનું પૂજન કરવાનું વ્રતાર્ક વગેરે કર્મકાંડના ગ્રંથોમાં જણાવ્યું છે એટલે પ્રાચીન સમયમાં યમદેવનાં મંદિરો અને યમપૂજા પ્રચલિત હશે એવું અનુમાન સતર્ક લાગે છે. ગુજરાતમાં પણ તેની પરંપરા ઊતરી હતી એમ દ્વ્યાશ્રય મહાકાવ્ય ઉપરથી લાગે છે. તેમાં " ચિત્રમાંની સેના, ધજાઓમાંનો વાઘ અને મંદિરમાંના યમથી ગભરાવાની જરૂર નથી " તેમ જણાવ્યું છે.[2] સ્વ. શ્રી રામલાલ મોદીએ[3] પણ ગુજરાતમાં યમપૂજા ઠીક ઠીક પ્રચારમાં હતી તેમ જણાવ્યું છે. દ્વ્યાશ્રય મહાકાવ્ય બારમી સદીમાં રચાયું હોવાનું મનાય છે અને તે સમયે અહીં પણ યમનું મંદિર હશે એવું અનુમાન છે. આજે તેના કોઈપણ અવશેષો કે ઐતિહાસિક ઉલ્લેખો પ્રાપ્ત નથી પણ, આ ચકલાનું નામ યમચકલો તે અંગે કાંઈક નિર્દેશ કરે છે. આ ચકલે થઈને નદીએ શ્મશાનમાં જવાય છે તેથી તેનું નામ યમ માર્ગે જવાના રસ્તામાં આવેલો ચકલો–યમચકલો હશે એવું કેટલાક આજે માને છે.

નિશાળ ચકલો નામ ત્યાં જૂના વખતમાં નિશાળ આવેલી હોવાથી તેની સ્મૃતિમાં તે નામ અપાયું હોય, બાકી કોઈ વિશિષ્ટતા નથી.

આવો એક ચકલો મંડીબજાર તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે હિન્દીમાં મંડી એટલે બજાર એવો અર્થ છે. અર્થશાસ્ત્રીઓ અને ઇતિહાસકારો જણાવે છે તેમ આપણા દેશમાં જૂના વખતથી નાનાં બજારો હાટ તરીકે અને જ્યાં મુખ્યત્વે અનાજનો બહોળો વેપાર થાય છે તેવાં મોટાં બજારો મંડી તરીકે ઓળખવામાં આવતાં હતાં. હાલના Marketing Yard કે ગંજબજારનો પર્યાય શબ્દ આ ઉપરથી 'મંડી' લાગે છે. તદ્ઉપરાંત મંડી શબ્દ મંડપિકા ઉપરથી ઊતરી આવ્યો હોય એમ જણાય છે. કર ઉઘરાવવા માટે ચોક જેવા સ્થળે રાજ્ય તરફથી

---

૧ प्रणमत यमस्य चरणौ किं कार्यं देवकैरन्यैः ।
एष खल्वन्यभक्तानां हरति जीवं परिस्फुरन्तम् ॥ મુદ્રારાક્ષસ, ૧. ૧૬

૨ દ્વ્યાશ્રય મહાકાવ્ય, ૧૮. ૩૦

૩ સ્વ. શ્રી. રા. ચુ. મોદી, "દ્વ્યાશ્રય મહાકાવ્યમાં મધ્યકાલીન ગુજરાતની સામાજિક પરિસ્થિતિ ", પાન ૨૭

મંડપિકા રચવામાં આવતી. વડોદરાની માંડવી, ખંભાત-અમદાવાદની માંડવીની પોળ વગેરે તેનાં સૂચક છે. આ સ્થળે, શહેરનું કર ઉઘરાવવાનું સ્થળ, કચેરી વ. હોય તે પણ અનુમાની શકાય. નજીકમાં જ જૂના વખતમાં કચેરી હતી અને તે જગ્યા હાલ દરબાર તરીકે ઓળખાય છે. ત્યાં હાલ કન્યાશાળાનું મકાન બાંધવામાં આવ્યું છે. આ નગરનો વિસ્તાર પ્રાચીન કાળમાં અગ્નિ વિભાગમાં વધુ હતો. આથી અનુમાન છે કે અહીં શહેરનું ગંજબજાર–અનાજના વેચાણનું બજાર—પણ વિસ્તરેલું અને તે ઉપરથી પણ તેનું નામ મંડી બજાર પ્રચારમાં આવ્યું હોય. રુદ્રમહાલયના હાલના જામે મસ્જિદવાળા ભાગમાં એક ફારસી શિલાલેખ છે તેમાં જણાવ્યા પ્રમાણે ઈ. સ. ૧૬૪૫માં ઔરંગઝેબના વહીવટદાર અલી અશ્કરી અદાલીએ આદિલગંજ શહેરના વેપારની સુવિધા માટે બંધાવેલો. મંડી બજાર રુદ્રમહાલયની લગભગ નજીક છે એટલે તેના ભગ્નાવશેષોનો ઉપયોગ કરી હાલના મંડી બજારના સ્થળે આદિલગંજ બંધાવ્યો હોય. આ માટે જોકે કોઈ ઐતિહાસિક આધારો મળતા નથી.

છઠ્ઠાપદનો મહાડ નામ વિશિષ્ટ પ્રસંગને અનુલક્ષીને આપેલું નામ છે. તેનું ઐતિહાસિક મહત્ત્વ દર્શાવતી આખ્યાયિકા શ્રીસ્થળમાહાત્મ્યમાં આપેલી છે. પાટણના મહારાજા મૂળરાજદેવે પ્રાચી સરસ્વતીને કાંઠે બંધાવેલા રુદ્રમહાલયની પ્રતિષ્ઠા માટે ઉત્તરમાંથી બોલાવેલા બ્રાહ્મણો શ્રીસ્થળમાં સ્થિર થયા પછી પોતાના આશ્રમો પ્રાચી સરસ્વતીને કાંઠે સ્થાપી તેઓ દધીચિ ઋષિના આશ્રમે વિશિષ્ટ તપ માટે ગયા. તેઓ પોતાનું કાર્ય પૂર્ણ કરી પાછા આવ્યા ત્યારે જોયું તો તેમની પત્નીઓ રાજરાણીઓની માફક વસ્ત્રાલંકારોથી વિભૂષિત થયેલી હતી. આ જોઈ તેઓ ગુસ્સે થયા અને ધન આપી પોતાની સ્ત્રીઓને લોભાવનારને શાપ આપવા તત્પર થયા, ત્યારે ઋષિપત્નીઓએ તેમને તેમ કરતા અટકાવી જણાવ્યું કે મૂળરાજની પટરાણી અહીં તીર્થમાં સ્નાનાર્થે આવી હતી તેણે તે આગ્રહપૂર્વક આપ્યાં છે માટે શાપનું જળ નીચે નાખી દો. આ દરમ્યાન ઋષિવરો પાછા આવ્યા જાણી મૂળરાજદેવ શ્રીસ્થળ આવ્યા અને તેમને દાન સ્વીકારવા વિનંતી કરી. રાજાએ જુદાં જુદાં એકવીસ પદોમાં દ્રવ્યભરી તેમને દાન આપ્યાં. આ પૈકી છઠ્ઠું પદ યજુર્વેદ માધ્યંદિની શાખાના વત્સસ ગોત્રી શુકલને આપ્યું. રાજાએ તેમને આ દાન સાથે રાજઠાઠથી રહી શકે તેટલું દ્રવ્ય, જમીન વગેરે આપી હતી તેથી તેઓએ શુકલની જગ્યાએ પોતાની અટક ઠક્કુર—ઠાકોર—ઠાકર રાખી. આ મહાનુભાવ જ્યાં રહેતા હતા તે મહોલ્લો છઠ્ઠા પદનો મહાડ તરીકે ઓળખાવા માંડ્યો. બાકીનાં પદોના પ્રતિગ્રાહી બ્રાહ્મણો કે પદના નામ ઉપરથી બીજા મહોલ્લાઓ આજે અસ્તિત્વમાં નથી. આ આખ્યાયિકા આ મહોલ્લાની પ્રાચીનતા મૂળરાજ સુધી લઈ જાય છે, પણ તે સમયે સિદ્ધપુર હાલની જગ્યાથી થોડે દૂર વસેલું હતું એટલે પાછળથી આ દાન સ્વીકારનારના વંશજોએ આ નામ મહોલ્લાને આપ્યું હશે એમ લાગે છે.

કેટલાક વહોરાઓના મહોલ્લાઓ પણ વિશિષ્ટ પ્રસંગોની હકીકતો આપે છે. જૂનું સિદ્ધપુર આગળ જણાવ્યું છે તેમ નદી કાંઠે દક્ષિણ દિશામાં વસેલું હતું. મુસ્લિમકાળમાં વહોરાઓની અને મુસ્લિમોની વસ્તી પણ ત્યાં હતી તેની સાક્ષી ત્યાં આવેલી મસ્જિદ પૂરે છે. ગુજરાતમાં ગાયકવાડનો અમલ શરૂ થયા પછી, અમદાવાદ દિલ્હી લાઈન અહીંથી પસાર થઈ ત્યારે તે વિસ્તારનો વિકાસ જરૂરી જણાયો. તે સમયે ત્યાં કેવળ ખેતરો જ હતાં. સિદ્ધપુરમાં દાઉદી વહોરા

ગૃહસ્થો ભારતમાં મોટા નામાંકિત વેપારીઓ છે; એટલે ગાયકવાડ સરકારના દિવાનોએ આ જમીનો જૂજ કિંમતે આપી વસવાટ થાય તે હેતુથી મહોલ્લાઓ સ્થાપવાની તેમને વિનંતી કરી. હરારિયું નામનો તેમનો મહોલ્લો સૌથી પ્રથમ થયો. આ કોમના ગૃહસ્થો જણાવે છે તેમ આ મહોલ્લામાં રૂા. ૫/-ની કિંમતે એક આખો પ્લોટ એમ કુલ અઢાર ગૃહસ્થોને તે ખરીદવા તૈયાર કરવામાં આવ્યા તેથી તે મહોલ્લો પણ અઢારિયું—વહોરાઓના ઉચ્ચારભેદે હરારિયું કહેવાયો. ત્યાર પછી તો નજીકમાં જ બીજો બાર ઘરનો મહોલ્લો પણ સ્થપાયો જે બારઘડિયું તરીકે હાલમાં ઓળખાય છે. આ વિસ્તારના મુખ્ય બજારનું નામ ઝાંપલી પોળ છે. અહીં શહેરનો છેલ્લો ઝાંપો વહોરાઓનાં મકાનો સ્થપાયાં ત્યારે હતો અને ત્યારથી આ વિસ્તાર વિકસિત થયા પછી ઝાંપાવાળી–ઝાંપાળી–ઝાંપલી પોળ તરીકે જાણીતો થયો છે.

સિદ્ધપુર પાસેનું બિલિયા ગામ છે તેની અને સિદ્ધપુર વચ્ચેના ભાગમાં જૂનું સિદ્ધપુર વસેલું હતું. આજે પણ આ ગામનો બધો જ વ્યવહાર સિદ્ધપુર સાથે સંકળાયેલો છે અને તે લગભગ પરા જેવું જ છે. ઇતિહાસપ્રસિદ્ધ બર્બરક હાલના ગામ પાસે બિલ-ગુફા બનાવી રહેતો હતો તેથી બિલવાળા પ્રદેશમાં વસેલું ગામ બિલિયા કહેવાય. સરસ્વતીપુરાણકાર સિદ્ધપુર નજીક તે રહેતો હતો તેમ જણાવે છે, પણ આ ગામ પાસે જ તેની ગુફા હોય તેવું તેની આજની ભૌગોલિક ભૂરચના ઉપરથી જણાતું નથી. હાલના નદીકાંઠાના તે પ્રદેશમાં બિલીનાં વૃક્ષોનું પ્રમાણ વધુ છે એટલે એ પણ એક શકયતા છે કે ત્યાં બિલીનું વન હોય અને તે ઉપરથી તે જગ્યાએ વસેલું ગામ બિલિયું કહેવાતું હોય. ગુજરાતમાં આજે પણ બિલખા, બિલોદ્રા વગેરે બિલપદાગ્રવાળાં ગામોનાં નામો પણ ત્યાં બિલ–ગુફા હોવાથી નહીં પણ વૃક્ષરાજિ ઉપરથી જ પડયાં છે. સિદ્ધપુરની સામે પૂર્વ દિશામાં દૂર પહાડો દેખાય છે જે કુંભાણુનાઘોર તરીકે ઓળખાય છે, જે પૌરાણિક આધારો પ્રમાણે કુંભકુક્ષી પર્વત છે. આ સિદ્ધપુરથી ત્રણ ચાર માઈલ દૂર છે એટલે શકય છે કે સરસ્વતી-પુરાણકારના કથન પ્રમાણે બર્બરક ત્યાં તેની બિલ—ગુફા બનાવી રહેતો હોય. બર્બરકને સિદ્ધરાજે હરાવ્યો હતો એટલે સિદ્ધરાજ વધુ શકિતશાળી હતો તેમ નિર્વિવાદ છે. બિલિયાની પાસે જ જૂનું સિદ્ધપુર હતું તેવું પણ ચોક્કસ છે એટલે બર્બરક સિદ્ધપુરમાં જ રહેતો હોય તે સિદ્ધરાજની લશ્કરી શક્તિ વગેરેનાં વર્ણનો ઉપરથી લાગતું નથી, એટલે તે કુંભકુક્ષી પર્વતમાં રહેતો હશે અને બિલિયા ગામ બિલવૃક્ષોની વિશેષતાવાળા ભૂપ્રદેશમાં વસ્યું હોવાના કારણે તે નામે ઓળખાતું થયા પછી પ્રચલિત બન્યું હશે એમ ચોક્કસ લાગે છે.

સરસ્વતી નદીનો બાંધેલો ઓવારો માધુપાવડી કે માધુપાવડિયા તરીકે ઓળખાય છે. સરસ્વતી પુરાણમાં જણાવ્યા મુજબ પ્રાચી સરસ્વતીને કાંઠે સ્મશાન આવેલું હતું અને ત્યાં માધવનું મોટું મંદિર હતું.[૧] હાલમાં તે મંદિર નથી પણ સિદ્ધપુરની આજુબાજુના ૧૫–૨૦ ગાઉ સુધીમાં આવેલાં ગામો ને સ્મશાન તો છે જ. સ્મશાનમાં આવેલા માધવના મંદિરની સામે બાંધેલો ઓવારો માધુ વાવડી તરીકે ઓળખાય છે. આજે આ ઓવારાનો મોક્ષ પીંપળા સુધીનો ભાગ જીર્ણ હાલતમાં છે જ્યારે બાકીનો ભાગ સુધરાવેલો છે. આ શહેરમાં જાણીતા ગોવિન્દ માધવના મંદિરમાંની માધવજીની પ્રતિષ્ઠિત મૂર્તિ આશરે દોઢસો વર્ષ અગાઉ નદીના પટમાંથી

૧ શ્રી. ક. ભા. દવે, સરસ્વતી પુરાણ, સર્ગ ૧૨

મળી આવી હોવાનું કહેવાય છે. પુરાતન પ્રબંધ સંગ્રહમાં પણ નદી કાંઠે સ્મશાનમાં માધવનું મંદિર હોવાનું જણાવ્યું છે, જ્યારે સરસ્વતી પુરાણકારે તો મોક્ષની પ્રાપ્તિ માટે સરસ્વતીમાં સ્નાન કરી ત્યાં આવેલા માધવના મંદિરમાં જઈ તેમનું પૂજન અર્ચન કરવાનો અનુરોધ કર્યો છે. સ્મશાનમાં આવેલા દેવને માટે આથી વધુ મહત્ત્વ બીજું કયું હોઈ શકે ?

શહેરના વિશિષ્ટ પ્રસંગો ઉપરથી અસ્તિત્વમાં આવેલાં સ્થળોનો વિચાર કર્યા પછી વિશિષ્ટ વ્યક્તિઓનાં નામ ઉપરથી પડેલાં સ્થળનામો વિષે વિચારીશું તો સૌ પ્રથમ માધુપાવડિયા સામે આવેલી કેવળપરીના નામથી ઓળખાતી જગ્યા આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. લોકોમાં પ્રચલિત હકીકત પ્રમાણે ઇન્દોરનાં મહારાણી અહલ્યાબાઈ હોલકરે પુત્રપ્રાપ્તિ અર્થે સિદ્ધપુર આવી કાર્તિક પૂર્ણિમાને દિવસે કેવળપુરી નામના એક અવધૂત યોગીની પૂજા કરી આશીર્વાદ મેળવ્યા હતા અને તેમના સ્મરણાર્થે એક વિશાળ જગ્યા બંધાવી જેમાં શિવાલય બનાવરાવી તેમાં ગણપતિ, હનુમાન, ભૈરવ વ. મૂર્તિઓની પણ પ્રતિષ્ઠા કરાવી હતી. તેની નજીકમાં જ મઠ નામની વિશાળ જગ્યા છે. આ પાશુપત સંપ્રદાયના પાશુપતાચાર્યોનું સ્થાન છે. કોઈ ઐતિહાસિક આધારો પ્રાપ્ત નથી, પણ ત્યાં રહેતા ગૃહસ્થ ભારથી બાવાઓ તેમના પૂર્વજો રુદ્રમહાલયના આચાર્યો હોવાનું જણાવે છે અને તેમને જૂના વખતથી પૂજા વ. માટે કેટલીયે જમીન દાનમાં મળેલી હોવાનું જણાવે છે. સોલંકી સમયમાં ગુજરાતમાં પાશુપત સંપ્રદાયનું વર્ચસ્વ હતું એટલે રુદ્રમહાલયનું સ્થાન ધરાવતા આ નગરમાં પાશુપતાચાર્યોનો મઠ હોય તે સ્વાભાવિક છે. અહીં થઈ ગયેલા મઠાધીશો પૈકી રાજભારથી ઘણા જ પ્રભાવશાળી હતા અને તેમની પ્રેરણાથી નજીકનું રાજપુર નામનું ગામ વસ્યું હોવાનું પણ કહેવાય છે. 'પુરી' તથા 'ભારથી' દશ નામી ગોસાંઈઓના નામને અંતે મૂકાય છે એ તો પ્રસિદ્ધ હકીકત છે.

નદી કિનારે બાબાજીની વાડી નામની વિશાળ વાડીનું નામકરણ વિશિષ્ટતા ધરાવે છે. હાલમાં આ વાડીમાં સિદ્ધનાથ મહાદેવનું ભવ્ય શિવાલય છે અને ફરતી ધર્મશાળાઓ અને ઓરડીઓ છે, જેમાં મુખ્યત્વે સિન્ધી ભાઈઓ રહે છે. આ વાડી નદી કિનારા સુધી વિસ્તરેલી છે. આની ચારે બાજુ કિલ્લા જેવી મજબૂત દિવાલ છે. સિદ્ધપુરમાં મુસ્લિમ કાળથી પોલાદી મુસલમાનોનું ઘણું જ જોર હતું. ગાયકવાડનું રાજ્ય સ્થપાયા પછી પણ આ મુસલમાનો સ્થાનિક હિન્દુ પ્રજાને ખૂબ જ હેરાન કરતા એવી હકીકતો મળે છે. તેમના મહોલ્લા પાસેથી હિન્દુઓના શબને પણ પસાર થવા દેવામાં આવતું નહીં, અને આજે પણ રૂઢિ પરંપરાથી તેમ જ થાય છે. બાબાજીની વાડી વાળી જગ્યામાં તે લોકોનું કબ્રસ્તાન હતું. ગાયકવાડ સરકારના પ્રબળ દિવાન બાબાજી આપાજી તથા રાવજી આપાજી બે બંધુઓ હતા. તેઓ ધર્મચુસ્ત હતા. તેઓ જ્યારે તીર્થયાત્રા અંગે સિદ્ધપુર આવેલા ત્યારે અહીંના બ્રાહ્મણોએ તેમનું ધ્યાન પોલાદીઓના ત્રાસ તરફ દોર્યું અને તે દૂર કરવા આગ્રહભરી વિનંતી કરી. પરિણામે તેમણે તે જગ્યામાંથી બધી જ કબરો ખોદાવી કાઢી ત્યાં શિવાલય સ્થાપ્યું અને તે ભાગને વધુ સદૃઢ બનાવ્યો અને કાયમી રક્ષણ આપ્યું. ત્યારથી આ સ્થળ બાબાજીની વાડી તરીકે ઓળખાય છે.[૧]

---

૧ શ્રી. રા. ચુ. મોદી, રામલાલ મોદી સ્મારક ગ્રંથમાં 'સાહિત્ય પરિષદ અને પુરાતન વસ્તુ-સંગ્રહ' નામનો લેખ, પા. ૧૩૦

નજમપુરા અને યુસુફપુરા નામના વહોરાઓના બે મહોલ્લાઓ વહોરાઓના ચોવીસમા દાઈ અને હિન્દના પહેલા દાઈ સય્યદના યુસુફ નજમુદ્દિનના નામ ઉપરથી વસાવવામાં આવ્યા છે. આ યુસફ નજમુદ્દિન સૌથી પહેલા હિન્દી દાઈ (ધર્મગુરુ) થઈ ગયા. તેમના બધા દાઈ આ પહેલાં યમનવાસીઓ હતા. આ દાઈ સિદ્ધપુરના જ વતની હતા. તેઓ ઈલ્મ પ્રાપ્ત કરવા માટે યમન ગયા હતા અને ત્યાંથી પાછા આવી ઈલ્મ પ્રચાર શરૂ કર્યો હતો. તેઓ દાઈ બન્યા પછી ચાર વર્ષ (હિ. સં. ૯૪૬–૯૫૦) સિદ્ધપુર જ રહ્યા. તેમના સમયમાં અહીંના બ્રાહ્મણોએ વહોરાઓનો બહિષ્કાર કર્યો હતો ત્યારે તેઓ પોતાના પ્રભાવથી વહોરાઓને સ્વતંત્ર રાખી શક્યા હતા, અને છેવટે બ્રાહ્મણોને તેમની સાથે સમાધાન કરવું પડયું હતું. તેમની યાદમાં સિદ્ધપુરમાં નજમી મસ્જિદ, યુસુફી મહેલ અને આ મહોલ્લાઓ વસાવવામાં આવ્યા હતા. આજે આ બન્ને ઇમારતો નવી બનાવવામાં આવી છે. સુવાગણનો મહોલ્લો એ વહોરાઓનો મહોલ્લો છે અને ત્યાં સુહાગન નામની એક મુસ્લિમ બાઈ રહેતી હતી તેના નામ ઉપરથી આ નામ મહોલ્લાનું પડયું છે. આ બાઈ પવિત્ર હતી અને હિન્દુ સ્ત્રી જેવો આચાર રાખતી તેથી તેને સુહાગન કહીને ઓળખવામાં આવતી. પૂતળીનો મહોલ્લો પૂતળી અટક ધરાવતા વહોરાઓનાં મકાનો હોવાથી તે નામથી ઓળખાય છે. તપાસ કરતાં જણાય છે કે પૂતળી અટક તેમના પૂર્વજો મુખ્યત્વે પૂતળીઓ—ઢીંગલીઓનો વેપાર કરતા હતા અને તેથી તેમને તેમનો સમાજ પૂતળી તરીકે ઓળખતો, તેથી પડી. મુરઘીનો મહોલ્લો એ પણ વહોરાઓનો મહોલ્લો છે. અહીં મુરઘી ઉપનામ ધરાવનાર, ખૂબ જ માથાકૂટ અને ખણખોતર કરવાની ટેવ ધરાવનાર વહેરાભાઈનું મકાન હોવાથી તે મહોલ્લો આ નામે ઓળખાય છે.

ધોળા ભટનો મહાડ, કાળા ભટનો મહાડ, બદુ પારેખનો મહાડ, વનાનો મહાડ, પારેખનો મહાડ, કાલિદાસનો મહાડ, ભૂદરનો મહાડ, લાલડોશીની પોળ, અશરફપુરા, તૈયબપુરા, પાનવાળાની ખડકી, વનાનો મહાડ વગેરે જે તે મહોલ્લાઓ ત્યાં રહેતી આગળ પડતી વ્યકિતઓના નામ ઉપરથી અસ્તિત્વમાં આવ્યા છે. આ બધી વ્યકિતઓએ અર્વાચીન સિદ્ધપુરમાં જુદા જુદા સમયે જ્ઞાતિકાર્યો, સામાજિક કાર્યો અને વ્યાપારમાં સારી એવી કીર્તિ પ્રાપ્ત કરી હતી. કાળા ભટ અને ધોળા ભટ એ બે ઉપનામો હતા અને તેઓ ઔદીચ્ય જ્ઞાતિના અગ્રગણ્ય સજ્જનો હતા. બદુ પારેખ એ સિદ્ધપુરના ઠીક ઠીક જાણીતા મહાજન હતા અને તેમની શાખ પ્રજામાં સારી હતી. કાલિદાસ અને ભૂદર એ બન્ને પણ સમાજમાં જાણીતા હતા. લાલડોશી એ લાલદોશી, તેમના નામમાંથી આગળનો શબ્દ કાઢી તેમને કેવળ લાલ તરીકે ઓળખવામાં આવતા અને દોશી તેમની અટક હતી. તેમનું નિવાસસ્થાન જયાં હતું તે લાલ ડોશીની પોળ. અશરફપુરા, તૈયબપુરા અને સબ્બીરપુરા એ નામો વહોરાઓના ધર્મગુરુઓના નામથી વસેલા મહોલ્લાઓ છે. બાકીના આવા મહોલ્લાઓનાં નામ.વ્યક્તિઓનાં નામ ઉપરથી પડયા છે તેની ચર્ચા લંબાણભયે જરૂરી નથી.

અન્ય શહેરોની માફક અહીં પણ જુદી જુદી જ્ઞાતિ અને ધંધો કરનારા લોકોનાં જૂથ અલગ વસતાં. અહીં તેમના વસવાટો મુખ્યત્વે વાડા, વાસ કે મહાડ તરીકે જાણીતા છે, જેમ કે સોની વાડો, ગોલવાડ, વહોરવાડ, મહાજની વાડ, ખાટકી વાડો, ભાટ વાડો, ખિલાતર વાડો વગેરે; ખિલાતર વાડામાં તો નામ ઉપરથી પોશાક અંગેનું કામ કરનારા મુસ્લિમો રહેતા હશે (ખિલાત–પોશાક); પણ આજે તેમાં ફક્ત એક ઘર સિવાય બધાં જ બ્રાહ્મણોનાં ઘર છે. આ

મહોલ્લો મુસ્લિમોનો હતો તેમ ત્યાંના નિવાસીઓ પણ જણાવે છે. ડબગરવાસ, ફકીરવાસ, વાગરીવાસ, કોઠારીવાસ (કોઠારી-કોઠાર સાચવવાનું કામ કરનારા વણિકો), પોલાદીવાસ (પોલાદી નામની જાતિના મુસ્લિમો જેઓ અહીં ખૂબ જાણીતા હતા), દેસાઈનો મહાડ, તરવાડીનો મહાડ, પારેખનો મહાડ. આ ઉપરાન્ત ધોબી ઓળ, છીપા ઓળ, છુવારા ફળી (છોવાનું કામ કરનાર મુસ્લિમોનો મહોલ્લો). આજે આમાંના કેટલાક મહોલ્લાઓમાં તે જ્ઞાતિના લોકો વસતા નથી, જેમ કે ખોજાપરું, તેમાં હાલમાં વાણિયા, બ્રાહ્મણ અને મોઢ ઘાંચી કોમની વસ્તી છે. ગોલવાડમાં આજે એક પણ ગોલાનું મકાન નથી પણ પ્રાચીન કાળમાં આ જ્ઞાતિના લોકોનો વસવાટ હોવાની શકયતા છે. મહેતાઓળ, ધોરીપોળ, (ધોરી અટક ધરાવતા બ્રાહ્મણોનો મહોલ્લો), બ્રહ્મપોળ, બ્રાહ્મણિયા પોળ, છીપાઓળ, ઘાંચીઓળ વગેરે મહોલ્લાઓ પોળ કે ઓળથી ઓળખાય છે. વહેવરવાડો મુખ્યત્વે બ્રાહ્મણો અને વણિકોનો મહોલ્લો છે અને તેઓ આ નામ તેઓનું વ્યાવહારિકપણું હોવાનું માને છે; પરંતુ જૂના સમયમાં ત્યાં હાથીદાંત વહેરી તે અંગેનું કામ કરનારા લોકો રહેતા હોય એમ લાગે છે. મહોલ્લાને નાકે વહેવર ભવાની માતાનું નાનું મંદિર છે અને આ મહોલ્લાને વહેવરવાડાનો મહાડ તરીકે વિશેષ ઓળખે છે. જોષીઓની ખડકીમાં જોષી કુટુંબોનાં જ મકાનો છે. એવું કહેવામાં આવે છે કે રુદ્રમહાલયનો પાયો નાખવાનું મુહૂર્ત વગેરે જોઈ કાર્ય કરનાર ઉદ્ધડ જોષી અહીં રહેતા હતા. આ ખડકી પાસેની કૂઈ પણ જોષીઓની કૂઈ તરીકે જ ઓળખાય છે. આ સિદ્ધરાજે ખોદાવી આપી હતી અને તેના વખતમાં પ્રતિષ્ઠિત થયેલી માતાજીની મૂર્તિ કૂવામાં મધ્ય ભાગે હોવાનું કહેવામાં આવે છે. કૂઈ ઉપર અર્વાચીન નાનું મંદિર છે. વેદવાડાનો મહાડ નામનો મહોલ્લો પણ વેદમાં પારંગત બ્રાહ્મણોનું નિવાસસ્થાન કહેવામાં આવે છે, પણ સાચી રીતે તો તેનું નામ વૈદ્ય વાડો (વૈદ્યનો ધંધો કરનાર વાળંદ કુટુંબોનો મહોલ્લો) છે. તેના પુરાવા રૂપે હાલ ત્યાં રહેતા વાળંદ કુટુંબોના પૂર્વજો આ ધંધો કરતા હતા પણ તેમાંના કેટલાકે મકાનો વેચી નાખી બીજે વસવાટ કર્યો.

ખારપાડો અને ઊપલી શેરી એ બે નામો અહીંના ભૂપૃષ્ઠને લક્ષ્યમાં લઈ પાડવામાં આવેલાં નામો છે. ઊપલી શેરી એ નાનીમોટી શેરીઓ અને મહાડ ધરાવતી એક મોટી શેરી છે. નદીથી પાછલા રસ્તે ગામમાં જવાના રસ્તા ઉપર ઉપરવાસમાં વસેલો આ વિભાગ છે. ઉપરવાસમાં જ વસેલો આ ભાગ હોવાથી શેરી જેવો લાંબો જણાતો મહોલ્લો આ નામાભિધાન પામ્યો છે એમ ત્યાંની સપાટી જોતાં ચોક્કસ લાગે છે. ખારપાડો તેવી જ લાક્ષણિકતા ધરાવે છે. દક્ષિણ વિભાગનું બધું જ વરસાદનું પાણી આ મહોલ્લા પાસે થઈને જ પસાર થાય છે. આ ખૂબ નીચાણમાં છે અને આ રસ્તો પણ ચોમાસામાં નાની કોતરો જેવું જ સ્વરૂપ ધારણ કરે છે. પાણી પસાર થવાથી ખારાશ—ક્ષારવાળા ભાગમાં વસેલો અને હરહંમેશ જેની સપાટી ઘસાય છે તેવો આ મહોલ્લો ખારપાડા તરીકે ઓળખાય તે સ્વાભાવિક લાગે છે. આ પરિસ્થિતિમાંથી બચવા માટે તાજેતરમાં જ અહીંની મ્યુનિસિપાલિટીએ રસ્તાને પથ્થરનો બનાવવાનો નિર્ણય કર્યો છે. દર વર્ષે તેને સરખો કરવા સુધરાઈને સારી એવી મહેનત કરવી પડે છે તેનું તે પરિણામ છે.

મંદિરો ઉપરથી પણ આ શહેરમાં કેટલાક મહોલ્લાઓ અસ્તિત્વમાં આવ્યા છે. સિદ્ધપુર તીર્થસ્થાન હોઈ અહીં અનેક નાનાંમોટાં મંદિરો છે, પણ મુખ્ય મુખ્ય મંદિરોનાં નામ ઉપરથી જ મહોલ્લાઓ બન્યા છે. ગણપતિની ખડકી, હનુમાન ગલી, લક્ષ્મીપોળ, વેરાઈનો મહાડ

(વારાહીનો મહાડ; અહીં વારાહીનું અર્વાચીન મંદિર છે, જેમાં લોકમાન્યતાએ પ્રાચીન મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે. પ્રાચીન સિદ્ધપુરમાં પણ વારાહીનું ભવ્ય મંદિર હોવાના ઉલ્લેખો મળે છે પણ આ મૂર્તિ તેટલી પ્રાચીન લાગતી નથી), જમીઆ વીરનો મહોલ્લો, શ્યામજી મંદિરની શેરી, ગોવિન્દ માધવનો મહાડ, ગોવિન્દજી પાડો, માધવજી પાડો વગેરે. સિદ્ધપુરમાં ગોવિન્દ માધવનું મંદિર ઘણુંજ જાણીતું છે. અહીં સ્થાપિત કરવામાં આવેલી માધવજીની મૂર્તિ આગળ જણાવ્યું તેમ મુસ્લિમ સમય બાદ નદીના તટમાંથી મળી આવી હતી, જ્યારે ગોવિન્દજીની મૂર્તિ કચ્છથી કપાસ વેચવા આવેલા ખેડૂતનાં ગાડામાંથી મળી આવી હોવાનું કહેવાય છે. સરસ્વતીપુરાણકાર પણ સિદ્ધવટ પાસે ધર્મેશ્વર અને શ્રીસ્થળ પાસે પ્રાચી સરસ્વતી તીર્થ અને માધવ ગોવિન્દ હોવાનું જણાવે છે.[૧] એટલે અહીં આ મંદિરની વિશેષતા વધુ છે.

આસોપાલવની ખડકી, ગુંદીવાળી ખડકી, ચોળાપાડો એ વૃક્ષો ઉપરથી પડેલાં નામો છે. આજે આ મહોલ્લાઓમાં જે તે વૃક્ષો નથી પણ જૂના વખતમાં તે વૃક્ષો હશે અને તેના પ્રતીક રૂપે એક એક વૃક્ષ તો થોડાં વર્ષો પહેલાં હોવાનું પણ કહે છે. ચોળાપાડો એ ધાન્ય ઉપરથી પડેલું લાગે છે, પણ હકીકતમાં વધુ વાચાળને 'ચોળો કહેવામાં આવે છે તેમ જૂના વખતમાં એવું ઉપનામ ધરાવતા ભાઈના નામ ઉપરથી તે પડ્યું છે. મહોલ્લામાં ખૂબ જાણીતી મીઠા પાણીની કૂઈ હોવાથી મીઠીકૂઈનો મહોલ્લો, અને નદીકાંઠે કેરાં શેઠ નામના સદ્‌ગૃહસ્થનું દરિયા જેવી શીતળ હવા આપતું મકાન હોવાથી દરિયામહેલનો મહોલ્લો, ઊંચા મિનારાવાળી જાણીતી મિનારાવાળી મસ્જિદ હોવાથી મિનારાની ખડકી એમ આ મહોલ્લાઓ જાણીતા થયા છે.

મહોલ્લાઓનાં સ્થળનામોની વિશેષતાઓ જોયા પછી અહીંના બિન્દુ સરોવર અને રુદ્રમહાલયનો વિચાર કરીશું.

સિદ્ધપુર તો ગુજરાતનું ઐતિહાસિક નગર કરતાં તીર્થસ્થાન તરીકે વધુ જાણીતું છે. પ્રાચી સરસ્વતી ઉપરાન્ત બિન્દુ સરોવર પણ તેને તે માટે વિશેષ મહત્ત્વ અપાવે છે. આ બિન્દુ સરોવર સરસ્વતીને કિનારે સ્ટેશનથી પશ્ચિમે આવેલું છે. અહીં તે ઉપરાન્ત કપિલાશ્રમ, જ્ઞાનવાપી, અલ્પા સરોવર વગેરે બીજાં પણ સ્થાનો છે. આ સ્થળો પૌરાણિક અને ધાર્મિક મહત્ત્વ ઘણું જ ધરાવે છે, પણ ચોમાસા સિવાયની ઋતુમાં આ જળસ્થાનોનાં પાણી લીલાં શેવાળવાળાં થઈ જાય છે. સરોવર તરીકે ઓળખાતું હોવા છતાં બિન્દુ સરોવર વાસ્તવમાં એક ચોરસ કુંડ છે. આ કુંડ ચારે બાજુએથી પથ્થરનો બાંધેલો છે. એની દક્ષિણ બાજુએ એક લાંબું સળંગ મંદિર છે તેમાં કર્દમજી, કપિલદેવ, દેવહૂતિ અને ગરુડ ઉપર બેઠેલા વિષ્ણુ ભગવાનની પ્રતિમાઓ છે. આની પાછળ બીજો એક લંબચોરસ કુંડ છે જે અલ્પા સરોવર તરીકે ઓળખાય છે. આ બન્ને કુંડો નીચે એકબીજાથી સંબંધ ધરાવે છે. નિર્ણયસિંધુમાં આ સ્થળે પિંડદાન આપવાનો અનુરોધ કરવામાં આવ્યો છે, પણ ભાગવત પુરાણ વગેરેમાં ઉલ્લેખાયેલ બિન્દુ સરોવર તે આ જ કે કેમ તે વિચાર માગી લે છે.

મહાભારતના સભાપર્વ અ. ૩ અને ભીષ્મ પર્વ અ. ૬માં એક બિન્દુ સરોવરનો ઉલ્લેખ છે

---

૧ શ્રી. ક. ભા. દવે, સરસ્વતીપુરાણ, પ્રસ્તાવના, પા. ૨૫

પણ તે સિદ્ધપુરનું ન હોય એમ સ્પષ્ટ લાગે છે,[૧] કારણ કે તેના વર્ણન ઉપરથી તે હિમાલયની આજુબાજુનો ભાગ હોય એમ જણાય છે. પરન્તુ મહાભારતનો વનપર્વનો ઉલ્લેખ કે જેમાં બિન્દુ સરોવરની જગ્યાએ તૃણબિન્દુ સરોવર નામ છે તે ગુજરાતનું હોવાનું વર્ણન ઉપરથી લાગે છે.[૨] સ્કન્દપુરાણમાં[૩] તૃણબિન્દુ ઈશ્વર મહાદેવના મંદિરનો ઉલ્લેખ છે. આ સરોવર તૃણબિન્દુ નામના ક્ષત્રિયે બંધાવ્યું હતું, પણ કાળબળે તૃણ શબ્દ લોપ થઈ કેવળ બિન્દુ સરોવર નામ રહી ગયું હોય એમ શ્રી. મોદી માને છે.[૪] રાજશેખરે કાવ્ય-મીમાંસામાં[૫] ચક્રવર્તી ક્ષેત્રની સીમા વર્ણવતાં તે કુમારીપુર (હાલના કાનપુરથી બિન્દુ સરોવર સુધી) કહે છે. સિદ્ધપુર સિવાય અન્ય સ્થળે તે હોય એમ જણાયું નથી. ડૉ. આર. એન. મહેતા જણાવે છે તેમ ભુવનેશ્વરમાં આ નામનું એક તળાવ છે, પણ રાજશેખરને ગુજરાતનો પરિચય સવિશેષ હતો તેમ તેણે ઉત્તરની અને ગુજરાતની નદીઓની યાદી આપી છે તે ઉપરથી લાગે છે. તેમાં ગુજરાતની નદીઓનો ક્રમ યથાયોગ્ય રીતે સાચવ્યો છે. તેથી રાજશેખરે ઉલ્લેખ કરેલું બિન્દુ સરોવર ગુજરાતનું જ હોય એમ લાગે છે. તેના સમયમાં સિદ્ધપુરમાં બિન્દુ સરોવર હતું. રાજશેખરનો સમય સંવત્ ૯૩૬ થી ૯૭૬નો મનાય છે. એટલે મૂળરાજ પહેલાં પણ સિદ્ધપુરમાં બિન્દુ સરોવર હતું એમ કહી શકાય. ભાગવતપુરાણમાં ત્રીજા અને દશમ સ્કંધમાં એમ બે જગ્યાએ બિન્દુ સરોવરનો ઉલ્લેખ છે. ત્રીજા સ્કંધનો ઉલ્લેખ તે સ્થળ ક્યાં હશે તેની સ્પષ્ટતા કરતો નથી, પણ દશમ સ્કંધના ૭૮મા અધ્યાયમાં બળભદ્રની યાત્રાનો ક્રમ જણાવ્યો છે તે વર્ણન પ્રમાણે તેમાંનું બિન્દુ સરોવર ગુજરાતનું સિદ્ધપુરનું હોય એમ સ્વ. મોદી માને છે. ભાગવતના કેટલાક ટીકાકારો આ સ્થળ કુરુક્ષેત્રનું ગણે છે પણ બળભદ્ર સરસ્વતીના સામા વહેણે ગયા હતા તે તીર્થક્રમ કુરુક્ષેત્રનો નથી એમ શ્રી. વલ્લભાચાર્યજી પણ માને છે. તે ઉપરથી સ્વ. મોદી બિન્દુ સરોવર ગુજરાતનું જ એમ ચોક્કસ જણાવે છે.[૬] શ્રી. જીવગોસ્વામી જેઓ શ્રી. વલ્લભાચાર્યજીના સમકાલીન હતા અને ચૈતન્યદેવના શિષ્ય હતા તેમણે, ભાગવત ઉપર વૈષ્ણવતોષણી ટીકા લખી છે. તેમાં દશમ સ્કંધના ઉપરના શ્લોકની ટીકામાં જણાવે છે કે—बिन्दुसरोवरः, कर्दमाश्रमे गुर्जरदेशीयसिद्धपुरवर्ती। શ્રી. વલ્લભાચાર્યજીનો જન્મ સંવત્ ૧૫૩૫માં થયો હતો. તેઓ ગુજરાતમાં બે વખત આવ્યા હતા અને બન્ને વખત સિદ્ધપુર પણ આવ્યા હતા ત્યારે હાલના બિન્દુ સરોવર ઉપર મુકામ કર્યો હતો અને તેમણે

---

૧ જુઓ. સ્વ. રા. ચુ. મોદી, "ભાલણ અને ભીમ ઉપર થોડોક પ્રકાશ" નામનો લેખ, સ્વ. રા. ચુ. મોદી સ્મારક ગ્રંથ, પા. ૧૭૫-૧૭૬

૨ સરખાવો—

पुनर्बहुमृगं रम्यं काम्यकं काननोत्तरम् ।
मरुभूमेः शिरःस्थानं तृणबिन्दुसरः प्रति ॥

—મહાભારત, વનપર્વ, અ. ૨૫૯.૧૩

૩ સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અ.૧૩૮

૪ વિશેષ માટે જુઓ: સ્વ. રા. ચુ. મોદીનો "ભાલણ અને ભીમ ઉપર થોડોક પ્રકાશ" નામનો લેખ, સ્વ. રા. ચુ. મોદી સ્મારક ગ્રંથ, પા. ૧૭૫

૫ રાજશેખર, કાવ્યમીમાંસા, ઉત્તરાપથ, પૃ. ૯૪

૬ જુઓ સ્વ. રા. ચુ. મોદી, એજન

દામોદરદાસને તે જગ્યા ઉપર બિન્દુ સરોવર, કપિલ ઋષિનો આશ્રમ, દેવહૂતિને સાંખ્યનો ઉપદેશ વગેરે બાબતો જણાવી હતી.[૧] આજે પણ આ સરોવર પાસે શ્રી. વલ્લભાચાર્યજીની બેઠક છે. આ ઉપરથી એટલું તો ચોક્કસ કે સોળમી સદીમાં બિન્દુ સરોવર સિદ્ધપુરમાં અસ્તિત્વ ધરાવતું હતું. ભાલણે દશમ સ્કંધમાં પણ તેનો ઉલ્લેખ કર્યો છે[૨] અને તેના શિષ્ય ભીમે પણ હરિલીલા-ષોડશકલામાં પણ બિન્દુ સરોવર હોવાનું જણાવ્યું છે.[૩]

ઐતિહાસિક દૃષ્ટિએ સિદ્ધપુરની ખ્યાતિ રુદ્રમહાલયને કારણે વિશેષ છે. અહીં આવતા અનેક યાત્રીઓ તેના અવશેષો નિહાળી, તેની ભવ્યતાનો વિચાર કરતા કરતા ખિન્ન મને પાછા જાય છે. સોલંકી રાજાઓની ઉજ્જયિનીના મહાકાલ જેવો જ ભવ્ય રુદ્રપ્રાસાદ બાંધવાની મહેચ્છાથી તેનું સર્જન થયું. તેની સ્થાપના મૂળરાજ સોલંકીએ કરી હતી. ભાટચારણોની દંતકથાઓ પ્રમાણે મામાના તેણે કરેલા ખૂનનું પ્રાયશ્ચિત્ત કરવા ભવ્ય પ્રાસાદ બંધાવ્યો હતો,[૪] અને જીવનનાં શેષ વર્ષો પણ તેણે અહીં જ ગાળ્યાં હતાં. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો એટલું ચોક્કસ છે કે મૂળરાજના રાજ્યકાળ દરમ્યાન આ રુદ્રમહાલય મોજૂદ હતો. વિ. સં. ૧૦૪૩માં મૂળરાજે વઢીઆર (वर्धिपथक) પ્રદેશમાં આવેલા મંડળી ગામના મૂળેશ્વર મહાદેવને કંબોઈ ગામ દાનમાં આપ્યું હતું તેમ તેનું દાનપત્ર જણાવે છે. આ દાન તેણે પવિત્ર પ્રાચી સરસ્વતીમાં સ્નાન કરી, ભગવાન રુદ્ર-મહાલય દેવની પૂજા કરીને આપ્યું હતું.[૫] એટલે તેની સ્થાપના સંવત્ ૧૦૪૩ પહેલાં થઈ હતી તે નિર્વિવાદ હકીકત છે. મૂળરાજ વિ. સં. ૯૯૮માં ગાદીએ આવ્યો હતો. રુદ્રમહાલયનાં કવિતોમાં જણાવ્યા પ્રમાણે સંવત્ ૯૯૯માં તેનો પાયો નંખાયો હતો.[૬] ગાદી ઉપર આવ્યા પછી એક જ વર્ષના ગાળામાં આ કાર્ય કરી શક્યો હશે કે કેમ તે થોડું શંકાસ્પદ તો છે જ. મૂળરાજ પછી લગભગ દોઢસો વર્ષે સિદ્ધરાજ ગાદીએ આવ્યો હતો. દ્વયાશ્રય મહાકાવ્યમાં જણાવ્યા પ્રમાણે બર્બરકે તેને તોડી નાખ્યો હતો. આથી ત્યાંના બ્રાહ્મણોની વિનંતીને ધ્યાનમાં લઈ સિદ્ધરાજે તેને હરાવ્યો અને રુદ્રમહાલયનો પણ જીર્ણોદ્ધાર કર્યો હતો. આ જ મહાકાવ્યમાં[૭] વળી જણાવ્યું છે કે માળવાના વિજય પછી સિદ્ધરાજે પ્રાચી સરસ્વતીને કાંઠે રુદ્રમહાલય બંધાવ્યો હતો. ઐતિહાસિક રીતે જોતાં માળવાનો વિજય સં. ૧૧૯૨-૯૩માં પૂર્ણ થયો હતો એટલે ત્યાર પછી જ આનો જીર્ણોદ્ધાર થયો હશે એમ લાગે છે. દ્વયાશ્રય મહાકાવ્યની ટીકા અભયતિલકગણીએ સં. ૧૩૧૨માં કરી હતી, તેમાં પણ આ પ્રાસાદને રાક્ષસોએ ભાંગી નાખ્યાનો નિર્દેશ છે.[૮] આ પ્રાસાદનું

---

૧ લલ્લુભાઈ પ્રા. પારેખ, વલ્લભચરિત્ર, પૃ. ૨૮૧

૨ ભાલણ, દશમ સ્કંધ, પદ ૪૫૫

૩ હરિલીલા ષોડશકલા, સ. ૧૦, પા. ૫૩

૪ શ્રી. ફાર્બસકૃત રાસમાળા, પૃ. ૫૯ વગેરે

૫ શ્રી. દુ. કે. શાસ્ત્રી, ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભા. ૨, પા. ૯

૬ સરખાવો : સંવત નવ્વનવાણું એ મૂળદેવ મહારાજ,
સંવત બાર બિલોતરે સધરે સધાર્યો કાજ.

૭ દ્વયાશ્રય મહાકાવ્ય, ૧૫. ૧૫

૮ જુઓ દ્વયાશ્રય મહાકાવ્ય, ૧૨. ૬ ઉપરની વૃત્તિ

નામાભિધાન રુદ્રમહાકાલ હતું તેવું પ્રબન્ધચિન્તામણિ, પુરાતનપ્રબંધસંગ્રહ વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે, પણ પાછળથી તે પ્રાસાદની ભવ્યતાને લીધે કે પાસે આવેલા મહાલય તીર્થને કારણે તેનું નામ રુદ્રમહાલય પડ્યું હશે તેવું અનુમાન છે.

આ મહાપ્રાસાદની ભવ્યતા ગાતાં ખાસ ઐતિહાસિક વર્ણનો મળતાં નથી, પણ અહીંના સ્થાનિક બ્રાહ્મણો અને બીજાઓએ તેની મહત્તા વર્ણવતાં કાલ્પનિક કવિતો, વાર્તાઓ વગેરે યોજ્યાં છે તે બધાં પ્રમાણે તેમાં ૧૪૪૪ થી ૧૭૦૦ જેટલા થાંભલા હતા, ૧૮૦૦૦ પૂતળીઓ હતી, ૩૦,૦૦૦ ધ્વજદંડ હતા અને આ પ્રાસાદ ખૂબ જ ભવ્ય અને ઉત્તુંગ હતો.[1]

આ રુદ્રમહાલય જેવા ભવ્ય પ્રાસાદો આજે ગુજરાતમાં નથી પણ રાજસ્થાનમાં રાણકપુરમાં ધરણાવિહાર નામનો પ્રાસાદ છે જેને હાલ ૧૪૪૪ સ્તંભ છે. સં. ૧૫૫૪માં સોમસુંદરસૂરિના પંડિત શિષ્ય પ્રતિષ્ઠાસોમે રચેલા 'સોમ સૌભાગ્ય કાવ્ય'માં જણાવ્યા મુજબ તે મંદિર સિદ્ધપુરના રાજવિહાર જેવું બનાવવામાં આવ્યું હતું.[2] આજે સિદ્ધપુરમાં રાજવિહાર વિદ્યમાન નથી અને પ્રાપ્ત સિદ્ધપુર ચૈત્ય-પરિપાટીઓમાં પણ તેનો કોઈ ઉલ્લેખ નથી; પરન્તુ લૌકિક પ્રાપ્ત પરંપરા ઉપરથી જાણી શકાય છે કે આ રાજવિહાર શહેરની ઈશાન બાજુએ આવેલા શહેરના પરા જેવા રાજપુર ગામ પાસે હશે. આજે પણ તે ગામ પાસેના એક ખેતરમાં એક ખીજડાના ઝાડ નીચે પથ્થર ઉપર દીવો કરી ઇષ્ટદેવનું સ્મરણ કરવા કોઈ કોઈ જૈન ભાઈઓ ત્યાં પરંપરા અનુસાર જાય છે. વૃદ્ધોના જણાવ્યા પ્રમાણે ત્યાં પહેલાં ભવ્ય પ્રાસાદ હોવાનું કહેવાય છે. આ રાજપુર ગામ તેઓના મતે રાજવિહાર ત્યાં હોવાને કારણે જ તે નામ ધરાવતું હશે એવું અનુમાન છે, પણ રાજપુર તેટલું પ્રાચીન હોવાના આધારો પ્રાપ્ત નથી. સોમ સૌભાગ્ય કાવ્ય પ્રમાણે તો તે સોળમી સદીમાં વિદ્યમાન હતો. આ રાજવિહાર માટે એવું કહેવાય છે કે સિદ્ધરાજના આંલિગ નામના જૈનમંત્રીએ રુદ્રમહાલયના જીર્ણોદ્ધાર સમયે તેના જેવો જ જૈનપ્રાસાદ બંધાવી દીધો. આમાં રુદ્રમહાલય કરતાં ફક્ત ૨૫૦ થાંભલા ઓછા હતા, એટલે થોડો નાનો હતો, પણ રુદ્રમહાલયની પ્રતિકૃતિ જેવો જ હતો. સિદ્ધરાજે પાછળથી આને અનુમતિ આપી બધો ખર્ચ રાજ્યમાંથી આપ્યો અને પ્રતિષ્ઠા પણ કરાવી આપી હતી અને નિભાવ માટે કેટલાંક ગામ પણ દાનમાં આપ્યાં હતાં.[3] આ રાજવિહાર જોઈને ધરણાવિહાર બંધાયો હોવાનો ઉલ્લેખ સોમ-

---

૧ જુઓ. अ. કવિ દલપતરામ ડાહ્યાભાઈકૃત 'ગુજરાતના ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ' —સિદ્ધપુરમાં સધરા જેસંગે રૂદરમાલ કરાવ્યો. ચૌદ કરોડ મહોર કાગળે ચડી ખરચની તે સંવત ૧૧૫૨ની સાલમાં રૂદરમાલ પૂરો કર્યો.

व કવિત 'ઉપદેશતરંગિણી', સંપાદક મુનિશ્રી જિનવિજયજી, ભારતીય વિદ્યા, સિંધી સ્મૃતિગ્રંથ

क કવિ ગણપતરામ ભાઈશંકર પાધ્યારચિત કવિત 'રુદ્રમહાલયનું વર્ણન'

ड સિદ્ધરાજના રાજકવિ લલ્લભટ અને ગદને નામે ચઢેલાં કવિતો

इ બ્રાહ્મણોનું વારસાગત કાવ્ય. જુઓ પ્રેમશંકર ઠાકરકૃત 'રુદ્રમહાલય', પા. ૩૬

૨ મુનિશ્રી જિનવિજયજી, જૈન લેખસંગ્રહ, રાણકપુરના લેખો

૩ શ્રી. ર. છો. પરીખ, કાવ્યાનુશાસન, પ્રસ્તાવના, પા. ૧૮૮

સૌભાગ્ય કાવ્યમાંથી મળે છે, એટલે રુદ્રમહાલય હાલના વિદ્યમાન રાણકપુરના ધરણાવિહાર જેવો હોવો જોઈએ એવું અનુમાન થાય છે. ચારે બાજુ ફરતાં જૈન તીર્થંકરોની દેરીઓને બદલે શિવમંદિરો હશે તેટલું બાદ કરતાં બીજા ફેરફારો નહીં હોય. સિદ્ધપુરમાં આ સિવાય બીજા પણ જૈન પ્રાસાદો હતા, પણ તે અંગેની ચર્ચા અત્રે અસ્થાને છે.

પાશ્ચાત્ય વિદ્વાનો કર્નલ ટૉડ, ફાર્બસસાહેબ, શ્રી બર્જેસ અને કઝીન્સે રુદ્રમહાલયનાં વર્ણનો આપ્યાં છે તે પ્રમાણે પણ તે ભવ્ય પ્રાસાદ હતો. તેનો સૌ પ્રથમ વિનાશ સં. ૧૩૫૪-૫૫માં અલાઉદ્દીનના સરદાર અલફખાને કર્યો હતો, પણ તેનો મોટો ભાગ બચ્યો હતો. પણ સંવત્ ૧૪૭૧માં અમદાવાદના સ્થાપક અહમદશાહે તેનો પૂરેપૂરો વિનાશ કરી ત્યાં મસ્જિદ બંધાવી હતી જે આજે પણ મોજૂદ છે. કર્નલ ટૉડે મૂળરાજનો સંવત્ ૯૯૮નો અને સિદ્ધરાજનો સંવત્ ૧૨૦૨નો એમ બે શિલાલેખ જોયા હતા તે અત્યારે નથી. આ ઉપરાન્ત અનુપમ કલાકારીગરીવાળો દરવાજો જે ટૉડે જોયો હતો તે પણ આજે મોજૂદ નથી.[1] આ દર્શાવે છે કે મુસ્લિમોએ તેનો નાશ કર્યો, પણ ત્યારપછીના બચેલા અવશેષો અહીંના સ્થાનિક લોકો અગર તો સરકાર યોગ્ય રીતે સાચવી શકી નથી તે એક દુઃખદ બીના છે. આજે તો તેના અવશેષરૂપે મસ્જિદવાળા ભાગમાં એક બે દેરીઓ અને પાછળ તોરણ, બે મંડપો, તેના સ્તંભો અને તે ઉપરના પાટડાઓ જ ઊભા છે.

આમ સિદ્ધપુર શહેરનાં અનેક સ્થળો અને સ્થાનો તેની પ્રાચીનતા—ઐતિહાસિકતા આજે પણ ગાય છે.

---

1 Archaeological Survey of Northern Gujarat, page 37.

ડાંડિયા નૃત્ય ગીત

શંકરભાઈ સોમાભાઇ તડવી

[**પોચંબા,** તા. **નસવાડી** ગામે ઇ. સ. ૧૯૪૯ની ૧લી ફેબ્રુઆરીથી સ્વ. મોતીભાઈ અમીન સંવત્સરી સપ્તાહની ઉજવણીના છેલ્લા દિવસે રાખેલા રંજનકાર્યક્રમમાં ઢોલનૃત્ય રાખ્યું હતું. ટુકડીએ કાર્યક્રમ શરૂ કર્યો; ને જ્યાં ઢોલ ઉપર ડાંડિયો પડ્યો કે આખો પ્રેક્ષક-સમૂહ હલમલી ઊઠ્યો. સૌ પુરુષો નાચવા તૈયાર થઈ ગયા ! ત્યારે જ મને આદિવાસી પ્રજાઓમાં નૃત્યની કેવી વ્યાપક અસર અને રુચિ છે તે જાણવા મળ્યું. પછી **સીમેલ** રહેવાનું થતાં લોકસાહિત્યની શોધ-ખોળ આદરી. ત્યાંથી લગ્નપ્રસંગે થતા ડાંડિયા નૃત્યની ભાળ મળી. આ ડાંડિયા નૃત્યમાં સીસમના ડાંડિયા લઈ પુરુષો ગોળ નાચતા. આજથી પચાસેક વર્ષ ઉપર આ નૃત્ય ચાલુ હતું—આજે ચાલુ નથી. એ વખતે ગવાતા ગીતની એક સેર (આકાશવાણી ઉપરથી જેવી ગીતોભરી કહાણી રજૂ થાય છે તેવી એક બેઠકે ગવાતાં ગીતોની સાંકળ) સીમેલના વૃદ્ધ રાઠવા કોળી શ્રી. વીંછિયાભાઈ પાસેથી તા. ૧૫-૭-૧૯૫૮માં ઉતારી હતી, તે અહીં રજૂ કરી છે. ગીતમાં ગવાતા લાંબા સૂરને સાખીઓ કહે છે અને ચલતીને ચોપાઈઓ કહે છે, પણ ગુજરાતમાં પ્રચલિત સાખી ચોપાઈથી એનું સ્વરૂપ જુદું છે. સાખી અને ચોપાઈ ખોટા અર્થમાં વપરાય છે.]

એ......છતરસંગ રાજા રે......
તારાં તૈડકાં[1] ઘોડાં...
તરાંબે[2] કૂંડે પાંણી પીય; (૨)

એ......કૂંડું દેખીને ઘોડી ચમકી
કંઈ ઘોડો દેખી મકલાય.[3] (૨)

એ......ઊંસી[4] નીસી મેડીએ રે
ઝગ દીવલા બળે, (૨)
એ રાંણી બીઝાવે[5] હાર; (૨)
અજુ[6] નું[7] આઈવો ઘરકો ધણી
કંઈ પઈડો જુવાનને ઘેર. (૨)

એ......વાણીલાની બેટી રે
બડી લાઈડકડી,[8] (૨)
ઓટલે બેસીને ગોળ ખાય; (૨)
ખાતી ખાતી રે કંઈ ઢળી પડી રે
ઢળીયાં[9] વીણી ખાય! (૨)

---

૧ ખરાબ—માંદલાં, ૨ ત્રાંબા, ૩ મલકાય-હરખાય, ૪ ઊંચી નીચી, ૫ ગૂંથે, ૬ હજુ, ૭ ના, ૮ લાડકડી-વહાલી-લાડકી, ૯ ઢેફાં.

હે......કાનડેસી વનમેં ગોરો પીપળો પાઈકો (૨)
અઈણી[1] અરી સરી[2] જાય, (૨)
એઠે બેસીને રાંમે તીર જ માઈરો
અઈણી ઓળંગતી જાય! (૨)

હે......સઁગી ને મઁગી રે દો બેનડીયો
રાખે સણા[3] કેરું ખેત, (૨)
સણેકા[4] ગાંટું[5] ગરી પઈડું
કંઈ ઈયાળું[6] ફૂટે પેટ, (૨)

હે તસુ ને તાંસકે[7] હલાં ઠેર ઠેર ગાંમ
પાંડવેડ[8] સોરાસી[9] ગાંમ. (૨)

[૨]

(જુદો ઢાળ)

કોરી ગાગેર કંઈ મંધ ભરી
કંઈ ઉપર લખીયો મોર
હો સાલ,[10] મારું નાનેરું ભાણુજું!

પઈણો જયો રે કંઈ પાલમેં રે[11]
પાડોશી જયો ગુજરાતમેં—હો સાલ૦

પઈણો લાઈવો કંઈ કોપરાં
પાડોશી લાઈવો ગૉળ—હો સાલ૦

પઈણા! તારાં કોપરાં ખારાં-તૂરાં રે
મને ગળીયો લાઈગો ગૉળ—હો સાલ૦

કોરી ગાગેર કંઈ મંધ ભરી
કંઈ ઉપર લખીયો મોર
હો સાલ, મારું નાનેરું ભાણુજું!
પઈણો જયો રે કંઈ પાલમેં
પાડોશી જયો ગુજરાતમેં—હો સાલ૦

---

૧ હરણી, ૨ હરીચરી, ૩ ચણા, ૪ ચણાનાં, ૫ પોપટાં, ૬ અસ્પષ્ટ છે, સમજાતું નથી. ૭ છેટે, અંતરે ૮ પાનવડ (તા. છોટાઉદેપુર એક ગામ), ૯ ચોરાસી, ચોર્યાસી, ૧૦ ચાલ, ૧૧ જંગલવાળો પ્રદેશ.

પઈણો લાઈવો, કંઈ ઓઢણો
  પાડોશી લાઈવો શેલ[1]—હો સાલ૦

પઈણા! તારો ઓઢણો ફાઈટો-તૂઈટો
  મારી પાવલીયે[2] રોળાતી શેલ—હો સાલ૦

કોરી ગાગેર મંધ ભરી
  કંઈ ઉપર લખીયો મોર
  હો સાલ, મારું નાનેરું ભાણજું!

પઈણો જ્યો'તો કંઈ પાલમે
  પાડોશી જયો ગુજરાતમે—હો સાલ૦

પઈણો લાઈવો કંઈ ઘોડુલા રે
  પાડોશી લાઈવો વે'લ—હો સાલ૦

પઈણા! તારા ઘોડુલેથી લટી[3] પડુ
  મારી શેરીએ મલકતી વે'લ
  હો સાલ, મારું નાનેરું ભાણજું! *

---

૧ શેલુ, ૨ પગે ૩ સરી—ખસી

* પહેલા ગીતને મળતું આવતું લગ્ન નૃત્યગીત તરબદા કોળી, તડવી વગેરેમાં ગવાય છે તેનો ઢાળ મળતો આવે છે, પણ ડાંડિયા સાથે ગવાતું નથી. બીજું ગીત તડવીમાં ગવાતા નીંદણાના ગીતને મળતું આવે છે.

કવિ કાશીસુત શેધજી

બહેચરભાઈ ર. પટેલ

નરસિંહની 'સુદામાચરિત્ર' જેવી રચનાઓમાં જેનાં બીજ દેખાય છે તે કડવાંબદ્ધ આખ્યાન પદ્ધતિપૂર્વક રચાયાં ભાલણથી. એ પ્રવાહ પુષ્ટ કરી આખ્યાનકવિશ્રેષ્ઠ પ્રેમાનંદના આગમન માટે ભૂમિકા તૈયાર કરી આપનાર સંખ્યાબંધ આખ્યાનકારો નાકરયુગમાં થઈ ગયા. એમાં જેમની કૃતિઓમાં કવિતાની ચમક દેખાય છે એવા થોડા આખ્યાનકવિઓમાં કાશીસુત શેધજી પણ એક છે.

પ્રામાણિક ચરિત:

વિક્રમના સોળમા-સત્તરમા શતકમાં ખંભાતના અખાતના પટ પર આવેલું ખંભાત શહેર માત્ર ગુજરાતનું જ નહિ, સમસ્ત હિંદનું એક સમૃદ્ધ બંદર અને જાહોજલાલીવાળું શહેર હતું. એ ખંભાત ત્યારે તેના કાપડઉદ્યોગ માટે મશહુર હતું. એ કાપડઉદ્યોગમાં કામ કરનારાઓમાં ત્યાંના વણકરોની વસ્તી ગણનાપાત્ર હતી, તો કાપડને રંગવા-છાપવાનું કામ કરનાર બંધારા કોમનાં કેટલાંક કુટુંબો ત્યાં વસતાં હતાં. વિક્રમના સત્તરમા શતકની શરૂઆતમાં—સંભવતઃ બીજા દાયકામાં—ખંભાતમાં રહેતા પલવટકુલના કાશી નામના બંધારા સદ્‌ગૃહસ્થને ત્યાં એક પુત્રનો જન્મ થયો. એ પુત્ર તે કાશી-સુત શેધજી.

કાશીસુત શેધજીનું શૈશવ મોગલ શહેનશાહતના ગુજરાતમાંના શાસનના પ્રારંભકાળમાં પસાર થયું. વૈષ્ણવ ધર્મની પૌરાણિક ભકિતની હવામાં એ ઊછર્યો. એ વખતનું ખંભાતનું વાતાવરણ ધાર્મિક પૌરાણિક કથાઓથી ગાજતું હતું. વ્યાસોની કથાઓ રોજ મંડાતી, અને આખ્યાનકારોનાં આખ્યાનો પણ લગભગ રોજ રાતે થતાં. વિષ્ણુદાસ જેવા આખ્યાનકારની ત્યારે બોલબાલા હતી. શેધજી યથાવકાશ રસપૂર્વક આ કથાવાર્તાઓ સાંભળવા જતો. એમાં એને ભટ્ટ નાગજી વ્યાસની કથાઓએ ખૂબ આકર્ષ્યો. એ નાગજી ભટ્ટનો પ્રિય શ્રોતા અને શિષ્ય બની ગયો. એના સત્સંગને પરિણામે એને આખ્યાન રચવાની પ્રેરણા થઈ. એનામાં કવિત્વનું બીજ તો પડેલું હતું. તત્કાલીન ધાર્મિક વાતાવરણ, વિષ્ણુદાસ–હરિદાસ જેવાની આખ્યાનપ્રવૃત્તિ, નાગજી વ્યાસ જેવાનું શિષ્યત્વ અને પૌરાણિક કથા–આખ્યાનનું શ્રવણ એ બીજને પ્રેરણાનાં જલ પાઈ વિકસાવનાર નીવડયાં. એણે આખ્યાન રચવાનું શરૂ કર્યું. સં. ૧૬૪૩થી શરૂ થયેલી એની આખ્યાન-રચના-પ્રવૃત્તિ સં. ૧૬૫૧ સુધી ચાલી અને આપણને ભાગવત-આધારિત ત્રણ, રામાયણ-આશ્રિત એક અને મહાભારત પર રચાયેલાં ચાર એમ કુલ આઠ આખ્યાનો ક્રમાનુસાર મળ્યાં.

શેધજી બંધારા જેવી કારીગરની પછાત જાતિમાં જન્મ્યો-જીવ્યો હોવા છતાં ધાર્મિક-સાહિત્યિક-સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં રચ્યોપચ્યો રહેવાથી આખ્યાનકવિપદ પામી શકયો. એનો

આત્મા સંસ્કારી હતો અને હૃદય ભક્તનું હતું. હિંદુધર્મના કોઈ વિશિષ્ટ સંપ્રદાયનો એ નહોતો પણ સામાન્ય હિંદુની જેમ વિષ્ણુના અવતારો, ગણેશ, શારદા વગેરે દેવદેવીઓમાં શ્રદ્ધાભક્તિ ધરાવતો હતો. એણે સાહિત્યસર્જન કર્યું છે તે પણ પ્રભુભક્તિ નિમિત્તે જ. એને કથાશ્રવણ કરાવનાર અને આખ્યાનો રચવાની પ્રેરણા આપનાર એના ગુરુ નાગજી ભટ્ટ પ્રત્યે ખૂબ આદરભાવ હતો. શેધજીને 'કવિ' હોવાનો ગર્વ નહોતો. સ્વભાવે એ ખૂબ નમ્ર અને વિવેકી હતો. એના સંસ્કારી સૌજન્યે એની કૃતિઓમાં સાત્ત્વિક ભાવોનું જ આલેખન કર્યું છે. પોતાના નિત્યના વ્યવસાય સાથે આખ્યાનો રચવાની ધાર્મિક-સાહિત્યિક પ્રવૃત્તિ કરીને મધ્યકાલીન ગુજરાતમાં ભારતીય ધર્મ-સંસ્કૃતિને વહેતી રાખનારાઓમાંના એક તરીકે એ આપણા માનનો અધિકારી છે.

સં. ૧૬૪૩ થી સં. ૧૬૫૧ સુધીના એના સર્જનકાળને લક્ષમાં લેતાં એમ કહી શકાય કે વિક્રમના સત્તરમા શતકના મધ્યાહ્નમાં એના જીવન-કવનનો મધ્યાહ્ન તપતો હતો. ખંભાતના જ વિષ્ણુદાસ અને હરિદાસ એ બે આખ્યાનકવિઓ એના સમકાલીન હતા, અને શિવદાસ એનો ઉત્તરસમકાલીન હતો. એનું મૃત્યુ સંભવતઃ વિ. સં. ૧૬૬૦ની આસપાસ થયું હોય. વિક્રમના સત્તરમા શતકની પ્રથમ ત્રણ વીસીઓમાં એની જીવનલીલા સમાઈ જાય છે. સાહિત્યમાં એનો સમય નાકરયુગ હતો.

સર્જન :

કાશીસુતને નામે આઠ આખ્યાનકૃતિઓ મળે છે. એ કૃતિઓની હસ્તપ્રતોની ઉપલબ્ધિ અને તેમાં સ્પષ્ટપણે અનેક વાર જોવા મળતી 'કાશીસુત' કે 'કાશીસુત શેધજી'ની છાપને કારણે એ એની સિદ્ધ કૃતિઓ છે. કૃતિમાંથી પ્રાપ્ત થતા રચનાસંવત અને રચનાસંવત વિનાની કૃતિઓના આંતરસ્વરૂપ ઉપરથી એ આઠ કૃતિઓનો રચનાક્રમ નીચે પ્રમાણે જણાય છે :

ક્રમાંક	કૃતિ	પ્રાપ્ત રચનાસંવત	સ્વીકાર્ય રચનાસંવત
૧. ભાગવત આદિ પુરાણો પરની કૃતિઓ :			
(૧)	અંબરીષ-આખ્યાન	૧૬૪૩	૧૬૪૩
(૨)	પ્રહ્લાદાખ્યાન (અપૂર્ણ)	નથી	૧૬૪૩ પછી
(૩)	રુક્મિણીહરણ	૧૬૪૩, ૧૬૪૭	૧૬૪૭
૨. રામાયણ પરની કૃતિ :			
(૪)	હનુમાનચરિત્ર	૧૬૪૭, ૧૬૪૮	૧૬૪૭
૩. મહાભારત પરની કૃતિઓ :			
(૫)	દ્રૌપદીવસ્ત્રાહરણ	૧૬૪૮	૧૬૪૮
(૬)	વિરાટપર્વ	૧૬૪૮	૧૬૪૮
(૭)	ઘોષયાત્રા (ચિત્રસેનનું આખ્યાન)	૧૬૫૦	૧૬૫૦
(૮)	સભાપર્વ (રાજસૂયયજ્ઞની કથા)	૧૬૫૧	૧૬૫૧

તેની રચનાઓ પણ એક ખાસ પદ્ધતિએ કે યોજના પ્રમાણે રચાઈ હોય એવું લાગે છે. પ્રારંભમાં તે ભાગવતના વસ્તુ પરથી ખ્યાતનામ પૌરાણિક ભક્તો અંબરીષ અને પ્રહ્લાદનાં ચરિતોનાં આખ્યાનો રચે છે. પછી ભાગવતના જ વસ્તુ પરનું 'રુક્મિણીહરણ' રચે છે. તે પછી રામાયણમાંથી 'હનુમાનચરિત'નું આખ્યાન બાંધે છે. આમ ભાગવત અને રામાયણ પરની કૃતિઓ પતાવી તે મહાભારત પાસે જાય છે; અને એના વસ્તુની સહાયથી 'દ્રૌપદીવસ્ત્રાહરણ', 'વિરાટપર્વ', 'ઘોષયાત્રા' અને સભાપર્વ' રચી આપે છે. મહાભારત પરની કૃતિઓનો ક્રમ વિચારણીય છે, પણ કોઈ કવિ મૂળ ક્રમ જાળવતો નથી એમ એણે પણ નથી જાળવ્યો.

સ્વરૂપની દૃષ્ટિએ જોઈએ, તો કાશીસુતની બધી જ કૃતિઓ એક આખ્યાન સ્વરૂપની છે; તેમ જ વિષય-વસ્તુના મૂળ પ્રમાણે વિભાગ પાડતાં તે પૌરાણિક કથાવસ્તુ પર આધારિત વિષયનાં આખ્યાનોના પ્રકારમાં આવે છે. તેના કવનમાં સ્વરૂપનું વૈવિધ્ય નથી. તેમ એણે સ્વીકારેલા આખ્યાનસ્વરૂપમાં પણ એણે કોઈ નરસિંહ જેવા ઐતિહાસિક ભક્તના જીવનને અથવા સગાળશાની વાર્તા જેવા લોકકથાવસ્તુને વિષય બનાવીને આખ્યાનો રચ્યાં નથી. આમ એની કૃતિઓનો પ્રથમ ને બાહ્ય પરિચય તે પૌરાણિક વિષયનાં આખ્યાનો તરીકેનો. એણે ભાગવત, રામાયણ કે મહાભારત જેવા કોઈ મહાગ્રંથને ગુજરાતી પદ્યમાં અવતારવાની હામ ભીડી નથી, તેમ જ એવા મહાગ્રંથોના સ્કંધ, કાંડ કે પર્વવાર પદ્યાનુવાદ કરવાની પ્રવૃત્તિ પણ ઓછી જ કરી છે. મહાભારત પરનાં એનાં ચાર આખ્યાનોમાં 'રાજસૂયયજ્ઞની કથા' (સભાપર્વ) અને 'દ્રૌપદીવસ્ત્રાહરણ' મળીને મહાભારતનું એક સભાપર્વ બનાવે છે. 'વિરાટપર્વ' સ્વતંત્ર ને આખું મળે છે. 'ઘોષયાત્રા' (ચિત્રસેનનું આખ્યાન) તો મહાભારતના વનપર્વની એક નાની કથા જ આપે છે. એટલે એણે નાકર-વિષ્ણુદાસની જેમ મહાભારત-રામાયણને ગુજરાતીમાં અવતારવાનો મહાપ્રયત્ન નથી આદર્યો કે નથી એ મહાગ્રંથોના સાર આપવાની ચેષ્ટા કરી; પણ એણે એ મહાગ્રંથોમાંથી નાના નાના આકર્ષક કથાખંડ લઈને આખ્યાનો બાંધ્યાં છે. વિષ્ણુદાસની નવ વસ્તુનિયોજક પ્રતિભા એની પાસે નરસિંહ મહેતાના ભક્ત-જીવન પરનાં આખ્યાનો સૌ પ્રથમ સરજાવે છે. તેવું કોઈ નવું પ્રસ્થાન શેધજીની પ્રતિભાએ નથી કર્યું. અરે શેધજીએ તો પોતાના સમસ્થળકાળના એ વિષ્ણુદાસનું આ બાબતમાં અનુકરણ પણ નથી કર્યું. અલબત, એણે પૂર્વે નહિ ખેડાયેલા કે અલ્પ ખેડાયેલા પૌરાણિક વિષયોનાં સ્વતંત્ર આખ્યાનો રચીને એ વિષયોની આખ્યાનક્ષમતા અને મર્યાદિત ક્ષેત્રમાં પ્રકટ થતી પોતાની મૌલિકતા સિદ્ધ કરી આપી છે.

મૂળ કથા ઉપરથી આખ્યાન બાંધવાની પદ્ધતિની દૃષ્ટિએ જોઈએ તો એક વર્ગમાં મૂળ ગ્રંથમાંથી કથા લઈને રચાયેલાં ભાગવત-રામાયણ પર આધારિત ત્રણ ભક્તચરિતો ને ચોથું ભગવચ્ચરિત આવે. તો બીજા વર્ગનાં મહાભારત પરની ચાર કૃતિઓ આવે. પ્રથમ વર્ગની કૃતિઓમાં એ મૂળનો પદ્યાનુવાદ નથી કરતો. ભાગવત પરની રચનાઓમાં તો એ અન્ય પુરાણોની કથાના અંશોનો મૌલિક પ્રતિભાથી સારો વિનિયોગ કરે છે, અને 'હનુમાનચરિત્ર'માં હનુમાન પરાક્રમની કથાનું સંકલન કરી કેટલાક આકર્ષક ઉમેરા કરે છે. બીજા વર્ગની કૃતિઓમાં તે મોટે ભાગે મૂળનો સરળ રસિક ભાવાનુસારી ને સંક્ષિપ્ત પદ્યાનુવાદ કરે છે. આ બાબતમાં એ નાકર અને વિષ્ણુદાસની વચ્ચેનો માર્ગ પસંદ કરે છે. શ્રોતાઓની કથારસવૃત્તિને ખ્યાલમાં રાખીને તે સ્વયંપર્યાપ્ત, સ્વતંત્ર ને માપસરનો કથાએકમ પસંદ કરી એમાં એની મૌલિકતા દાખવવા પ્રયત્ન કરે છે.

સં. ૧૬૪૩માં રચાયેલું એ વિષયનું પ્રથમ પ્રાપ્ત થતું ૧૪ કડવાંનું **'અંબરીષ આખ્યાન'** સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અંબરીષની કથાના આખ્યાનોમાં અદ્વિતીય નહિ તો અતૃતીય તો છે જ. કથાનિરૂપણ અને દુર્વાસાના પાત્રના અપૂર્વ આલેખનમાં તે બીજી રીતે ચડિયાતા એવા રામદાસસુતના 'અંબરીષ-આખ્યાન'ને પણ અતિક્રમી જાય છે.

કાશીસુતનું અપૂર્ણ છતાં મોટા ભાગની કથાને કહી જતું હોવાથી લગભગ પૂર્ણ જેવું ૧૮મા કડવે તૂટતું **'પ્રહ્લાદ-આખ્યાન'** વિવિધ કથાતંતુઓની ગૂંથણી, પ્રબળ પ્રભાવાત્મક એવાં હિરણ્યકશિપુ ને નરસિંહનાં પાત્રાલેખન, તપ કરતા હિરણ્યકશિપુ અને નરસિંહનાં વર્ણનો, વીર, રૌદ્ર-ભયાનક ને અદ્‌ભુત રસનું આકર્ષક નિરૂપણ, હિરણ્યકશિપુ-પ્રહ્લાદનો માર્મિક સંવાદ, ભાવ-ભરી ઉક્તિઓ ને જ્ઞાનની સૂક્તિઓને કારણે રસિક ને આસ્વાદ્ય આખ્યાન બન્યું છે. ભીમથી માંડીને ગિરધર સુધીના કવિઓએ રચેલી પ્રહ્લાદવિષયક કૃતિઓમાં પણ તે કથાની કેન્દ્રીયતા, રૌદ્ર-ભયાનક રસનું નિરૂપણ, હિરણ્યકશિપુનું માનસચિત્રણ ને નરહરિના વર્ણન માટે વિશિષ્ટતા ધરાવે છે. બીજી બાબતમાં તે સામાન્ય છે.

બાર કડવાંનું **'રુક્મિણીહરણ'** એ કાશીસુતની કાવ્યમુદ્રિકા છે. દેવીદાસ અને પ્રેમાનંદનાં 'રુક્મિણીહરણ' એથી ચડિયાતાં છે, તોપણ દ્વારિકાવર્ણન, વિપ્રનું પાત્રાલેખન ને એ દ્વારા હાસ્યનું નિરૂપણ કોઈની કૃતિમાં એટલાં સુંદર, સરસ નથી.

કાશીસુતરચિત **'હનુમાનચરિત'** આપણા સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની એકમાત્ર હનુમાનવિષયક સ્વતંત્ર આખ્યાનકૃતિ છે. કાશીસુતની પણ રામાયણ પરની આ એકમાત્ર કૃતિ છે. ૧૮ કડવાંના આ આખ્યાનમાં મુખ્યત્વે હનુમાનનું સીતાશોધનું પરાક્રમ જ વર્ણવાયું છે. કાશીસુતની શક્તિ-અશક્તિનું દૃષ્ટાંત બની રહેલું 'હનુમાનચરિત્ર' એમાંનું મુદ્રિકાગીત (કડવું ૯), રાવણના કોપનું વર્ણન, સીતાના આત્મઘાતના પ્રયત્ન વખતે થતો હનુમાનનો નાટ્યાત્મક પ્રવેશ અને હનુમાનનું યુદ્ધપરાક્રમવર્ણન તથા તેમાંના વીર-રૌદ્ર-ભયાનક રસનું નિરૂપણ એટલાં આકર્ષક અંગો ધરાવે છે. હનુમાનપરાક્રમની કથાને ઉદ્ધવ, નાકર, વિષ્ણુદાસ ને ગિરધરે પોતાના રામાયણમાં આથી વધારે વિગતે ને રસે કહી છે. પણ રામાયણના યુદ્ધકાંડ પરથી રચાયેલાં સ્વતંત્ર કાવ્યોમાં પ્રેમાનંદનું 'રણયજ્ઞ' અદ્વિતીય છે તેમ કિષ્કિંધા અને સુંદરકાંડ પરથી રચાયેલાં સ્વતંત્ર આખ્યાનોમાં શેઘજીકૃત 'હનુમાનચરિત્ર' ઉત્તમ છે એમ કહી શકાય.

કાશીસુતની મહાભારત પરની કૃતિઓમાં **'દ્રૌપદીવસ્ત્રાહરણ'** પ્રથમ છે. મહાભારતના સભાપર્વના ૪૬-૮૧ અધ્યાયોનું વસ્તુ એમાં લેવાયું છે, જ્યારે એ પૂર્વેનું ૧-૪૫ અધ્યાયોનું રાજસૂયયજ્ઞસભાનું કથાવસ્તુ એના છેલ્લે રચાયેલા 'સભાપર્વ'માં સમાવિષ્ટ છે. મૂળને અનુસરતા એના ૧૩ કડવાંના 'દ્રૌપદીવસ્ત્રાહરણ'નાં આગળ તરી આવતાં સુલક્ષણો છે દુર્યોધન, દુઃશાસન ને ધૃતરાષ્ટ્રની મનોદશાનું આલેખન, આરંભનો દુર્યોધન-ઉપહાસનો પ્રસંગ, દ્રૌપદીવસ્ત્રાહરણપ્રસંગનાં કરુણ ને અદ્‌ભુત રસ અને કથા તથા આખ્યાનનો સ્વયંસંપૂર્ણ આકાર. તુલનાત્મક દૃષ્ટિએ એ મધ્યમ કક્ષાની કૃતિ છે.

એનું **'વિરાટપર્વ'** એની આખ્યાનકાર તરીકેની શક્તિઓનું પરિચાયક અને એની કૃતિઓમાં સૌથી વધારે—૨૧—કડવાંનું આખ્યાન છે. કથાવસ્તુની રજૂઆત, પાત્રોનું

વૈશિષ્ટ્યયુક્ત આલેખન, પ્રસંગો, પાત્રો ને પરિસ્થિતિઓનાં ભાવવાહી વર્ણનો, વીર, કરુણ ને હાસ્ય રસનું હૃદયસ્પર્શી નિરૂપણ, વાર્તાલાપની છાંટવાળા સંવાદોમાંના કેટલાકમાંથી સ્ફુટ થતું નાટ્યાત્મ વક્રોક્તિવાળું ને વિનોદાત્મક વ્યંગ પ્રકારનું હાસ્ય, કથાપ્રવાહનો વેગ, કુતૂહલ ટકાવે એવી વસ્તુગૂંથણી આદિને કારણે નાકરના 'વિરાટપર્વ'ની જેમ શેધજીનું વિરાટપર્વ' પણ એ વિષયનું એ પછીના સ્થાનનું અધિકારી આખ્યાન બન્યું છે. મૂળના કથારસને જાળવીને સંકુલ ઘટનાપ્રધાન કથાને સંયમપૂર્વક શી રીતે નિરૂપી શકાય એનું એ સારું દૃષ્ટાંત છે.

સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં **'ઘોષયાત્રા'** કે 'ચિત્રસેનનું આખ્યાન' નામે સ્વતંત્ર રીતે રચાયેલી કૃતિ એકમાત્ર કાશીસુતની જ છે. ૧૧ કડવાંનું કાશીસુતનું નાનામાં નાનું આ આખ્યાન, કવિતાનો અભાવ, સારાં વર્ણનોની ખામી, ઊંચા પ્રકારના રસનિરૂપણની ઊણપ—એ બધું હોવા છતાં ધૃતરાષ્ટ્ર, યુધિષ્ઠિર ને મુખ્યત્વે તો દુર્યોધનના વાસ્તવદર્શી સ્વભાવચિત્રણના કારણે નોંધપાત્ર છે. 'ઘોષયાત્રા' એના વિષયની એવી કૃતિ છે કે જેનો ઉપયોગ અવિચળદાસે એના 'વનપર્વ'માંના આ ભાગમાં ભરપટે કર્યો છે. કાશીસુતની એના અનુગામી પરની અસરનું એ સબળ નિદર્શન છે.

'સભાપર્વ' (રાજસૂયયજ્ઞની કથા) કાશીસુતની છેલ્લી કૃતિ છે. એને એની શ્રેષ્ઠ રચના નહિ કહી શકાય. તોપણ શ્રી કે. કા. શાસ્ત્રીને કાશીસુત એના સમયના કવિઓમાં અલગ તરી આવતો લાગ્યો છે તે તો તેના 'સભાપર્વ'માં દેખાતા થોડા કવિત્વયુક્ત ગુણોને કારણે જ.* ૧૩ કડવાંનું ને લગભગ પોણીચારસો કડીઓનું 'સભાપર્વ' એ મુખ્યત્વે બે વર્ણન (સભા અને રાજસૂયયજ્ઞનાં) અને બે વધ(જરાસંધ અને શિશુપાલના)નું રસિક આખ્યાન છે. શેધજીના વર્ણનકલાસામર્થ્યનો એ સારો નમૂનો છે. તુલનાત્મક દૃષ્ટિએ વિષ્ણુદાસ કે ગિરધરના આ વિષયના આખ્યાન જેટલું એ સવિગત નથી, પણ ગણનાપાત્ર અવશ્ય છે. આ 'રાજસૂયયજ્ઞની કથા' સાથે એનું 'દ્રૌપદીવસ્ત્રાહરણ' જોડી દેતાં આપણને એક ઉત્તમ 'સભાપર્વ' મળી રહે.

આખ્યાનકવિ તરીકે:

કાશીસુત શેધજી સુધીમાં તો ગુજરાતી આખ્યાનપ્રકાર આખ્યાનયુગને અડધે રસ્તે આવી પહોંચે છે. એમાં તે પોતાનાં સામાન્ય કદનાં આઠ આખ્યાનોથી પણ પોતાની આખ્યાનકવિ તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. તે નિર્ભેળ રીતે આખ્યાનકવિ છે. કવિ કરતાંય કથાકાર કે આખ્યાનકાર વધુ છે. આખ્યાનનું બાહ્યાંતર સ્વરૂપ એના કવિત્વનું એકમાત્ર વાહન છે. એણે નાકરની જેમ આખ્યાન સ્વરૂપમાં કોઈ નવપ્રસ્થાન નથી કર્યું, પણ નાકર, વિષ્ણુદાસ, હરિદાસ આદિનાં આખ્યાનોથી વધુ સુશ્લિષ્ટ ને સુઘડ ઘાટનાં લઘુ કહી શકાય કે અમુક માપસરનાં ગણાય એવાં આખ્યાનો રજૂ કર્યાં છે. પ્રેમાનંદનાં 'મામેરું' કે 'સુદામાચરિત્ર'ના એક કેન્દ્રીય કથાવસ્તુનાં નાનાં પણ સુંદર અલંકાર જેવાં આખ્યાનો રચવાનો એનો આદર્શ છે. એનામાં પ્રેમાનંદમાં છે તેટલી કાવ્યસમૃદ્ધિ નથી જ, પણ એનો પ્રયાસ એના સમકાલીનોમાં એને નોખો તારવી દે છે. એના આખ્યાનની બાહ્ય આકૃતિ સુઘડ છે. નાકરયુગના આખ્યાનનું ઇષ્ટ સ્વરૂપ એ કાશીસુતનું આખ્યાન છે. એના આખ્યાનોનાં મંગળાચરણ, ફળશ્રુતિ, કડવાં, રાગો, દેશીઓ,

---

* જુઓ: 'કવિચરિત' ભાગ ૨, પૃ. ૩૯૬ (પ્રથમ આવૃત્તિ)

પદરચના, વગેરે બાહ્યાંગો એ દર્શાવે છે. એના આખ્યાનનું આંતર સ્વરૂપ એને એકંદરે મધ્યમ કક્ષાનો આખ્યાનકવિ ઠેરવે એવું છે. એ માત્ર પૌરાણિક કથાઓનો આખ્યાનકાર છે. મોટે ભાગે મૂળની કથાને વફાદાર રહી કથારસ જાળવી એ સીધે શેરડે દોડયો જાય છે. કેટલેક સ્થળે એ પ્રસંગ અને પાત્રના આલેખનમાં મૌલિક કવિત્વશક્તિનો ઉન્મેષ દાખવે છે. એની કથનશૈલી એના કવિપણા કરતાં આખ્યાનકારપણાની વિશેષ દ્યોતક છે. એનામાં હૃદયને ભાવતરબોળ કરી દે એવી કવિતા સર્જવાનું સામર્થ્ય ઓછું છે પણ કથાની લહાણ એ સારી રીતે કરાવી શકે છે. લાઘવ કે સંયમનો આશ્રય લઈને કથામાં વેગ આણે છે ને નીરસતા ઓછી આવવા દે છે. આખ્યાનના કેન્દ્રીય પ્રસંગને લક્ષમાં રાખી બીજા વર્ણનવિલાસમાં પડતો નથી. શ્રોતાઓના કથાકુતૂહલભાનથી તે ખૂબ સાવધ છે. પાત્રાલેખનની બાબતમાં તે સમકાલીનતાના રંગો પૂર્યા વિના પૌરાણિક પાત્રોને યથાતથ રજૂ કરવાનો પ્રયત્ન કરે છે. ગુજરાતીકરણના કીમિયાના લાભાલાભ એને નથી મળ્યા. એનાં પાત્રો 'એનાં' નથી, પુરાણકારો ને મહાકવિઓનાં 'પારકાં જણ્યાં' છે; છતાં દુર્વાસા, અને રુકિમણીના દૂત વિપ્રનાં પાત્રોને એણે પોતાનાં કરી લીધાં છે. એણે કોઈ પાત્રનું બાહ્ય રમણીય વર્ણન નથી આપ્યું, પણ પાત્રોના મનોભાવોના આલેખનની દૃષ્ટિ એનામાં છે. એણે દુર્વાસા, સીતા, ગાંધારી, ધૃતરાષ્ટ્ર જેવાં પાત્રો પ્રત્યે સહાનુભૂતિ દાખવી ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે. એની પાત્રસૃષ્ટિ પુરુષબહુલ છે, એનાં અડધાં આખ્યાનો સ્ત્રીપાત્રોની શોભા વિનાનાં છે. કાશીસુતનું રસનિરૂપણ એકંદરે મધ્યમ કક્ષાનું છે. એનામાં રસવૈવિધ્ય છે, પણ એ શામળની જેમ રસજમાવટની તકનો પૂરો લાભ લેતો નથી. આખ્યાનોમાં બહુ ઓછો નિરૂપાતો રૌદ્ર રસ એની કલમે અવિસ્મરણીય આલેખન પામ્યો છે. વીર પણ તેનો મુખ્ય રસ છે. હાસ્યરસના નિરૂપણમાં તે એના સમકાલીનોમાં કદાચ સૌથી વધારે સૂઝ-શક્તિ ધરાવે છે. ભક્તિભર્યા શાન્ત રસનું ઉત્તમ ઉદાહરણ એનું અંબરીષના ભક્તજીવનનું નિરૂપણ છે. એણે આપેલાં લગભગ અડધો ડઝન જેટલાં વાત્સલ્યચિત્રો પણ આકર્ષક છે. કાશીસુત વર્ણનશોખીન કવિ નથી. એમાં એ સંયમ ને સંકોચ રાખે છે. એની પાસેથી આપણને સ્થળ, કાળ, સૌંદર્ય વસ્ત્રાલંકાર, પશુપક્ષી કે પ્રાકૃતિક દૃશ્યનું મનોહર વર્ણન નથી મળતું. પાત્રવર્ણનમાં નરસિંહનું વર્ણન ઉત્તમ છે. દ્વારિકાનું વર્ણન રૂઢ રીતિનાં શબ્દાલંકારમંડિત ને કવિત્વના સ્પર્શથી ચમકતાં વર્ણનોમાં ગણનાપાત્ર છે. એવી જ રીતે 'સભાપર્વ'માંનું સભાનું વર્ણન પણ તેની વર્ણનસિદ્ધિનો નમૂનો છે. એનાં યુદ્ધવર્ણન રૂઢ શબ્દચોસલાંથી મુક્ત ને પ્રસંગની ક્રિયાને નિરૂપતાં છે. એનામાં બેચાર પંક્તિઓનાં શબ્દચિત્રો આપવાનું કૌશલ પણ સારું જણાય છે. એની **ભાષાશૈલી** મોટે ભાગે સાહિત્યિક ધોરણની છે. રસિકતા, સરળતા, સાદાઈ ને અલ્પ આલંકારિકતા એનાં લક્ષણો છે. ચાલુ રીતિમાં એ નિરાડંબર છતાં બળયુક્ત ને પ્રૌઢિયુક્ત ભાષા યોજે છે; સંયમ ને સચોટતા સાથે એ સરસતા જાળવી શકે છે, ને વિષયાનુરૂપ ગુણ ધારી શકે છે. એમાં સંસ્કૃત શબ્દો હોવા છતાં તળપદી ગુજરાતીના ગુણો સારા પ્રમાણમાં છે. પાત્રોની વાણીમાં તત્કાલીન ગુજરાતીના વાર્તાલાપની છાંટ આવે છે. એ જ્યાં મૂળનો અનુવાદ કરે છે ત્યાં મૂળના ભાવને પોતાની ભાષામાં ઉતારે છે ને ઝીણી વિગતો, વિશેષણોનું બાહુલ્ય, વર્ણનની દીર્ઘસૂત્રતા ટાળે છે. આખ્યાનોનું અંગ બનેલી સમકાલીન રંગપૂરણી કાશીસુતનાં આખ્યાનોમાં ઘણી ઓછી છે, ભાલણ, નાકર કે વિષ્ણુદાસથી પણ ઓછી. મધ્યકાલીન ગુજરાતી કવિઓમાં તે કદાચ સૌથી ઓછા 'ગુજરાતી' ને સૌથી વધારે 'પૌરાણિક' કવિઓમાંનો એક છે. તેમ છતાં તેના 'રુકિમણી-

હરણ 'નાં વિપ્રનું પાત્ર, પત્રલેખન, લગ્ન વગેરેમાં કંઈક સમકાલીન રંગો દેખાય છે. શેધજી પૌરાણિક ભક્તિનો આખ્યાનકાર છે પણ એના આખ્યાનના આરંભ-અંતનાં સ્તવનોમાં એની શુદ્ધ ભક્તિની સેર ફૂટેલી જણાય છે. અત્રતત્ર જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનો ઉપદેશ આપતાં વાકયો પણ આપે છે. જીવનવ્યવહારમાં ઉપયોગી સૂક્તિઓ પણ ઠીક પ્રમાણમાં આપી છે.

કાશીસુતની વિશિષ્ટતા એ છે કે એ એના કોઈ પુરોગામી ગુજરાતી કવિનો ઋણી નથી અને એના અનુગામી એવા અવિચળે સારા પ્રમાણમાં પોતાના 'વનપર્વ'માં કાશીસુતની 'ઘોષ-યાત્રા'નો સીધો તેમ આંડકતરો ઉપયોગ કર્યો છે. વિષ્ણુદાસે પણ એના 'કિષ્કિંધાકાંડ' ને 'સુંદરકાંડ'માં કાશીસુતના 'હનુમાનચરિત્ર'નો તથા 'સભાપર્વ'માં કાશીસુતના 'દ્રૌપદી-વસ્ત્રાહરણ'નો કિંચિત્ આડકતરો ઉપયોગ કર્યો હોવા સંભવ છે, પણ શબ્દસામ્યને અભાવે નિશ્ચિતરૂપે કહી શકાય નહિ.

એકંદરે જોતાં કાશીસુત જેટલે અંશે આખ્યાનકાર છે તેથી ઓછે અંશે કવિ છે, પણ એ માત્ર આખ્યાનકાર નથી. એની કવિતાનું ધોરણ એકસરખું નથી; એ કેટલેક સ્થળે તો માત્ર આખ્યાનકાર બની જાય છે. એ મધ્યમ કક્ષાનો કવિ છે પણ કયારેક કયારેક પ્રથમ વર્ગના કવિની પ્રતિભાના ચમકારા દર્શાવી જાય છે. ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ એને 'આ સમયનો તેજતણખ દર્શાવતો કવિ' * કહ્યો છે. એનાં આખ્યાનોમાં નિર્ભેળ કાવ્યતેજના તણખા અવારનવાર ચમકયા કરે છે. એનાં દ્વારિકા ને સભાનાં વર્ણનની કેટલીક પંક્તિઓ તો કવિની કલમમાંથી જ સ્રવી શકે. રુક્મિણીના સૌંદર્યનું ચાર જ પંક્તિનું ચિત્ર, નરસિંહનું ઉત્તમ રુદ્રભયાનક વર્ણન, કેટલાંક શબ્દચિત્રો, કથાપ્રસંગોનાં વર્ણનોમાં પણ 'કવિ કાશીસુત' ચમકી જાય છે. આખ્યાનના આરંભનાં સ્તવનોમાં એની આત્મલક્ષી ઊર્મિકવિતા ઝબકી જાય છે. રુક્મિણી ને સીતાના વિપ્રલંભશૃંગારના વર્ણનમાં એની રસકવિતા પ્રકટી ઊઠી છે. કથામાં મૌલિક ઉમેરો કરવામાં એની કલ્પકતા જણાય છે. એણે ઓછા પ્રમાણમાં પણ માનવજીવનનાં કેટલાંક સત્યોનું ઉચ્ચારણ કર્યું છે ને પ્રભુપ્રીત્યર્થે સજ્જીવન જીવવાનો આદર્શ પુરસ્કાર્યો છે. એના શબ્દાર્થ-અલંકારો ને ભાષાસ્રોત પણ સાહિત્યિક કક્ષાનાં છે. ના, કાશીસુત માત્ર આખ્યાનકાર નથી, એ કવિ પણ છે, આખ્યાનકવિ છે.

પણ કાશીસુત બીજા વર્ગનો કવિ કહેવાય એની કેટલીક મર્યાદાઓ પણ ડંખે એવી છે. એ મૂળના કથાનકમાં નાકર-પ્રેમાનંદની જેમ છૂટ લેતો નથી. એનાં આખ્યાનોનું સમગ્ર વાતાવરણ ને પાત્રાલેખન જોઈએ તેટલાં જીવંત નથી લાગતાં. એનાં આખ્યાનોમાં સમાજ દેખાતો નથી. રસનિરૂપણમાં એ ખીલુંખીલું કરતાં અટકી જાય છે. કેટલીય વાર કથાના વેગમાં એ કાવ્ય, રસ ને વર્ણનને પૂરતો ન્યાય નથી આપતો. લાઘવનો આશ્રય એને કેટલીક વાર હાનિકારક નીવડ્યો છે. એણે પ્રકૃતિ કે પાત્રનું સુંદર બાહ્ય વર્ણન નથી આપ્યું, તો ઉત્કટ ઊર્મિનું પદ પણ એકાદ જ આપ્યું છે. ભાલણ-નાકર-પ્રેમાનંદની ઢબના સંવાદ પણ એણે નથી યોજ્યા. એની કલા જાણે પૂરી પ્રકટ થતાં સંકોચાય છે. એનું આખ્યાન રસાસ્વાદનો અખંડલહરી આનંદ અનુભવાવે છે એમ બધાં આખ્યાનોને વિષે નહિ કહેવાય.

---

* ત્રિવેદી (ડૉ.) ચીમનલાલ 'નાકર: એક અધ્યયન'

આમ છતાં તુલનાત્મક દૃષ્ટિએ જોતાં, કાશીસુતને વિષે શ્રી કે. કા. શાસ્ત્રીએ ઉચ્ચારેલો અભિપ્રાય ખોટો નથી. તેઓ કહે છે, "૧૭મા શતકના કવિઓમાં એ નાકરની હરોળમાં અને કેટલેક સ્થળે નાકરથી આગળ વધે તેવો છે." * મૂળના પદ્યાનુવાદ જેવાં આખ્યાનો બાંધનારા નાકરયુગના આખ્યાનકારગણમાં કાશીસુત એના કંઈક કવિતાગુણયુક્ત આખ્યાનઅષ્ટકથી ઉજ્જ્વળ દેખાય છે. એણે નાકર કે વિષ્ણુદાસની જેમ થોકબંધ આખ્યાનોનું પ્રદાન નથી કર્યું તેમ કોઈ નવપ્રસ્થાન નથી કર્યું. એણે ભાલણ-નાકરથી ચાલ્યા આવતા પ્રવાહમાં આકૃતિએ ને અંતસ્તત્ત્વે સુંદર ને સુઘડ, થોડાં ને નાનાં પણ સારાં કવિત્વગુણયુક્ત આખ્યાનો રચ્યાં એમાં એનું વૈશિષ્ટ્ય છે. મહાભારત પરનાં એનાં ચાર નાનાં આખ્યાનો પણ એને મહાભારતને ગુજરાતીમાં ઉતારવાનો પ્રયત્ન કરનાર કવિઓમાં નાકરની જેમ પ્રથમ કક્ષામાં ગણાવે છે. એનો ઉત્તરસમકાલીન શિવદાસ કે સમકાલીન વિષ્ણુદાસ, રામદાસસુત ને દેવીદાસમાંથી કોઈ એનાથી કંઈ આગળ જતા લાગતા નથી. સર્જનના વૈપુલ્યને બાજુ પર રાખીએ તો નાકરયુગમાં નાકર પછી શેધજીનું નામ મૂકવામાં ખાસ કંઈ વાંધો ન આવે.

---

* 'કવિચરિત' ભાગ–૨ (પ્રથમ આવૃત્તિ), પૃ. ૩૯૦

અમરકોશના "વનૌષધિવર્ગ"ની વનસ્પતિઓ ઉપર ઊહાપોહ

બાપાલાલ ગ. વૈદ્ય

(ગતાંકથી ચાલુ)

तुवरिका (શ્લો. ૧૩૦)—षट् '**तुवरिकाया:**' '**तुवर**' इतिख्याताया: । (ભા. દી.)

અર્થાત્ અહીં **તુવેર**—Cajanus indicus—નિર્દિષ્ટ છે. आढकी એ તુવેર જ છે એમાં વિવાદ નથી. પરંતુ બીજા પર્યાયો જેવા કે "काक्षी, मृत्स्ना, मृताल (मृत्ताल), सुराष्ट्रजा આ પર્યાયો તો ફટકડીના છે એમ લાગે છે. તુવેર અને ફટકડીના શબ્દો ભેગા કરી નાખ્યા છે!

कैवर्तमुस्ता (શ્લો. ૧૩૧)—કેવડી મોથ. '**कुटन्नटं**' તગર માટે યોજાયેલું છે.

ग्रन्थिपर्ण (શ્લો. ૧૩૨)—'**ग्रन्थिपर्णं** शुकं बर्हिपुष्पं स्थौणेयकुकुरे ।' 'पञ्च **ग्रन्थिपर्णस्य** '**कुक्कुरवद्रा**' इति ख्यातस्य ।' (ભા. દી.)

આ કુક્કુરવદ્રા કે ગ્રન્થિપર્ણ શું હશે ?

स्थौणेयक તો થુણેર—Taxus bacata—છે. હિમાલયમાં થાય છે. તાલીશપત્ર તરીકે પાન વેચાય છે પણ ખરાં. થુણેર એ સ્થાનિક નામ છે એટલે સ્થૌણેયક તો બરાબર છે જ, પરંતુ તેથી કંઈ ગ્રન્થિપર્ણનો પત્તો મળતો નથી. ટીકાકારો "**ग्रन्थिपर्ण—स्थौणेयकं**" એવો અર્થ કરતા જણાય છે.

स्पृक्का (શ્લો ૧૩૩)—આ પણ સંદિગ્ધ વનસ્પતિ છે.

અમરમાં દશ પર્યાયો છે; અને ભા. દી. **स्पृक्कायाः** '**अस्यर**' इति ख्यातायाः' એમ પરિચય આપે છે. આ 'અસ્યર' શબ્દ કોઈ બીજી ભાષાનો લાગે છે કે બીજી ભાષા ઉપરથી આવ્યો લાગે છે. પર્યાયો જોઈએ. ભાવમિશ્રે એક પર્યાય '**असृग्**' આપ્યો છે એ ધ્યાનાર્હ બને છે. લહિયાએ **असृग्**ને બદલે 'અસ્યર' લખ્યું લાગે છે!

> **मरुन्माला तु पिशुना स्पृक्का देवी लता लघुः ।**
> **समुद्रान्ता वधूः कोटिवर्षा लङ्कोपिकेत्यपि ॥ १३३**

આમાંથી **लता** એ પ્રિયંગુનો પર્યાય છે.

समुद्रान्ता એ ધમાસાનો પર્યાય છે.

નિઘંટુકારો કે ટીકાકારોને પણ આ દ્રવ્યનો ખ્યાલ ન હતો.

કોઈ '**स्पृक्का देवी**', કોઈ '**स्पृक्का मालती**', કોઈ "**सुगन्धिद्रव्यम्**" લખી પતાવે છે. એલાદિગણમાં સુશ્રુતે અને વાગ્ભટે સ્પૃક્કા ગણાવ્યું છે એટલે એ સુગંધિ દ્રવ્ય તો છે જ. મેં તો

એને તુલસીવર્ગ (Labiateae)ની એક વનસ્પતિ **ચોધારો,** જે સુગંધિ પદાર્થ છે, Anisomeles malabariea માની છે. કોઈ વધુ સારું સ્પષ્ટીકરણ કરશે તો હું જરૂર તે તરફ ધ્યાન આપીશ. **હેમચંદ્રાચાર્યે** એમના निघण्टुशेष'ના વૃક્ષકાણ્ડમાં **स्पृक्का** ગણાવ્યું છે! સ્પૃક્કા વૃક્ષ લાગતું નથી.

ब्राह्मी (૧૩૮)—મત્સ્યાક્ષી, વયસ્થા, સોમવલ્લરી—આ પર્યાયોમાં '**મત્સ્યાક્ષી**' એ મછેછી Aeternanthera sesselis છે. કારણકે એનો પરિચય માધવના ટીકાકારે '**होनगोन्दा** इति लोके' એવો આપ્યો છે. કર્ણાટકી ભાષામાં હોનકોન્દા આ મછેછીને કહે છે.

वयस्था—આંમળાં માટે જ નિશ્ચિત છે.

सोमवल्लरी—એ સોમ (દિવ્ય ઔષધિ) માટે જ વાપરવા જેવો શબ્દ છે.

स्वर्णक्षीरी (૧૩૮)—પટુવર્ણી, હૈમાવતી, સ્વર્ણક્ષીરી, હિમાવતી (૧૩૮). "चत्वारि स्वर्णक्षीर्याः '**मको**' इति ख्यातायाः।" ભા. દી. ભા. દી. પોતાની ટીકામાં કોઈનો શ્લોક ટાંકે છે, જે આનો સરસ પરિચય કરાવનાર છેઃ—

'हेमवर्णं पयस्तस्या हिमवद्भूमिसम्भवा।
सा नागजिह्विकाकारा तन्मूलं वणिजौषधम्॥'

અર્થાત્ જેનું દૂધ સોના જેવું રંગમાં હોય, જે વનસ્પતિ હિમાલયમાં થનારી હોય, જેના પાનનો આકાર નાગની જીભ અથવા નાગજિવ્હા નામની વનસ્પતિ જેવો હોય અને એનું મૂલ બજારમાં વેચાતું હોય તે **હિમાવતી** છે.

સુશ્રુત ટીકાકાર ડલ્હણે એનો સરસ પરિચય આપેલો છે—

"स्वर्णक्षीरी अनन्तासदृशपत्रा, 'हियावलि' इति लोके, कङ्गुष्ठमित्यपरे।"

સ્વર્ણક્ષીરીનાં પાન સારિવા = Hemidesmus indicus જેવાં હોય છે, 'હિયાવલિ' એવું જેનું સ્થાનિક નામ છે, જે હિમાલયમાં થાય છે. બીજાઓ એને કંકુષ્ઠ' કહે છે.

'હિયાવલિ'નું અપભ્રષ્ટ "હીરવી" થયેલું છે. ગુલમર્ગથી ખીલનમર્ગ તરફ જતાં આ છોડ મેં જોયા છે. એનું મૂલ કપાતાં સોના જેવો તેજસ્વી રસ અંદરથી વહેવા લાગ્યો હતો. આનાં પાન સારિવા—ઉપલસરી—જેવાં હોય છે. આ બધા ઉપરથી **પ્રાચીન स्वर्णक्षीरी** એ કાશ્મીરની હીરવી Euphorbia Thomsoniana (n.o. Euphortuaceae) છે. નેપાલ તરફ આ છોડ વેલા જેવા થાય છે. પાન હૂબહૂ સારિવા જેવાં, સોના જેવું દૂધ (છીર) પાન તોડતાં નહીં પણ થડ કપાતાં તેમાંથી પુષ્કળ પ્રમાણમાં ઝરે છે. છીર બહુ તીક્ષ્ણ છે.

ભાવમિશ્રે ભાવપ્રકાશમાં "पीतदुग्धा" શબ્દ (સ્વર્ણક્ષીરીની જગાએ) રાખી **દારૂડી** argemona mexicana (n.o. Papaveraceae) કરી નાખ્યું અને વધારામાં પાછું 'तन्मूलं चोकमुच्यते।' (**પ્રથમ** ખંડ, હરીતક્યાદિવર્ગ, શ્લો. ૧૬૪).

ચોક નામે હીરવીનાં મૂલ આજે પણ પંજાબમાં **ચોક** તરીકે વેચાય છે. સ્વર્ણક્ષીરીને દારૂડી મનાય તેમ નથી. એ મૂળ તો **મેક્ષીકાની** વતની છે અને એનું દૂધ સોના જેવું નથી, પીળા રંગનું છે, વળી તે હિમાલયમાં થનારી નહિ પણ સર્વત્ર ઢગલાબંધ થતી છે.

સુશ્રુતે काञ्चनक्षीर्यौ (सु. चि. ८) ભગંદરવ્રણશોધનવર્ગમાં બે સ્વર્ણક્ષીરીનો ઉપયોગ કર્યો છે. અમને લાગે છે એક સારિવાસદશ પાન જેવી હીરવી લતા જ્યારે બીજી સારિવા જેવા આકારનાં ખરાં પણ હૂબહૂ નહિ એ છોડ—આમ બે જાતો લક્ષમાં હશે. પરંતુ સ્વ. જા. ત્રિ. આચાર્યે બે સ્વર્ણક્ષીરીઓમાં (૧) હીરવી અને (૨) દારૂડી લઈને આ વિવાદનો અંત આણ્યો છે. એટલે દારૂડી, જે દવામાં ઉપયોગી છે, તે પણ લઈ લીધી છે. એટલે સુશ્રુતની ' काञ्चनक्षीर्यौ ' આમ ઠેકાણે પડી છે.

ભા. દી. એ मक्रो નામ જણાવ્યું છે તે શું હશે તે તે જાણે. સ્વર્ણક્ષીરીના મૂળને चोंक તરીકે ભાવમિશ્રે ઓળખાવ્યું છે અને શાઙ્ગર્ધરના ટીકાકારોએ પણ તે લીધું છે. યુનાની શબ્દ ' **મકોઈ** 'નો અર્થ થાય છે પીલુડીનાં બીજ. યુનાની હકીમોની ' मकोय ' સુપ્રસિદ્ધ દવા છે. ભાનુજીની मक्रोનો પત્તો કોઈ લગાવી આપશે તો નવો પ્રકાશ પડશે. मक्रो મને તો લહિયાની ભૂલ થયેલી લાગે છે.

कङ्कुष्ठ વિષે પ્રાચીન સમયમાં જબરો મતભેદ હતો. કોઈ નવા જન્મેલા હાથીના બચ્ચાના લીંડાને, કોઈ તરતના જન્મેલા વછેરાના નાલને કંકુષ્ઠ માનતા. આમ વિવિધ માન્યતાઓ પ્રચલિત હતી.[1] ખરી રીતે સ્વર્ણક્ષીરીનો નિર્યાસ અથવા સ્વર્ણક્ષીરીના છીરમાંથી કે રસમાંથી બનાવવામાં તે આવતું હતું. સ્વર્ણક્ષીરીનો પરિચય ઘણી જગાએ ' कंकुष्ठम् ' એવો આપેલો છે જ. અમરકોષે કંકુષ્ઠનો ઈસારો પણ નથી કર્યો. આજે વૈદ્યો कंकुष्ठનો અર્થ **રેવંચીનો શીરો** Gum gamboge અં.) કરે છે. આ શીરો એ કોકમના વર્ગનો એક દક્ષિણ તરફ થતા ઝાડનો ગુંદર છે જે દવાઓમાં વપરાય છે. પરંતુ સ્વર્ણક્ષીરી સાથે આને કંઈ જ ન્હાવા નીચોવવાનું નથી જ.

माषपर्णी (શ્લો. ૧૩૮)—' हयपुच्छी तु काम्बोजी माषपर्णी महासहा । '. માષપર્ણી એટલે જંગલી અડદ. હયપુચ્છી શાથી ? काम्बोजी એટલે કંબોઈ (ગૂજ)—Breynia patens. (n.o. Euphorbiaceae)—**ગચીએ** પણ माषपर्णीના પર્યાય તરીકે काम्बोजी દર્શાવી છે.

बिम्बी (૧૩૯)—ઘીલોડી Cephaiandra indica. ओष्ठोपमफला (ચક્રપાણિદત્ત). અને મેઘદૂતનો પ્રખ્યાત શ્લોક " तन्वी श्यामा शिखरदशना रक्तबिंबाधरोष्ठी "—રાતાપાકા ઘીલોડા જેવા અધરોષ્ઠવાળી યક્ષનાયિકા હતી. રક્તબિંબાધર એ સ્ત્રીના સૌન્દર્યનું દ્યોતક છે—પાકેલું લાલ-ચોળ ઘીલોડું—તેનો રંગ અને આકાર બન્ને અધરોષ્ઠ સાથે મળતા આવે છે. પરંતુ આ શબ્દ અમરે છોડી દીધો છે અને रक्तफला શબ્દ આપ્યો છે.

तुण्डिकेरी --અમરે कार्पासी = કપાસનો પર્યાય આપેલો છે (શ્લો. ૧૧૬). કપાસના ફૂલ સાથે બિમ્બીને શો સંબંધ ? કંઈ જ નહીં.

पीलुपर्णी—ક્યાં પીલુ Salvadora persica ? ક્યાં ઘીલોડી ? આંખો મીંચીને જ દીધે રાખ્યું છે.

अजगन्धा (૧૪૦)—જંગલી તુલસી. આવચીબાવચી—તકમરિયાં.

---

૧ રસશાસ્ત્રોક્ત कङ्कुष्ठ તો કોઈ ખનિજ હોવું જોઈએ. એટલે કેટલાક બોદારપથરીને कंकुष्ठ માનવા લલચાય છે. "आयुर्वेदप्रकाश" (માધવરચિત)ના વખત સુધી આ ગોટાળો ચાલુ હતો એટલે એણે "एवं कङ्कुष्ठके भ्रम :" એમ લખ્યુ છે. પરંતુ સ્વર્ણક્ષીરીનો નિર્યાસ એ જ કંકુષ્ઠ માનવું ઉચિત છે.

चाङ्गेरी (૧૪૧)—આના પર્યાયોમાં **चुक्रिका** છે જે **ચૂકાની** ભાજી છે, ખવાય છે.

ચૂકો Rumex vesicarius ડુંગરોમાં ઘણી થાય છે.

दन्तशठा—દન્તશઠ એટલે જે ખાવાથી દાંત અંબાઈ જાય એ ખાટું લીંબુ. ચાંગેરીની ભાજી = Oxalis corniculata = થી દાંત અંબાતા નથી.

अम्बष्ठा—અંબાડી—ખાટી ભેંડી Hibiscus subdariffa છે. મહારાષ્ટ્ર તરફ એનાં લાલ પુષ્પપત્રોની ચટણી ખવાય છે તે.

अम्ललोणिका—લૂણી પણ ચાંગેરીથી ભિન્ન ભાજી છે.

ખાટી લોણી—એ નામ ચાંગેરીને ન આપવું જોઈએ.

ચાંગેરી એટલે તીન પાનકી રૂખડી. ત્રણ ત્રણ પાનવાળી નાના છોડની ભાજી. ગુજરાતીમાં ખાટી લૂણી કેટલાક એને કહે છે ખરા. ભા. દી. '**अम्ललोणिकायाः** '**लोनिजा**' इति ख्यातायाः ।' આવો પરિચય આપે છે, પરંતુ લોણિકા અને ચાંગેરી ભિન્ન છે.

अम्लवेतस (૧૪૧)—सहस्रवेधी चुक्रोऽम्लवेतसः शतवेध्यपि ।' નવ પર્યાયો છે.

'**अम्लवेद**' इति ख्यातस्य (ભા. દી.).

અમ્લવેતસ ચરકના ફલવર્ગમાં છે એટલે તે ફલ હોવું જોઈએ તેમ તે ખાટું—ખૂબ ખાટું—હોવું જોઈએ.

બંગાલમાં—કૂચબિહાર તરફ **થૈકલ** નામનાં ખાટાં ફળો થાય છે. આ કોકમની જ જાત છે. એનાં આંબોળિયાં વેચાય છે. ખાટાં હોય છે: Garcinia pedunculata શાસ્ત્રીય નામ છે. કોકમ જેવાં જ ફળ ખાટાં હોય છે.

આજે અમ્લવેતસ નામથી એક જાતની ઝૂડીઓ વાળેલી વનસ્પતિ વેચાતી મળે છે. **રેવંચિની ખટાઈ**ના છોડની એ પાનની ડીંટડીઓ અને ડાંડીઓ છે. Rheum emodii. પરંતુ શાસ્ત્રોક્ત અમ્લવેતસ ફલ હોવું જોઈએ એટલે આને અમ્લવેતસ ન ગણવું જોઈએ.

કોઈ પ્રશ્ન પૂછશે, તો પછી अम्लवेतस નામ કેમ પડયું છે? वेतस એટલે તો **વાવુંજ**. Salix tetrasperma. જલકિનારે થનારું આ ઝાડ છે—કાશ્મીરમાં પાણીકિનારે બહુ થાય છે—આ વેતસની ખુરસીઓ, કંડિયાઓ ગૂંથવામા આવે છે. Weeping willows આ જ છે. મોટાં ઝૂકલાં આનાં ઝાડો થાય છે તેને આ નામ આપેલું છે.

આ ઝૂડીઓ જેવા અમ્લવેતસને કોઈએ **वेतस** * જાણી ખાટું.અમ્લવેતસ કરી દીધું લાગે છે. રેવંચિનીની ડાળીઓ, પાંદડાની મોટી ડીંટડીઓમાંથી પણ કંડિયા, ટોપલા કદાચ ગૂંથવામાં આવતા હશે, પરંતુ આ ખાટું હોવાથી કોઈ કલ્પનારસિકે અમ્લવેતસ આપવાની ધૃષ્ટતા કરી છે. બાકી **वेतस** સાથે **अम्लवेतस**ને કોઈ જાતનો સંબંધ નથી, એ તદ્દન જુદી વનસ્પતિઓ છે.

चुक्र એટલે ચૂકાની ભાજી—ચૂકો—Rumex. આ પણ ખાટું હોવાથી લાકડે માંકડું વળગાડવામાં આવ્યું છે.

---

* वेद्य અને वेतसને એક ગણવાની ભૂલ પણ ચાલુ જ છે.

અમ્લવેતસ એટલું બધું ખાટું અને ગરમ હોવું જોઈએ જેમાં સોય નાખતાં ઓગળી જાય. એટલે **शतवेधी, सहस्रवेधी** નામો આપ્યાં જણાય છે. કેટલું તથ્ય છે તે વિષે અમો કંઈ કહી શકતા નથી.

જયપુરમાં **'અમલબેદ'** નામથી મોટાં લીંબાં વેચાતાં મળે છે પરન્તુ એમાં ખટાશ નહિ જેવી અમને જણાઈ હતી. છતાં એ લીંબુની જાત વિચારણીય તો છે જ. હેમચંદ્રે અમ્લવેતસ અને ચુક્રને અનુક્રમે શતવેધી અને સહસ્રવેધી[1] ગણ્યાં છે, જ્યારે મૂળમાં બન્ને પર્યાયો છે.

लज्जालु (શ્લો. ૧૪૧)—**नमस्कारी गण्डकाली समङ्गा खदिरेत्यपि ॥**

"चत्वारि **"खदिरायाः"** **"हाताजोडी"** इति ख्यातायाः।

नव **लज्जालू** इति ख्यातस्य इति **मुकुटः**।"

नमस्कारी ઉપરથી 'હાતાજોડી' નામ પાડયું લાગે છે. નમસ્કાર માટે હાથ જોડવા જ પડેને ?

खदिरा—ખેર જેવાં રિસામણીનાં પાન હોવાથી પડયું છે. મૂળમાં लज्जालु નામ આપ્યું જ નથી. 'મુકુટે એ નામ આપ્યું છે.

गण्डकाली (**गण्डेषु ग्रन्थिषु काली**).

समङ्गा—રિસામણીનું તેમ જ મજીઠનું નામ છે.

સંદર્ભ જોઈને અર્થો કરવા જોઈએ.

રિસામણી એટલે mimosa pudica.

जीवन्ती (શ્લો. ૧૪૨)—ભા. દી. કહે છે કે षट् जीवन्तिकायाः गुर्जरदेशे **'दोडी'** इति ख्यातायाः। સુશ્રુત ટીકાકાર ડલ્હણે પણ જીવન્તીનો પરિચય 'ડોડી' તરીકે કરાવેલો છે. મને લાગે છે કે ભાનુજી દીક્ષિત અને ડલ્હણ બન્ને ગુજરાતમાં ઘણું ફર્યા કે વસ્યા લાગે છે. વનસ્પતિનાં કેટલાંક નામોનો પરિચય ગુજરાતમાં પ્રચલિત શબ્દોથી કરાવ્યો છે. જેમકે :

'**गुर्जरदेशे "संदेशरा"** इति ख्यातस्य' (જુઓ 'પુંનાગ'). આજે પણ ગુજરાતમાં સંદેશરાનાં ઝાડો પ્રસિદ્ધ છે. પુંનાગ સાથે સંદેશરાને સંબંધ નથી એ જુદી વાત છે.

'मधुः स्रवा' એક નહિ પણ બે નામોનું બનેલું છે એટલે મધુ અને સ્રવા આ બે દોડીનાં નામો આપેલાં છે. આ નામો અમને નિરર્થક લાગે છે. ક્ષીરસ્વામી કંઈ પ્રકાશ પાડતા નથી.

वायसोली (શ્લો. ૧૪૪)—'**स्वादुरसा वयस्था**'—આના પર્યાયો છે. ભા. દી. '**ककोडी**' **इति ख्यातस्य**' કહે છે. **કકોડી શું છે?** કંકોડાં (શાક) તો નહિ હોય ? **काकोली** અર્થ ક્ષીરસ્વામીએ આપ્યો છે.

दन्ती (૧૪૫)—બધા પર્યાયો બરાબર છે. પરંતુ ભાનુજી દીક્ષિતે "पञ्च **वज्रदन्त्याः**"—'વજ્રદન્તી' નામથી પરિચય આપ્યો છે. પ્રસિદ્ધ સ્થાનિક નામ "**દાંતી**" આપવાનું છોડી આ '**વજ્રદન્તી**' કેમ આપ્યું હશે ?

---

1 'સહસ્રવેધિ' (વૈશ્યવર્ગ, ૪૦) હિંગના પર્યાય તરીકે આપ્યો છે.

દન્તી Baliospermum montanum (Euphorbiaceae) બહુ પ્રસિદ્ધ છે.

વજ્રદન્તિ નામે ઘણી વનસ્પતિઓ ઓળખાય છે. જે દાંત મજબૂત બનાવે તે બધી વજ્રદન્તિ. કાંટાસેરિયો બોલસરી અને બીજી વનસ્પતિઓ વજ્રદન્તિ કહેવાય છે. ભાનુજી દીક્ષિતે प्रत्यक् श्रेणी (દન્તી અને દ્રવન્તી બન્ને આના પર્યાયો છે) ને મુગલાઈ એરંડ—Jatropha curcas માન્યું છે, કારણ મુગલાઈ એરંડના દાતણથી દાંત સારા થાય છે, પાયોરિયા મટી જાય છે.

अजमोदा, यवानि—અજમો. આમાં उग्रगन्धा—પર્યાય છે. **ઉગ્રગંધા** ઘોડાવજને માટે વપરાય છે.

ભા. દી. કહે છે કે " અહીં ચાર નામો છે: " अजमोदा, उग्रगन्धा, ब्रह्मदर्भा, यवानिका " એટલે અહીં ' यवानीद्वयस्य ' द्वे द्वे नामनी । चत्वारः पर्यायाः इत्येके ।"

અર્થાત્ અજમોદા અને ઉગ્રગન્ધા—બે પર્યાયો છે જે **અજમોદા** માટે છે, અને બ્રહ્મદર્ભ અને યવાનિ—બે પર્યાયો છે જે **અજમા** માટે છે.

કેટલાકના મતે અજમાનાં આ ચારેય નામો છે.

બોડીઅજમો (अजमोदा) અજમાની જ એક જાત છે.

ચારેયને અજમાના પર્યાયો લેખવામાં ખાસ વાંધો નથી.

पद्मचारटी—અમરે 'पद्मचारिणी' આપ્યું છે પરન્તુ આયુર્વેદના ગ્રંથોમાં 'पद्मचारटी' શબ્દ છે. चारटी, पद्मचारटी બન્ને છે. ભા. દી.એ અહીં "पद्म **पद्माकस्य**" એમ કહ્યું છે. આ પદ્માક શું હશે? પદ્મક એટલે તો પદ્મકાષ્ઠ, પદમકાષ્ઠ અથવા पद्माक—પદ્મકાષ્ઠ Prunus cerasoides (Rosaceae). પરન્તુ આ પદ્મચારટી, ચારટી પદ્મકાષ્ઠના નહિ પણ સ્થલપદ્મ અથવા રતનપુરુષના પર્યાયો છે એમ અમારું માનવું છે. રતનપુરુષને સ્થલપદ્મ કહેવું કે ન કહેવું એ પ્રશ્ન તો છે જ પરન્તુ પદ્મચારટી વગેરે હવે રતનપુરુષના માટે રૂઢ થઈ ગયું છે. Ionidium suffroticosum (Violaceœ). હવે આ નામ બદલાઈ ગયું છે અને Hybanthus enneaspermus પડ્યું છે. "चारटी गन्धमूला च लक्ष्मीः सुपुष्करा" ક્ષીરસ્વામી પર્યાયો આપે છે. પુષ્કરમૂલમાં જ આ લેવા જેવું છે. પુષ્કરમૂલ સુગંધિદ્રવ્ય છે. પુષ્કરમૂલ પદ્મકથી ભિન્ન છે.

અમરકોશમાં पद्मक—પદ્મકાષ્ઠ—નથી.

લસણ (શ્લો. ૧૪૮)—" अथ महौषधम् लशुनं गृञ्जनारीष्टमहाकन्दरसोनकाः ॥"

આ પર્યાયોમાંથી **महौषध** સૂંઠ માટે હવે નિશ્ચિત થયેલો છે એટલે આ શબ્દને અહીંથી દૂર કરવો જોઈએ.

गृञ्जन—ચરકમાં હરિતક વર્ગમાં લસણ અને ગૃંજનક બન્ને છે. ચરકટીકાકાર ચક્રપાણિ-દત્ત કહે છે કે "गृञ्जनकः स्वल्पनालपत्रः पलाण्डुरेव ।" કાંદાની જ કોઈ નાની જાતને ગૃંજનક કહે છે. કોઈ રક્તમૂલક કહે છે એટલે Turnips સલગમ્ તો ન હોય? અથવા લાલમૂળા—બીટ—ગમે તે હોય? ગાજર એ અર્થ પણ થાય. પરંતુ ચરક પ્રમાણે ગૃંજનક લસણથી ભિન્ન છે.

ભા. દી. ટીકામાં સુશ્રુતોક્ત પલાણ્ડૂની ૧૦ જાતો આપે છે:—

"लशुनं दीर्घपत्रश्च पिच्छगन्धो महौषधम्। फरणश्च पलाण्डुश्च लतार्कश्चापराजिता। गृञ्जनं यवनेष्टश्च पलाण्डोर्दश जातयः॥"

(હાલમાં સુશ્રુતમાં આ પાઠ અમારા જોવામાં આવતો નથી.)

ટૂંકમાં લસણની ૧૦ જાતોમાં એક જાત गृंजनक આવી જાય છે. વળી ભા. દી.એ કંઈકથી નીચેનું અવતરણ લીધું છે જેમાં—

"गन्धाकृतिरसैस्तुल्यो गृञ्जनस्तु पलाण्डुना। दीर्घनालाग्रपत्रत्वात् भिद्यतेऽसौ पलाण्डुतः।"

અર્થાત્ ગૃંજન ગંધ, આકૃતિ અને રસ ત્રણેયમાં પલાણ્ડુ જેવો જ છે. આ બંનેમાં ફેર માત્ર એટલો જ છે કે ગૃંજનક દીર્ઘનાલ, દીર્ઘપત્રથી—પલાંડુથી—ભિન્ન છે.

अरिष्ट–'न रिष्टं अशुभं अस्मात्। જેના સેવનથી કદી કોઈ અશુભ ન થાય એનું નામ અરિષ્ટ—આ સમજૂતી ભા. દી. આપે છે. પરંતુ अरिष्ट શબ્દ લીમડો, અરીઠી આ બે વનસ્પતિઓનો પણ પર્યાય છે. अरिष्ट શબ્દ અરીઠી માટે રાખવો ઠીક છે. સૂતિકાગાર, આસવ, અશુભ, મરણ થવાનું હોય તે ચિહ્ન—આ બધા અર્થમાં પણ 'અરિષ્ટ' શબ્દ વપરાયેલો છે.

महाकन्द–લસણને માટે महाकन्द શબ્દ ઠીક નથી લાગતો–આના કરતાં તો ઘણા કંદો મોટા થાય છે.

पुनर्नवा (૧૪૯)—ભા. દી. "**गदहपूर्णा**" નામ પુનર્નવાનું આપે છે. આજે પણ હિંદીમાં સાટોડી (પુનર્નવા) માટે આ જ નામ ચાલુ છે.

પરંતુ "वितुन्नं सुनिषण्णकम्।" આ પાઠ તુરત જ અમર આપે છે અને અહીં ભા. દી. "**विषखपरिआ**" પરિચય આપે છે. ગદહપૂરના અને વિષખપરા—પુનર્નવાનાં આ બંને નામો હિંદીમાં સારી પેઠે પ્રચલિત છે—જાણીતાં છે.

પરંતુ 'वितुन्नकः' આગળ (શ્લો. ૧૨૬) ભોંય આંબળીના પર્યાય તરીકે આપેલો છે. 'वितुन्नक'નો અર્થ **ધાણા** પણ થાય છે. આમ છતાં આ શબ્દ પુનર્નવા માટે રાખ્યો છે એમ મનાતું નથી. सुनिषण्णक—એ પણ તદ્દન જુદી જ વનસ્પતિ છે, ચાંગેરી જેવાં જ પાન સ્વસ્તિકાકારે (cross like) આવેલાં હોય છે તે સુનિષણ્ણક—આ સારું શાક છે. બંગાલીઓ 'સુષની શાક' નામે આજે પણ આ શાકને ખાય છે. પાણીમાં કે પાણીકિનારે થનારો આ નાનકડો છોડ છે. Marselia quadrifida (n.o. Filices હંસરાજનો વર્ગ) અર્થાત્ वितुन्नक અને सुनिषण्णक આ બંને તદ્દન જુદી વનસ્પતિઓ છે જેને ભાનુજી દીક્ષિતે **પુનર્નવા** કહી છે તે ભૂલ જ છે. પુનર્નવાનું પર્યાયો તો નથી જ. ક્ષીરસ્વામીએ પુનર્નવાથી ભિન્ન 'वितुन्नं सुनिषण्णकम्' ગણ્યું છે એટલે પુનર્નવાનું નામ सुनिषण्णकને લગાડી દીધું છે તે ભૂલ જ છે.

शणपर्णी (શ્લો. ૧૪૯)—"वातक, शीतल,[1] अपराजिता शणपर्णी"। 'चत्वारि शतपर्ण्याः

---

૧ ક્ષીરપાણિ वातक, शीतल બે ભિન્ન લેતા નથી; એક જ શબ્દ शीतलवातक રાખે છે અને ધન્વન્તરિનું પ્રમાણ ટાંકે છે.

'पटशण' इति ख्यातस्य" ભા. દી. ચરક, સુશ્રુતે **शणपुष्पी** નામ આપ્યું છે તેને જ અહીં અમરે '**शणपर्णी**' કહી છે. શણપુષ્પીને ગુર્જરાતીમાં 'ઘુઘરો' કહે છે, કારણ આનાં શણ જેવાં ફલ જ્યારે સુકાઈ જાય છે ત્યારે ઘૂઘરા જેવો અવાજ થાય છે. ટીકાકારોએ **घण्टारवः** નામ પણ આપેલું છે. Crotalaria juncea. ખેતરોમાં થાય છે. પીળાં ફૂલ થાય છે, નાનો છોડ છે.

अपराजिता (૧૫૦)—ગરણી = Clitoria ternatea છે. ગિરિકર્ણી, **गणिक्कारिका** ઉપરથી ગરણી થયું છે. આગળ શ્લોક ૧૦૪માં આ બરાબર અર્થમાં વપરાયેલો પણ છે જ, અને છતાંય અહીં આપીને અમરે ખીચડો કર્યો છે!

'**वातकः शीतकः**' આવાં બે નામો અમરે આપ્યાં છે. પરંતુ ભા. દી. "**शणपर्णी शीतलवातकः इति धन्वन्तरिः**" આવું અવતરણ ધન્વન્તરિ નિઘંટુનું આપી શીતલવાતક એક જ શબ્દ છે એમ સૂચવે છે. 'પટશણ' શબ્દ શણપુષ્પી માટે ઠીક છે.

ज्योतिष्मती (૧૫૦)—"**मालकांगणी**" ભા. દી.એ નામ આપ્યું છે જે આજે પણ સારાય દેશમાં માલકાંગણી નામે જ **પ્રસિદ્ધ** છે. બંગાલાની જ્યોતિષ્મતી જુદી છે. માલકાંગણી celastrus paniculata. '**पारावताङ्घ्रि**' **कटभी**—આ બે પર્યાયો આપ્યા છે પણ તેના અર્થો સમજાતા નથી.

वाराहीकन्द (શ્લો. ૧૫૧)—"विष्वक्सेनप्रिया गृष्टिः वाराही बदरेति च"—"**वाराहीकन्द**" નામ ભા. દી.એ આપેલું છે તે બરાબર છે. આજે પણ આ જ નામથી એ ઓળખાય છે. 'ડુક્કરકંદ' ગુજરાતમાં કહે છે. Dioscorea–ડાયોસ્કોરિયા ડુક્કરકંદનું કુટુંબવાચક નામ છે. બર્કીલ અને પેન્ટ નામના બે વિદ્વાનોએ "Dioscorea in India" નામનાં ૪ દળદાર વૉલ્યુમો (૨ લખાણ, ૨ ચિત્રોનાં) આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં પ્રસિદ્ધ કરેલાં છે. આ ડાયોસ્કોરિયાની ઘણી જાતો છે. દરેકમાં ડુક્કરના જેવા વાળવાળા નાના મોટા કંદો થાય છે. આપણે રતાળુ ખાઈએ છીએ તે પણ ડાયોસ્કોરિયા જ છે. કેટલાક કંદો પૌષ્ટિક તરીકે ખવાય છે, જ્યારે કેટલાક **ઝેરી** હોય છે. ગરીબ લોકો—આદિવાસીઓ—આ ઝેરી જાતોને વહેતા પાણીમાં ૨૪ કલાક રાખી મૂકી, પછી સેકીને ખાય છે. ડુક્કર આના કંદો ખાઈને હૃષ્ટપુષ્ટ બનેલું છે એટલે પણ આ નામ પડયું લાગે છે. ઘણા કંદો ઉપર ડુક્કરના જેવા વાળ આવેલા હોય છે.

હમણાં "**કાળિયો કંદ**" જાહેરમાં ખૂબ ચર્ચાયો છે તે પણ આ જ જાતનો કંદ છે. વગર ઓળખ્યે રામનું રામાયણ કરી નાખ્યું છે! અસ્તુ.

गृष्टि નામ બરાબર છે. 'ગેંઠી' હિંદીમાં કહે છે એ એનું જ અપભ્રષ્ટ છે.

विष्वक्सेनकान्ता—એ પ્રિયંગુનો પર્યાય છે, આનો નહિ. વારાહી કંદમાંથી આ શબ્દ દૂર કરવો જોઈએ.

बदरा નામ પણ નિરર્થક છે.

प्रसारणी (૧૫૩)—"सरला तु प्रसारिणी। तस्यां कटंभरा राजवला भद्रबलेति च॥" (શ્લો. ૧૫૩). पञ्च "कुब्जप्रसारिणीं" इति ख्यातायाः—ભા. દી.

પ્રસારણી નામની મોટી વેલ બંગાલમાં "**ગંધભાદુલિયા**" નામે ઓળખાય છે.

આનાં પાનમાંથી વિષ્ઠા જેવી દુર્ગંધ મારે છે. એટલે એની દુર્ગંધ સાથે બંગાલી નામને સંબંધ છે. પીડીરીઆ ફીટીડા—Paedaria foetida દવામાં બહુ ઉપયોગી છે.

राजबला, भद्रबला—આ બે બલાવાચક નામો ખરી રીતે बला સાથે લેવાવાં જોઈતાં હતાં. बला (શ્લો. ૧૦૭)માં આપેલી છે. बला Sida cordifolia બહુ જ ઉપયોગી દવા છે. એટલે ઉપલા બે શબ્દોને પ્રસારણીમાંથી ખસેડી બલાની જાતો તરીકે જુદા પાડવા જોઈએ.

जतुकृत् (૧૫૪)—" जतूका रजनी जतुकृत् चक्रवर्तिनी। १५३ संस्पर्शा— "

" पञ्च चक्रवर्तिन्याः " **चक्रवत** " इति ख्यातस्य। (ભા. દી.). આ 'ચકવત' શબ્દનો શો અર્થ હશે? આજે ચુકાને માટે મરાઠીમાં 'ચાકવત' શબ્દ પ્રચલિત છે. હિંદીમાં કુંવાડિયા માટે 'ચકવડ' શબ્દ છે. પરંતુ આ બંને દેશી શબ્દો ભાનુજી દીક્ષિતના ચકવત સાથે સંબંધિત અમને લાગતા નથી. जतु, जतुका, जतूका, जतुकृत्—આ લાખ (લાક્ષા)નાં નામો છે, અમરે પણ 'મનુષ્યવર્ગ'માં 'लाक्षा जतु अलक्तक द्रुमामयः" શબ્દો આપેલા છે જ. એટલે जतुનો અર્થ લાખ છે.

रजनी—આ શબ્દ **હળદર** માટેનો છે. રંગના કામમાં આવતી હોવાથી અહીં એને रजनी કહી છે તે બરાબર છે; પરંતુ रजनीનો સાધારણ અર્થ થાય છે હળદર.

चक्रवर्तिनी—નામ ચરક સુશ્રુત વાગ્ભટમાં ક્યાંય જોવા જાણ્યામાં નથી, છતાં અહીં જોવામાં આવે છે. લાખનો જ આ પર્યાય માનવો કે કોઈ બીજી વનસ્પતિનો?

संस्पर्शा—એ પણ અન્યત્ર જોવામાં આવ્યો નથી.

शटी—કચૂરો, ષટ્કચૂરો (ગુજ.). કપુરકાચલીનું નામ गंधशठी છે. કચૂરાની સગી બહેન જ છે. કચૂરો સુગંધિ ચીજ છે. દવામાં વપરાય છે. આના પર્યાયોમાં षड्ग्रन्था અને पलाश બે છે. ષડ્ગ્રન્થા મોટા ભાગે ઘોડાવજ માટે પ્રયોજાય છે. पलाश ખાખરા માટે. એટલે શઠીમાંથી આ બે શબ્દો દૂર કરવા જેવા છે. ભા. દી.એ પણ " कचूर " નામ આપ્યું છે જે બરાબર છે.

इन्द्रवारुणी (શ્લો. ૧૫૬)—અમરે " **चित्रा गवाक्षी गोडुम्बा** " આ ત્રણને ઇન્દ્રવારુણી કરતાં ભિન્ન આપ્યાં છે. ભા. દી. " **कर्कटीविशेषस्य** " કહી ઓળખાવે છે.

" विशाला इन्द्रवारुणी " ભિન્ન આપે છે અને ભા. દી. આને માટે " **इन्द्रवारुणी** " શબ્દ રાખે છે.

અમારા મતે ઉપલા ૩ શબ્દો નાનાં ઇંદ્રવરણાં માટે જ્યારે વિશાલા એ મોટી ઇંદ્રામણી કે ઇંદ્રવરણાં માટે છે. નિઘંટુકારોએ વિશાલા માટે " **महेन्द्रवारुणी** " નામ આપ્યું છે જ. એટલે ચિત્રા ગવાક્ષી ગોડુમ્બા એ ગાયવસૂકણાં માટે (આ ઇંદ્રવરણાંની જ જાત છે) જ્યારે વિશાલા મોટાં ઇંદ્રાયણાં માટે સમજી લેવા જોઈએ.

गण्डीर[1] (શ્લો. ૧૫૭)—' गण्डीरस्तु समष्ठिला।'

---

१ " गण्डीन् ग्रन्थीन् ईरयति गण्डि सम्यक् अस्थीति लाति समष्ठिला सान्द्रत्वात्। समष्ठिला नाम शाकं॥ " (ક્ષીરસ્વામી).

"द्वे गाण्डरदूबी इति ख्यातस्य आनूपजशाकभेदस्य।

'गाडिनी'—इति भाषा।" (ભા. દી.).

'ગાણ્ડરદૂબી' એ गण्डदूर्वा છે. દૂર્વાની એક જાત તે ગંડદૂર્વા.

'ગડિની' કયી ભાષાનો શા અર્થમાં રૂઢ થયેલો શબ્દ છે તે સમજાતું નથી.

गण्डीर શી વનસ્પતિ છે ? ચરકે શાકવર્ગમાં તેમજ હરિતક વર્ગમાં—બે જગ્યાએ गण्डीर યોજ્યું છે. એનો સારો પરિચય ચરકટીકાકાર ચક્રપાણિએ નીચે મુજબ આપ્યો છે :—

गण्डीरो द्विविधो रक्तः शुक्लश्च; तत्र यो रक्तः स हि कटुत्वेन हरितवर्गे पठ्यते यस्तु शुक्लो जलज: स शाकवर्गे पठितः इति नैकस्य वर्गद्वये पाठ:।" (चरक સૂ. ૨૭-૧૭૧ ઉપરની ટીકામાં આ જ ટીકાકારે ચરકસંહિતાના રક્તપિત્ત ચિકિત્સાધ્યાયમાં પાછી ફોડ કરી છે અને કહ્યું છે કે—

"स्थलजजलजभेदेन गण्डीरो द्विविधः; तत्र हरितवर्गपठितो यः स निदानं भवति, इतरस्तु जलजः शाकवर्गे पठितो यः स इह कफाधिके रक्तपित्ते ज्ञेयः। (ચ. ચિ. ૪-૩૮)

અર્થાત્ સ્થલજ અને જલજ તેમ જ શુક્લ અને રક્ત—આવા ભેદોથી ગણ્ડીર દ્વિવિધ બતાવવામાં આવ્યો છે. એક શુક્લ જલજ છે તે શાકમાં જ્યારે રક્તજાત કટુ હોવાને લઈને હરિતકમાં—કચુંબરમાં—વપરાય છે. આ અત્યંત સ્પષ્ટ રજૂઆત છે.

હેમચંદ્રાચાર્યે 'निघण्टुशेष'ના શાકપ્રકરણમાં—

> समष्ठो तु तोयवृत्तिः गण्डीरः तोयमंजरी।
> समष्ठिला शोषहरी जलापामार्गतुल्यकः॥ ३४९
> अन्यः स्थूलगण्डीरः कर्बरष्टकदेशजः।

સમષ્ઠિલ વા ગણ્ડીરનો પરિચય "જલાપામાર્ગતુલ્યઃ" જલમાં કે જલાસન્નભૂમિમાં થનારો અપામાર્ગ (અઘેડો) જેવો ગંડીરનો છોડ થાય છે. ગંડીર પાણીવાળી જગામાં થનાર છે. (तोयवृत्तिः). હેમચંદ્રે જલથી ભિન્ન સ્થૂલગંડીરનો ઉલ્લેખ પણ કરેલો છે.

આ ઉપરથી શાકગણ્ડીર એટલે **લાલ રંગનો તાંદલજો** અને હરિતક ગંડીર એ **ગરમર** જેનું અથાણું ગુજરાત કાઠિયાવાડમાં પ્રસિદ્ધ છે તે. ગરમર ખાવામાં તીખું હોય છે.

રાતા રંગનો તાંદલજો: Amaranthus ?

ગરમર : Coleus barbata.

ગણ્ડદૂર્વા ઇત્યાદિ ત્યાજ્ય હોવાં ઘટે છે.

कलम्बी * (શ્લો. ૧૫૭)—ભા. દી. ટીકામાં કહે છે કે: 'डलयोः एकत्वम्। के जले लम्बते 'लबि अवस्रंसने' इति।" જે પાણીમાં ફેલાય છે તે કલમ્બી. આ જોતાં કલમ્બી એ કલમી શાક છે,

---

* ક્ષીરસ્વામી कलम्बमस्याः कलम्बी। अपगतोदका जाङ्गलत्वात्। અર્થાત્ ભા. દી.થી તદ્દન જુદો જ અર્થ કરે છે. **माला**માંથી અવતરણ ટાંકે છે: "मण्डूकपर्णी पालंक्या चिल्लिका चाप्यपोदका। चाङ्गेरी हिलमोचा च कलम्बीशाकजातयः" અર્થાત્ કલમ્બીને સારાં શાકોની ગણત્રીમાં માલાકારે ગણાવી છે. कलम्बी અને अपोदका પર્યાયો છે અને છતાંય માલાકારના આ શ્લોકમાં **अपोदका** અને **कलम्बी** બન્ને ગણાવેલાં છે! શું સમજવું? ક્ષીરપાણિટીકાવાળા ગ્રન્થમાં 'कलम्बी उपोदिका' મૂળ પાઠ છે—उपोदिका એટલે તો **પોઈ** Basella rubra. પોઈની ભાજી ખવાય છે. उपोदकी અને अपोदकी બન્નેમાં ગોટાળો ભૂલથી થયો લાગે છે.

Ipomaea aquatica—પાણીમાં મોટા વેલા થાય છે. પાનશાક તરીકે લોકો ખાય છે. ભા. દી.એ 'करेम्बु ' इति ख्यातस्य પરિચય કરાવ્યો છે. 'કલમી શાક' બંગાલી શબ્દ છે. ગુજરાતમાં નારીડો કહેવાય છે.

दूर्वा—આના પર્યાયોમાં रुहा અને अनन्ता છે. **अनन्ता** સારિવા માટે છે. रुहा શબ્દ ' छिन्नापि रोहति 'એ પ્રમાણે તો દૂર્વાને બરાબર લાગુ પડે છે, કારણ કે કાપી કાઢવા છતાંય તે ઊગે છે. अनन्ता શબ્દ અહીં દૂર્વા ઘણી ફેલાય છે એ ઉપરથી છે. બન્ને દૂર્વા માટે સારા પરિચયપ્રદ શબ્દો છે, પરન્તુ એક જ નામથી એક જ વનસ્પતિ ઓળખાય એ ઇષ્ટ છે. એટલે अनन्ताનો સારિવા અર્થ કરવો ઠીક છે. અમરે દૂર્વા અને શુકલ દૂર્વા—બન્ને જુદાં દર્શાવેલાં છે.

છિન્નરુહા એ ગળોનો પર્યાય છે, કારણ કે એ પણ **छिन्ना अपि रोहति**—છે.

उच्चटा (શ્લો. ૧૬૦)—" **चूडाला चक्रलोच्चटा** ।"

ભા. દી. અહીં " **त्रीणि मुस्ता विशेषस्य** " કહી ભાંગરો વાટે છે.

ઉચ્ચટા શબ્દ શ્વેતદૂર્વા અને ચણોઠી બેઉ માટે વપરાયો છે, પરંતુ મેં એ **ઉટિંગણ** છે એમ ઠેરવ્યું છે—Blapharis edulis (n.o. Acanthaceae). ઉચ્ચટા વાજીકરણ દ્રવ્ય છે, ઉટિંગણ પણ તેવું જ છે—ઉચ્ચટા મોથની જાત નથી. **चूडाला चक्रला** શબ્દો અર્થવાળા નથી લાગતા.

कास—કાસના પર્યાયોમાં **पोटगल** છે. नलના પર્યાયમાં પણ **पोटगल** આપેલું છે. કાસ અને નલ ભિન્ન વનસ્પતિઓ છે. **कास**નો એક પર્યાય **इक्षुगन्धा** આપેલો છે. આ કાસની ખેતીમાંથી જ કાલક્રમે શેરડી થઈ છે એટલે એ 'રાખવો ઠીક છે—બાકી તો એખરાનો જ એ પર્યાય છે.

નલ Phragmites karka—" नले नडः शून्यमध्यो " (હેમચંદ્રાચાર્ય).

કાસ—Sacharum spontaneum.

बल्वज (શ્લોક ૧૬૩)—' एकम् ' वगइ ' इति ख्यातस्य । ' ભા. દી.—આ નામનું એક ઘાસ છે એમ સંસ્કૃત સાહિત્ય જોતાં જણાય છે. બાણે હર્ષચરિતમાં કોલસાના ઢગલા ઉપર આ ઘાસના માંડવા બતાવ્યા છે.

હેમચંદ્રાચાર્યે तृणकाण्डમાં **' उलपबल्वजो बालकेशी '** ઘાસોનો ઉલ્લેખ કરેલો છે. બલ્વજ કયું ઘાસ છે તે અમો નક્કી કરી શકયા નથી.

वीरण (શ્લો. ૧૬૪)—" तृणभेदस्य **गाँडर** इति ख्यातस्य " ભા. દી. ગુજરાતીમાં ' વીરભણોનો વાળો ' જાણીતું દ્રવ્ય છે, કારણ ધૂપેલ બનાવવામાં સ્ત્રીઓ તે વાપરે છે.

ભા. દી. उशीर अभय વગેરે શબ્દો જે અમૂરે **નીચે** જ આપેલા છે તે દશ માટે " वीरणमूलस्य ' **खश** ' इति ख्यातस्य " કહે છે. પરંતુ वीरणमूल આ ખસ(ગુજરાતી વાળો, ખસની ટટ્ટીઓ આવે છે તે સુગંધી દ્રવ્ય)થી ભિન્ન છે.

उशीर (શ્લો. ૧૬૪)—સુગંધી વાળો, ખસ. **उशीरं**, **अभयं**, **नलदं**, **सेव्यं**, **अमृणालं**,
૧ ૨ ૩ ૪ ૫
जलाशयम्, **लामज्जकं**, **लघु**, **लयम्**, **अवदाह**, **इष्टकापंथ**। લઘુ અને લયને એક ગણતાં **૧૦** થાય છે.
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

આ દશને માટે ભા. દી. 'वीरणमूलस्य '**खश**' इति ख्यातस्य' કહે છે. ઉશીર = વાળો Vetiveria zizanioides.

लामज्जक ઉશીરથી ભિન્ન છે. ચરકે "**लामज्जकोशीरं दाहत्वग्दोषस्वेदापनयनप्रलेपनानाम्**।" (સૂત્ર ૨૫) આમ લામજ્જક, ઉશીર જુદાં ગણાવ્યાં છે.

लामज्जकं उशीरवत् पीतच्छवि तृणविशेषः। (ભાવમિશ્ર). લામજ્જક ઉશીર જેવો સહેજ પીળો થાય છે.

ह्रीवेर—"**बालं ह्रीवेरं बर्हिष्ठं उदीच्यं केशाम्बुनाम च**।" (શ્લો. **૧૨૨**)

"पञ्च ह्रीवेरस्य '**नेत्रबाला**' इति ख्यातस्य।" (ભા. દી.)

આ વાળો ખસથી ભિન્ન છે. દક્ષિણ ભારતમાં "**ઈટ્ટિવેર**" નામનો એક સુગંધી છોડ નદીનાં ભાઠાંમાં પાણીવાળી જગામાં થાય છે. દરેક દેવની **મૂર્તિઓ** ઉપર આનો લેપ કરવામાં આવે છે. ઇટ્ટિવેર વેટ્ટિવર એવાં મલયાલમ નામો હ્રીવેરનાં જ અપભ્રષ્ટ લાગે છે. એટલે **ह्रीवेर** coleus vettiveroides—(labiateae) આ જ છે.

उदीच्य(उत्तरदेशे भवम् उदिच्यम्)ને ઉત્તરમાં **નેત્રવાલા** કહે છે.

छत्रातिछत्रा:—पालघ्नौ। (पालं क्षेत्रं हन्ति—ખેતરને બગાડી નાખે છે) "त्रीणि **जलजतृण-विशेषस्य**" (ભા. દી.)

ચરક સંહિતામાં **છત્રા અતિછત્રા** આ બે દિવ્ય વનસ્પતિઓની યાદીમાં છે. (ચિ. **૧**, પાદ ૪, શ્લો. ૬)

અન્યત્ર—छत्रा अतिछत्राનો પરિચય ધાણા, વલિયારી તરીકે પણ કરાવવામાં આવ્યો છે.

અને અહીંઆં પાણીમાં થતું એક જાતનું ઘાસ જે પાણીને છાઈ દેતું હશે એટલે આ નામોમાં પલટાઈ ગયેલું છે !

ક્યાં દિવ્ય વનસ્પતિઓ અને ક્યાં તુચ્છ તૃણ !

भूस्तृण (શ્લો. ૧૬૭)—સુગંધી લીલી ચાના જેવું સુગંધી છે. યુનાની હકીમોનું ઈજખિર વા અશ્ખર આ છે. cymbopogon jovarankusa.

लाङ्गली—તોયપિપ્પલી—જલપીંપર-ના પર્યાય તરીકે આ શબ્દ અમરે આપેલો છે (શ્લો. ૧૧૧). શ્લો. ૧૬૮માં '**नालिकेरस्तु लाङ्गली**' નાળિયેરીનો પર્યાય **લાંગલી** આપીને તો અમરે કમાલ જ કરી છે. लाङ्गलीનો ખરો અર્થ છે દૂધિયો વચ્છનાગ: Gloriosa superba—અગ્નિશિખા જેવું સુંદર આ છે. નાલિકેરને લાંગલી સાથે કેવી રીતે જોડી દીધું છે? અને છતાંય અમરકોશને પ્રમાણ માનનારા ઓછા નહિ જ હોય !

લૅટિન નામ ગ્લોરીઓસા અને સુપર્બા બન્ને આ છોડની અવર્ણનીય શોભાને લઈને પડચાં છે. આપણું **अग्निशिखा** નામ પણ ખરેખર સાર્થક છે.

पूग—"**घोण्टा तु पूगः क्रमुको गुवाकः खपुरः ॥**"

"**पञ्च पूगवृक्षस्य "सोपारी" इति ख्यातस्य**" (ભા. દી.). પૂગ એટલે સોપારી—'**मुखवासार्थे पूगीफलम्**' એ જનસાધારણની જીભે છે, પરંતુ એના પર્યાયો બધા બરાબર નથી.

घोण्टा—ગુટખોરડી માટે શબ્દ છે.

क्रमुक—લોધ્ર, કપાસ, ભદ્રમોથ, સેતૂરના પર્યાયોમાં છે. ચરકે આસવોની યાદીમાં—ત્વગાસવોની યાદીમાં—**क्रमुक** ગણાવ્યું છે. સોપારીની છાલનો આસવ તો ન જ સંભવે. તો પછી લોધ્ર અર્થ થાય. **क्रमुक** એમ તો દીપનપાચન દ્રવ્ય લાગે છે, કારણ ચરકે બસ્તિની ભૂલ થતાં અપાન વિગુણ થયો હોય તો એને ક્રમુક ૧ તોલો છાસ સાથે આપવા કહ્યું છે: "**ततः क्रमुक—कल्काक्षं पाययेताम्लसंयुतम् ।**" (સિદ્ધિસ્થાન અ. ૭, શ્લો. ૩૭). લોધર તો ગ્રાહી છે. લોધરનો એક પર્યાય 'તિલ્વક'[૧] છે તે રેચક છે. એટલે તિલ્વકત્વક્ યોજી છે કાં સોપારી ૧ તોલો યોજી છે. શું સમજવું ? ટૂંકમાં **क्रमुक** સંદિગ્ધ છે.

गुवाक—"**गुवन्त्यनेन । स्रंसकत्वात् ।** [२]**गु पुरीषोत्सर्गे ।**" (ભા. દી.) ગુવાકની આ નિરુક્તિ જોતાં એ રેચક દ્રવ્ય છે. સોપારી આ જોતાં રેચક ગણાય. **क्रमुक, गुवाक** બંને શબ્દો રેચક છે.

खपुर:—ગુંદર—'**गुडमंजर्याः खपुरः ।**' (અષ્ટાંગહૃદય)—કોઈ પણ ઝાડના ગુંદર માટે આ શબ્દ વપરાય છે. સોપારી એ કંઈ ઝાડનો ગુંદર તો નથી જ. તો પછી આ નામ સાવ નિરર્થક ગણવું જોઈએ.

तिन्तिडीक (શ્લો. ૪૪)—અમરકોષમાં "**तिन्तिडीकं च चुक्रं चवृक्षाम्लम्**" (વૈશ્યવર્ગ)—આ ત્રણ પર્યાયો આપેલા છે.

ભાનુજી દીક્ષિતે "**तिन्तिडीकस्य अम्लभेदस्य 'चूका' इति ख्यातस्य वल्लीविशेषस्य-इत्यन्ये**—આમ પરિચય આપેલા છે.

ક્ષીરસ્વામીવાળી ટીકાવાળા અમરકોષમાં (ત્રિવેન્દ્રમ્ સંસ્કૃત સિરિઝ) '**तिन्तृडीकं च चुक्रकं च वृक्षाम्लम् ।**' આવો પાઠ છે.

ક્ષીરસ્વામી—'**तिन्तृडीशैलजं तिन्तृडीकम्**'। આવો પરિચય આપે છે !

તિન્તૃડી નામના પર્વતમાં થનાર તે તિન્તૃડીક.

'**चुक व्यथने**' ક્ષીર૦

चकति (ते) "**चक तृप्तौ प्रतिघाते च**" (ભા. દી.)

---

૧ तिल्वक ને लोध्र પર્યાયો છે પરંતુ આ બે તદ્દન જુદાં જ છે એમ હવે સપ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે. तिल्वक રેચક છે; लोध्र ગ્રાહી છે.

૨ ગુજરાતી 'ઘુ' (વિષ્ઠા માટે) શબ્દ 'ગુ'માંથી જ પડચો લાગે છે.

ભાનુજી દીક્ષિતે 'चूका' इति ख्यातस्य—આ પરિચય આપી તિન્તિડીક, ચુક્ર અને વૃક્ષામ્લ—આ ત્રણેને "ચૂકા" તરીકે ઓળખાવેલ છે.

ચૂક્રનો અર્થ ચૂકો બરાબર છે. ચૂકાની ખાટી ભાજી ખવાય છે. એટલે ચુક્રનો 'ચૂકો' પરિચય બરાબર છે. ચૂકો—Rumex Vesicarius રૂમેક્ષ વેસીકેરિયસ ડુંગરોમાં ઘણી થાય છે. આજે પણ લોકો એની ભાજી ને ચટણી બનાવી ખાય છે. પરંતુ तिन्तिडीक અને वृक्षाम्ल બન્ને જુદી વનસ્પતિઓ હોવા છતાં ચૂકા તરીકે ઓળખાવીને ઓર જ ખીચડો પકાવ્યો છે. वृक्षाम्ल એટલે કોકમ—Garcinia indica ગાર્સીનિયા ઈણ્ડિકા—तिन्तिडीक એટલે **ડાંસરીઆ** અથવા **સમાકદાના.** યુનાનીમાં ગીર્દ સુમાક યા પોસ્તં સુમાક. Rhus parviflora રૂહસ પાર્વીફ્લોરા. અ. કો.ના વનૌષધિ વર્ગમાં "तिन्तिडी चिञ्चाम्लिका" આવા પર્યાયો આપ્યા છે. ભા. દી. અહીં त्रीणि चिञ्चायाः' કહે છે અર્થાત્ ચિંચાના પર્યાયો કહે છે. ભા. દી. પોતાની ટીકામાં વાચસ્પતિનો હવાલો આપતાં કહે છે કે—"तिन्तिडी त्वम्लिका चिञ्चा तिन्तिडीका कपिप्रिया" અર્થાત્ તિન્તિડી, અમ્લિકા, ચિંચા અને તિન્તિડીકા—આ બધા આંબલીના પર્યાયો છે.

પરન્તુ સુશ્રુતના फलवर्गમાં तिन्तिडीक, कोशाम्र અને अम्लिका—આ ત્રણેય ગણાવેલાં છે એટલે આ ત્રણેય ભિન્ન વનસ્પતિઓ લાગે છે. એટલે तिन्तिडीकને ચિંચાથી જુદી ગણી ઉપર મુજબનો ખુલાસો આપેલો છે. આ ગીર્દ સુમાક વા સમાકદાનાં ખાટાં બીજ છે. યુનાની હકીમો વાપરે છે. આમ અમરે ઘણે ઠેકાણે ખીચડો પકાવેલો છે. તિન્તિડીક, ચુક્ર અને વૃક્ષામ્લ—ત્રણેય ભિન્ન છે.

पिप्पलीमूल—' ग्रन्थिकं पिप्पलीमूलं चटकाशिर इत्यपि।" અમરકોષ (**વૈશ્યવર્ગ** ૧૧૦).

ભા. દીક્ષિત આ ત્રણેય પર્યાયોને "त्रीणि पिप्पलीमूलस्य" એમ ઓળખાવે છે. પોતાની ટીકામાં મેદિનીનો હવાલો નીચે પ્રમાણે ટાંકે છે:—

"ग्रन्थिकं पिप्पलीमूले गुग्गुलुग्रन्थिपर्णयोः ।
करीरे पुंसि दैवज्ञे सहदेवाख्यपाण्डवे ॥" इति विश्वः ।

અર્થાત્ ગ્રન્થિક, પિપ્પલીમૂલ, ગૂગળ, ગ્રન્થિપર્ણ, કરીર અને સહદેવ—પાણ્ડવ જે દૈવજ્ઞ—જ્યોતિષી—હતા તે—આ બધા માટે ग्रन्थिक શબ્દ વપરાય છે.

'चटकायाः शिर इव'—ચટકાના શિર જેવા ગંઠોડા હોય છે.

અહીં **ચટક**નો **અર્થ** શો કરવો? ચકલી કરવો? ચકલાના શિર જેવો આકાર?

शिर—'शिरो ना पिप्पलीमूले' इति रभसः ।

'शिरो ना पिप्पलीमूले स्याद्धमन्यां च योषिति' इति रान्ते मेदिनी।

અર્થાત્ એકલો **શિર** શબ્દ પણ પીંપળીમૂલ માટે પ્રયોજાયેલો છે.

અમરના વનૌષધિ વર્ગમાં पिप्पलीमूलનો પત્તો અમને લાગતો નથી.

અમરનો ઉપરોક્ત ઉલ્લેખ જોતાં તે વખતે બજારમાં ગંઠોડા વેચાતા હશે એમ લાગે છે. આ ग्रन्थिक ઉપરથી જ ગુજરાતી શબ્દ **ગંઠોડા** પડ્યો છે—ગાંઠો ગાંઠોવાળો એવો એનો અર્થ થાય છે અને તે ગંઠોડા જોતાં સાર્થક છે.

પરન્તુ આ ગંઠોડા ग्रन्थिक શી ચીજ છે? ક્યાંથી આવે છે? એનો પત્તો ક્યાંથી પણ આજદિન લગીમાં અમને લાગ્યો નથી.

મલબાર તરફ તો પીંપરનાં મૂળ જે ઝીણાં બારીક તાંતણા જેવાં હોય છે તે જ તાજાં વપરાય છે. એમાં સહેજ સુવાસ અને સ્વાદ છે, પરન્તુ બજારમાં જે ગંઠોડા તરીકે નાનીમોટી ગાંઠો વેચાતી મળે છે તે શું છે?

રાનીખેત તરફ જંગલી પીંપર ખૂબ થાય છે. એનાં મૂળમાંથી ક્વચિત નાની ગાંઠો—ગંઠોડાને મળતી—મળે છે પરન્તુ આ જોયા પછીથી અમો માનીએ છીએ કે બજારુ ગંઠોડા આ નથી.

મુંબઈના ગાંધી કહે છે કે ગંઠોડા મદ્રાસથી આવે છે. મદ્રાસના ગાંધીઓ કહે છે કે મુંબઈથી એ આવે છે. આ બધું જોયાજાણ્યા પછીથી અમારી ખાત્રી થઈ છે કે આ વસ્તુ હિંદ બહારથી અહીં આવે છે. ક્યાંથી આવે છે તે જોવું રહ્યું.

સિંગાપુરથી પીંપર હિંદમાં આયાત થાય છે એનાં મૂળ જોવાં જોઈએ.

વૉટ કહે છે કે બંગાલામાં પીંપરનું વાવેતર થાય છે અને ૩ વર્ષની પીંપર થયા બાદ તેનાં મૂળિયાં ખોદી કાઢી વેચી કાઢવામાં આવે છે. ત્રણ વર્ષનાં મૂળિયાં જોયા વિના નિર્ણય ન થઈ શકે.

कृष्णजीरक—" सुषवी कारवी पृथ्वी पृथुः कालोपकुञ्चिका।" (વૈશ્યવર્ગ, શ્લો. ૩૭)—આવા પર્યાયો આપેલા છે.

અમરે વનૌષધિ વર્ગમાં सुषवीને કારેલી ગણાવી છે જે બરાબર છે. सुषवी એ કારેલી—કારેલાં. ભા. દી.એ પણ આ જ પરિચય આપેલો છે (શ્લો. ૧૫૫).

कारवी (શ્લોક ૧૧૨)—અમરે 'खराश्वा कारवी दीप्यो मयूरो लोचमस्तकः।' એવા પર્યાયો આપેલા છે. ભા. દી. આ પાંચને '**मयूरशिखा**' તરીકે ઓળખાવે છે. ખરી રીતે ખરાશ્વા, દીપ્ય વગેરે પર્યાયો બોડી અજમોદના છે. અર્થાત્ અમરે જ **કારવી**ને વનૌષધિ વર્ગમાં ભિન્ન ગણાવી છે. કારવીનો અર્થ હાલ 'બોડી અજમોદ' કરી આગળ ચાલીશું.

અમરે અન્યત્ર कारवी "शतपुष्पा, सितच्छत्रा, अतिच्छत्रा, मधुरा, मिसि, अवाक्पुष्पी, कारवी च।" આવા પર્યાયોમાં ગણાવી છે. આ બધા શબ્દો વલિયારી(હિંદી સૌંફ)ના છે. ભા. દી.ના વખતમાં પણ सौंफ નામથી જ પ્રસિદ્ધ હતી. વચમાં अवाक्पुष्पी—ઊંધાફૂલીને–ઘુસાડી દીધી છે! ઊંધાફૂલી વલિયારીથી ભિન્ન છે.

उपकुञ्चिका—અમરે નાની ઈલાયચીને 'सूक्ष्मोपकुञ्चिका'માં ગણાવી છે.

पृथ्वीका—મોટી ઈલાયચી ગણાવી છે. ક્ષીરસ્વામીએ નીચેનું ઉદાહરણ ક્યાંકથી ટાંક્યું છે :

"उत्कुञ्चिकोपकुञ्ची च कालिका चोपकालिका ।
सुषवी कुञ्चिका कुञ्ची पृथ्वीका कृष्णजीरकः ॥"

આમ ખીચડો ઔર જ બધા પકાવતા જાય છે.

उपकुञ्चिका અમારા મતે **કલોંજી**—nigella sativa નાઈજેલા સેટાઈવા—છે. સિદ્ધ-ભેષજ મણિમાલાકારે कल्वञ्जिका એવું નવું નામ પાડ્યું છે તે બરાબર છે. કલોંજી જીરું સારી દવા છે (જુઓ નિઘંટુ આદર્શ). અર્થાત્ सुषवी, कारवी, पृथ्वीका, काला અને उपकुञ्चिका—આ બધી ભિન્ન વનસ્પતિઓ હોવા છતાંય એક જ વનસ્પતિ(શહાજીરા)ના પર્યાયો તરીકે ધરવામાં આવેલી છે. અમરે અને તેના ટીકાકારોએ ઘણેખરે ઠેકાણે આવો ગોટાળો કર્યો છે.

આ તો સંક્ષેપમાં અમોએ લખ્યું છે. દરેક શબ્દ ઉપર વિસ્તાર કરતાં ઘણો મોટો લેખ થઈ જાય.

कुङ्कुम (મનુષ્ય વર્ગ–શ્લો. ૧૨૩)—આમાં अग्निशिखं, वरं, बाल्हीकं, पीतनं, लोहित-चंदनम्—વગેરે પર્યાયો છે. अग्निशिखा અમરે '**करिहारी**' અને '**इन्द्रपुष्पी**' (ભા. દી.)—આ બે માટે વાપરેલો છે (વનૌષધિવર્ગમાં). 'કરિહારી' (ભા. દી.) ગુજરાતીમાં આજે પણ 'કલિહારી' દૂધિયા વછનાગ—(लाङ्गली—સં.—Gloriosa superba) માટે વપરાય છે. એટલે ભલે કેસરનાં પુષ્પોનો દેખાવ અગ્નિશિખા જેવો લાગે તેવો હોય તોપણ જે શબ્દ જે વનસ્પતિ માટે રૂઢ થઈ ગયો છે તે શબ્દ તે જ વનસ્પતિ માટે વપરાય તે ઇષ્ટ છે અર્થાત્ अग्निशिखा એ કલિહારી માટે જ રાખવો જોઈએ—કેસર માટે નહિ.

बाल्हीक—અફઘાનિસ્તાન, નૉર્થ વેસ્ટ ફ્રંટિયરનો પ્રદેશ—તે દેશમાં થતું. હિંગનો પર્યાય બાલ્હીક છે, કારણ કે હિંગ કંદહાર તરફ જ થાય છે. ત્યાંથી જ ભારતમાં આવે છે. એટલે કેસર માટે બાલ્હીક ન વાપરતાં હિંગ માટે જ તે શબ્દ અનામત રાખીશું.

लोहितचन्दनम्—रक्तचंदन—રતાંજલી, કેસર નહિ. શ્લો. ૧૩૨માં कुचन्दन, रक्तचंदन છે તે બરાબર છે.

पीतनं—કેસર ઘસવાથી તેનો રંગ પીળો થાય છે એટલે. 'કેસર' નામથી જ પ્રથમથી એ પ્રસિદ્ધ છે એમ ભા. દી.ના પરિચય ઉપરથી લાગે છે.

सर्जरस—सर्ज એટલે સાલવૃક્ષ. તેનો રસ એ **રાળ**—રાળનું નામ છે सर्जरस. સાલનાં વૃક્ષોમાંથી રસ નીકળે છે, પરંતુ કોઈ सालरस કહેતું નથી. ભા. દી.એ 'राल' શબ્દ આપ્યો છે.

'**यक्षधूप**' પર્યાય આપેલો છે—મનુ૦ વર્ગ (શ્લો. ૧૨૭).

तुरुष्क (મનુ૦ વર્ગ, શ્લો. ૧૨૮)—ભા. દી.એ 'सिल्हाख्यगन्धद्रव्यस्य '**लोहवान**' इति ख्यातस्य' એવો પરિચય આપ્યો છે. तुरुष्क, सिल्हक, यावन—આ બધા શબ્દો આ દ્રવ્ય બહારથી આવે છે એવું સૂચવે છે. 'म्लेच्छजातौ देशान्तरेऽपि च' इति विश्वमेदिन्यौ। છે પણ ખરું. આજે વૈદ્યો **શિલારસ**—Altingia excelsaને तुरुष्क માને છે. શિલારસ એશિયા માઈનોરથી આવે છે.

સુગંધી પદાર્થ હોઈ એલાદિગણમાં છે.

લોબાન પણ પરદેશથી જ ભારતમાં આવે છે. આપણે અહીં થતો નથી. લોબાન સિયામ સુમાત્રાથી આયાત થાય છે. લોબાન Styrax benzoin. ટીંકચર બેન્ઝોઈન લોબાનમાંથી બને છે.

શિલારસ કરતાં લોબાનમાં સુગંધ વધુ હોય છે. શિલારસ અને લોબાન બન્ને પરદેશથી આવે છે. सिल्हक ઉપરથી શિલારસ પડ્યું છે. લોબાન માટે **'लोहबाण'** નામ સિદ્ધભેષજમણિ-માલાના લેખકે નવું બનાવ્યું છે. તેનું મૂળ ભા. દી.ના પરિચયમાંથી મળે છે.

श्रीवासः (મનુ૦ વર્ગ, શ્લો. ૧૨૮)—'सरलद्रव्यस्य' ભા. દી. સરલ એટલે ચીડ. ચીડનો ગુંદર (oleo-resin) એ ગંધબેરજો અથવા બેરજો.

कक्कोलक (મ. વ. ૧૨૯)—"कोलकं कक्कोलकं कोशफलम्।". 'त्रीणि फलकर्पूरस्य गहुला इति ख्यातस्य।' (ભા. દી.) कक्कोलनो અર્થ છે ચિનિકબાલા (cubebs)—સુગંધી પદાર્થ છે. 'ગહુલા' બજારુ દ્રવ્ય આજે મળે છે તે પરદેશથી આવે છે, ચારોળી જેવાં સુગંધી બીજ 'ઘણીલા' નામે ઓળખાય છે, આ ઘણીલા માટે कक्कोल શબ્દ વિચારણીય છે. यक्षकर्दम (શ્લો. ૧૩૩)માં कक्कोल પડે છે એટલે ઘણીલા લેવા ઠીક લાગે છે.

कलाय (વૈશ્યવર્ગ ૧૬)—"कलायस्तु सतीनकः। हरेणुखण्डिकौ॥" चत्वारि 'रेणुकस्य' (ભા. દી.). कलाय એટલે **લાંગ** Lathyrus sativus, જે ખાવાથી 'कलायखञ्ज' નામનો રોગ થાય, Lathyrism અંગ્રેજી નામ.

सतीनक—"सतीनं वायुं करोति इति सतीनकः।" ભા. દી.—લાંગ અતિશય વાયડા છે. કહેવત છે 'લાંગ ભાંગે ટાંગ'.

हरेणु-रेणुका—એ સંદિગ્ધ છે. આ સુગંધી દ્રવ્યો છે, કલાયના પર્યાયોમાંથી આ બેને હઠાવવા જેવા છે. ભા. દી. વખતે કલાયને 'રેણુકા' કહેતા હશે? હરેણુ એક જાતનું ધાન્ય છે પરંતુ कलायથી ભિન્ન છે.

तिल—"द्वौ तिले तिलपेजश्च तिलपिञ्जश्च निष्फले।" (વૈશ્ય. ૧૯) ટીકામાં जर्तिलः अपि એમ કહીને "जर्तिलः कथ्यते सद्भिः अरण्यप्रभवस्तिलः।" અરણ્યમાં થનાર તલનું નામ जर्तिल આપ્યું છે. ભા. દી. કહે છે કે "तैलहीनतिलस्य", એટલે તેલ વગરના તલ તરીકે અહીં પરિચય આપે છે. તે વખતે જંગલી તલની જાત—જેમાંથી તેલ નીકળતું નહિ હોય–થતી હશે?

मातुलानि—'मातुलानि तु भङ्गायाम्, "शणाख्यशस्यभेदस्य" ભા. દી. ઘણાખરા પ્રાચીન ગ્રન્થોમાં ધાન્યોની યાદીમાં માતુલાનિ અને ભંગા આવે છે. માતુલાનિ—ગાંજો ભંગા-ભાંગ—આવા સામાન્ય અર્થો ન લેતાં શણ નામનું એક જાતનું ધાન્ય થાય છે તે માટે આ શબ્દો રૂઢ થયા હતા. શણ જેવો ધાન્યભેદ એને માટે આ શબ્દો વાપરવાનું કારણ શું હશે?

कुसुम्भ (વૈશ્યવર્ગ, શ્લો. ૧૦૬)—કુસુમ્ભ એટલે કસુંબો—જેવો રંગ એક વખતે આપણા દેશમાં અતિશય વખણાતો હતો તે છોડનાં પુષ્પોમાંથી રંગ બનતો હતો. महारजनम् એનો પર્યાય એની રંગોમાં ઉપયોગિતાસૂચક છે. वह्निशिखं એનો પર્યાય છે. એનાં ફૂલો આવે છે તે કેસર

જેવાં સુંદર હોવાથી અગ્નિની શિખા જેવાં ગણાવ્યાં છે. अग्निशिखा દૂધિયા વછનાગ માટે સારા શબ્દ છે. ભા. દી. 'कुसुम्भ इति ख्यातस्य' લખે છે. મહારાષ્ટ્રમાં **કરડી**નું વાવેતર થાય છે અને કરડીનું તેલ ખવાય છે તે આ કુસુમ્ભ છે.

चक्षुष्या (વૈ. ૧૮૨)—कुलत्थिका શબ્દ કળથી માટે છે. ચક્ષુષ્યા એટલે આંખમાં આંજવાની ચમેડ. ચમેડ માટે સંસ્કૃત શબ્દ अरण्यकुलत्थ છે. कुलत्थिका, कुलाली આ પર્યાયો અને છેવટે ભા. દી.એ આપેલો પરિચય "तुत्थविशेषस्य" તો ચોંકાવનાર છે. तुत्थ એટલે મોરથૂથુ અને તુત્થની કોઈ વિશેષ જાત તેમના ધ્યાનમાં હોય તો તે; પરંતુ चक्षुष्या એ ચમેડ છે અને આ પરિચય તો ગજબ કહેવાય.

સમુદ્રફેણ (વૈશ્યવર્ગ)—डिण्डीर આયુર્વેદના ગ્રંથોમાં છે. અહીં हिण्डीर પર્યાય આપ્યો છે.

वंशरोचना (વૈ. વ. ૧૦૯)—त्वक्क्षीरी वंशरोचना। વાંસકપૂર માટે બન્ને શબ્દો બરાબર છે. ભા. દી.ના સમયમાં આ દ્રવ્ય કયા નામથી ઓળખાતું હતું તે જાણવા મળ્યું હોત તો કંઈ વધુ પ્રકાશ આ દ્રવ્ય ઉપર પડત. એમણે તો "**वेणुजस्य औषधिविशेषस्य।**" એવો પરિચય આપીને પતાવ્યું છે. त्वचो वंशात् क्षीरमस्याः (ભા. દી.).
વાંસમાંથી દૂધ નીકળે છે જે વંશરોચના તરીકે વાંસમાં જામી જાય છે. એટલે એને त्वक्क्षीरी કહેલું છે.

વન્દ્યઘટીય ટીકામાં "त्वक्क्षीराद्वयं वंशरोचनायाम्। एतयोर्भेदेऽप्येकत्वमुक्तम्।" ત્વક્ક્ષીરી અને વંશરોચના બંને ભિન્ન હોવા છતાંય અહીં અમરે બંનેને એક કર્યાં છે એવું સ્પષ્ટ વિધાન છે.

त्वक्क्षीरी એટલે तुगाक्षीरी. ડલ્હણના વખતમાં પણ આ દ્રવ્ય 'वंशरोचनानुकारी पार्थिवं द्रव्यम्' એ પ્રમાણે વંશરોચનથી ભિન્ન એક દ્રવ્ય વંશલોચન તરીકે વપરાશમાં આવ્યું હતું. આ છે तुगाक्षीरी–તવખીર નામે બજારમાં વેચાય છે. त्वक्क्षीरी, तुगाक्षीरी એ આ **તવખીર,** જે હળદરના વર્ગની એક વનસ્પતિના કંદોમાંથી બનાવવામાં આવે છે (Curcuma angustifolia).

તીખુર: બંગાલી હિંદીમાં નામો છે. આ એક જાતનું એરોરૂટ Arrowroot છે. વન્દ્યઘટીયના વખતમાં પણ વાંસકપૂર અને તવખીર બે ભિન્ન જાણમાં હતી. અમરે છતાંય બંને ભિન્ન વસ્તુઓને એક કરી દીધી છે.

वृक्षादनी (શૂદ્રવર્ગ, ૩૪)—આગળ વનૌષધિવર્ગમાં આ શબ્દ આવી ગયો છે. એનો અર્થ છે ઝાડ ઉપર થતા વાંદા (એક જાતની પરોપજીવી—Parasitic—વનસ્પતિ). જે ઝાડ ઉપર આ વાંદાના છોડ અડ્ડો જમાવે તે ઝાડ કાળક્રમે ખતમ થઈ જાય છે. એટલે આ નામ 'वृक्षम् अत्ति इति वृक्षादनी' પડયું છે.

અહીં શૂદ્ર વર્ગમાં 'વૃક્ષાદની' અને 'વૃક્ષભેદી' બે પર્યાયો છે. ભાનુજી દીક્ષિતે 'काष्ठतनूकरणसाधनस्य' એવો પરિચય આપ્યો છે. અર્થાત્ ઝાડ બહુ વધી જાય છે ત્યારે ડાળાંઝાંખરાં કાપી નાખવામાં આવે છે. અંગ્રેજીમાં આને પ્રુનિંગ કહે છે. પ્રાચીન સમયમાં પ્રુનિંગ કરવાના સાધનને वृक्षादनी નામ આપવામાં આવ્યું હતું.

ચા: તેનું રસાયણ

નરસિંહ મૂળજીભાઈ શાહ

અત્યંત જૂના કાળથી ચાનું પીણું તાઝગી આપનાર તરીકે જાણીતું છે. આ તાઝગીપ્રદ ચાનું સત્ત્વ થિયેન તરીકે ઓળખાતું. ઈ. સ. ૧૮૨૦માં કૉફીનાં સૂકાં બિયાંમાં કૅફેઈનની સાથેસાથ આ થિયેન પણ માલૂમ પડચો. કૅફેઈનિ ઝાન્થીન (Xanthine) તરીકે જાણીતા રાસાયણિક પદાર્થોમાંનો એક છે. ચા અને કૉફી ઉપરાંત કોકો, બ્રાઝીલિયન ચોકોલેટ અને કોલાનાં બિયાંમાં પણ કૅફેઈન, હોય છે.

ચામાં કૅફેઈનિ ઉપરાંત અન્ય ઝાન્થીનો—થિયોબ્રોમીન અને થિયોફાઈલીન પણ હોય છે. તેમાં કૅફેઈનનું પ્રમાણ ૧–૫ ટકા જેટલું હોય છે. આપણા દેશમાં થતી ચા અંગે આ પ્રમાણ કેટલું છે તેની માહિતી અતિ અલ્પ છે.

ચાની ઉપયોગિતા તેમાં આવેલા ઝાન્થીન અને ટેનિન નામના પદાર્થોને આભારી છે. આ પદાર્થો જ્ઞાનતંતુઓ પર અસર કરી તેમને ઉત્તેજિત કરે છે અને તાઝગી આપે છે. દુનિયા-ભરમાં ચાને સર્વપ્રિય પીણા તરીકે વિખ્યાત કરનાર આ પદાર્થોની ચામાં હાજરી પર તેની ગુણવત્તાનો આધાર રહે છે.

ઉત્તર હિંદની ચામાં કૅફેઈન દક્ષિણ ભારતની ચાના કરતાં વધારે પ્રમાણમાં હોય છે. ડિસેમ્બરમાં જે ચાનો પાક ઊતરે છે તેના કરતાં એપ્રિલમાં ઊતરતા પાકમાં કૅફેઈનનું પ્રમાણ વધારે માલૂમ પડે છે. ચાની બનાવટમાં કૅફેઈનમાં શું ફેરફાર થાય છે તે હજી નક્કી થયું નથી.

ચા બનાવવાની જુદી જુદી રીત પ્રમાણે ચાના એક કપમાં (૧૫૦ ઘ. સેં.) કૅફેઈનનું પ્રમાણ નીચે બતાવ્યું છે :

વીક ચા (મૃદુ)	૪૦ મિલિગ્રામ
મીડિયમ ચા (મધ્યમ)	૬૦ ,,
કડક ચા	૧૦૦ ,,

કૅફેઈન, થિયોબ્રોમીન અને થિયોફાઈલીનનું કાર્ય શરીરમાં સરખું હોય છે. પરંતુ શરીરનાં જુદાં જુદાં અંગોમાં તેમની અસરની તીવ્રતા ઓછીવધતી થાય છે, જે નીચેના કોષ્ટકમાં આપવામાં આવી છે :

નામ	મધ્યસ્થ જ્ઞાનતંતુ અને શ્વસન પર અસર	સ્નાયુઓ પર અસર	પેશાબ પર અસર	હૃદય પર અસર ઉત્તેજકતા	હાડપિંજરના સ્નાયુઓ પર ઉત્તેજકતા
કૅફેઈન	૧	૩	૩	૩	૩
થિયોફાઈલીન	૨	૧	૧	૧	૨
થિયોબ્રોમીન	૩	૨	૨	૨	૩

સમજૂતી : ૧ = પુષ્કળ અસર; ૨ = ઓછી અસર; ૩ = નિષ્ક્રિય યા જૂજ અસર. ૦·૧૫ – ૦·૨૦ ગ્રામના ડોઝમાં કૅફેઈન લેવાથી થતી અસર એવી છે કે " કૅફેઈન મધ્યસ્થ જ્ઞાનતંતુઓ, સ્નાયુઓ (હૃદયના સુદ્ધાં) અને મૂત્રાશય પર અસર કરે છે. " કૅફેઈન સ્નાયુઓને કામ કરવામાં સગવડ આપે છે અને કુલ કામમાં વધારો કરે છે; શ્વસનક્રિયાને ઉત્તેજન આપે છે અને શ્વાસોચ્છ્વાસની ઊંડાઈ અને દર વધારે છે. નાડના ધબકારા પર તેની અસર થતી નથી. લોહીનું દબાણ સાધારણ રહે છે યા જરા ઓછું થાય છે. કૅફેઈનનો પ્રાણહારક ડોઝ લગભગ ૧૦ ગ્રામ જેટલો છે પણ એથી મૃત્યુ નીપજતું નથી. વધારે પ્રમાણમાં કૅફેઈન લેવાથી અનિદ્રા, બેચેની અને ઉન્માદનાં ચિહ્નો દેખાય છે અને મૃદુ સનેપાત થઈ જાય છે.

ઝાન્થીનો પછી ચામાં આવેલાં ટેનિનો અગત્યનાં છે. ચાનાં તાજાં પાંદડાંમાં, લીલી અને કાળી ચામાં અનુક્રમે ૨૫-૩૦, ૧૦-૨૫ અને ૮-૨૧ ટકા જેટલાં ટેનિનો હોય છે. આસામની ચામાં ટેનિનનું પ્રમાણ નીચે પ્રમાણે છે :

ચાના છોડનો ભાગ	સો ગ્રામમાં ટેનિનનું પ્રમાણ
કળી	૨૮·૫
પ્રથમ પાંદડું	૨૫·૯
બીજું પાંદડું	૨૧·૯
ત્રીજું પાંદડું	૧૮·૬
થડ	૧૪·૪

આ અંગે જે કાંઈ સંશોધન થયું છે તે પૂરતા પ્રમાણમાં નથી એમ કહી શકાય. વિષયની મહત્તા જોતાં તેમાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી છે અને ટેનિન કયા પ્રકારનાં છે એ નક્કી કરવા સંશોધન ચાલુ છે.

નોંધ :—માનવીના પેશાબમાં અસ્તિત્વ ધરાવતા યુરિયા નામના પદાર્થના (પેશાબ : અંગ્રેજી શબ્દ યુરિન ઉપરથી) બે અણુઓ અને ડાયબેઝિક ઍસિડના એક અણુનું સંયોજન થવાથી જે ચાક્રિક પદાર્થ—ડાયયુરાઈડ બને છે તેને પ્યુરીન કહેવાય છે. પ્યુરીનમાં બે હાઈડ્રૉક્સી સમૂહો (OH) દાખલ કરવાથી બનતો વ્યુત્પન્ન **ઝાન્થીન** કહેવાય છે. કૅફેઈન, થિયોબ્રોમીન અને થિયોફાઈલીન જેવા વ્યુત્પન્નોની ઉત્પત્તિ ઝાન્થીનમાંથી છે, એટલે ઝાન્થીન એ બધાંનો ' જનક ' પદાર્થ છે. ઝાન્થીનમાં મિથાઈલ (CH_3) સમૂહો દાખલ કરવાથી થિયોબ્રોમીન, થિયોફાઈલીન અને કૅફેઈન બને છે, એટલે તેઓ ઝાન્થીનના મિથાઈલ વ્યુત્પન્નો છે. થિયોબ્રોમીનમાં બે મિથાઈલ સમૂહો (૩ : ૭); થિયોફાઈલીનમાં પણ બે મિથાઈલ સમૂહો પણ જુદા જુદા સ્થાનમાં (૧ : ૩) અને કૅફેઈનમાં ત્રણ મિથાઈલ સમૂહો (૧ : ૩ : ૭) હોય છે.

થિયોબ્રોમીન અને સોડિયમ સેલિસીલેટના સંયોજનથી બનેલો પદાર્થ ડાયયુરેટીન તરીકે જાણીતો છે અને ઔષધ તરીકે વપરાય છે.

ગ્રન્થાવલોકન

સમાલોચના : લેખક: અનંતરાય રાવળ; પ્રકાશક: આર. આર. શેઠ, મુંબઈ. પૃષ્ઠ ૬૦૩, મૂલ્ય સાડા બાર રૂપિયા.

શ્રી અનંતરાય મ. રાવળના નામે આ અગાઉ 'સાહિત્યવિહાર', 'ગંધાક્ષત', 'સાહિત્યવિવેક', 'સાહિત્યનિકષ', 'સમીક્ષા' જેવા વિવેચનના અનેક ગણનાપાત્ર ગ્રંથો પ્રગટ થયેલા જ છે. 'સમાલોચના'ના પ્રકાશનથી તેમાં એકનો વધારો થાય છે.

ઈ. સ. ૧૯૩૪ થી ૧૯૬૫ સુધીમાં જે તે માસિકો માટે લખાયેલાં તથા આકાશવાણી પરથી પ્રસારિત થયેલાં અનેક ગ્રંથાવલોકનોમાંથી ચૂંટીને લગભગ પોણા ત્રણસો જેટલાં, સમયના અનુક્રમ અનુસાર નહીં પણ કવિતા, નવલકથા, નવલિકા, નાટક, આત્મકથા, ચરિત્ર, ડાયરી, વિવેચન, પ્રકીર્ણ—એમ સાહિત્યપ્રકારો પ્રમાણે અહીં ગ્રંથસ્થ કર્યાં છે.

શ્રી ઉમાશંકર જોષીના વિવેચનગ્રંથ 'નિરીક્ષા'નું અવલોકન કરતાં શ્રી રાવળ સાહેબ લખે છે: 'સહૃદયતાથી કૃતિને ન્યાય આપી તેના લેખકોને માર્ગદર્શક બનવામાં સાચા વિવેચનની કૃતાર્થતા કહેવાય', (પૃ. ૪૯૫) 'સમાલોચના'ના વાંચનને અંતે, ઉપર્યુક્ત વિધાન શ્રી રાવળ સાહેબને પણ સર્વાંશે લાગુ પડે છે. ગુજરાતી સાહિત્યના આદ્ય વિવેચક નવલરામની પણ આ વિવેચનરીતિ હતી જેને આદર્શ માની શ્રી રાવળ સાહેબ અહીં અનુસર્યા છે.

'સમાલોચના'નાં ગ્રંથાવલોકનોમાં શ્રી રાવળ સાહેબ અંગત ગમા-અણગમાથી પર રહ્યા દેખાય છે. એમનો અભિગમ અને સંનિષ્ઠ પ્રયાસ સર્વત્ર કૃતિને સહૃદયતાથી સમજવા-સમીક્ષવાનો રહ્યો છે. કૃતિનું દોષદર્શન કરાવતાં કે તત્સંબંધે કડવું સત્ય કહેતાં પણ તેમનાં સહૃદયતા અને સહાનુભૂતિ વરતાય છે—ઓછાં થતાં નથી. એમની ગુણાનુરાગી વિવેચનરીતિનું આ મધુરસૌમ્ય પરિણામ છે.

સમાલોચકના વિશાળ વાંચનને પરિણામે, કોઈ પણ કૃતિની સમાલોચના કરતાં તેમને તે વિષય પરની અન્ય કૃતિઓનું પણ સ્મરણ થાય છે. 'માનવતાનાં ઝરણાં' સાથે 'માણસાઈના દીવા', 'ગીતાધર્મ', સાથે 'અનાસક્તિયોગ', 'ગીતાબોધ' 'ગીતામંથન', 'ધૂપસળી' સાથે 'તીર્થસલિલ', 'અવતરણ' સાથે 'Bury they Dead', 'ખંડિત કલેવરો' સાથે 'ઘરે બાહિરે', 'સ્વપ્નદ્રષ્ટા', 'છાયાનટ', 'પ્રલય' સાથે 'પચાસ વર્ષ પછી,' 'સારથિ', 'ફ્રેઈટ ઑફ હોમોસેપિયન્સ', 'ઝંકૃતિ' સાથે 'અર્ચન', 'સફરનું સખ્ય', 'સંગમ' વગેરે તેનાં કેટલાંક દૃષ્ટાંતો છે.

પ્રહારક સપાટા લગાવ્યા વિના પણ શ્રી રાવળ સાહેબને મધુર સત્ય કહેવાની ફાવટ કેવીક અસરકારક છે તેનો ખ્યાલ નીચેનાં થોડાંક દૃષ્ટાંતો ઉપરથી આવશે :—

(૧) ‘સમસંવેદન’માં ઉમાશંકર લખે છે: ‘પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિઓના સંઘર્ષનું યથાર્થ રસમય વર્ણન કરવાની જેમનામાં શક્તિ ન હતી એવા અ(?)—કવિ દલપતનર્મદને તેનું દર્શન હતું, જ્યારે એનું વર્ણન કરવાની શક્તિવાળા પાછળના ‘કવિ’ઓને એનું દર્શન જ હોય એમ લાગતું નથી’. આ વિધાનની ટીકા કરતાં રાવળ સાહેબ લખે છે: ‘અહીં ‘જ’ કાર જરા વધુ પડતો છે એમ ઠાકોર ને ન્હાનાલાલની કેટલીક કવિતા જોતાં અભ્યાસીઓને લાગશે’. (પૃ. ૪૮૫).

(૨) રતિલાલ મો. ત્રિવેદીનાં ‘થોડાંક અર્થદર્શનો’ માટે લખે છે: ‘આમાંનાં ભાષણો ને લેખો જુદે જુદે સમયે લખાયાં હોવાથી પુસ્તકમાં વિચારોની પુનરુક્તિ થતી ઘણી વાર જોવાય છે.’ (પૃ. ૪૮૦)

(૩) ‘કળા એટલે શું’? [લે. ટૉલ્સ્ટૉય; અનુ. મગનભાઈ દેસાઈ] એ પુસ્તકના અનુવાદમાં સચોટ, ચોટદારના અર્થમાં ‘ચોટડું’, ‘ચેપ’ નામ પરથી બનાવેલ ક્રિયાપદ ‘ચેપવું’, ‘લોહીની ઑકસવણી’ વગેરે શબ્દો શ્રી. મગનભાઈએ વાપર્યા છે. એને અંગે શ્રી. રાવળ સાહેબ લખે છે: ‘એવા શબ્દપ્રયોગો નોંધપાત્ર છે તેટલા અનુમોદનપાત્ર નથી.’ (પૃ. ૪૭૯).

(૪) ‘અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય’ [શ્રી. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી] માટે રાવળ સાહેબ લખે છે: ‘...આમ છતાં આમાં ગોત્રર્ધનરામ રહી ગયા છે! એમની વિચારણા એમણે પોતાના સર્જનમાં વણી છે એ એક કારણ આનું હોય, તોપણ ‘સાક્ષરજીવન’ જેવી એમની કૃતિ ચિંતનાત્મક ગુજરાતી ગદ્યનું એક મોટું શિખર છે એ જોતાં ગોવર્ધનરામનું સ્થાન આ વ્યાખ્યાનોમાં હતું. વ્યાખ્યાતા આ જાણે છે જ અને તેથી તેમને ગોવર્ધનરામ માટે પછી પ્રસ્તાવનામાં જગા કરવી પડી છે, પણ એ કંઈ શોભીતું લાગતું નથી.’ (પૃ. ૪૭૧-૪૭૨)

(૫) શ્રી. રમણલાલ વ. દેસાઈના ‘સાહિત્ય અને ચિંતન’ ગ્રન્થની સમાલોચના કરતાં લખે છે: ‘સને ૧૮૫૦ થી શરૂ થતા ગુજરાતી સાહિત્ય માટે ‘અર્વાચીન’ ને બદલે ‘નવતર’ શબ્દનો એમનો પ્રયોગ તેમજ ‘શિક્ષકોનું માંગલ્ય’, ‘રાજકીય પ્રતિનિધાન’ અને ‘માટીના માનવી’ જેવા શબ્દપ્રયોગ કરતાં પહેલાં પંડિત પ્રકૃતિનો લેખક બે વાર વિચારી જુએ અને ‘વાસ્તવતા’, ‘સામ્યતા’ અને ‘ચીવટાઈ’ જેવા શબ્દ તો તે વાપરે જ નહિ. પુસ્તકમાં ખોટી જોડણી પણ અવારનવાર નજરે પડે છે.’ (પૃ. ૪૬૮)

(૬) શ્રી. ન્હાનાલાલ કવિના ‘શ્રી હર્ષદેવ’ નાટક માટે લખે છે: ‘કૃતિ નાટ્ય-કૌશલની દૃષ્ટિએ સંતોષ નથી આપતી તેમ કવિતાની દૃષ્ટિએ પણ તૃપ્તિનો આનંદ નથી આપતી.’ (પૃ. ૩૦૪)

(૭) ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’—ભાગ ૧ [દર્શક]માં ‘સત્યકામ જે રીતે જેલમાં જાય છે અને પછી શીતળાથી આંખો ગુમાવે છે તેમાં પ્રતીતિકર સ્વાભાવિક્તા કરતાં આવું હેતુલક્ષી તાલમેલિયાપણું વિશેષ લાગે છે. પણ આવું કશું કર્યા વિના રોહિણીને તાવી છે તેમ તવાત નહિ’. (પૃ. ૧૫૦)

(૮) ‘ શ્રી ચંદરવાકર તેમના આગલા (‘ નવો હલકો ’) તથા આ (‘ ચંદર ઊગ્યે ચાલવું ! ’) સંગ્રહમાં લોકસાહિત્યના ઉત્સાહી સંગ્રાહક વિશેષ દેખાયા છે, તેના વિવેકી સંપાદક અને મર્મગ્રાહી વિવેચક હજુ વધુ પ્રમાણમાં તેમણે બનવાનું છે. ’ (પૃ. ૮૬)

(૯) ‘ એમની કવિતાના આ પ્રથમ સંગ્રહને (‘ સ્વપ્નવસંત ’—શ્રી ‘ કુસુમાકર ’) એમનાં ઉત્તમનો જ સંચય બનાવવાનો આગ્રહ રખાયો હોત તો સારું થાત ’. (પૃ. ૮૦)

(૧૦) ‘ લેખકની પ્રસ્તાવના (નામે ‘ ભૂમિકા ’) તથા આ નાટકને (હરિરથ ચાલે–લેખક શ્રી હરિદાસ) મુંબઈ સરકારનું પ્રથમ નાટ્યોત્તેજક પારિતોષિક મળ્યાની હકીકત નાટક માટે જે અપેક્ષા જગાડે છે, તે એને વાંચ્યા પછી સંતોષાતી નહિ હોવાનો અનુભવ ઘણા વાંચનારાઓને થાય તો નવાઈ નહિ ’ (પૃ. ૩૪૯)

(૧૧) શ્રી યશોધર મહેતાની ‘ સરી જતી રેતી ’ નવલકથા માટે લખે છે : ‘ નૈતિક દૃષ્ટિએ આ કથામાંની મદનવાર્તા દૂષિત છે જ, પણ શુદ્ધ રસદૃષ્ટિએ પણ તે ઊંચી મૂકી શકાતી નથી ’ (પૃ. ૧૯૪)

‘ સમાલોચના ’નાં ગ્રંથાવલોકનોમાં શ્રી રાવળ સાહેબ આવી વિવેકયુક્ત ટીકા સાથે કેટલીકવાર રચનાત્મક સૂચનો પણ કરે છે.

(૧) શ્રી જુગતરામ દવેના ‘ આત્મરચના અથવા આશ્રમી કેળવણી ’ માટે લખે છે : આશ્રમને તેઓ ‘ આત્મરચનાની શાળા ’ કહે છે. એવી આત્મરચના (ખરી રીતે ‘ જીવનઘડતર ’ કે ‘ આત્મવિકાસ ’ શબ્દ વધુ સારો હતો)...(પૃ. ૫૭૨)

(૨) ‘ આપણી લોકસંસ્કૃતિ ’ (લેખક : શ્રી જયમલ્લ પરમાર) માટે લખે છે : ‘ પૃ. ૬૮ પર બીજા પરિચ્છેદમાં દયારામ ને નાનાલાલની વચમાં બોટાદકરનું નામ મૂકયું છે તે બરાબર નથી; બોટાદકરનું નામ ઐતિહાસિક ક્રમે તેમ ગુણવત્તાની પણ દૃષ્ટિએ નાનાલાલ પછી આવે. ’ (પૃ. ૫૫૦)

(૩) શાસ્ત્રીજી (‘ ગુજરાતી ભાષાશાસ્ત્ર ’ : શ્રી કે. કા. શાસ્ત્રી) ‘ Indo-Aryan ’ને ‘ ભારત-આર્ય ’ કહે છે તેના કરતાં ‘ ભારતીય-આર્ય ’ નામ ઠીક થાત ’. (પૃ. ૫૦૮)

(૪) શ્રી ઉમાશંકરના ‘ શ્રી અને સૌરભ ’ માટે સૂચવે છે. ‘ અહીં શ્રી એટલે કલા-સૌંદર્ય અને સૌરભ કહેતાં રહસ્યપરિમલ તે ગીર્વાણ ગિરા સંસ્કૃતના સાહિત્યનાં. પુસ્તકનું નામ એના એવા વસ્તુને પ્રથમ વાચને જ પ્રગટ કરવા ‘ ગીર્વાણ શ્રી ’ રાખી શકાત ’ (પૃ. ૪૯૫)

શ્રી. ચુનીલાલ મડિયાના ‘ અભિષેક ’ અંગે લખે છે : “ ઈ. સ. ૧૦૨૮ની હકીકત નિરૂપતા આ એકાંકીમાં ‘ આ તો મોટો દલ્લીનો શહેનશાહ નીકળ્યો. ’ એવું વાકય ન મુકાયું હોત તો સારૂં થાત. ” (પૃ. ૩૩૯)

(૫) ‘ રાસ ’ની (નલ-દવદંતી રાસ : સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા) ૭૯૮મી કડીમાં વપરાયેલ ‘ અગડ ’ શબ્દનો પૃ. ૧૨૬ પર આ શબ્દકોશમાં ‘ સાઠમારીનું મેદાન તે ઉપરથી

સાઠમારી ' એવો કરવામાં આવ્યો છે તેને બદલે તેનો અર્થ ' બાધા, અમુક ન કરવાની પ્રતિજ્ઞા ' એવો કર્યો હોય તો કેમ, એ વિચારી જોવાની સંપાદકને સૂચના છે. એ અર્થમાં એ શબ્દ સૌરાષ્ટ્ર બાજુ તો વપરાય છે. (પૃ. ૭)

' કોલક 'ના ' પ્રેમધનુષ્ય 'ની ૭ લીટીની સમાલોચના હોય કે અનેક ગ્રન્થોની ૭ પૃષ્ઠોની સમાલોચના હોય પણ તેમાં શ્રી. રાવળ સાહેબની સમાલોચક તરીકેની ઉપર નિર્દેશેલી ખાસિયતો વરતાયા વિના રહેતી નથી.

લગભગ ત્રણ દાયકાના ગાળામાં લખાયેલાં આશરે પોણા ત્રણસો ગ્રન્થાવલોકનોમાં ક્વચિત્ આવા વિલક્ષણ પ્રયોગો પણ આવી જાય છે. (૧) ' જાણીતા વિદ્વાન શ્રી. ડોલરરાય માંકડ આ પુસ્તિકામાં (ભગવાનની લીલા) કવિ બન્યા છે. ' (પૃ. ૩૪)

(૨) સ્વ. ગોવિંદ સ્વામીના ' પ્રતિપદા ' કાવ્યસંગ્રહ માટે લખે છે : ' ...અને પ્રકાર-દૃષ્ટિએ મુક્તકોની જેમ ગીતો અને સૉનેટોએ પણ પોતાની હાજરી નોંધાવી છે. ' (પૃ. ૩૬)

(૩) ' નિઃશંક આશાસ્પદ સિદ્ધિ દાખવતો પ્રો. હસિત બૂચનો આ પ્રથમ કાવ્યસંગ્રહ (૩૫નાં અમી) સને ૧૯૪૫ સુધીના ગાળામાં લખાયેલાં કુલ ૭૨ કાવ્યો ગુજરાતના કવિતા-ભોગીઓની સેવામાં પેશ કરે છે. ' (પૃ. ૭૪)

(૪) ' સર્જનાત્મક વાઙ્મયમાં ઉત્સાહભેર કલમ ચલાવનાર શ્રી. પુષ્કર ચંદરવાકર આ પુસ્તકમાં (નવો હલકો) લોકસાહિત્યના સંગ્રાહક, સંપાદક અને રસનિર્દેશક તરીકે ખડા થાય છે. ' (પૃ. ૮૧)

મધ્યકાળથી માંડી અદ્યતન યુગ સુધીના બહુસંખ્ય સર્જકો, ગ્રન્થો અને સાહિત્ય-સ્વરૂપોની સમાલોચના કરતો આ ગ્રન્થ સાહિત્યરસિકોને ' ત્રણ દાયકાના ગુર્જર સારસ્વત પ્રવાહનાં સ્નાન-પાન ' કરાવશે એ તો ખરું જ પણ આપણાં અનેક પુસ્તકાલયો અને અસંખ્ય વિદ્યાર્થીઓને માટે આવશ્યક સંદર્ભગ્રન્થ પણ બની રહેશે.

ગ્રન્થને અંતે ખૂબ જ કાળજીપૂર્વક લગભગ પોણા ચારસો મુદ્રણદોષોનું ' શુદ્ધિપત્રક ' આપ્યું છે છતાંય તે સંપૂર્ણ તો નથી જ.

રણજિત એમ. પટેલ (અનામી)

* * *

વાગે રૂડી વાંસળી રે : સંપાદક : પુષ્કર ચંદરવાકર; પ્રકાશક : સસ્તું સાહિત્ય-વર્ધક કાર્યાલય, અમદાવાદ; પૃ. ૧૨+૨૨૨; મૂલ્ય બે રૂપિયા.

માનવજીવનનાં વિવિધ પાસાંઓનું આબેહૂબ પ્રતિબિંબ પાડનાર અને સંસ્કૃતિના પ્રવાહને સતત વહેતો રાખનાર લોકસાહિત્યમાં ઇતિહાસ, સમાજશાસ્ત્ર, સંગીત, કવિતા વગેરેનાં દર્શન થયા વગર રહેતાં નથી. અનામી કવિઓ કે ગાયકોના કંઠમાંથી સ્વયંભૂ સ્ફુરેલાં ગીતોનો સ્રોત માત્ર ગાનારને જ નહિ પણ સાંભળનારને પણ તેની કર્ણમંજુલ સૂરાવલિમાં પરિપ્લાવિત કરે છે.

અપવાદ રૂપ થોડાંક શહેરોને બાદ કરતાં મોટે ભાગે ગામડાંઓમાં અને ડુંગર–વનોના પ્રદેશોમાં લોકસાહિત્યનાં રત્નોનો ભંડાર ભરેલો હોય છે. તે કંઠસ્થ ગીત–કથાસાહિત્યને ગ્રન્થસ્થ કરવાની અને હવે તો રેકોર્ડ કરવાની કે કેમેરાની મદદથી ફિલ્મમાં મઢવાની આજના યંત્રસાધન-સંપન્ન યુગમાં ખાસ જરૂર છે. લોકસંસ્કૃતિની વાંસળીના સૂર હવે અવકાશમાં અળપાઈ ના જાય એ જોવાની અને તે માટે શકય તે કરી છૂટવાની ફરજ, માત્ર ધૂળધોયાનું કપરું અઘોરીનું તપ તપતા લોકસાહિત્યક્ષેત્રના કાર્યકરોનું જ નથી પરંતુ સવિશેષપણે સ્વતંત્ર ભારતની લોકશાહી સરકારનું પણ છે.

આ લોકગીતો કોઈ એક કલ્પનોત્થ માનવીનાં સર્જન હોતાં નથી, એ તો અનેક કંઠમાંથી રાગ, ભાવ અને તાલના સહકારમાં–સમૂહમાં–ગવાતાં ગવાતાં, પ્રજાઓ અને જાતિઓના પૂર્વજો દ્વારા પુરાણા કાળથી વારસામાં મળતાં હોય છે. એ અનામી સર્જકોના સમૂહે રચેલાં–ગાયેલાં ગીતોમાં સરળતા, સહજતા, સહૃદયતા અને વ્યાપકતા સ્વાભાવિક રીતે જ હોય છે. તેમાં ઘણી વાર સમસ્ત જનસમુદાયની ઊર્મિ–સંવેદના કે કરુણ–મંગલ ભાવાનુભૂતિની સચોટ અને અસરકારક રીતે અભિવ્યક્તિ થતી હોય છે. તેમાં નરનારીનાં હૃદયની વ્યથાઓ, અંતરનાં ઘમસાણો, પ્રશ્નો, મૂંઝવણો તથા વિવિધ વ્રતો, ઉત્સવો, પર્વો કે સારાનરસા સાંસારિક પ્રસંગોએ અનુભવાતા સુખદ–દુઃખદ ભાવોનો નિખાલસપણે આવિર્ભાવ થયેલો હોય છે.

'વાગે રૂડી વાંસળી રે...'માંનાં લોકગીતોનો મોટો ભાગ સૌરાષ્ટ્રના સાગરકાંઠાના પ્રદેશને લગતો છે. તેમાં પોરબંદરના કાંઠાવિસ્તારમાંની ગોપાલ જાતિનાં સમૂહલગ્નો વખતે ગવાતાં ગીતો છે. ગ્રન્થોમાં ઉવેખાયેલા પણ લોકજીભે જીવતા રહેલા ઇતિહાસની અને સમાજજીવનની આરસી રૂપ બનેલાં, વીર નરોની ગૌરવગાથા ગાતાં રાસડાઓ અને કથાનકગીતો પણ છે. તાલ અને અભિનય સાથે રજૂ થતાં 'ટીપણી' જેવાં સંસારભાવનાં ચિત્રોથી ભર્યાંભર્યાં અનેક ગીતો છે.

એ જ પોરબંદરની પાસે ઘેડના સીમાડે સાગરતટે હજુ ય રબારી, બ્રાહ્મણ ઉપરાંત સાગરખેડુ નાવિકોના કંઠે કવિતા અને સંગીતનો સુભગ સમન્વય જોવા મળે છે. કેટલાંક લોકગીતોમાં એકલતાની કરુણતા, વિયોગિનીની વિરહવ્યથા, નવોઢા નારીની મનોમુગ્ધતા અને આર્ય ગૃહિણીની તેજસ્વિતા તથા માનવહૃદયની ઉદાત્તતા રૂપકો અને અન્યોક્તિ દ્વારા નિરૂપાઈ છે.

મહુવાથી ત્રણેક માઈલ દૂર દરિયાકાંઠે ટેકરા પર ઊભેલા કતપર ગામના તળપદા કોળી ખલાસીઓનાં ગીતોમાં, રામસીતાનાં અને રાધાકૃષ્ણનાં પ્રતીકોદ્વારા, અજાણ કવિઓની અદ્ભુત કલ્પનાશક્તિ પ્રકટ થાય છે. ખલાસણ સ્ત્રીઓનાં હાંસડી, કાંબીઓ, ચૂડલા, ઝોળિયા, પોલકા વગેરેમાં એવું રૂપ છે કે એ અલંકારો પર ઝોલો વાગવાથી નેહ જન્મતાં ચાંદાસૂરજને પણ ફરી ફરી ઊગવું પડે છે. કેવી ઉત્પ્રેક્ષા !

"એક તારી કાંબીઓ ઉપર...ઝોલો લાગિયો;
એ કાંબીઓના ઘડનારા સોનીડા !
એક ચાંદો સૂરજ ફેરી ફેરી ઊગિયા." (પૃ. પર)

સમુદ્રસફરે જનાર સાહસિક પુરુષોના કુટુંબીજનોને વિરહ થાય છે અને તેને અનુલક્ષાને ગવાયેલાં કુટુંબગીતો તથા રિસામણાં-મનામણાંને વ્યક્ત કરતાં પ્રેમગીતો પણ અહીં સંઘરાયાં છે.

ગાવાનાચવામાં શોખીન અને અન્ય જાતિના લોકોના સંપર્કમાં નહીં આવવાની આદતવાળા નળસરોવરના કાંઠા પરનાં બાર ગામોમાં વસતા પઢારોનાં, તથા તેમના પડોશી ભાલવાસીઓનાં ૧૪ લોકગીતો અભ્યાસ માગી લે છે. તદુપરાંત અબાવાણી, અબાણી, ભામણી, બામણી, હોલેલાં અને લોથાર જેવાં નામોથી પ્રચલિત નાવિકોનાં શ્રમગીતો (આબ એટલે પાણી–તેના પર પ્રવાસ કરતાં પરિશ્રમને હળવો કરવા ગવાતી વાણી તે અબાવાણી) વહાણમાં પીઢિયાં ઠાલવતી વખતે દ્રુત ગતિએ લલકારાય છે. એમાં ‘ હેઇસો ’, ‘ હલોમ હે ’, ‘ લાધામલા ’, ‘ હેલે ઝાલાં (ઝાલ્લા) ’, ‘ હૈયાર હેલે ’ વગેરે ઉચ્ચારપ્રયોગો થતા હોય છે. મોટા ભાગનાં ગીતોના ગાયકો બિલ્લિમોરાના નાવિકો છે. સંપાદકના કહેવા મુજબ તેમાં કુટુંબભાવો, પરિવારની કૂણી વૃત્તિઓ, પુરાણપ્રસંગો અને ઘણી જગ્યાએ તો અર્થ સ્પષ્ટ અને સુસંગત ન હોય એ પ્રકારના વાણીપ્રલાપો હોય છે. સુરત જિલ્લાના અને બીજા પ્રદેશના માછીઓ, ખલાસીઓ અને કોળીઓની આ પ્રકારની ભામણીઓમાં ગાવાની ક્રિયા, હલક અને ગીતોના ભાવમાં તો સામ્ય રહેલું છે. ફેર છે માત્ર બોલીનો. પછી તે બસરાનો આરબ નાવિક હોય, માંડવીનો કચ્છી ટંડેલ, પોરબંદર–માધવપરનો સુકાની હોય, શિયાળબેટનો માછી હોય કે કતપર–ઝાંઝમેરનો કોળી નાવિક હોય. પાણી અને પવનના સૂક્ષ્મ સૂર-તાલ સાથે સુમેળમાં ગવાતાં ભામણી-ગીતો આસ્વાદ્ય બની રહે છે.

ધંધુકા તાલુકાના નાનકડી નીલકા નદીના કિનારે આવેલા ચંદરવા ગામની પચરંગી પ્રજામાં નારીવૃંદો વડે ગવાતાં ૨૦ ગીતોને પણ સંપાદકે અહીં સ્થાન આપ્યું છે.

સૌરાષ્ટ્રમાં એક જુવાન દેદો જાંબુમાં અને બીજો લાઠીમાં–બંને દગાફટકાથી માર્યા ગયા. ત્યાર પછી ગ્રામરિવાજ પ્રમાણે વીર પુરુષની ખાંભી પાસે બાળાઓ દેદો કૂટવા જતી. તે દેદાનાં ૧૦ ગીતોનો પણ આ ગ્રન્થમાં સમાવેશ કર્યો છે. આ સિવાય પણ બીજા પ્રકારનાં લોકગીતોને કેવી મુશ્કેલીથી મેળવ્યાં અને શબ્દસ્થ કર્યાં તેનું સંપાદકે નિરૂપણ કર્યું છે.

આ સર્વમાં સૌના મનને આનંદ સાથે–શબ્દવિસ્તાર વિના—જ્ઞાન આપે એવું લોક-કવિતાનું અંગ હોય તો તે ‘ દોહો ’ (દુહો) છે. દુહામાં શબ્દલાઘવ દ્વારા અર્થગૌરવ પ્રકટ થતું હોય છે. ઘણા દોહાઓ કલ્પના, કટાક્ષ કે અન્યોક્તિ—રૂપકાદિ અલંકારની ચમત્કૃતિથી ભાવકના ચિત્તમાં ઝબકારો પેદા કરે એવા હોય છે. શ્રી. હેમચન્દ્રાચાર્યે ઉદાહરણ માટે અપભ્રંશ વ્યાકરણમાં સંઘરેલા એક દુહામાં શૃંગારરસના બે ય કટોરા છલોછલ ભરેલા છે. ટોડલા પર રોજ ઉચ્ચારાતી કાકવાણીમાં અવિશ્વાસ ધરતી નમણી નાજુક નારી કાગડાને ઉડાડવાને હાથ લાંબો કરતાં જ, દૃષ્ટિમર્યાદામાં તેનો પિયુ આવી જતાં તેના હરખનો પાર નથી.

“ વાયસુ ઉડ્ડાવંતિઅએ પિઉ, દિટ્ઠઉ સહસત્તિ !
અદ્ધા વલ્યા મહિહિ ગય, અદ્ધા ફૂટ્ટ તડત્તિ ! ”

અતિશયોક્તિનો ભાસ કરાવતો આ જ દુહો મારવાડી ભાષામાં આ પ્રમાણે મળી આવે છે :

“ કાગ ઉડાવણ ધણ ખડી, આયો પીવ ભડક્ક !
આધી ચૂડી કાગ—ગળ, આધી ગઈ તડક્ક ! ”

સંપાદકે આ જ દુહાના ગુજરાતીમાં બે પાઠ આપ્યા છે :

"કામન કાગ ઉડાવતી, પિયુ આયો ઝબકાં;
આધી ચૂડી કાગ–ગળ, આધી ગઈ તડકાં."

બીજો પાઠભેદ આ પ્રમાણે છે :

"કામન કાગ ઉડાવતી, પિયુ આયો ઝબકાં!
આધી ચૂડ કર લાગી, આધી ગઈ તડકાં!"

વળી લોકસાહિત્યમાં મળી આવેલા નામનિર્દેશ વિનાના નીચેના દુહામાં મૂળ અપભ્રંશીય દુહાની છટા અને માર્મિકતા સચવાયાનું સ્પષ્ટ જણાય છે :

"વાયસ ઉડાડતા, પિયુ પખેઉ ઝબકી;
આધાં કંકણ સરી ગયાં, આધાં ગયાં તૂટી!"

વખતના વહેણમાં ભાષાનું સ્વરૂપ બદલાતું રહે છે છતાં ભાષાભેદની દિવાલોને અવગણીને પણ સંસ્કૃતિની સાતત્યસુરક્ષા જળવાતી રહી છે એનાં જ્વલંત ઉદાહરણ આવા દુહા શું પૂરાં નથી પાડતું !

આમ, વૈવિધ્યભરી વાનગી અને રસસામગ્રીથી ભરપૂર, પ્રાદેશિક સ્થાનીયતાના રંગે રંગાયેલી છતાં સાર્વત્રિક ભાવરસનો આસ્વાદ અર્પવાની ક્ષમતા ધરાવનાર 'વાગે રૂડી વાંસળી રે'...નું સંપાદન, આપણી ધરતીની સંસ્કૃતિને, આજના યંત્રયુગમાં, વિસ્મૃતિના વહેણમાંથી ઉગારી લેવાનું પ્રશસ્ય કાર્ય કરે છે. તે માટે પુરુષાર્થ કરનાર સંપાદક અને તેમના સત્કાર્યમાં સહાય કરનાર સૌ કોઈ ધન્યવાદને પાત્ર છે. અંતમાં અમેરિકન લોકસાહિત્યજ્ઞ શ્રી. બોટકિનના અભિપ્રાયને સાંભળીએ :

"જો તમો લોકોના શાસ્ત્રના જ્ઞાતા બનો, તો જ તમે જનતાજનાર્દનને પામી શકો. લોકશાસ્ત્ર દૂરગામી અને પરનું શાસ્ત્ર નથી, પણ માનવ વચ્ચે ટકતું તે સાચકલું અને જીવતું–જાગતું શાસ્ત્ર છે. **આ શાસ્ત્ર દ્વારા ભૂતકાળને વર્તમાનના કાનમાં કશુંક કથી જવાનું છે અને ગ્રન્થવિહોણા જગતને પોતા માટે કાંઈક કથવાનું છે.**"

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* * *

જૈનધર્મચિંતન : લેખક : શ્રી દલસુખભાઈ માલવણિયા; સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ. શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા–૭, પ્રકાશક : શ્રી અશોક કાન્તિલાલ કોરા, ૪૮, ગોવાલિયા ટેંકરોડ, મુંબઈ–૨૬. પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ, ૧૯૬૫; ૭.૫" × ૪.૮"; પૃ૪ ૨૪ + ૧૯૬; કીમત રૂ. ૧.૫૦

શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળાએ જૈન ધર્મ તથા દર્શન અંગે માહિતી-પૂર્ણ અને પાઠ્યપુસ્તકો બની શકે તેવાં ઉચ્ચ કક્ષાનાં પુંસ્તકો આપ્યાં છે. પ્રસ્તુત પુસ્તક પણ એ જ કક્ષાનું, પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી તથા અમદાવાદના પ્રાકૃત વિદ્યામંડળના મન્ત્રી તરીકે

ઘણાં વર્ષોથી એકધારી સેવા અર્પનાર શ્રી દલસુખભાઈ માલવણિયાની અધિકૃત કલમે લખાયેલું છે. તેમની વિપુલ લેખસામગ્રીમાંથી ચૂંટેલા ૧૪ લેખોનો તે સંગ્રહ છે, જેમાંના ૪ લેખો મૂળ હિન્દીમાં લખાયેલા તેનો અનુવાદ સમ્પાદકે કર્યો છે.

ભિન્ન ભિન્ન સમયે લખાયેલાં વ્યાખ્યાનો તથા લેખોમાંથી આ ૧૪ લેખોની પસંદગી એવી સુયોગ્ય રીતે કરાઈ છે કે આદિથી અન્ત પર્યન્ત વિષયની એકાગ્રતા જળવાતી લાગે છે. જૈનધર્મ, જૈન દર્શનનાં તત્ત્વો, જૈન સંસ્કૃતિનો સંદેશ, શાસ્ત્રાજ્ઞાઓનો હેતુ, જૈન આચારના મૂળ સિદ્ધાન્તો, દક્ષિણ ભારત અને જૈનધર્મ, હિન્દુધર્મ અને જૈનધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મ, ભક્તિમાર્ગ અને જૈન દર્શન, ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર, અનેકાન્તવાદ, ધર્મની કસોટી અને आत्मदीवो भव—લેખોના આ ક્રમમાં વિષયના વિકાસનાં ક્રમબદ્ધ સોપાનો એવાં સરસ રીતે ગોઠવાયાં છે કે તેમાંથી ચિન્તનની સળંગ એકસૂત્રતા માટેના સભાન યત્નની પ્રશસ્યતા પ્રકટ થાય છે. પં. સુખલાલજીનું 'વિવિધ પ્રસાદી' નામક આમુખ લેખકના જીવનનો, વિદ્યાસાધનાનો તથા તેમની પ્રકૃતિનો માર્મિક પરિચય આપતું હોઈ આ લેખોની જાણે કે પૂર્તિ કરે છે, અને સર્વ લેખોમાં અપાયેલાં પુષ્કળ ઉપશીર્ષકો પ્રથમ દૃષ્ટિએ જ વિષયનિરૂપણની પદ્ધતિનો વિશદ ખ્યાલ અર્પે છે; તથાપિ આવા ચિન્તનપ્રધાન, અને વિશેષતઃ ધર્મો તથા દર્શનોના અધ્યયન પર રચાયેલ પુસ્તકને અન્તે મહત્ત્વના શબ્દોની સૂચી આપવી આવશ્યક ગણાવી જોઈએ, તેથી તેની ઉપયોગિતા ઘણી વધી જાય. અનુક્રમણિકામાં ઉપશીર્ષકો આપવાં તે આ દૃષ્ટિએ પૂરતું ન જ ગણાય.

આ પુસ્તકની વિશિષ્ટતા તેમાં ભારતીય સંસ્કૃતિએ જગતને આપેલા ત્રણ મહાન ધર્મો—હિન્દુધર્મ, બૌદ્ધધર્મ તથા જૈનધર્મ—નો નિષ્ઠાપૂર્વકનો તુલનાત્મક અભ્યાસ કરવાનો જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તે છે. પ્રત્યેક લેખ ચિન્તનપ્રધાન હોઈ તથા અન્ય ધર્મોની તુલના કરવામાં પણ પ્રધાન હેતુ જૈનધર્મ પરનું ચિન્તન હોઈ આ સંગ્રહને આપેલું "જૈનધર્મચિન્તન" એવું શીર્ષક સાર્થક છે.

આવાં લખાણોમાં થતાં વિધાનો સર્વસંમત ન થઈ શકે તે સ્વાભાવિક છે, છતાં લેખકને પક્ષે વિષયને યથાશક્તિ ન્યાય આપવાનો ખંતપૂર્વકનો પ્રશસ્ય પ્રયત્ન થયેલો છે તે નિર્વિવાદ છે. જૈનધર્મમાં આચારભેદથી માત્ર કદાગ્રહને કારણે જ પુષ્કળ ગચ્છો પ્રસ્ફુટિત થયા છે તેની તેમણે કરેલી ટીકા યથાર્થ છે. જૈન દર્શનને ભારતીય દર્શનોમાં નિશ્ચિત સ્થાન અપાવવામાં દિગમ્બરોનો જે મહત્ત્વનો ફાળો છે તેની પણ તેમણે સમુચિત રીતે નોંધ લીધી છે. પરન્તુ મહાવીરની આત્મિક સુખની કલ્પનાને 'નવી' કહી છે તે બરાબર નથી. તેનો લોકભાષા દ્વારા તેમણે વિશેષ પ્રસાર કર્યો એમ કહેવું વધારે યોગ્ય ગણાશે. સ્વ. સાક્ષર શ્રી આનન્દશંકર ધ્રુવની જેમ પં. માલવણિયા પણ બૌદ્ધ તથા જૈન ધર્મો વિશાળ દૃષ્ટિએ જોતાં વસ્તુતઃ હિન્દુધર્મમાં સમાવિષ્ટ છે એવું માને છે તે પણ યથાર્થ છે. ધર્મોના પૂર્વગ્રહની પકડમાંથી મુક્ત થઈને તટસ્થ રીતે વિચારતાં તો ઊલટું એમ જ લાગે છે કે ધર્મ તો એક જ છે, તેમાં ભેદ નથી, જે ભેદ છે તે તો દર્શનોનો જ છે, અને દર્શનોની ભિન્નતાએ આ એક જ ધર્મના ત્રણ સંપ્રદાયપ્રવાહોને વેગ આપ્યો છે. ત્રણે ધર્મોની સમાન ભૂમિકાનું જે વિશ્લેષણ લેખકે અહીં કરેલું છે તે પણ આપણને કંઈક આવા જ નિર્ણય તરફ ખેંચી જતું લાગે છે.

જેમની અસર પોતાનાં લખાણો પર ઘણી હોવાનું લેખક કબૂલે છે તેવા પં. સુખલાલજી જેવા તેમની સાથે નિકટનો અને દીર્ઘ સંબંધ ધરાવતા મહાન ચિન્તક તેમની બહુશ્રુતતાને બિરદાવતાં કહે છે: "મારા જેવાને જ્યારે જ્યારે શાસ્ત્રીય વિષયો કે રેફરન્સો વિષે જિજ્ઞાસા થાય ત્યારે ત્યારે શ્રી દલસુખભાઈનું વિશાળ વાચન અને તેમની સ્મૃતિ એક વિશ્વકોષની ગરજ સારે છે." આ પુસ્તકને પાને પાને પણ તેમની આ બહુશ્રુતતા પ્રતિબિમ્બિત થઈ છે. ભાષાની પ્રૌઢી અને શૈલીની રોચક વિશદતા તથા તેમાં પ્રતિબિમ્બિત થયેલું લેખકનું ભવ્ય-સૌમ્ય વ્યક્તિત્વ તેને જાણે આનન્દવિહાર જેવું બનાવી દે છે. તેના સંપાદક યથાર્થ જ કહે છે કે તેનું સંપાદન કરતાં "સાચે જ, જીવનમાં વિદ્યાવિનોદ માણવાનો એક ધન્ય અવસર સાંપડી ગયો !"

જયન્ત ઠાકર

* * *

અખેગીતા : સંપાદક : શ્રી. ઉમાશંકર જોશી અને ડૉ. રમણલાલ જોશી; પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૬૭; પૃ. ૧૪૦+૨૧; મૂલ્ય અઢી રૂપિયા.

જ્ઞાની કવિ અખાના ગૌરવગ્રન્થ 'અખેગીતા'નું પ્રકાશન આ પહેલાં અનેક વાર થયું છે. એ પ્રકાશનોમાં 'બૃહત્ કાવ્યદોહન,' ભાગ ૨ (પહેલી આવૃત્તિ, ૧૮૮૭), સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય-પ્રકાશિત 'અખાની વાણી' (પહેલી આવૃત્તિ, ૧૯૨૫), અને શ્રી. નર્મદાશંકર દેવશંકર મહેતા-સંપાદિત 'અખાકૃત કાવ્યો,' ભાગ ૧ (ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૯૩૧)માં છપાયેલી 'અખેગીતા'ની વાચનાઓ તથા હમણાંનાં વર્ષોમાં શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ તેમ જ શ્રી. ભૂપેન્દ્ર ત્રિવેદીએ પ્રગટ કરેલી વાચનાઓ નોંધપાત્ર છે. પણ "શક્ય તેટલી જુદી જુદી હસ્તપ્રતો જોઈને તેમાંથી તારવેલી હસ્તપ્રતો ઉપરથી તૈયાર કરેલી અને મૂળનું યથાતથ પ્રતિબિંબ પાડતી 'અખેગીતા'ની શાસ્ત્રીય વાચનાની જરૂર આપણે ત્યાં હતી." પ્રસ્તુત સંપાદન દ્વારા એવી શાસ્ત્રીય વાચનાની જરૂર પૂરી પડે છે. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે, શ્રી. ઉમાશંકર જોશી જેવા અખાના જીવન અને કવનના તજ્જ્ઞ અભ્યાસીની રાહબરી નીચે આ સંપાદન થયું છે એ સર્વથા ઉચિત છે.

શ્રી. કેશવરામ શાસ્ત્રીકૃત 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી'માં નોંધાયેલી, સંપાદકોએ જોયેલી 'અખેગીતા'ની કુલ સોળ પ્રતો પૈકી બે પ્રતો ઉપરાંત ડૉ. શિવલાલ જેસલપુરા અને ડૉ. યોગીન્દ્ર ત્રિપાઠી પાસેની બે પ્રતો—એમ કુલ ચાર હસ્તપ્રતોને આધારે આ વાચના તૈયાર કરવામાં આવી છે. પરંતુ બાકીની હસ્તપ્રતોની વિશિષ્ટતા કે વિલક્ષણતાનો ખ્યાલ આવે એ દૃષ્ટિએ તે સર્વમાંથી 'અખેગીતા'નાં પહેલાં બે કડવાંનાં પાઠાન્તરો નમૂનારૂપે પરિશિષ્ટમાં નોંધ્યાં છે એ સારું થયું છે.

'દશમસ્કન્ધ'ની જેમ 'અખેગીતા'ના પ્રવેશકમાં પણ હસ્તપ્રતો અને સંપાદન-પદ્ધતિના પરિચય બાદ અખાના જીવન અને કવન વિષે સંક્ષિપ્ત પણ સાધાર ખ્યાલ અપાયો છે તથા 'અખેગીતા'ના તત્ત્વચિન્તન અને કાવ્યતત્ત્વની આલોચના થઈ છે. 'અખેગીતા'ની વાચના

પછી એનું કડવાવાર વિવરણ અપાયું છે, જે વિચારતત્ત્વ, અર્થતત્ત્વ અને કાવ્યતત્ત્વ ત્રણેયને સ્પર્શે છે. છેલ્લે, 'અખેગીતા'માં પ્રયોજિત મહત્ત્વના શબ્દોનો સાર્થ કોશ છે, જે અખાને તેમ જ જ્ઞાનમાર્ગી કાવ્યધારાને વિશેષરૂપે સમજવામાં ઉપયોગી થશે.

'અખાના છપ્પા'ની વાચના આ પહેલાં શ્રી. ઉમાશંકર જોશીએ તૈયાર કરેલી છે અને તેની બે આવૃત્તિઓ થઈ ગઈ છે. અખાની અન્ય કૃતિઓની શાસ્ત્રીય વાચનાઓના પ્રકાશનની આયોજના તેમના માર્ગદર્શન નીચે વહેલી તકે સાકાર થાય એમ ઇચ્છીએ.

ભોગીલાલ જ. સાંડેસરા

*   *   *

સાભાર સ્વીકાર

અમરભારત: (૧ : તીર્થસ્થાનો) લેખક : શ્રી જયકૃષ્ણ હ. દવે; પ્રકાશક : સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ભદ્ર ભાસે, અમદાવાદ; પૃષ્ઠાંક ૧–૪૨૪; કિંમત રૂા. ૪=૦૦ ન.પૈ.

અમરભારત: (૨ : તીર્થસ્થાનો) લેખક : શ્રી જયકૃષ્ણ હ. દવે; પ્રકાશક : સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ; પૃષ્ઠાંક ૧–૩૭૬ કિંમત રૂા. ૩=૦૦ ન.પૈ.

અમરભારત: (૩ : નદીઓ તથા પર્વતો) લેખક : શ્રી જયકૃષ્ણ હ. દવે; પ્રકાશક : સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ; પૃષ્ઠાંક ૧–૨૫૬; કિંમત રૂા. ૨ = ૦૦ ન.પૈ.

દ્રવસ્થિતિ વિજ્ઞાન: લેખક : એ. એસ. રામ્સે, અનુવાદક : ન. લા. કલથિયા; પ્રકાશક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯; પૃષ્ઠાંક ૧–૨૪૭; કિંમત રૂા. ૭–૫૦ ન.પૈ.

કવિ પ્રેમાનંદકૃત સુદામાચરિત્ર: સંપાદકો : ડૉ. મધુસૂદન પારેખ, પ્રા. જયંત કોઠારી, પ્રા. રતિલાલ નાયક; પ્રકાશક : અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ; પૃષ્ઠાંક ૧–૧૧૨; કિંમત રૂા. ૨=૫૦ ન.પૈ.

સંસ્કૃત સાહિત્યનો પરિચય: લેખક : ડૉ. એ. ડી. શાસ્ત્રી; પ્રકાશક : પોપ્યુલર પ્રકાશન, સૂરત; પૃષ્ઠાંક ૧–૩૩૫; કિંમત રૂા. ૮=૦૦ ન.પૈ.

ભાષાકીય દૃષ્ટિ: લેખક : શ્રી કાન્તિભાઈ સુતરિયા; પ્રકાશક : આચાર્ય બુક ડેપો, વડોદરા; પૃષ્ઠાંક ૧–૮૮; કિંમત રૂા. ૩=૫૦ ન.પૈ.

કમ્યુનિસ્ટ ચીનમાં સાંસ્કૃતિક ક્રાંતિ: લેખક : ભોગીલાલ ગાંધી; પ્રકાશક : વિશ્વમાનવ પ્રકાશન, રામજી મંદિર પોળ, વડોદરા–૧; પૃષ્ઠાંક ૧–૧૦૦; કિંમત રૂા. ૨=૦૦ ન.પૈ.

સ્વાધ્યાય

પુસ્તક ૪: અંક ૪ ઑગસ્ટ, ૧૯૬૭

જન્માષ્ટમી વિ. સં. ૨૦૨૩

અનુક્રમ

પૃષ્ઠાંક

૧. સુહૃદ્ શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ૩૮૯–૪૦૪

૨. વક્રોક્તિ અથવા કુંતકનો કાવ્યવિચાર—નગીનદાસ પારેખ ... ૪૦૫–૪૪૦

૩. કાલિદાસનાં નાટકોમાં રસનિષ્પત્તિ—ચિત્રા પ્ર. શુક્લ ૪૪૧–૪૪૪

૪. અમદાવાદનો શહેનશાહ અકબરના સમયનો શિલાલેખ—
હરિલાલ ગૌદાની અને મધુસૂદન ઢાંકી ૪૪૫–૪૪૬

૫. સિદ્ધપુરનાં સ્થળનામો—સુરેશચંદ્ર કનૈયાલાલ દવે ૪૪૭–૪૬૨

૬. ડાંડિયા નૃત્ય-ગીત—શંકરભાઈ સોમાભાઈ તડવી ૪૬૩–૪૬૫

૭. કવિ કાશીસુત શેઘજી—બહેચરભાઈ ર. પટેલ... ... ... ૪૬૬–૪૭૩

૮. અમરકોશના "વનૌષધિવર્ગ"ની વનસ્પતિઓ ઉપર ઊહાપોહ—
બાપાલાલ ગ. વૈદ્ય ૪૭૪–૪૯૧

૯. ચાઃ તેનું રસાયણ—નરસિંહ મૂળજીભાઈ શાહ ૪૯૨–૪૯૩

૧૦. ગ્રન્થાવલોકન :

૧. સમાલોચના ૪૯૪–૪૯૭

૨. વાગે રૂડી વાંસળી રે ૪૯૭–૫૦૦

૩. જૈનધર્મચિંતન ૫૦૦–૫૦૨

૪. અખેગીતા ૫૦૨–૫૦૩

આપના મિત્રને વિદાય આપો
પરંતુ આપનાં નાણાંને નહીં !

આજે અનુભવી મુસાફરો રોકડ નાણું પોતાની સાથે નથી લઈ જતા; એ ગૂમ થઈ જવાનો કે ચોરાઈ જવાનો ભય હોય છે. ભારતમાં આપ ગમે ત્યાં જતા હો ત્યારે બરોડા બૅન્કના ટ્રાવેલર્સ ચેકસ સાથે લઈ જાઓ—તેઓ પૂરેપૂરા સલામત છે. આપના સિવાય બીજું કોઈ એમને વટાવી શકે એમ નથી. વળી, આપ એમને સહેલાઈથી વટાવી શકો છો....આપે તો માત્ર કામ પર હાજર બૅન્કના અધિકારી સમક્ષ ટ્રાવેલર્સ ચેકસ પર સહી જ કરવાની હોય છે. □ આપ આપના બરોડા બૅન્કના ટ્રાવેલર્સ ચેકસ ભારતમાં લગભગ કોઈ પણ સ્થળે....બરોડા બૅન્કની કોઈ પણ શાખામાં, સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયામાં તેમ જ ભારતભરની અનેક અધિકૃત એજન્સીઓની ઑફિસો મારફત વટાવી રોકડ નાણાં મેળવી શકો છો. બીજી વાર આપ મુસાફરીએ જાઓ ત્યારે બરોડા બૅન્કના સલામત અને સગવડભર્યા ટ્રાવેલર્સ ચેકસ જ લઈ જજો. આપને રૂા. ૨૫, રૂા. ૫૦ અને રૂા. ૧૦૦ની કિંમતના આ ચેકસ બરોડા બૅન્કની કોઈ પણ શાખામાંથી મળી શકે છે.

બરોડા બૅન્કના
ટ્રાવેલર્સ ચેકસ સાથે લઈ જાઓ

ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ

(સ્થાપના : **૧૯૦૮**) હેડ ઑફિસ : **વડોદરા**

'આપની સેવા કરવા સદા તત્પર' નામની અમારી મફત મળતી પુસ્તિકા માટે લખો.

એમાં અમારી સર્વ સેવાઓની વિગતવાર માહિતી આપવામાં આવી છે.

જ્યોતિ

પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દૃષ્ટિએ જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪" વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૦ ફૂટ સુધી.

Quality is our Creed

જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩

JY-884-GJ EVEREST

એકધારી પ્રેરક પ્રગતિ

૧૯૬૬ દેના બેંકના વર્કિંગ ફંડ **રૂા. ૧ અબજ**થી વધુ

૧૯૫૮ વર્કિંગ ફંડ **રૂા. ૩૨ કરોડ**

૧૯૪૮ વર્કિંગ ફંડ **રૂા. ૧૦ કરોડ**

૧૯૩૮ વર્કિંગ ફંડ **રૂા. ૧૮ લાખ**

સત્તાવાર થાપણ	રૂા. બે કરોડ
ભરાયેલી અને પગાર થયેલી	રૂા. એક કરોડ ને પચીસ લાખ
રિઝર્વ ફંડ	રૂા. એક કરોડ ને ચાળીસ લાખ
કુલ ડિપોઝિટ	રૂા. નેવું કરોડથી વધુ
ખાતાંઓની સંખ્યા	ચાર લાખ ને પચાસ હજારથી વધુ
ઑફિસો	૧૭૪
સેફ ડિપોઝિટ વૉલ્ટ	૪૯

૧૧ રાજ્યોમાં ૧૭૪ શાખાઓ દ્વારા
દેશની સેવા બજાવે છે

દેના બેંક લિમિટેડ

રજિસ્ટર્ડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ, ૧૭, હૉર્નિમેન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૧.

પ્રવીણચંદ્ર વ. ગાંધી, મેનેજિંગ ડિરેક્ટર

DB/G/30

વાચકોને પુસ્તકોની સૃષ્ટિમાં રમમાણ રાખનારું માસિક

"ગ્રંથ"

તંત્રી: યશવંત દોશી

"ગ્રંથ"ના કેટલાક વિભાગો

* પ્રગટ થતાં લગભગ તમામ ગુજરાતી પુસ્તકોની સમીક્ષા
* મહત્ત્વનાં અંગ્રેજી પુસ્તકોની સમીક્ષા
* હિન્દી અને બીજી ભારતીય ભાષાઓનાં અત્યંત મહત્ત્વનાં પુસ્તકોની સમીક્ષા
* અંગ્રેજીમાં લખનારા ભારતીય લેખકોનાં લખાણોનું વિવેચન
* આધુનિક યુરોપીય સાહિત્યના વિકાસ વિષે અભ્યાસયુક્ત લેખમાળા
* વિવિધ વિષયો ઉપર વાંચવા જેવાં પુસ્તકોની સંદર્ભસૂચિ
* ઇતિહાસ-સર્જક પુસ્તકો
* એક વર્તમાન ગુજરાતી નવલકથાકારના લેખનની સમીક્ષા કરતી લેખમાળા
* જગતની એક શ્રેષ્ઠ સાહિત્યકૃતિ અને તેના લેખક વિષે વિવેચનાત્મક લેખ
* એક ઉત્તમ અથવા અત્યંત લોકપ્રિય અથવા અતિશય ચર્ચાસ્પદ બનેલી કૃતિનો સાર
* ગ્રંથપાલો જેની ઉપરથી સીધાં કાર્ડ બનાવી શકે તેવી વર્ગીકૃત પદ્ધતિએ અપાતી નવાં પુસ્તકોની યાદી

ઉપરના વિભાગો જોતાં પ્રત્યેક પુસ્તકપ્રેમીને ખાતરી થશે કે 'ગ્રંથ'નું વાચન શાથી અનિવાર્ય છે.

વાર્ષિક લવાજમ ૧૦ રૂપિયા
પરદેશમાં ૨૦ શિલિંગ

પરિચય ટ્રસ્ટ
૧૯-૨૧, હમામ સ્ટ્રીટ,
મુંબઈ-૧

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂા. ન.પૈ.
૧	**કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી	૬=૫૦
૨	**પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા	૪=૭૫
૩	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪	**આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર	૬=૮૦
૫	**આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ	૩=૦૦
૬	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક : સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર : કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૭	**મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર	૬=૭૫
૮	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૯	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૧૦	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૪=૦૦
૧૧	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦
૧૨	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૮=૦૦
૧૩	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી ભરતરામ ભા. મહેતા	૨=૪૦
૧૪	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—નાગરદાસ અમરજી પંડ્યા	૬=૦૦
૧૫	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા**	૭=૦૦
૧૬	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૭=૦૦

શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

૧	**ઘઉં**—માર્તંડ શિવભદ્ર પંડ્યા	૩=૦૦
૨	**આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ	૧=૭૫
૩	**લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર	૧=૨૦
૪	**ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ સી. પટવા	૨=૩૦
૫	**સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ	૨=૮૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,

રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,

વડોદરા

ગજેન્દ્રમોક્ષ

(દેવગઢ–મધ્યભારત, વરાહમંદિરમાંનું શિલ્પફલક)

[આશરે ઈ. સ. સાતમો સૈકો]

ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાના સૌજન્યથી